# "અહો શ્રુતજ્ઞાનમ્" ગ્રંથ જીર્ણોધ્ધાર ૧૨૯

## જૈન ધર્મનો પ્રાચીન ઇતિહાસ – ભાગ ૨

: દ્રવ્ય સહાયક :

પૂજ્ય સાધ્વીજી શ્રી ભદ્રગુણાશ્રીજી મ.સા. તથા

સાધ્વીજી શ્રી કલ્પેશપજ્ઞાશ્રીજી મ.સા. ની નિશ્રામાં

સં. ૨૦૬૭ ના ચાતુર્માસમાં

શ્રી માણિભદ્ર સોસાયટી, સાબરમતીના

આરાધક શ્રાવિકાઓની જ્ઞાનખાતાની ઉપજમાંથી

: સંયોજક :


શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા

શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર

શા. વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન

હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-380005

(મો.) 9426585904 (ઓ.) 22132543

સંવત ૨૦૬૮ ઈ.સ. ૨૦૧૨

# શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર


સંયોજક – શાહ બાબુલાલ સરેમલ

શાહ વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન

હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૦૫.

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (ઇ-મેલ) ahoshrut.bs@gmail.com


## અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર – સંવત ૨૦૬૫ (ઈ. ૨૦૦૯) – સેટ નં-૧

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પુસ્તકોને સ્કેન કરાવીને ડી.વી.ડી. બનાવી તેની યાદી.

*આ પુસ્તકો www.jainelibrary.org વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમાંક | પુસ્તકનું નામ | કર્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|
| 001 | श्री नंदीसूत्र अवचूरी | पू. विक्रमसूरिजी म.सा. | 238 |
| 002 | श्री उत्तराध्ययन सूत्र चूर्णी | पू. जिनदासगणि चूर्णीकार | 286 |
| 003 | श्री अर्हद्गीता-भगवद्गीता | पू. मेघविजयजी गणि म.सा. | 84 |
| 004 | श्री अर्हच्चूडामणि सारसटीकः | पू. भद्रबाहुस्वामी म.सा. | 18 |
| 005 | श्री यूक्ति प्रकाशसूत्रं | पू. पद्मसागरजी गणि म.सा. | 48 |
| 006 | श्री मानतुङ्गशास्त्रम् | पू. मानतुंगविजयजी म.सा. | 54 |
| 007 | अपराजितपृच्छा | श्री बी. भट्टाचार्य | 810 |
| 008 | शिल्प स्मृति वास्तु विद्यायाम् | श्री नंदलाल चुनिलाल सोमपुरा | 850 |
| 009 | शिल्परत्नम् भाग-१ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 322 |
| 010 | शिल्परत्नम् भाग-२ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 280 |
| 011 | प्रासादतिलक | श्री प्रभाशंकर ओघडभाई | 162 |
| 012 | काश्यशिल्पम् | श्री विनायक गणेश आपटे | 302 |
| 013 | प्रासादमञ्जरी | श्री प्रभाशंकर ओघडभाई | 156 |
| 014 | राजवल्लभ याने शिल्पशास्त्र | श्री नारायण भारती गोंसाई | 352 |
| 015 | शिल्पदीपक | श्री गंगाधरजी प्रणीत | 120 |
| 016 | वास्तुसार | श्री प्रभाशंकर ओघडभाई | 88 |
| 017 | दीपार्णव उत्तरार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 110 |
| 018 | જિનપ્રાસાદ માર્તણ્ડ | શ્રી નંદલાલ ચુનીલાલ સોમપુરા | 498 |
| 019 | जैन ग्रंथावली | श्री जैन श्वेताम्बर कोन्फ्रन्स | 502 |
| 020 | હીરકલશ જૈન જ્યોતિષ | શ્રી હિમ્મતરામ મહાશંકર જાની | 454 |
| 021 | न्यायप्रवेशः भाग-१ | श्री आनंदशंकर बी. ध्रुव | 226 |
| 022 | दीपार्णव पूर्वार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 640 |
| 023 | अनेकान्त जयपताकाख्यं भाग-१ | पू. मुनिचंद्रसूरिजी म.सा. | 452 |
| 024 | अनेकान्त जयपताकाख्यं भाग-२ | श्री एच. आर. कापडीआ | 500 |
| 025 | प्राकृत व्याकरण भाषांतर सह | श्री बेचरदास जीवराज दोशी | 454 |

| | | | |
|---|---|---|---|
| 026 | तत्त्वोपप्लवसिंहः | श्री जयराशी भट्ट, बी. भट्टाचार्य | 188 |
| 027 | शक्तिवादादर्शः | श्री सुदर्शनाचार्य शास्त्री | 214 |
| 028 | क्षीरार्णव | श्री प्रभाशंकर ओघडभाई | 414 |
| 029 | वेधवास्तु प्रभाकर | श्री प्रभाशंकर ओघडभाई | 192 |
| 030 | शिल्परत्नाकर | श्री नर्मदाशंकर शास्त्री | 824 |
| 031 | प्रासाद मंडन | पं. भगवानदास जैन | 288 |
| 032 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-१ | पू. लावण्यसूरिजी म.सा. | 520 |
| 033 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-२ | पू. लावण्यसूरिजी म.सा. | 578 |
| 034 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-३ (१) | पू. लावण्यसूरिजी म.सा. | 278 |
| 035 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-3 (२) (३) | पू. लावण्यसूरिजी म.सा. | 252 |
| 036 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-५ | पू. लावण्यसूरिजी म.सा. | 324 |
| 037 | વાસ્તુનિઘંટુ | પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા | 302 |
| 038 | તિલકમઞ્જરી ભાગ-૧ | પૂ. લાવણ્યસૂરિજી | 196 |
| 039 | તિલકમઞ્જરી ભાગ-૨ | પૂ. લાવણ્યસૂરિજી | 190 |
| 040 | તિલકમઞ્જરી ભાગ-૩ | પૂ. લાવણ્યસૂરિજી | 202 |
| 041 | સપ્તસન્ધાન મહાકાવ્યમ્ | પૂ. વિજયઅમૃતસૂરિશ્વરજી | 480 |
| 042 | સપ્તભઙ્ગીમિમાંસા | પૂ. પં. શિવાનન્દવિજયજી | 228 |
| 043 | ન્યાયાવતાર | સતિષચંદ્ર વિદ્યાભૂષણ | 60 |
| 044 | વ્યુત્પત્તિવાદ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 218 |
| 045 | સામાન્યનિર્યુક્તિ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 190 |
| 046 | સપ્તભઙ્ગીનયપ્રદીપ બાલબોધિનીવિવૃત્તિઃ | પૂ. લાવણ્યસૂરિજી | 138 |
| 047 | વ્યુત્પત્તિવાદ શાસ્ત્રાર્થકલા ટીકા | શ્રીવેણીમાધવ શાસ્ત્રી | 296 |
| 048 | નયોપદેશ ભાગ-૧ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 210 |
| 049 | નયોપદેશ ભાગ-૨ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 274 |
| 050 | ન્યાયસમુચ્ચય | પૂ. લાવણ્યસૂરિજી | 286 |
| 051 | સ્યાદ્યાર્થપ્રકાશઃ | પૂ. લાવણ્યસૂરિજી | 216 |
| 052 | દિન શુદ્ધિ પ્રકરણ | પૂ. દર્શનવિજયજી | 532 |
| 053 | બૃહદ્ ધારણા યંત્ર | પૂ. દર્શનવિજયજી | 113 |
| 054 | જ્યોતિર્મહોદય | સં. પૂ. અક્ષયવિજયજી | 112 |

# શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર


**સંયોજક – શાહ બાબુલાલ સરેમલ**

શાહ વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન

હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૦૫.

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (ઇ-મેલ) ahoshrut.bs@gmail.com


## અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર – સંવત ૨૦૬૬ (ઈ. ૨૦૧૦) – સેટ નં-૨

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પુસ્તકોને સ્કેન કરાવીને ડી.વી.ડી. બનાવી તેની યાદી.

*આ પુસ્તકો www.jainelibrary.org વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | કર્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| 055 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहद्न्यास अध्याय-६ | सं | पू. लावण्यसूरिजी म.सा. | 296 |
| 056 | विविध तीर्थ कल्प | सं | पू. जिनविजयजी म.सा. | 160 |
| 057 | ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા | ગુજ. | पू. पूण्यविजयजी म.सा. | 164 |
| 058 | सिद्धान्तलक्षणगूढार्थ तत्त्वलोकः | सं | श्री धर्मदत्तसूरि | 202 |
| 059 | व्याप्ति पञ्चक विवृत्ति टीका | सं | श्री धर्मदत्तसूरि | 48 |
| 060 | જૈન સંગીત રાગમાળા | ગુ. | श्री मांगरोळ जैन संगीत मंडळी | 306 |
| 061 | चतुर्विंशतीप्रबन्ध (प्रबंध कोश) | सं | श्री रसिकलाल एच. कापडीआ | 322 |
| 062 | व्युत्पत्तिवाद आदर्श व्याख्यया संपूर्ण ६ अध्याय | सं | श्री सुदर्शनाचार्य | 668 |
| 063 | चन्द्रप्रभा हेमकौमुदी | सं | पू. मेघविजयजी गणि | 516 |
| 064 | विवेक विलास | सं/ગુ. | श्री दामोदर गोविंदाचार्य | 268 |
| 065 | पञ्चशती प्रबोध प्रबंध | सं | पू. मृगेन्द्रविजयजी म.सा. | 456 |
| 066 | सन्मतितत्त्वसोपानम् | सं | पू. लब्धिसूरिजी म.सा. | 420 |
| 067 | ઉપદેશમાલા દોઘટ્ટી ટીકા ગુર્જરાનુવાદ | ગુજ. | पू. हेमसागरसूरिजी म.सा. | 638 |
| 068 | मोहराजापराजयम् | सं | पू. चतुरविजयजी म.सा. | 192 |
| 069 | क्रियाकोश | सं/हिं | श्री मोहनलाल बांठिया | 428 |
| 070 | कालिकाचार्यकथासंग्रह | सं/ગુ. | श्री अंबालाल प्रेमचंद | 406 |
| 071 | सामान्यनिरुक्ति चंद्रकला कलाविलास टीका | सं. | श्री वामाचरण भट्टाचार्य | 308 |
| 072 | जन्मसमुद्रजातक | सं/हिं | श्री भगवानदास जैन | 128 |
| 073 | मेघमहोदय वर्षप्रबोध | सं/हिं | श्री भगवानदास जैन | 532 |
| 074 | જૈન સામુદ્રિકનાં પાંચ ગ્રંથો | ગુજ. | श्री हिम्मतराम महाशंकर जानी | 376 |

| | | | | |
|---|---|---|---|---|
| 075 | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૧ | ગુજ. | श्री साराभाई नवाब | 374 |
| 076 | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૨ | ગુજ. | श्री साराभाई नवाब | 238 |
| 077 | સંગીત નાટ્ય રૂપાવલી | ગુજ. | श्री विद्या साराभाई नवाब | 194 |
| 078 | ભારતનાં જૈન તીર્થો અને તેનું શિલ્પસ્થાપત્ય | ગુજ. | श्री साराभाई नवाब | 192 |
| 079 | શિલ્પ ચિન્તામણિ ભાગ-૧ | ગુજ. | श्री मनसुखलाल भुदरमल | 254 |
| 080 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૧ | ગુજ. | श्री जगन्नाथ अंबाराम | 260 |
| 081 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૨ | ગુજ. | श्री जगन्नाथ अंबाराम | 238 |
| 082 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૩ | ગુજ. | श्री जगन्नाथ अंबाराम | 260 |
| 083 | આયુર્વેદના અનુભૂત પ્રયોગો ભાગ-૧ | ગુજ. | पू. कान्तिसागरजी | 114 |
| 084 | કલ્યાણ કારક | ગુજ. | श्री वर्धमान पार्श्वनाथ शास्त्री | 910 |
| 085 | **विश्वलोचन कोश** | सं./हिं | श्री नंदलाल शर्मा | 436 |
| 086 | કથા રત્ન કોશ ભાગ-1 | ગુજ. | श्री बेचरदास जीवराज दोशी | 336 |
| 087 | કથા રત્ન કોશ ભાગ-2 | ગુજ. | श्री बेचरदास जीवराज दोशी | 230 |
| 088 | હસ્તસઞ્જીવનમ્ | સં. | पू. मेघविजयजीगणि | 322 |
| 089 | એન્દ્રચતુર્વિંશતિકા | સં. | पू.यशोविजयजी, पू. पुण्यविजयजी | 114 |
| 090 | સમ્મતિ તર્ક મહાર્ણવાવતારિકા | સં. | आचार्य श्री विजयदर्शनसूरिजी | 560 |

# श्री आशापूरण पार्श्वनाथ जैन ज्ञानभंडार

**संयोजक – शाह बाबुलाल सरेमल** - (मो.) 9426585904 (ओ.) 22132543 - ahoshrut.bs@gmail.com

**शाह वीमळाबेन सरेमल जवेरचंदजी बेडावाळा भवन**

हीराजैन सोसायटी, रामनगर, साबरमती, अमदावाद-05.

## अहो श्रुतज्ञानम् ग्रंथ जीर्णोद्धार – संवत २०६७ (ई. 2011) सेट नं.-३

**प्रायः अप्राप्य प्राचीन पुस्तकों की स्केन डीवीडी बनाई उसकी सूची।** *यह पुस्तके www.jainelibrary.org वेबसाइट से भी डाउनलोड कर सकते हैं।*

| क्रम | पुस्तक नाम | कर्त्ता / टीकाकार | भाषा | संपादक / प्रकाशक | पृष्ठ |
|---|---|---|---|---|---|
| 91 | स्याद्वाद रत्नाकर भाग-१ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 272 |
| 92 | स्याद्वाद रत्नाकर भाग-२ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 240 |
| 93 | स्याद्वाद रत्नाकर भाग-३ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 254 |
| 94 | स्याद्वाद रत्नाकर भाग-४ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 282 |
| 95 | स्याद्वाद रत्नाकर भाग-५ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 118 |
| 96 | पवित्र कल्पसूत्र | पुण्यविजयजी | सं./अं | साराभाई नवाब | 466 |
| 97 | समराङ्गण सूत्रधार भाग-१ | भोजदेव | सं. | टी. गणपति शास्त्री | 342 |
| 98 | समराङ्गण सूत्रधार भाग-२ | भोजदेव | सं. | टी. गणपति शास्त्री | 362 |
| 99 | भुवनदीपक | पद्मप्रभसूरिजी | सं. | वेंकटेश प्रेस | 134 |
| 100 | गाथासहस्त्री | समयसुंदरजी | सं. | सुखलालजी | 70 |
| 101 | भारतीय प्राचीन लिपीमाला | गौरीशंकर ओझा | हिन्दी | मुन्शीराम मनोहरराम | 316 |
| 102 | शब्दरत्नाकर | साधुसुन्दरजी | सं. | हरगोविन्ददास बेचरदास | 224 |
| 103 | सुबोधवाणी प्रकाश | न्यायविजयजी | सं./गु | हेमचंद्राचार्य जैन सभा | 612 |
| 104 | लघु प्रबंध संग्रह | जयंत पी. ठाकर | सं. | ओरीएन्ट इन्स्टीट्युट बरोडा | 307 |
| 105 | जैन स्तोत्र संचय-१-२-३ | माणिक्यसागरसूरिजी | सं, | आगमोद्धारक सभा | 250 |
| 106 | सन्मति तर्क प्रकरण भाग-१,२,३ | सिद्धसेन दिवाकर | सं. | सुखलाल संघवी | 514 |
| 107 | सन्मति तर्क प्रकरण भाग-४,५ | सिद्धसेन दिवाकर | सं. | सुखलाल संघवी | 454 |
| 108 | न्यायसार – न्यायतात्पर्यदीपिका | सतिषचंद्र विद्याभूषण | सं. | एसियाटीक सोसायटी | 354 |
| 109 | जैन लेख संग्रह भाग-१ | पुरणचंद्र नाहर | सं./हि | पुरणचंद्र नाहर | 337 |
| 110 | जैन लेख संग्रह भाग-२ | पुरणचंद्र नाहर | सं./हि | पुरणचंद्र नाहर | 354 |
| 111 | जैन लेख संग्रह भाग-३ | पुरणचंद्र नाहर | सं./हि | पुरणचंद्र नाहर | 372 |
| 112 | जैन धातु प्रतिमा लेख भाग-१ | कांतिविजयजी | सं./हि | जिनदत्तसूरि ज्ञानभंडार | 142 |
| 113 | जैन प्रतिमा लेख संग्रह | दौलतसिंह लोढा | सं./हि | अरविन्द धामणिया | 336 |
| 114 | राधनपुर प्रतिमा लेख संदोह | विशालविजयजी | सं./गु | यशोविजयजी ग्रंथमाळा | 364 |
| 115 | प्राचिन लेख संग्रह-१ | विजयधर्मसूरिजी | सं./गु | यशोविजयजी ग्रंथमाळा | 218 |
| 116 | बीकानेर जैन लेख संग्रह | अगरचंद नाहटा | सं./हि | नाहटा ब्रधर्स | 656 |
| 117 | प्राचीन जैन लेख संग्रह भाग-१ | जिनविजयजी | सं./हि | जैन आत्मानंद सभा | 122 |
| 118 | प्राचिन जैन लेख संग्रह  भाग-२ | जिनविजयजी | सं./हि | जैन आत्मानंद सभा | 764 |
| 119 | गुजरातना ऐतिहासिक लेखो-१ | गिरजाशंकर शास्त्री | सं./गु | फार्बस गुजराती सभा | 404 |
| 120 | गुजरातना ऐतिहासिक लेखो-२ | गिरजाशंकर शास्त्री | सं./गु | फार्बस गुजराती सभा | 404 |
| 121 | गुजरातना ऐतिहासिक लेखो-३ | गिरजाशंकर शास्त्री | सं./गु | फार्बस गुजराती सभा | 540 |
| 122 | ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-१ | पी. पीटरसन | अं. | रॉयल एशियाटीक जर्नल | 274 |
| 123 | ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-४ | पी. पीटरसन | अं. | रॉयल एशियाटीक जर्नल | 414 |
| 124 | ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-५ | पी. पीटरसन | अं. | रॉयल एशियाटीक जर्नल | 400 |
| 125 | कलेक्शन ऑफ प्राकृत एन्ड संस्कृत इन्स्क्रीप्शन्स | पी. पीटरसन | अं. | भावनगर आर्चीऑलॉजीकल डिपा. | 320 |
| 126 | विजयदेव माहात्म्यम् | जिनविजयजी | सं. | जैन सत्य संशोधक | 148 |

# श्री आशापूरण पार्श्वनाथ जैन ज्ञानभंडार

**संयोजक – शाह बाबुलाल सरेमल** - (मो.) 9426585904 (ओ.) 22132543 - ahoshrut.bs@gmail.com
**शाह वीमळाबेन सरेमल जवेरचंदजी बेडावाळा भवन**
हीराजैन सोसायटी, रामनगर, साबरमती, अमदावाद-05.

## अहो श्रुतज्ञानम् ग्रंथ जीर्णोद्धार – संवत २०६८ (ई. 2012) सेट नं.-४

**प्रायः अप्राप्य प्राचीन पुस्तकों की स्केन डीवीडी बनाई उसकी सूची।** *यह पुस्तके www.jainelibrary.org वेबसाइट से भी डाउनलोड कर सकते हैं।*

| क्रम | पुस्तक नाम | कर्त्ता / संपादक | भाषा | प्रकाशक | पृष्ठ |
|---|---|---|---|---|---|
| 127 | महाप्रभाविक नवस्मरण | साराभाई नवाब | गुज. | साराभाई नवाब | 754 |
| 128 | जैन चित्र कल्पलता | साराभाई नवाब | गुज. | साराभाई नवाब | 84 |
| 129 | जैन धर्मनो प्राचीन इतिहास भाग-२ | हीरालाल हंसराज | गुज. | हीरालाल हंसराज | 194 |
| 130 | ओपरेशन इन सर्च ओफ सं. मेन्यु. भाग-६ | पी. पीटरसन | अंग्रेजी | एशियाटीक सोसायटी | 171 |
| 131 | जैन गणित विचार | कुंवरजी आणंदजी | गुज. | जैन धर्म प्रसारक सभा | 90 |
| 132 | दैवज्ञ कामधेनु (प्राचिन ज्योतिष ग्रंथ) | शील खंड | सं. | ब्रज. बी. दास बनारस | 310 |
| 133 | करण प्रकाश | ब्रह्मदेव | सं./अं. | सुधाकर द्विवेदि | 276 |
| 134 | न्यायविशारद महो. यशोविजयजी स्वहस्तलिखित कृति संग्रह | यशोदेवसूरिजी | गुज. | यशोभारती प्रकाशन | 69 |
| 135 | भौगोलिक कोश-१ | डाह्याभाई पीतांबरदास | गुज. | गुजरात वर्नाक्युलर सोसायटी | 100 |
| 136 | भौगोलिक कोश-२ | डाह्याभाई पीतांबरदास | गुज. | गुजरात वर्नाक्युलर सोसायटी | 136 |
| 137 | जैन साहित्य संशोधक वर्ष-१ अंक-१, २ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 266 |
| 138 | जैन साहित्य संशोधक वर्ष-१ अंक-३, ४ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 244 |
| 139 | जैन साहित्य संशोधक वर्ष-२ अंक-१, २ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 274 |
| 140 | जैन साहित्य संशोधक वर्ष-२ अंक-३, ४ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 168 |
| 141 | जैन साहित्य संशोधक वर्ष-३ अंक-१, २ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 282 |
| 142 | जैन साहित्य संशोधक वर्ष-३ अंक-३, ४ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 182 |
| 143 | नवपदोनी आनुपूर्वी भाग-१ | सोमविजयजी | गुज. | शाह बाबुलाल सवचंद | 384 |
| 144 | नवपदोनी आनुपूर्वी भाग-२ | सोमविजयजी | गुज. | शाह बाबुलाल सवचंद | 376 |
| 145 | नवपदोनी आनुपूर्वी भाग-३ | सोमविजयजी | गुज. | शाह बाबुलाल सवचंद | 387 |
| 146 | भास्वति | शतानंद मारछता | सं./हि | एच.बी. गुप्ता एन्ड सन्स बनारस | 174 |
| 147 | जैन सिद्धांत कौमुदी (अर्धमागधी व्याकरण) | रत्नचंद्र स्वामी | प्रा./सं. | भैरोदान सेठीया | 320 |
| 148 | मंत्रराज गुणकल्प महोदधि | जयदयाल शर्मा | हिन्दी | जयदयाल शर्मा | 286 |
| 149 | फक्कीका रत्नमंजूषा-१, २ | कनकलाल ठाकूर | सं. | हरिकृष्ण निबंध | 272 |
| 150 | अनुभूत सिद्ध विशायंत्र (छ कल्प संग्रह) | मेघविजयजी | सं./गुज | महावीर ग्रंथमाळा | 142 |
| 151 | सारावलि | कल्याण वर्धन | सं. | पांडुरंग जीवाजी | 260 |
| 152 | ज्योतिष सिद्धांत संग्रह | विश्वेश्वरप्रसाद द्विवेदी | सं. | ब्रीजभूषणदास बनारस | 232 |
| 153 | ज्ञान प्रदीपिका तथा सामुद्रिक शास्त्रम् | रामव्यास पान्डेय | सं. | जैन सिद्धांत भवन | 160 |
| | **नूतन संकलन** | | | | |
| १ | आ. चंद्रसागरसूरिजी ज्ञानभंडार – उज्जैन | हस्तप्रत सूचीपत्र | हिन्दी | श्री आशापुरण पार्श्वनाथ जैन ज्ञानभंडार | |
| २ | श्री गुजराती श्वे.मू. जैन संघ-हस्तप्रत भंडार – कलकत्ता | हस्तप्रत सूचीपत्र | हिन्दी | श्री आशापुरण पार्श्वनाथ जैन ज्ञानभंडार | |

# અનુક્રમણિકા

## પ્રકરણ પેહેલું.


અંક વિષય

૧. શાકટાયનાચાર્ય. ... ... ... ... ... ... ... ૧.
૨. વેદધર્મથી પણ જૈનધર્મ પ્રાચીન છે તે બાબતના બીજા પુરાવા. ૨.

## પ્રકરણ બીજું.

૩. દિગંબરમતની ઉત્પત્તિ ... ... ... ... ... ... ૧૬
૪. પુનમીઆગચ્છની ઉત્પત્તિ... ... ... ... ... ... ૧૭
૫. ખરતરગચ્છની ઉત્પત્તિ ... ... ... ... ... ... ૧૮
૬. અંચલગચ્છની ઉત્પત્તિ ... ... ... ... ... ... ૨૦
૭. સાર્ધપૂર્ણિમીય ગચ્છની ઉત્પત્તિ ... ... ... ... ... ૨૦
૮. આગમીકોની ઉત્પત્તિ ... ... ... ... ... ... ૨૧
૯. લુંપકોની ઉત્પત્તિ ... ... ... ... ... ... ... ૨૧
૧૦. વેષધરોની ઉત્પત્તિ... ... ... ... ... ... ... ૨૧
૧૧. કતુકોની ઉત્પત્તિ ... ... ... ... ... ... ... ૨૨
૧૨. બીજમતની ઉત્પત્તિ ... ... ... ... ... ... ૨૨
૧૩. પાર્શ્વચંદ્ર ગચ્છની ઉત્પત્તિ ... ... ... ... ... ... ૨૨

## પ્રકરણ ત્રીજું.

૧૪. હેમાચાર્ય અને કુમારપાળ રાજાનું વૃત્તાંત ... ... ... ૨૩

## પ્રકરણ ચોથું.

૧૫. જૈનઇતિહાસની પ્રાચીનતા ... ... ... ... ... ૮૨

## પ્રકરણ પાંચમું.

૧૬. જૈનમૂર્તિપરના પ્રાચી શિલાલેખો... ... ... ... ... ૯૬

## પ્રકરણ છઠું.

૧૭. મહાન્ અશોક રાજા ... ... ... ... ... ... ૯૯


Aho ! Shrutgyanam

## પ્રકરણ સાતમું.


૧૮. મહાન્ અશોકના ઇતિહાસની સમીક્ષા ... ... ... ... ૧૩૬


## પ્રકરણ આઠમું.


૧૯. જૈનધર્મના મુખ્ય બનાવોની સાલવાર નોંધ ... ... ... ૧૩૯


## પ્રકરણ નવમું.


૨૦. ઋષભદેવપ્રભુથી મહાવીર પ્રભુ સુધિના આંતરા ... ... ૧૫૮


## પ્રકરણ દશમું.


૨૧. મહાવીર પ્રભુથી આજદિનસુધિની પટાવલિ ... ... ... ૧૬૦


## પ્રકરણ અગીયારમું.


૨૨. કેટલાક જૈનશિલાલેખોના ભાષાંતરો અને તેને લગતી હકીકત. ૧૬૩


## પ્રકરણ બારમું.


૨૩. જૈનોના છત્રીસ નિગમશાસ્ત્રો ... ... ... ... ... ૧૮૨


## પ્રકરણ તેરમું.


૨૪. ગ્રંથકારની પ્રશસ્તિ ... ... ... ... ... ... ૧૯૬


Aho ! Shrutgyanam

શ્રી જિનાય નમઃ

# જૈન ધર્મનો પ્રાચીન ઇતિહાસ

## ભાગ બીજો.

રચનાર શ્રાવક હીરાલાલ હંસરાજ જામનગરવાળા.

## પ્રકરણ પેહેલું.

### વેદ ધર્મથી પણ જૈન ધર્મ પ્રાચીન છે, તે બતાવનારા પુરાવા.

**શાકટાયનાચાર્ય**—આ પ્રસિદ્ધ જૈન ગ્રંથકારે "શાકટાયન" નામનું વ્યાકરણ રચેલું છે. તે આચાર્ય મહારાજ કઇ સાલમાં થયા? તે માટેની નક્કી સાલ તો જણાએલી નથી. તોપણ તે વ્યાકરણકર્તા શાકટાયનાચાર્ય પ્રસિદ્ધ વ્યાકરણકર્તા પાણિનિ નામના ઋષિથી પણ પ્રાચીન છે, એમ કહેવું નિર્વિવાદજ છે. કેમકે, પાણિનિઋષિએ પોતાના વ્યાકરણમાં "**व्योर्लघुप्रयत्नतरः शाकटायनस्य**" ઇત્યાદિક શાકટાયનનાં સૂત્રો, ગ્રહણ કરીને શાકટાયનાચાર્યની પોતાથી પણ પ્રાચીનતા સૂચવેલી છે. હવે તે પાણિનિ ઋષિ કયા સમયમાં વિદ્યમાન હતા? તે તરફ દૃષ્ટિ કરતાં વિદ્વાનોની અને પ્રાચીન શોધખોળ કર્તાઓની સમ્મતિ પ્રમાણે પાણિનિ ઋષિ ઇસ્વીસન પૂર્વે બે હજાર અને ચારસો વર્ષ પેહેલાં વિદ્યમાન હતા, એમ નિર્ણિત થએલું છે. સમાલોચક નામના ચોપાનીઆના બીજા પુસ્તકના ત્રીજા અંકના નેવ્યાસીમાં પત્રપર લખ્યું

Aho ! Shrutgyanam

છે કે, "પાણિનિ ઋષિનું ચરિત્ર શ્રી કથાસરિત્સાગરમાં પ્રથમ લંબકના ચોથા તરંગમાં છે. તેમની માતા દાક્ષીના નામ ઉપરથી તે "દાક્ષેય" પણ કહેવાય છે. તેમનો જન્મ ગાંધાર દેશનાં શાલાતુર નામે સ્થલમાં થયાથી તે "શાલાતુરીય" નામથી પણ ઓળખાય છે. તેમનો સમય ઇસ્વીસન પૂર્વે બે હજાર ચારસો વર્ષનો નિર્ણિત થયો છે. " ઇત્યાદિક બીજા વિદ્વાનોના લેખોથી પણ પાણિનિ ઋષિ માટે ઉપર લખેલો સમય નિર્ણિત થયો છે." આ ઉપરથી સાબીત થયું કે, પાણિનિ ઋષિ આજથી લગભગ ચાર હજાર ને ત્રણસો વર્ષ પેહેલાં વિદ્યમાન હતા. અને જ્યારે પાણિનિ ઋષિએ શાકટાયનાચાર્યનું નામ પોતાના સૂત્રમાં દાખલ કર્યું છે, ત્યારે સહજ રીતે સમજાય છે કે, શાકટાયનાચાર્ય પાણિનિ ઋષિ કરતાં પણ પ્રાચીન છે. મદ્રાસ ઇલ્લાકાની કોલેજના પ્રોફેસર મી. ગુસ્તાવ ઓપર્ટ પણ લખે છે કે, "પાણિનિ ઋષિએ શાકટાયનાચાર્યને પોતાથી પ્રાચીન વ્યાકરણકર્તા તરિકે સૂચવેલા છે. તેમ તેમનું (શાકટાયનાચાર્યનું) નામ ઋગ્વેદ અને શુક્લયજુર્વેદની પ્રતિશાખાઓમાં, અને યાસ્કના નિરૂક્તમાં પણ આવે છે." બોપદેવ નામનો ગ્રંથકાર પોતાના કવિકલ્પદ્રુમ નામના ગ્રંથમાં વ્યાકરણકર્તાઓના નામોનો જે શ્લોક આપે છે, તે શ્લોકનો અનુક્રમ જોતાં પણ શાકટાયનાચાર્ય પાણિનિ ઋષિ કરતાં પૂર્વે હતા, એમ સાબીત થાય છે. તે શ્લોક નીચે પ્રમાણે છે.

> इंद्रश्चंद्रः काशकृ—त्स्नापिशली शाकटायनः ॥
> पाणिन्यमरजैनेंद्रा, जयंत्यष्टादिशाद्धिकाः ॥ १ ॥

એવી રીતે શાકટાયનાચાર્ય પાણિનિ ઋષિથી પણ પ્રાચીન હતા, એટલે ઇસ્વીસન પૂર્વે ચાર હજાર અને ત્રણસો વર્ષની પણ પૂર્વે હતા એમ નિર્ણય થયો.

હવે તે શાકટાયનાચાર્ય જૈન ધર્મના એક આચાર્ય હતા એમ મારે સાબિત કરવું જોઇએ, અને તેના ટેકામાં નીચે લખેલા ખુલ્લા પુરાવાઓ વિદ્યમાન છે.

શાકટાયનાચાર્ય પોતાના વ્યાકરણના દરેક પાદને છેડે "महाश्रमणसंघाधिपतेः श्रुतकेवलिदेशीयाचार्यस्य शाकटायनस्यकृतौ" એવી રીતનું લખાણ કરે છે. આ લખાણની અંદર રહેલા "महाश्रमणसंघाधिप-

Aho ! Shrutgyanam

તિ" તથા "श्रुतकेवलिदेशीयाचार्यस्य" એ શબ્દો જૈન સંપ્રદાયના છે. કેમકે, તેવી પદવીઓ ફક્ત જૈન મુનિઓનેજ લગતી છે. અન્ય દર્શનીઓમાં તેવી પદવીઓ આપવામાં આવતી નથી. તે પુરાવાથી સાબિત થાય છે કે, શાકટાયનાચાર્ય "જૈની" હતા. મદ્રાસ કૉલેજના પ્રોફેસર મી. ગુસ્તાવ ઑપર્ટે છપાવી પ્રસિદ્ધ કરેલા શાકટાયન વ્યાકરણની પ્રસ્તાવના અત્રે ઉપયોગી ધારી અમો દાખલ કરીએ છીએ.

## PREFACE

This first Volume contains the Sutrapatha of the Sabdanusasana of Sakatayana, together with the Prakriyasangraha, a lucid commentary in an abridged form by Abhayacandrasuri.

The Sabdanusasana in its complete state is an exhaustive treatise on Grammar. It consists of the following five parts, all of which are in my possession; namely a Sutrapatha, Dhatupatha, Ganapatha, Linganusasana and Unadisutrapatha. The excellence of the Sabdanusasana is admitted by all who have studied it, and the Cintamani of Yaksavarman contains after the Mangalasloka the following verses in its praise:

"स्वस्ति श्रीसकलज्ञानसाम्राज्यपदमाप्तवान् ।
महाश्रमणसङ्घाधिपतिर्यश्शाकटायनः ॥
एकश्शब्दाम्बुधिं बुद्धिमन्दरेण प्रमथ्य यः ।
सयशश्श्रि समुद्दध्रे विश्वं व्याकरणामृतम् ॥
स्वल्पग्रन्थं सुखोपायं संपूर्णं यदुपक्रमम् ।
शब्दानुशासनं सार्वमर्हच्छासनवत्परम् ॥
इष्टिर्नेष्टा न वक्तव्यं वक्तव्यं सूत्रतः पृथक् ।

Aho ! Shrutgyanam

सङ्ख्यातं नोपसंख्यानं यस्य शब्दानुशासने
तस्यातिमहतीं वृत्तिं संहृत्येयं लघीयसी ।
संपूर्णलक्षणा वृत्तिर्वक्ष्यते यक्षवर्मणा ॥....
इन्द्रचन्द्रादिभिश्शाब्दैर्यदुक्तं शब्दलक्षणम् ।
तदिहास्ति समस्तं च यन्नेहास्ति न तत् क्वचित् ॥
गणधातुपाठयोर्गणधातून् लिङ्गानुशासने लिङ्गगतम् ।
औणादिकानुणादौ शेषं निश्शेषमत्र वृत्तौ विद्यात् ”

The Sutrapatha, with which I begin this edition, consists as the verse on page 160 declares of 3236 Sutras, a number which coincides with that contained in this book, if the seven Sutras which are supplied in the Corrigenda et Addenda are added.* When I commenced printing the Sutrapatha I possessed only one defective MS., but M.R. Ry. Brahmasuri Sastri of Sravana-belagola provided me later on with two other copies.

* The first Pada of the first Adhyaya contains 180 Sutras.

| | | | | | |
|---|---|---|---|---|---|
| The second | „ | „ | „ | 223 | „ |
| The third | „ | „ | „ | 195 | „ |
| The fourth | „ | „ | „ | 123 | „ |
| The first | „ | second | „ | 229 | „ |
| The second | „ | „ | „ | 172 | „ |
| The third | „ | „ | „ | 113 | „ |
| The fourth | „ | „ | „ | 239 | „ |
| The first | „ | third | „ | 201 | „ |
| The second | „ | „ | „ | 227 | „ |
| The third | „ | „ | „ | 181 | „ |
| The fourth | „ | „ | „ | 146 | „ |
| The first | „ | fourth | „ | 271 | „ |
| The second | „ | „ | „ | 261 | „ |
| The third | „ | „ | „ | 289 | „ |
| The fourth | „ | „ | „ | 186 | „ |
| | | Total... | | 3,236 | |

The Corrigenda contain four more sutras in the first pada and one respectively in the 2nd, 3rd and 4th padas of the first Adhyaya.

Aho ! Shrutgyanam

For publishing the Prakriyasangraha I had at first at my disposal only two MSS, one from the Government Oriental Manuscripts' Library and one from Sravanabalagola, but afterwards I obtained an incomplete copy from the Jaina Math at Cittamur near Tindivanam.

Panini refers to Sakatayana as a previous grammarian, and this supplies a reason why the latter makes no mention of the former. Sakatayana's name occurs also in the Pratisakhyas of the Rgveda and Sukla-Yajurveda, and in Yaska's Nirukta.

The Colophon at the end of each Pada of the Sabdanusasana names this grammar as the work of *Sakatayana Srutakevalidesiyacarya,* the president of the great Jaina assembly : महाश्रमणसङ्घाधिपतेः श्रुतकेवलिदेशीयाचार्यस्य शाकटायनस्य.

Panini repeatedly mentions Sakatayana, and the places thus alluded to are also found in the Sabdanusasana. Panini III. 4, 111 ; VIII. 3, 18 ; and VIII. 4, 50 correspond respectively to Sakatayana's आद्वाद्विषो झेर्जुस्वा ( pp. 35, 9 and 220, 290 ), वानुज्यात् ( pp. 8, 12 and 14, 65 ), and न संयोगे ( pp. 6, 18 and 9, 31 ).

Patanjali in his Mahabhasya refers also to Sakatayana, when he comments on Panini III. 4, 111 and III. 3, 1 ( उणादयो बहुलम् ) In the latter place he remarks :

नाम च धातुजमाह निरुक्ते व्याकरणे शकटस्य च तोकम् ।....
वैयाकरणानां च शाकटायन आह धातुजं नामेति ॥

Aho ! Shrutgyanam

In fact the Unadisutras of Sakatayana have found general admission among grammarians and have been annotated by various commentators, such as Ujjvaladatta, Madhava and others.

Sakatayana is mentioned as one of the eight principal grammarians in the well-known sloka found in the Kavikalpadruma of Bopadeva and elsewhere. These eight grammarians thus named are:

Indra, Candra, Kasakrtsna, Apisali, Sakatayana, Panini, Amara and Jainendra. The Sloka runs as follows:

इन्द्रश्चन्द्रः काशकृत्स्नापिशली शाकटायनः ।
पाणिन्यमरजैनेन्द्रा जयन्त्यष्टादिशाब्दिकाः ॥

Sakatayana mentions in his Sutras only Indra, pp. 11, 14 and 34, 92, Siddhanandin, pp. 47, 15 and 87, 34 and Aryavajra pp. 10, 11 and 12, 13 as previous grammarians.

The grammatical works of Sakatayana are commented upon:

i. in the *Amoghavrtti*, an extensive treatise on the Sutrapatha resembling the Kasikavrtti, which commentary I intend publishing in the second volum;

ii. in the *Nyasa* by Prabhacandra, a commentary on the Amoghavrtti;

iii. in the *Cintamani* or *Laghuvrtti* by Yaksavarman.

iv. in the *Maniprakasika* by Ajitasena, a commentary on the Cintamani

Aho ! Shrutgyanam

v. in the *Prakriyasangraha* by Abhayacandra-suri, which in its arrangement resembles the Siddhantakaumudi, and which I have printed in this volume on account of its usefulness to Sanskrit students ; and

vi. in the *Rupasiddhi* which in its turn is an abridgment of the Prakriyasangraha, and resembles the Laghukaumudi.

According to the Amoghavrtti the Sabdanusasana consists of four chapters or adhyayas, Kasakrtsna's grammatical treatise of three, and the works of Apisali and Panini respectively of eight chapters (अष्टका आपिशलपाणिनीयाः त्रिकाः काशकृत्स्नाः चतुष्काश्शाकटायनीयाः.) The Sabdanusasana includes the whole of grammar in its range, and is in this respect even more complete than Panini's work.

A striking feature of the Sabdanusasana is that it does not treat of the Svaravaidika while Panini pays particular attention to it. Vedic words, however, are otherwise much noticed by Sakatayana, and in this respect his work is not deficient to Panini.

The omission of the Svaravaidika accounts perhaps for the neglect Sakatayana has suffered at the hands of the Brahmans while it explains the favour with which he is regarded by the Jainas. If Sakatayana was a Jaina, this omission must be regarded as intentional.

Though I have formed my own opinion as to the *high merits and the originality of the hitherto un-*

Aho ! Shrutgyanam

published works of Sakatayana. I shall reserve a fuller expression of my opinion for the second volume of this work, which I hope to publish before very long. In the mean time I may state as my confident belief that the merits of Sakatayana will be acknowledged by all competent scholars.

This first edition may contain some mistakes which I am sorry to have overlooked, and the spelling of words, though correct, is not always uniform, but these defects I trust will be judged with indulgence, and not be allowed to detract from the general usefulness of the work.

I cannot finish this preface without expressing my regard and high esteem for M.R.Ry. T. N. Narasimhacharyar, one of the best grammarians I have met with in South India, and without acknowledging gratefully the valuable assistance he has rendered me in the publication of this volume.

GUSTAV OPPERT.

MADRAS, 28*th March,* 1893.

---

## બીજા પુરાવા.

**શ્રી ભાગવતમાં—**

नित्यानुभूतनिजलाभनिवृत्ततृष्णा ।
श्रेयस्य तद्रचनयाचिरसुप्तबुद्धेः ॥
लोकस्य यो करुणयोभयमात्मलोक ।
माख्यान्नमो भगवते ऋषभाय तस्मै ॥ १ ॥

Aho ! Shrutgyanam

**અર્થ**—તે ઋષભદેવને અમારો નમસ્કાર થાઓ! કે જેની તૃષ્ણા સદા પ્રાપ્ત થવાવાળા આત્મલાભથી દુર થઇ ગઇ છે અને જેઓએ કલ્યાણુના માર્ગમાં જુડી રચના કરીને સુતેલા જગતની દયા કરીને બંને લોક માટે ઉપદેશ કર્યો છે. ( એ ઋષભદેવ જૈનોના પહેલા તીર્થંકર છે. )

**શ્રી બ્રહ્માણ્ડ પુરાણમાં—**

नाभिस्तु जनयेत्पुत्रं मेरुदेव्या मनोहरम् ।
ऋषभं क्षत्रियश्रेष्ठं सर्वक्षत्रस्य पूर्वकम् ॥
ऋषभाद्भारतो जज्ञे वीरपुत्रशताग्रजः ।
अभिषिच्य भरतं राज्ये महाप्राव्रज्यमाश्रितः ॥

**અર્થ**—નાભિ રાજાને ત્યાં મેરૂદેવીથી રૂષભદેવ ઉત્પન્ન થયા, જેનું ઘણું સુંદર રૂપ છે, જે ક્ષત્રીયોમાં શ્રેષ્ઠ અને બધા ક્ષત્રીના આદિ છે ( મૂળ છે ) અને ઋષભના પુત્ર ભરત પેદા થયા જે વીર છે, અને પોતાના સો ભાઇઓમાં વડા છે. રૂષભદેવ ભરતને રાજ્ય સોંપી મહાદીક્ષાને પ્રાપ્ત થયા એટલે તપસ્વી થઇ ગયા ( જૈનોમાં આ વર્ણન એજ પ્રકારે છે. )

**મહાભારતમાં—**

युगे युगे महापुण्यं दृश्यते द्वारिकापुरी ।
अवतीर्णो हरिर्यत्र प्रभासशशिभूषणः ॥
रेवताद्रौ जिनोनेमिर्युगादि र्विमलाचले ।
ऋषीणामाश्रमादेव मुक्तिमार्गस्य कारणं ॥

**અર્થ**—યુગયુગમાં દ્વારકાપુરી મહાક્ષેત્ર છે, જેમાં હરિનો ( કૃષ્ણનો ) અવતાર થયો છે, જે પ્રભાસક્ષેત્રમાં ચંદ્રમાની પેઠે શોભે છે; અને ગિરનાર પર્વતપર નેમિનાથ ( જૈનોના બાવીસમા તીર્થંકર ) અને કૈલાસ પર્વતપર શ્રી આદિનાથ ( પહેલા તીર્થંકર વૃષભદેવ ) થયા છે. એ ક્ષેત્રો ઋષીઓના આશ્રમ થવાથી મુક્તિમાર્ગના કારણ છે. ( આ શ્લોકમાં જૈનોના બે તીર્થંકર વિષે બયાન છે. )

**નાગપુરાણમાં—**

दर्शयन् वर्त्म वीराणां सुरासुरनमस्कृतः ।
नीतित्रयस्य कर्ता यो युगादौ प्रथमो जिनः ॥

Aho ! Shrutgyanam

લંબાણ થવાના ભયથી બીજી ૨ લીટી આપી નથી.

ऋषभाय जिनेश्वरः

અર્થ—વીર પુરૂષોને માર્ગ દેખાડતા, સુર અસુર જેને નમસ્કાર કરેછે, જે ત્રણ પ્રકારની નીતિ (જૈનોની) બનાવવાવાળા છે, તે જુગની આદિમાં પ્રથમ જિનભગવાન થયા. ××+×× એવા રૂષભદેવ જિનેશ્વરે નિર્મળ કૈલાસ પર્વતપર અવતાર ધારણ કર્યો, જે સર્વવ્યાપી અને કલ્યાણરૂપ છે.

શીવપુરાણમાં—

अष्टषष्टिषु तीर्थेषु यात्रायां यत् फलं भवेत् ।

आदिनाथस्य देवस्य स्मरणेनापि तद्भवेत् ॥

અર્થ—અડસઠ તીર્થોની યાત્રા કરવાનું જે ફળ તેટલું ફળ શ્રી આદિનાથ (જૈનના પેહેલા તીર્થંકર) ને સ્મરણ કરવાથીજ થાય છે

ભાગવતમાં—

एवमनुशास्यात्मजान्—વગેરે,

ભાવાર્થ—સાર એ છે કે, તે ઋષભદેવે પોતાના બેટાઓને સમજાવીને મુનીશ્વરોને ધર્મ ઉપદેશ કરતાં અને ૧૦૦ બેટાઓમાંથી મોટા ભરતને રાજ્ય સોંપી, શરીર પરીગ્રહ રાખી, કેશ લોચીને, જેણે નગ્ન આત્મામાં બ્રહ્મસ્વરૂપ ધારણ કર્યું છે, તે અમારી રક્ષા કરો, વગેરે. (લોચ કરવો એટલે માથાના બાલ ઉખેડી નાખવા. એ દરેક જૈનસાધુનો કલ્પ–રીવાજ છે. બીજા ધર્મવાળા હજામત કરાવી મુંડા બને છે અથવા જટા વધારે છે.)

ભર્તૃહરી વૈરાગ્યશતકમાં—

एको रागिषु राजते प्रियतमा देहार्धधारी हरि ।

नीरागिषु जिनो विमुक्तललनासंगो न यस्मात्परः ॥

दुर्वारस्मरबाणपन्नगविषासक्तश्च मुग्धो जनः ।

शेषः कामविडंबितो हि वीषयान् भोक्तुं न मोक्तुं जनः ॥

અર્થ—બડી પ્યારી ગૌરી (પાર્વતી) ના અડધા શરીરને ધારણ કરનારા રાગી પુરૂષોમાં એક શીવજીજ શોભે છે, અને વીતરાગીઓમાં એવા જિનદેવથી મોટા બીજા કોઇ નથી કે જેણે સ્ત્રીયોનો સંગજ છોડી દીધો છે. એ બંને પરમ વીતરાગી જિનદેવથી જે પુરૂષ જુદા છે તે કામદેવરૂપી ઝેરના

Aho ! Shrutgyanam

ચઢવાથી પાગલ થઇ રહ્યા છે. એવા પુરૂષો વિષય છોડવાને સમર્થ નથી અને ભોગવવાને પણ સમર્થ નથી.

( આ શ્લોકમાં શીવને રાગી કહ્યા અને રાગ વગરના જિનદેવને કહ્યા છે. અર્થાત્ રાગ એટલે વીષયભોગની નિંદા કરી છે.

યોગવસીષ્ટના વૈરાગ્યપ્રકરણમાં—

नाहं रामो न मे वांछा भावेषु च न मे मनः

शान्तिमास्थातुमिच्छामि चात्मनैव जिनो यथा ॥

**અર્થ**—રામચંદ્રજી બોલ્યા કે હું રામ નથી, મારી કંઇ ઇચ્છા નથી, મારૂં મન પદાર્થોમાં નથી. હું કેવળ આ ચાહું છું કે જિનદેવની પેઠે મારા આત્મામાં શાંતિ થાઓ !

( આપરથી ખુલ્લું છે કે રામચંદ્રજીએ પોતે ઉત્તમોત્તમ જિનદેવ જેવા થવાની ઇચ્છા દર્શાવી. જૈનધર્મ તે વખતે વીદ્યમાન હતો તો તેવા થવાની ઇચ્છા શ્રીરામ દર્શાવી શક્યા. )

દક્ષિણમૂર્તિ સહસ્રનામમાં—

**शीव उवाच**—जैनमार्गरतोजैनो जितक्रोधोजितामयः ।

**અર્થ**—શીવ બોલ્યા—જૈનમાર્ગમાં રતી કરવાવાળા જૈની, ક્રોધને જીતવાવાળા અને રોગોને જીતનારા. (ભગવાનના નામોનું વર્ણન કર્યું છે કે તે જૈની છે.)

વૈશંપાયન સહસ્રનામમાં—

कालनेमिमहावीरः शूरः शौरिर्जिनेश्वरः ।

**અર્થ**—ભગવાનના નામ બતાવે છે. કાળનેમીપતિ પરાક્રમવાળા, બલવાન, કૃષ્ણ અને જિનેશ્વર.

મહીમ્નસ્તોત્રમાં—

कर्त्ताऽर्हन्पुरुषो हरिश्च सविता ।

**અર્થ**—કર્તા પણ તું છે, અને અર્હન્ પણ તું છે, વગેરે. ( અર્હન્ એટલે જિનદેવ.)

હનુમાનનાટકમાં—

यंशैवाः समुपासते शीव इति + + + +

Aho ! Shrutgyanam

अर्हन्नीत्यथ जैनशासनरताः कर्म्मेतिमीमांसकाः ॥

**અર્થ**—જેને શૈવલોક મહાદેવ કહીને ઉપાસના કરે છે×××××× અને જેને જૈનમતવાળા અર્હન્ કહીને માને છે,××× તે ત્રણુ લોકના સ્વામી તમને વાંછીત ફળ આપો. ( રામચંદ્રજીના સમયમાં રામેશ્વર આગળ પાજ બાંધતાં હનુમાને આ શ્લોક કહ્યો હતો, તો જૈનધર્મ તે વખતે વિદ્યમાન હતો. )

**ભવાનીસહસ્રનામ**—

कुण्डासना जगद्धात्री बुद्धमाता जिनेश्वरी ।

जिनमाता जिनेन्द्राच शारदा हंसवाहिनी ॥

**અર્થ**—ભવાની માતાના નામો આ પ્રમાણે ગણાવ્યાં છે. કુંડાસના, જગતની માતા, બુદ્ધદેવની માતા, જિનેશ્વરી, જિનદેવની માતા, જિનેંદ્રા, સરસ્વતી, કે જેની સ્વારી હંસ છે

**નગરપુરાણમાં**—

अकारादि हकारान्तं मूर्द्धाधोरेफसंयुतं ।

नादबिंदुकलाक्रान्तं चंद्रमंडलसन्निभं ॥

एतदेव परं तत्वं यो विजानाति भावतः ।

संसारबंधनं छित्वा स गच्छेत्परमां गतिम् ॥

**અર્થ**—આદિમાં 'અ'કાર અને અંતમાં 'હ'કાર અને ઉપર 'ર'કાર નીચે 'ર'કાર અને નાદબિંદુ સહિત ચંદ્રમાના મંડળ તુલ્ય એવો 'અર્હં' જે શબ્દ છે તે પરમ તત્વ છે. એને જે કોઇ યથાર્થરૂપથી જાણે છે, તે સંસારના બંધનથી મુક્ત થઇ પરમ ગતિ ( મોક્ષ ) ને પામે છે. ( અર્હં એ જૈનોના જિનનો શબ્દ છે, અને હમેશ ભક્તિમાં જપમાં એજ અર્હં જપાય છે. એ શબ્દની નગરપુરાણમાં સ્તુતિ કરી જૈનને પ્રાચીન સ્થાપિત કરે છે. )

**નગરપુરાણ**—

दशाभिर्भोजितैर्विप्रैर्यत्फलं जायते कृते ।

मुनिमर्हन्तभक्तस्य तत्फलं जायते कलौ ॥

**અર્થ**—સત્યુગમાં દશ બ્રાહ્મણોને ભોજન આપવામાં જે ફલ થાય છે, તેજ ફલ કલિયુગમાં અર્હત ( જિનદેવ ) ની ભક્તિ કરવાથી અથવા મુનિને ભોજન આપવાથી થાય છે.

Aho ! Shrutgyanam

મનુસ્મૃતિમાં—

कुलादिबीजं सर्वेषां प्रथमो विमलवाहनः

चक्षुष्मान् यशस्वी चाभिचन्द्रोथ प्रसेनजित् ॥

मरुदेवीच नाभिश्च भरतः कुलसत्तमः વગેરે

અર્થ—સર્વ કુલોનું આદિકારણ પહેલા વિમળવાહન નામે અને ચક્ષુષ્માન એવા નામવાળા અને અભિચંદ્ર અને પ્રસેનજિત, મરૂદેવી અને નાભિ નામવાળા, મરૂદેવીથી નાભિના પુત્ર, આ અનુક્રમે વીરોના માર્ગને બતાવતા દેવતા અને દૈત્યોથી નમસ્કારને પામવાવાળા અને યુગની આદિમાં ત્રણ પ્રકારની નીતિને રચવાવાળા પહેલા જિનભગવાન થયા. તો મનુજી પહેલાં જૈનધર્મ હતો એવું સિદ્ધ થાય છે. )

પ્રભાસપુરાણ—

भवस्य पश्चीमे भागे वामनेन तपः कृतम् ।

× × + × × +

पद्मासनसमासीनः श्याममूर्तिर्दिगम्बरः

नेमिनाथः ઇત્યાદિ.

અર્થ—શીવજીના પશ્ચિમભાગમાં વામને તપ કર્યું હતું, તે તપના કારણથી શીવજી વામનને પ્રત્યક્ષ થયા. કેવા સ્વરૂપમાં ? પદ્માસન લગાવેલું, શ્યામવર્ણું અને નગ્ન, ત્યારે વામને તેમનું નામ નેમિનાથ રાખ્યું. જેના સ્પર્શથી કરોડ યજ્ઞનું ફળ થાય છે.

( શ્રી નેમિનાથ જૈનોના બાવીસમા તીર્થંકર છે, જૈનોની મુર્તિ પદ્માસનવાળીને બેઠેલી હોય છે. વળી નેમનાથજી શરીરે કાળા રંગના હતા. દિગંબર જૈનભાઇઓની મુર્તિ નગ્ન હોય છે. )

## ऋग्वेद.

ॐ पवीत्रं नग्नमुप वीभ्रसामहेयेषां વગેરે મંત્રથી પવીત્ર પાપથી બચાવવાવાળા, નગ્ન દેવતા ( જૈનોના ) ઓને પ્રસન્ન કરીએ છીએ, જે નગ્ન રહે છે, અને બળવાન છે.

## ऋग्वेद.

ॐ नग्नं सुधीरं दीगूवाससं ब्रह्म गर्भ्नं सनातनं उपैमी वीरं पुरुष

Aho ! Shrutgyanam

मर्हंतमादीत्यवर्णं तमसः पुरस्तात् स्वाहा ॥

અર્થ—નગ્ન, ધીર, વીર, દિગંબર, બ્રહ્મરૂપ સનાતન અર્હત આદિત્ય-વર્ણવાળી પુરૂષને શરણે પ્રાપ્ત થાઉં છું.

(સનાતન એટલે જુનામાં જુના અર્હત (જૈનદેવ) ની સ્તુતિ છે. એ-માં બીજો કોઇપણ અર્થ બેસતો નથી અને તે રીતે જૈનધર્મના સનાતન—પ્રાચીન–અનાદિ હોવામાં કોઇ સંશય રહેતો નથી.)

મહાભારત—

आरोहस्वरथं पार्थ ઇત્યાદિ

આ શ્લોકથી કૃષ્ણ યુધિષ્ઠિરને (જૈનોના) નગ્ન મુનિ સામે શુકનમાં આવ્યાનું કહે છે.

મૃગેંદ્રપુરાણમાં-

श्रवणो नरगो राजा मयूरः—

ઇત્યાદિ શ્લોકથી પણ નગ્ન મુનિના શુભ શુકન બાબત વર્ણન છે.

એજ પ્રમાણે ગણેશપુરાણ, પ્રભાસપુરાણ, વ્યાસસુત્ર વગેરે અનેક ગ્રં-થોમાં અનેક દાખલા મળે છે, કે જેથી જૈનધર્મ પ્રાચીન સાબીત થાય છે. વેદોના મંત્ર બાબતની શંકા વિષે જણાવવાનું કે તૈત્તરીય આરણ્યકના કલક-ત્તાના છપાએલાં પુસ્તકમાં સાફ લખ્યું છે કે કેટલાક પાઠ ભાષ્યકારે છોડેલા છે અને તેનું ભાષ્ય કરેલું નથી, અને મૂળ પુસ્તકમાં નહીં એવા કેટલાક પા-ઠોનું ભાષ્ય કરેલું છે.

તૈત્તરીય બ્રાહ્મણ ૧ અ૦, ૧ પ્રપાઠક, ૧ અ૦ ના ૧ લાજ મંત્રના ભાષ્યમાં પણ સાયણાચાર્ય લખે છે કે,

वाजसनेयिनश्च वीज्ञानमानंदं ब्रह्म

હવે આ શ્રુતિ વાજસનેય સંહિતામાં માલમ નથી પડતી, હમણાંના મંત્રો પણ કોણે ગણ્યા છે? નવા ઉમેરાયા હોય, જુના કાઢ્યા હોય તેમાં પણ કંઇ નવાઇ નથી. આ બાબતમાં એક તાજોજ દાખલો મોજુદ છે કે ભર્તૃહરિ વૈરાગ્યશતકના જે ગ્રંથો પહેલાં છપાયેલા છે, તેમાં અગાઉ લખેલો एकोरागिषु राजते ઇત્યાદિ શ્લોક જોવામાં આવે છે. અને હમણાના છપા-યેલા વૈરાગ્યશતકમાંથી કાઢી નાખવામાં આવ્યો છે. વળી હમણાં એક જૈન-ગ્રંથ પ્રસિદ્ધ થયો છે, તેના કર્તાતરીકે ખરાને બદલે એક ભળતુંજ નામ મુકીને

Aho ! Shrutgyanam

છપાવવામાં આવ્યો છે. આ જમાનામાં આ મુજબ થવા લાગ્યું છે, તો આગલના જમાનાઓમાં એ મુજબ કેમ નહીં કરવામાં આવ્યું હોય?

**( આ જગોએ કેટલાક પ્રાચીન જૈનશિલાલેખો નાખવાના હતા, પણ તે શિલાલેખો માટે હજુ કેટલીક તપાસ કરવાની હોવાથી, તથા તેના કેટલાક અક્ષરો હજુ મેળવવાના હોવાથી તથા તેનાં શુદ્ધ ગુજરાતી ભાષાંતરો કરાવવાનાં હોવાથી તે શિલાલેખો તેના ગુજરાતી ભાષાંતર સહિત હવેપછીના પુસ્તકમાં દાખલ કરીશું. )**

## પ્રકરણ બીજું.

### પ્રવચનપરીક્ષા[1] ગ્રંથનો સાર.

આ ગ્રંથમાં ધર્મસાગર ઉપાધ્યાયજી ક્ષપનક અથવા દિગંબરો (૧)

---

૧ આ ગ્રંથનું બીજું નામ "કુપક્ષકકૌશિક સહસ્રકીર્ણ" છે અને તે ધર્મસાગર ઉપાધ્યાયજીનો રચેલો છે. તેમ તે ગ્રંથપર ટીકા પણ તેમણે પોતેજ રચી છે.

Aho ! Shrutgyanam

પુનમીઆ (૨) ખરતર અથવા ઔષ્ટ્રિક (૩) પક્ષવિકો અથવા આંચલિકો (૪) સાર્ધપૌર્ણમીયક (૫) આગમિક અથવા ત્રણ થુઇવાળા (૬) મૂર્તિના શત્રુઓ અથવા લુંપકો (૭) મુનિઓના શત્રુ અથવા કહુકો (૮) વંધ્ય અથવા વેષધરો (૯) અને પાશ્ચંદ્ર (૧૦) એ દશે જૈનધર્મની શાખાઓ ક્યારે અને કેવા સંયોગોમાં નીકળી ? તે સંબંધિ જાણવા લાયક વૃત્તાંત આપેલું છે. ( તેઓમાંથી પ્રથમ દિગંબરીઓની ઉત્પત્તિનું વર્ણન કરે છે )

શિવભૂતિ અથવા સહસ્ત્રમલ્લ નામનો એક માણુસ રથવીર નામના નગરમાં રહેતો હતો, અને તે ત્યાંના રાજાની નોકરી કરતો હતો. એક દહાડો રાત્રિએ કંઇ કારણુસર તેની માતાએ કંઇક ઠપકો દેવાથી તે ગુસ્સે થઇ ઘરમાંથી ચાલ્યો ગયો અને જૈનસાધુઓને રહેવાના ઉપાશ્રયમાં જઇ તેણે ત્યાં રહેલા આર્યકૃષ્ણ નામના આચાર્યજી પાસે દીક્ષા લીધી. એક દહાડો ત્યાંના રાજાએ તે સહસ્ત્રમલ્લને એક કિમતી રત્નકંબલ આપી, અને તે રત્નકંબલપર તેને અત્યંત મોહ લાગ્યો. ત્યારે ગુરૂમહારાજે તેને ઠપકો આપ્યો કે, એવી કિમતી રત્નકંબલ મોહનું કારણ હોવાથી જૈન સાધુએ રાખવી લાયક નહિ. એવી રીતે ગુરૂએ કહ્યા છતાં પણ તેણે તે રત્નકંબલનો ત્યાગ કર્યો નહિ. આથી ગુરૂમહારાજે એક દહાડો તેની ગેરહાજરીમાં તે રત્નકંબલ ફડાવી નાખીને ફેંકી દીધી. આથી કરીને સહસ્ત્રમલ્લને ઘણોજ ક્રોધ ચડ્યો, અને તે ગુરૂને કહેવા લાગ્યો કે, જો એમ છે તો સાધુએ બિલકુલ વસ્ત્રો રાખવાં જોઇએ નહીં. એવી રીતે ગુરૂ સાથે ક્લેશ કરીને ત્યાંથી તે ચાલ્યો ગયો. તે વખતે તેની બેહેન ઉત્તરા પણ તેની સાથે ગઇ, અને તેણીએ પણ જ્યારે નગ્ન રહેવાનો વિચાર પોતાના ભાઇને જણાવ્યો, ત્યારે સહસ્ત્રમલ્લે વિચાર્યું કે સ્ત્રીજાતિને નગ્ન રહેવું લાયક નહીં, એમ વિચારિ તેણે પોતાની બેહેનને કહ્યું કે, સ્ત્રીજાતિને મોક્ષ મળતો નથી.

એવી રીતે આ દિગંબર મતના ઉત્પત્તિ[1] શ્રી મહાવીર પ્રભુના મોક્ષ પછી ૬૦૯ વર્ષે એટલે વિક્રમ સંવત ૧૩૯ માં થએલી છે.

ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહના સમયમાં પાટણમાં દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચે પોતપોતાના મત માટે શાસ્ત્રવિવાદ થયો હતો; અને

---

૧ આગમમાં પણ કહ્યું છે કે, "छच्चा सयाइं नवुत्तराइं, अइआ सिद्धिंगयस्स वीरस्स ॥ तो बोडिआणदिठ्ठी, रहवीरपुरे समुप्पण्णा ॥१॥

Aho ! Shrutgyanam

તેમાં અંતે દિગંબરોપર શ્વેતાંબરોએ જય મેળવ્યો હતો. (આ વિવાદ સંબંધિ સવિસ્તર વૃત્તાંત આજ પુસ્તકના એટલે જૈન ધર્મના પ્રાચીન ઇતિહાસ ભાગ પહેલાના ૫૩મા પાનાપર શ્રી દેવસૂરિજીના વૃત્તાંતમાં આપેલું છે, તે ત્યાંથી વાંચી લેવું.) દિગંબર અને શ્વેતાંબર મત વચ્ચે સઘળી મળી ચોર્યાસી બાબતો માટે ફેરફાર છે. દિગંબર મતના સાધુઓ નગ્ન રહે છે, તેમ દિગંબરો જિનપ્રતિમાને આભૂષણ આદિક ચડાવતા નથી. દિગંબરોમાં પણ ઘણી શાખાઓ છે. ઉમાસ્વાતિ, સિદ્ધસેનદિવાકર આદિક કેટલાક જૈન આચાર્યોના સંબંધમાં દિગંબરો અને શ્વેતાંબરો બન્નેને માન છે. કેમકે, દિગંબરો કહે છે કે, તેઓ અમારા સંપ્રદાયમાં થએલા છે, અને શ્વેતાંબરો કહે છે કે, તેઓ અમારા સંપ્રદાયમાં થએલા છે.

શ્વેતાંબર ગણધરોએ રચેલાં સૂત્રોને દિગંબરો માનતા નથી, પણ તેઓએ પોતાના નવીનજ શાસ્ત્રો રચેલાં છે, તેઓમાં જયધવલ મહાધવલ વિગેરે મુખ્ય શાસ્ત્રો છે, તેમ આદિપુરાણ આદિક અનેક પુરાણો છે.

તેમના સંપ્રદાયમાં અમિતગતિ, અકલંક દેવ, કુંદકુંદાચાર્ય આદિક આચાર્યો ઘણા વિદ્વાન થએલા છે, તેમ ધનંજય, હરિચંદ્ર, દેવનંદિ, વીરનંદિ, વાદિરાજ, સોમદેવ આદિક મહાકવિઓ થએલા છે. જયપુર આદિક શેહેરોમાં તેમના ઘણાં જિનમંદિરો છે, તથા તે મતને અનુસરનારા લોકોની મુખ્ય વસતિ મારવાડ, વાયવ્યપ્રાંત તથા કર્ણાટકમાં છે. જૈનબદ્રી તથા મૂળબદ્રી આદિક તેઓને લગતાં તીર્થસ્થાનકો છે. હાલના સમયમાં તેઓના સાધુઓ ક્વચિતજ દ્રષ્ટિએ પડે છે. અને તેથી ઉપદેશ દેવા આદિકનું કાર્ય ભટ્ટારકો ચલાવે છે. શ્વેતાંબરી જૈનો કરતાં દિગંબરી જૈનોની વસ્તી થોડી છે. ગૃહસ્થોના સંસાર વ્યવહારની બાબતમાં પણ કેટલીક બાબતોથી દિગંબરો, શ્વેતાંબર જૈનીઓથી જુદા પડે છે. તેઓ જ્યારે યજ્ઞોપવીત (જનોઇ) ધારણ કરે છે, ત્યારે શ્વેતાંબરીઓ યજ્ઞોપવીતને ધારણ કરતા નથી.

---

## પુનમીઆ ગચ્છની ઉત્પત્તિ.

ચંદ્રપ્રભસૂરિ, મુનિચંદ્રસૂરિ માનદેવસૂરિ અને શાંતિસૂરિ એમ ચાર ગુરૂભાઇઓ હતા. વિક્રમ સંવત ૧૧૪૯માં એક શ્રીધર નામના શ્રાવકને મોટો ખરચ કરી એક જિનમૂર્તિ બેસાડવાની ઇચ્છા થઇ, અને તેથી તેણે તેઓમાં વડા ચંદ્રપ્રભસૂરિજીને કહ્યું કે, હે ભગવન્! આ મૂર્તિની પ્રતિષ્ઠા માટેનો વિધિ



Aho ! Shrutgyanam

કરવા માટે આપ આપના ગુરૂ ભાઈ મુનિચંદ્રસૂરિજીને આજ્ઞા આપો? ( કેમકે, તે સમયે મુનિચંદ્રસૂરિજી જૈન ક્રિયાઓમાં વધારે પ્રવીણ ગણાતા હતા. ) તે શ્રીધર શ્રાવકની એવી માગણીથી ચંદ્રપ્રભસૂરિને ઇર્ષા આવી અને તેથી તેણે તે શ્રાવકને કહ્યું કે, તેવાં પ્રતિષ્ઠાદિક કાર્યોમાં સાધુએ ભાગ લેવો લાયક નથી. અને તેથી શ્રાવક મારફતે પ્રતિષ્ઠા કરવી. બારબાદ વિક્રમ સંવત ૧૧૫૯માં એક દહાડો ચંદ્રપ્રભસૂરિજીએ કહ્યું કે, આજ રાત્રિએ પદ્માવતી દેવીએ મને સ્વપ્નમાં કહ્યું છે કે, તમારે તમારા શિષ્યોને કહેવું કે, શ્રાવકે પ્રતિષ્ઠા કરાવવી, તથા પુર્ણિમાની પાખિ કરવી. એવી રીતે પુનમીઆ ગચ્છની ઉત્પત્તિ વિક્રમ સંવત ૧૧૫૯માં ( એટલે મહાવીર પ્રભુના મોક્ષ પછી ૧૬૨૯ વર્ષે શ્રીચંદ્રપ્રભાચાર્યથી થએલી છે. )

પુનમીઆ ગચ્છના આચાર્યે રચેલી ક્ષેત્ર સમાસની સંસ્કૃત ટીકાની પ્રશસ્તિમાં પણ કહ્યું છે કે,

दुर्वादिद्विरदांकुशः समयवित् श्रेणिशिरोमंडनं ।
श्रीचंद्रप्रभसूरिराट् स भगवान् प्राचीकशत् पूर्णिमाम् ॥
तस्माज्जैनवचोऽमृतं भृशमपुः श्री धर्मघोषादयः ॥
श्रीभद्रेश्वरसूरितस्त्वचलकत् शाखा द्वितीया प्रथाम्. ॥१॥

અર્થ—દુષ્ટ વાદિઓ રૂપી હાથીઓને વશ કરવામાં અંકુશ સરખા તથા સિદ્ધાંતોને જાણનારાઓમાં શિરોમણિ સરખા એવા શ્રીચંદ્રપ્રભ નામના આચાર્ય મહારાજે પૂર્ણિમાપક્ષ પ્રગટ કરેલો છે. વળી તેમની પાસેથી શ્રી ધર્મઘોષ આદિક આચાર્યોએ જિનવચન રૂપી ઘણું અમૃત પીધેલું છે; તેમ બીજી શાખા શ્રી ભદ્રેશ્વરસૂરિથી ચાલેલી છે. વળી કહ્યું છે કે,

चंदगच्छाओ पुण्णिम, पुण्णिमउ सढ्ढपुण्णिमंचलया
दोहि वि आगमनामा, कुच्चयरा खरयरो चान. ॥ १ ॥

પુનમીઆ ગચ્છવાળા મહાનીશિથ સૂત્ર, તથા ઉપધાનવિધિને માનતા નથી.

---

## ખરતર ગચ્છની ઉત્પત્તિ.

ધર્મસાગર ઉપાધ્યાયજી પોતાના પ્રવચનપરીક્ષા નામના ગ્રંથમાં લખે છે કે, કેટલાકો તરફથી એમ કહેવામાં આવે છે કે વિક્રમ સંવત ૧૦૨૪માં થએલા

Aho ! Shrutgyanam

શ્રી વર્ધમાનસૂરિજીના શિષ્ય શ્રી જિનેશ્વરસૂરિજીથી ખરતર ગચ્છની ઉત્પત્તિ થઇ છે, પણ તેમ કહેવું સત્ય નથી. ખરતર ગચ્છની ઉત્પત્તિ તો વિક્રમ સંવત-૧૨૦૪માં થએલા શ્રી જિનદત્તસૂરિજીથી થએલી છે[૧].

ધર્મસાગર મહારાજ જિનપતિસૂરિજીના શિષ્ય સુમતિગણિએ રચેલા ગણધર સાર્ધશતકબૃહદ્વૃત્તિ નામના ગ્રંથના બે પારિગ્રાફો ટાંકી બતાવે છે. તેમાં પહેલા પારિગ્રાફમાં જિનવલ્લભસૂરિનો વૃત્તાંત આપે છે, અને બીજા પારિગ્રાફમાં જિનદત્તસૂરિનો વૃત્તાંત આપે છે. પહેલા પારિગ્રાફમાં આપેલું જિનવલ્લભસૂરિજીને લગતું વૃત્તાંત એવું છેકે, અભયદેવસૂરિએ પોતેજ જિનવલ્લભસૂરિજીને કંઇ પોતાની ગાદીપર બેસાડ્યા નહોતા, કેમકે જિનવલ્લભસૂરિ પેહેલાં ચૈત્યવાસીના શિષ્ય હતા અને તેથી અભયદેવસૂરિજીએ તેમને પોતાની પાટ માટે યોગ્ય જાણ્યા નહોતા, તોપણ તે પોતાના શિષ્ય પ્રસન્નચંદ્રસૂરિજીને કહી ગયા હતા કે, અવસર આવે ત્યારે તમારે જિનવલ્લભસૂરિને પાટે બેસાડવા. એક વખતે જિનવલ્લભસૂરિએ કેટલાક જિનસિદ્ધાંતોને આધારે એવું ઠરાવ્યું કે, મહાવીર પ્રભુના ગર્ભાપહરણને પણ છઠ્ઠા કલ્યાણક તરિકે લેખવું. ખરતર ગચ્છની ખરેખરી ઉત્પત્તિ તો જિનદત્તસૂરિથી વિક્રમ સંવત્ ૧૨૦૪માં થએલી છે. તેને માટે સુમતિગણિએ પોતાની રચેલી ગણધરસાર્ધશતકબૃહદ્વૃત્તિમાં કહેલું છે કે, જિનદત્તસૂરિ ઘણા મગરૂર સ્વભાવના હતા અને તેમને પૂછવામાં આવતા પ્રશ્નોનો તે મગરૂરીથી ઘણો તીક્ષ્ણ રીતે ઉત્તર આપતા હતા. અને તેથી લોકો તેને ખરતર કહીને બોલાવતા હતા. અને તેમણે પણ તે પોતાનું ખરતર બિરૂદ ચાલુ રાખ્યું તેને માટે ડૉક્ટર બુલર પણ ઉપલી હકીકતને મળતુંજ પોતાના રિપોર્ટના ૧૪૯મા પાનાપર લખે છે કે,

"The Kharatara sect then arose according to an old Gàthà in Samvat 1204. Jinadatta was a proud man, and even in his pert answers to others mentioned by

---

૧ એશિઆટિક સોસાટીના રિપોર્ટના એકસોઉડતાલીસમા પત્રપર લખ્યું છે કે,—In this Dharamasàgar tries to prove that it owed its rise not to Jineshwera the pupil of Vardhmàna in Samvat 1024 as is commonly believed, but to Jinadatta in Samvat 1204.

Aho ! Shrutgyanam

Sumatigani pride can be clearly detected. He was therefore, called Kharatara by the people; but he gloried in the new appellation and willingly accepted it."

કેટલાકો એમ કહે છે કે, જિનેશ્વરસૂરિજીથી એટલે વિક્રમ સંવત ૧૦૨૪ માં ખરતર ગચ્છની ઉત્પત્તિ થઇ છે, પણ ધર્મસાગરજી મહારાજના લખવા પ્રમાણે તે વાતજૂઠી છે. તે લખે છે કે, જો ખરતર ગચ્છની ઉત્પત્તિ જિનેશ્વર સૂરિથી થએલી હોય, તો તે જિનેશ્વરસૂરિ તથા નવાંગી ટીકાકાર એવા તેમના જિનેશ્વસૂરિના શિષ્ય અભયદેવસૂરિ પોતાના કોઇ પણ ગ્રંથની પ્રશસ્તિમાં પોતાના ખરતર ગચ્છનું નામ આપે; પણ તેઓએ પોતાના રચેલા કોઇ પણ ગ્રંથમાં ખરતર ગચ્છ માટે કંઇ પણ ઇસારો કર્યો નથી. આથી સાબિત થાય છે કે, ખરતર ગચ્છની ઉત્પત્તિ જિનેશ્વરસૂરિજીથી થએલી નથી.

---

## અંચલ ગચ્છની ઉત્પત્તિ.

ધર્મસાગર મહારાજ લખે છે કે, અંચલ ગચ્છની ઉત્પત્તિ વિક્રમ સંવત ૧૨૧૩માં થએલી છે. તે ગચ્છને સ્થાપનાર પૂર્ણમીય પક્ષના નરસિંહ નામે આચાર્ય હતા. તે નરસિંહ આચાર્યની એક આંખ જોખમાએલી હતી. એક વખતે તે નરસિંહ આચાર્ય જ્યારે બ્યુના નામના ગામમાં રહેલા હતા, ત્યારે નાથી નામની એક આંધળી અને ઘણીજ પૈસાદાર સ્ત્રી તેમને વંદન કરવાને આવી, પણ તે વખતે તે પોતાની મુહપત્તિ લાવવી વીસરી ગઇ હતી, તે જોઇ નરસિંહ આચાર્યે તેણીને કહ્યું કે; જો તમો મુહપત્તિ લાવવી વીસરી ગયાં હો-તો, તે મુહપત્તિને બદલે તમારાં વસ્ત્રનો છેડો ચાલી શકશે. તેણીએ પણ તે વાત કબુલ રાખી, અને એવી રીતે તેણીના પૈસાની મદદથી તેઓ બન્નેએ ત્યાં અંચલિક મતની સ્થાપના કરી, અને નરસિંહ આચાર્યે પોતાનું નામ આર્યર-ક્ષિતજી રાખીને આચાર્ય પદવી ગ્રહણ કરી, અને ત્યારથી પ્રતિક્રમણ વેળાએ પણ તેઓ મુહપત્તિને બદલે વસ્ત્રના છેડાનો (અંચલનો) ઉપયોગ કરવા લાગ્યા. એવી રીતે આર્યરક્ષિતજીથી અંચલિક ગચ્છની ઉત્પત્તિ થએલી છે.

---

## સાર્ધપૂર્ણમીયક ગચ્છની ઉત્પત્તિ.

આ ગચ્છની ઉત્પત્તિ વિક્રમ સંવત ૧૨૩૬ માં થએલી છે. તેને લગતી

Aho ! Shrutgyanam

હકીકત નીચે પ્રમાણે છે. એક દહાડો કુમારપાલ રાજાએ હેમચંદ્રાચાર્યજીને પૂછ્યું કે, પુર્ણમીયક ગચ્છવાળાઓ જૈનોના આગમ પ્રમાણે ચાલે છે કે નહીં? તે માટે આપણે તેની પાસેથી ખુલાસો માગવો છે; માટે તે ગચ્છના આચાર્યને મારી પાસે બોલાવી લાવો? તે સાંભળી હેમચંદ્રાચાર્ય તે ગચ્છના આચાર્યને તેમની પાસે લાવ્યા; અને તેમને રાજાએ પૂછવાથી તેમણે આડા અવળા જવાબો આપ્યા. તે સાંભળી કુમારપાળ રાજાએ તે પુનમીઆ ગચ્છવાળાઓને પોતાના અઢારે દેશોમાંથી હાંકી કહાડ્યા. પછી કુમારપાળ અને હેમચંદ્રાચાર્યના મૃત્યુ બાદ પુનમીઆ ગચ્છના સુમતિસિંહ નામના આચાર્ય પાટણમાં આવ્યા. તેમને ત્યાં કોઇએ પૂછ્યું કે, તમો કયા ગચ્છના છો? ત્યારે તેમણે કહ્યું કે, અમો **સાર્ધપુર્ણમીયક** નામના ગચ્છના આચાર્ય છીએ. સુમતિસિંહાચાર્યના કેટલાક અનુયાયિઓ કહે છે કે, તે અમારા ગચ્છનું નામ **સાધુપુર્ણમીયક** હતું. સાર્ધપુર્ણમીયક ગચ્છવાળા કહે છે કે, જિનમૂર્તિની ફળોથી પૂજા કરવી નહીં.

---

## આગમિકોની ઉત્પત્તિ.

આગમિકો અથવા ત્રણ થુઇવાળાઓની ઉત્પત્તિ વિક્રમ સંવત ૧૨૫૦ માં થએલી છે. સિલગણસૂરિ અને દેવભદ્રસૂરિ પૌર્ણમીયક ગચ્છ છોડીને અંચલિક ગચ્છમાં દાખલ થયા, પાછળથી તે અંચલિક ગચ્છને પણ છોડીને તેઓએ એક એવો નવો પંથ ચલાવ્યો કે, આપણે ક્ષેત્રદેવતાની સ્તુતિ કરવી નહીં. અને એવી રીતે આગમિકો અથવા ત્રણ થુઇવાળાઓની ઉત્પત્તિ થઇ.

---

## લુંપકોની ઉત્પત્તિ.

આ લુંપક ગચ્છ લુંપક નામના લહીઆએ વિક્રમ સંવત ૧૫૦૮ માં સ્થાપેલો છે. તેને લગતી હકીકત એવી છે કે, તે લુંપક લહીઆએ એક વખતે આગમો લખતાં લખતાં તેમાના કેટલાક આલાપકો તથા ઉદ્દેશાઓને છોડી આપ્યા, અને તેથી એક મુનિએ તે માટે તેને ઠપકો આપ્યો. આથી ગુસ્સે થઇને તેણે પોતાનો લુંપક મત ચલાવ્યો. લુંપક મતને માનનારાઓ મૂર્તિપૂજા કરતા નથી.

---

## વેષધરોની ઉત્પત્તિ.

વેષધરો, એ એક લુંપક ગચ્છની શાખા છે. તેઓની ઉત્પત્તિ વિક્રમ

Aho ! Shrutgyanam

સંવત ૧૫૩૩ માં, અને બીજા મત પ્રમાણે વિક્રમ સંવત ૧૫૩૧ માં થએલી છે. તે વેષધરોએ પોતાનો વેષ જુદીજ તરેહનો કર્યો. તેનો સ્થાપનાર ભાણાક નામે પોરવાડ જ્ઞાતિનો શીરોહીની પાસે આવેલા અરઘટ્ટપાટકનો રહેવાસી વાણીઓ હતો. નાગપુરીય વેષધરોમાં તે ભાણાક મુખ્ય હતો અને ગુજરાતી વેષધરોમાં પહેલો રૂપઋષિ નામે હતો. તે પોતાની મેળેજ વેષધર થયો હતો. આ વેષધરો પણ મૂર્તિપૂજા માનતા નથી.

---

### કતુકોની ઉત્પત્તિ.

કતુકોની ઉત્પત્તિ કતુક નામના વેષધરથી વિક્રમ સંવત ૧૫૬૪ માં થએલી છે.

---

### બીજમતની ઉત્પત્તિ.

બીજ નામનો માણસ લુનાક નામના વેષધર લુંપકનો એક અજ્ઞાની શિષ્ય હતો. એક દહાડો તે મેદપાટમાં ગયો, કે જ્યાં બીજા સાધુઓનું આવાગમન નહોતું. ત્યાં તેણે પોતાના મતનો ઉપદેશ દેવાથી લોકો તેના રાગી થયા. ત્યાં તેણે પુનમની પાખી, અને પાંચમનું પર્યુષણા પર્વ સ્થાપ્યું, તેનો મત આગામિકોને મળતો હતો. અને એવી રીતે વિક્રમ સંવત ૧૫૭૦ માં બીજ મતની ઉત્પત્તિ થઇ.

---

### પાર્શ્વંદ્ર ગચ્છની ઉત્પત્તિ.

પાર્શ્વંદ્ર ગચ્છની ઉત્પત્તિ વિક્રમ સંવત ૧૫૭૨ માં થએલી છે. પાર્શ્વંદ્ર તપગચ્છની નાગપુરીય શાખાના એક ઉપાધ્યાય હતા. તેને પોતાના ગુરૂ સાથે કંઇક તકરાર થવાથી, તેણે પોતાનો એક નવોજ ગચ્છ સ્થાપવાનો પ્રયત્ન કર્યો, કે જે ગચ્છ પાછળથી તેનાજ નામથી ઓળખાવા લાગ્યો. તેણે કેટલીક તપગચ્છની અને કેટલીક લુંપકોની ક્રિયાઓ અંગીકાર કરી. તેણે વિધિવાદ, ચરિતાનુવાદ અને યથાસ્થિત વાદનો ઉપદેશ આપ્યો. પાર્શ્વંદ્ર ગચ્છવાળાઓ નિર્યુક્તિઓ, ભાષ્યો, ચૂર્ણિઓ તથા છેદ ગ્રંથોને માનતા નથી.

# પ્રકરણ ત્રીજું.

## હેમાચાર્ય અને કુમારપાળ રાજાનો વૃત્તાંત.

આ દુનીઆપર એક લાખ યોજનના પરિમાણવાળો જંબૂદ્વીપ નામે દ્વીપ આવેલો છે. તેની અંદર આવેલા ભરત ક્ષેત્રમાં ગુજરાત નામનો એક રમણીક દેશ પોતાની દીવ્ય જાહોજલાલીથી દુનીઆના સર્વ લોકોના મનને ખેંચી રહેલો છે. તે દેશમાં આવેલાં નવસો મોટાં શેહેરોની અંદર દ્દ્દીયગી નામનું ભભકાદાર શેહેર આવેલું છે, તે નગરીની ચારે બાજુએ આવી રહેલો સુવર્ણમય કિલ્લો જાણે પોતાના તેજથી સૂર્યના કિરણોની હાંસી કરતો હોય નહીં તેમ દીપી રહેલો હતો. નગરીની અંદર આવી રહેલા પૈસાદાર લોકોના મેહેલો ગોયા દેવવિમાનોની તુલનતાને ધારણ કરતા હતા. જગો જગોએ જિનમંદિરોપરની પવનના ઝપાટાથી ઝુલતી ધજાઓ સૂર્યના કિરણોનો નગરમાં થતો પ્રવેશ અટકાવતી હતી. શરીઆમ રસ્તાઓપર હમેશાં સુગંધિ જલનો છંટકાવ થવાથી સઘળું નગર જાણે સુગંધિ પુષ્પોનો એક બગીચો હોય નહીં, તેમ લોકોના મનને લલચાવતું હતું જૈન વર્ગના સ્ત્રી પુરૂષોના ટોળેટોળાં હમેશાં જિનમંદિરો પાસે એકઠાં થઇ જૈન ધર્મની મહત્વતા સૂચવતાં હતાં. તે નગરમાં ત્રિભુવનપાળ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને કશ્મીરદેવી નામે રાણી હતી. તેણીએ કુમારપાળ, મહીપાળ અને કૃતપાળ નામના ત્રણ પુત્રોને જન્મ આપ્યો હતો. તેમ તેણીએ પ્રેમલદેવી અને દેવળદેવી નામની બે પુત્રીઓને પણ જન્મ આપ્યો હતો. તેઓમાંથી કુમારપાળ કુમાર શ્રી હેમચંદ્રજી મહારાજના ઉપદેશથી જૈન ધર્મી થયા હતા. તે કુમારપાળને કેવી રીતે ગુજરાતનું રાજ્ય મળ્યું ? તથા તેણે ધર્મના કયા કયા કાર્યો કર્યા ? તેનું વર્ણન આ પ્રકરણમાં આવેલું છે.

દક્ષિણમાં આવેલાં કલ્યાણ નામના નગરમાં છત્રીસ લાખ ગામોનો અધિપતિ ભુવડ નામે રાજા રાજ્ય કરતો હતો. એક દાહડો તે ભુવડ રાજાએ ગુજરાત દેશપર ચડાઇ કરીને ત્યાંના જયશિખર રાજાને માર્યો. આથી તે જયશિખરની ગર્ભવંતી રાણી રૂપસુંદરી ત્યાંથી નાશીને વનમાં ચાલી ગઇ, અને ત્યાં તેણીએ એક પુત્રને જન્મ આપ્યો, તથા તે પુત્રનું વનરાજ નામ રાખવામાં આવ્યું.

Aho ! Shrutgyanam

હવે ગુજરાત દેશમાં આવેલા વઢીયાર નામના પ્રાંતમાં આવેલા પંચાસર નામના નગરમાં શીલાંગસૂરિ નામના આચાર્ય પોતાના પરિવાર સહીત એક દહાડો પધાર્યા. હમેશાં મધુર ધ્વનિથી ધર્મોપદેશ આપી તે આચાર્ય લોકોનાં મનને રંજન કરતા હતા. એક દહાડો તે આચાર્ય જ્યારે દેહચિંતા માટે વનમાં ગયા, ત્યારે ત્યાં તેમણે એક વૃક્ષની ડાળે એક ઝોળીને લટકતી જોઇ. તે ઝોળીમાં નજર કરતાં તેમણે એક મહા સ્વરૂપવાન તથા ઉત્તમ લક્ષણોવાળો દેવકુમાર સરખા એક બાળકને જોયો. જે વૃક્ષની ડાળે તે ઝોળી લટકાવેલી હતી, તે વૃક્ષની છાયા બીલકુલ ત્યાંથી ખસી નહોતી. તે જોઇ આચાર્ય મહારાજે વિચાર્યું કે, ખરેખર આ બાળક મોટો ભાગ્યશાળી છે. એટલામાં પાસેજ રહેલી તે બાળકની માતાને પૂછવાથી તેણીએ જણાવ્યું કે, હે ભગવન્! મારો ભર્તાર આ ગુર્જર ભૂમિનો રાજા હતો. તેને ભુવડ રાજાએ મારી નાંખ્યો છે, હું ગર્ભવંતી હતી તેથી નાશીને અહીં આવેલી છું, અને અહીંઆં આ પુત્રને મેં જન્મ આપેલો છે. વળી અહીં વનફળો ખાઇને હું મારી આજીવિકા ચલાવું છું. તે સાંભળી ગુરૂ મહારાજે તેણીને ધીરજ આપી કહ્યું કે, હે રાણી! આ તારો પુત્ર ગુજરાતનો રાજા થશે, અને ઘણાં ઉત્તમ કાર્યો કરશે તે સાંભળી રૂપસુંદરી રાણીને અત્યંત હર્ષ થયો.

પછી ગુરૂ મહારાજે ઉપાશ્રયે આવી શ્રાવક લોકોને તે વૃત્તાંતથી વાકેફ કર્યા, અને કહ્યું કે, તમે તે બાળકને તેની માતા સહીત અહીં લાવો? તે બાળક આ ગુજરાત દેશનો રાજા થશે. તે સાંભળી અત્યંત હર્ષિત થએલા શ્રાવકો તે વનરાજને તેની માતા સહીત ત્યાં તેડી લાવ્યા. અનુક્રમે તે વનરાજ જ્યારે મોટો થયો ત્યારે ક્રીડા કરતાં થકાં ગામના બીજા બાળકોને મારવા લાગ્યો. તે જોઇ ગામના લોકોએ તેની માતાને કહ્યુ કે, હવે તમો અહીંથી ચાલ્યા જાઓ? તે સાંભળી રૂપસુંદરી રાણી પુત્રને લેઇને પોતાના ભાઇ સુરપાળ પાસે ગઇ. સુરપાળ દેશમાં લુંટફાટ કરી પોતાની આજીવિકા ચલાવતો હતો, તેથી વનરાજ પણ પોતાના મામાને તે લુંટફાટના કામમાં મદદ કરવા લાગ્યો. એક દહાડો તે વનરાજ કેટલીક લુંટ કરીને આવ્યા બાદ વનમાં ભોજન કરવાને બેઠો, પણ તે સમયે ભોજન માટે ઘી નહીં હોવાથી, તેણે પોતાના માણસોને ઘી શોધવાનો હુકમ કર્યો. તે માણસો ઘીની શોધ માટે ચારે દિશાઓ તરફ જોવા લાગ્યા, એટલામાં તેઓએ એક વટેમાર્ગુ વાણીઆને જતો જોયો, તે વાણીઆના મસ્તકપર ઘીની કુડલી હતી; તેથી હર્ષિત થએલા તે માણસોએ તે વાણીઆ પાસે જઇ કહ્યું

Aho ! Shrutgyanam

તું તે ઘી આપ? ત્યારે વાણીએ કહ્યું કે, અરે!! લુચ્ચાઓ!! શું તમારા બાપની મત્તા છે? જાઓ નહીં મળે. તે સાંભળી ભયભીત થએલા તે માણુસોએ વનરાજ પાસે જઇ તે વૃત્તાંત કહી સંભળાવ્યો. ત્યારે વનરાજે તે વણિકને પોતાની પાસે બોલાવી તે ઘી માગ્યું. ત્યારે તે વણિકે કહ્યું કે, હે મહારાજ! તમો તો રાજ્યને યોગ્ય જણાઓછો, છતાં અહીં વનમાં કેમ ભટકયા કરોછો? કેમકે રાજહંસની બેઠક કંઇ ખાબોચીઆં પાસે શોભતી નથી. તે સાંભળી વનરાજે વિચાર્યું કે, આ વણિક મહા ચતુર છે, માટે જો તે મારો પ્રધાન થાય, તો મારૂં કાર્ય તુરત સિદ્ધ થાય. એમ વિચારી તેણે વણિકને કહ્યું કે, જો તું મારો પ્રધાન થઇ મારી પાસે રહે તો, તારી બુદ્ધિના બળથી હું મારૂં પરાક્રમ દેખાડી આપું. તે સાંભળી તે મહા બુદ્ધિમાન વણિક પણ તે વનરાજની સાથે રહી તેનો પ્રધાન થયો.

એટલામાં ભુવડના માણુસો ગુજરાતમાં ખંડણી ઉઘરાવવાને આવ્યા, અને તે ખંડણી ઉઘરાવી ચોવીસ લાખ સોનામહોરો તથા ચારસો ઘોડા અને હાથીઓ લેઇને પોતાના દેશ તરફ જવા લાગ્યા. એટલામાં તે વનરાજના પ્રધાન વણિકે તેઓને લુંટી લીધા. ત્યાર બાદ તે દ્રવ્યની મદદથી વનરાજે કેટલુંક લશ્કર એકઠું કર્યું, અને તે વણિકની મદદથી તેણે કેટલાક રાજાઓને જીતી લીધા. ભુવડે પણ વનરાજને પ્રબળ જાણીને તેનાપર હુમલો કર્યો નહીં, અને તેથી છેવટે સઘળો ગુજરાત દેશ વનરાજના કબજામાં આવ્યો. પછી તેણે પોતાના પ્રધાનને કહ્યું કે, હવે આપણે રાજધાની માટે નગર વસાવવું છે, માટે કોઇક ઉત્તમ જગ્યાની શોધ કરો? એટલામાં એક ગોવાળે આવીને વણિક પ્રધાનને કહ્યું કે, હું તમોને નગર વસાવવા માટેની એક ઉત્તમ ભૂમિ બતાવું. પછી વનરાજ, પ્રધાન અને તે ગોવાળ ત્યાંથી નીકળી વનમાં ગયા. તે વખતે ગોવાળની સાથે એક કુતરો હતો, તે કુતરાને જોઇ ત્યાં વનમાં રહેલા એક સસલાએ તેનાપર હુમલો કર્યો, અને તેથી કુતરો ભય પામીને નાશી ગયો. એવી રીતનું આશ્ચર્ય જોઇ વનરાજે ત્યાં નગર વસાવવા માટે નિશ્ચય કર્યો.

પછી ત્યાં શુભ દિવસે અને શુભ મુહુર્તે વનરાજે નગર વસાવ્યું; તે નગરનો વિસ્તાર બાર ગાઉનો હતો. ફરતો અત્યંત રળીઆમણો કિલ્લો હતો. ચૌટામાં ઝવેરીઓ, વણકરો, નાણાવટીઓ, ગાંધીઓ તથા વૈદ્યોની મોટી મોટી દુકાનો હતી. અઢાર જાતિના લોકો ત્યાં વસતા હતા. સર્વ લોકો પોતપોતાનો વ્યવહાર શુદ્ધ મનથી ચલાવતા હતા. શેહેરના મધ્ય ભાગમાં આવેલો રાજ-



Aho ! Shrutgyanam

મહેલ પોતાની રમણીક શોભાથી સર્વ લોકોનું ધ્યાન ખેંચતો હતો. જગો જગોએ મોટી મોટી દાનશાળાઓ, તથા ધર્મશાળાઓ બાંધેલી હતી. વળી જાણે આકાશની સાથે વાતો કરતાં હોય નહીં, તેવાં ઉંચાં જિનમંદિરોએ નગરીની શોભામાં વધારો કર્યો હતો. દરવાજા પાસે એક મનોહર વિશાળ તળાવ બાંધવામાં આવેલું હતું; તેની અંદર પ્રફુલ્લિત થએલાં કમળોપર બેસી ગુંજારવ કરતા ભમરાઓના મનોહર નાદોથી તે સરોવર હમેશાં ગાજી રહ્યું હતું. શોળે શણગાર સજીને તૈયાર થએલી મનોહર સુંદરીઓ મસ્તકપર સુવર્ણના કળશો લેઇને, પગમાં પેહેરેલા ઝાંઝરોના મનોહર નાદોથી કામી પુરૂષોના મનને ક્ષોભ પમાડતી થકી તે સરોવરમાં સાહેલીઓ સાથે હમેશાં જળ ભરવાને આવતી હતી. તેઓના અત્યંત સ્વરૂપવાળાં મુખો જોઇને જાણે લજ્જાથી હોય નહીં જેમ તેમ ચંદ્ર તો દિવસે ઝાંખો થઇ ગયો હતો. તે સ્ત્રીઓનાં હરિણી સરખાં સુંદર નેત્રોમાંથી નીકળતા લાંબા કટાક્ષો દરેક ક્ષણે કામી પુરૂષોના હૃદયોને ભેદવામાં ખરેખર મદનબાણોની ઉપમાને ધારણ કરતાં હતાં, અને તે કટાક્ષબાણોના આઘાતોથી વીંધાએલા પુરૂષો જાણે ત્યાંથી આગળ પગલું ભરવાને અશક્ત થયા હોય નહીં, તેમ તે સ્ત્રીઓને નિહાળતા થકા ત્યાંજ સ્થિર રહેતા હતા. તે તળાવની આસપાસ વિવિધ પ્રકારનાં વૃક્ષો આવી રહેલાં હતાં. તે વૃક્ષોપર બેઠેલાં નાનાપ્રકારનાં પક્ષિઓ પોતાના મધુર સ્વરોથી જાણે તે તળાવની પંથિઓપ્રતે પ્રશંસા કરતાં હોય નહીં તેમ જણાતાં હતાં.

હવે તે નગરીમાં એક દહાડો એક પરદેશી સ્ત્રીભરતારનું જોડલું આવી ચડયું. તે સ્ત્રી ભરતાર બન્ને ચૌટે ચૌટે ફરીને નગરની શોભા નિહાળતાં હતાં. સંધ્યાકાળે થએલી લોકોની ગરદીમાં તેઓ બન્ને વિખુટાં પડી જવાથી તે સ્ત્રી અત્યંત દુઃખ પામવા લાગી. છેવટે તે સ્ત્રી રાજદરબારમાં જઇ રાજાને કહેવા લાગી કે, હે રાજન્! તમારા નગરમાં અમો પરદેશી સ્ત્રી ભરતાર ભૂલા પડ્યા છીએ. મેં મારા ભરતારની ઘણી શોધ કરી, છતાં હજુ તે મને સાંપડયો નહીં માટે કૃપા કરી મારા તે ભરતારની શોધ કરાવી આપો. મારા તે ભરતારનું નામ રાણો છે, તેમ તે જમણી આંખે કાંણો છે. તે સાંભળી રાજાએ તેણીને ધીરજ આપી ગામમાં ઢંઢેરો વગડાવ્યો કે, જેઓનું નામ રાણા હોય, અને વળી જેઓ જમણી આંખે કાંણા હોય તેઓએ રાજા પાસે તુરત હાજર થવું. તેવી રીતનો ઢંઢેરો સાંભળી રાણા નામના અને જમણી આંખે કાણા એવા નવસો ને નવાણું પુરૂષો રાજદરબારમાં એકઠા થયા. ત્યારે રાજાએ તે સ્ત્રીને

Aho ! Shrutgyanam

બોલાવી કહ્યું કે, આ સઘળા પુરૂષોમાંથી જે તારો ભરતાર હોય તેને શોધી કહાડ? ત્યારે તે સ્ત્રીએ સઘળા પુરૂષોને તપાસી જોયા. પણ તેમાંથી તેણીનો ભરતાર મળ્યો નહીં. પછી તે સ્ત્રીએ રાજાને વિનંતિ કરી કે, હે! રાજન્! આપ ફરીને એકવાર હજુ ડંડેરો વગડાવો? ત્યારે રાજાએ ફરીને ડંડેરો વગડાવ્યાથી તેણીનો ભરતાર મળી આવ્યો. આવી રીતની નગરીની અંદર ભરચક વસ્તી જોઇને રાજાના મનને અત્યંત ઉલ્લાસ થયો. તે નગરીમાં વસનાર સર્વ પુરૂષો રૂપ અને સૌંદર્યતાથી દેવકુમાર સરખા તથા સ્ત્રીઓ તો જાણે અપ્સરાઓ સરખી હતી. અણહિલ્લ નામના જે ગોવાળે રાજાને નગર વસાવવા માટે ભૂમી બતાવી હતી, તે ગોવાળના સ્મરણ માટે વનરાજે તે નગરનું અણહિલ્લપુરપાટણ નામ રાખ્યું

એવી રીતે સુખ ભોગવતાં થકાં એક દહાડો વનરાજે વિચાર્યું કે, મારા પરમ ઉપકારી શીલાંગાચાર્યને આ સમયે મારે સંભાળવા જોઇએ; એમ વિચારી તેણે ગુરૂ મહારાજને વિનય સહિત પોતાની પાસે બોલાવ્યા, તથા તેમને વંદન કરીને કહ્યું કે, હે ભગવન્! આપના પસાયથી મને રાજ્યની પ્રાપ્તિ થએલી છે, માટે હવે આપ ફરમાવો કે, હું જૈનધર્મ સંબંધિ શું કાર્ય કરૂં?

તે સાંભળી શીલાંગાચાર્યે કહ્યું કે, હે રાજન્! જિનમંદિર બંધાવવાથી ઘણું પુણ્ય સંપાદાન થાય છે. તે સાંભળી વનરાજે તે નગરમાં અત્યંત મનોહર પંચાસરા પાર્શ્વનાથજીનું દેવળ બંધાવ્યું. એવી રીતે વનરાજે સાઠ વર્ષો સુધી રાજ્ય પાળીને જૈનધર્મનો ઘણોજ મહિમા વધાર્યો.

હવે અનુક્રમે તે વનરાજના વંશમાં કેટલાક રાજાઓ થયા બાદ ગુજરાતની ગાદી સોલંકીઓના હાથમાં આવી. તે સોલંકી વંશમાં મૂળરાજ આદિક કેટલાક રાજાઓ થઇ ગયા બાદ અનુક્રમે કરણ નામે રાજા થયો. તે કરણ રાજાનું સગપણ કર્ણાટકના રાજા જટકેસરીની મીણલ નામની કન્યા વેરે થએલું હતું. પણ તે કન્યા રૂપાળી ન હોવાથી કરણ રાજાએ તેણીને પરણવાની ના પાડી. આથી કરીને મીણલ કુમારી અત્યંત ખેદ પામવા લાગી, અને તેણીએ ચિતા સળગાવી બળી મરવાનો વિચાર કર્યો. આ વૃત્તાંતની કરણની માતાને ખબર પડ્યાથી તેણીએ પોતાના પુત્રને સમજાવ્યો કે, હે પુત્ર! તે મીણલ કુમારી ઘણીજ ગુણવાન છે, માટે તારે તેણીનો ત્યાગ કરવો લાયક નથી. વળી જે સ્ત્રીને વચનદાનથી એકવાર અંગીકાર કરેલી છે, તેણીને તજવાથી લોકોમાં આબરૂની હાનિ થાય છે. એવી રીતના માતાના વચનોને વારંવાર સાંભળ્યા

Aho ! Shrutgyanam

બાદ કરણુ રાજા તે મીણુલ કુમારીને પરણ્યો. તે મીણુલ રાણી શીલ આદિક ઉત્તમ ગુણોથી શોભાયુક્ત થએલી હતી, પણ રૂપાળી નહીં હોવાથી કરણુ રાજાની તેણીનાપર પ્રીતિ થઇ નહીં. આથી કરીને મીણુલ રાણી હમેશાં અત્યંત શોકાતુર રહેતી હતી. એક દહાડો તેણીએ મંત્રીને બોલાવીને તે સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો ત્યારે મંત્રિએ કહ્યું કે, હે માતાજી! તમો કંઇ પણ ચિંતા કરો નહીં! પુણ્યથી સઘળું કાર્ય સિદ્ધ થશે.

એક દહાડો એક નાયિકા રાજાની પાસે આવી; અને મધુર વીણા વગાડતીથકી રાજસભાના લોકોને રંજન કરવા લાગી. તેણીનું મનોહર રૂપ ખરેખર ઇંદ્રની અપ્સરાને પણ લજાવતું હતું. તેણીના કોયલ સરખા મનોહર રાગથી કામી પુરૂષોના હૃદય ચમકવા લાગ્યાં. તેણીના કટાક્ષબાણોએ રાજાના મનને અત્યંત ક્ષોભ પમાડયો. પછી સભાને વિસર્જન કર્યા બાદ કરણુ રાજાએ મંત્રિને કહ્યું કે, ગમે તેમ કરીને પણ તે નાયિકાનો મને મેળાપ કરાવી આપાવો. કેમકે, તેણીની વિરહવેદના હવે મારાથી સહન થઇ શકતી નથી. તે સાંભળી મંત્રિએ વિચાર્યું કે, કામાતુર થએલા રાજાનું મન તે નીચ નાયિકા પ્રત્યે લાગ્યું છે, પણ તે ઘણુંજ અનુચિત છે. એમ વિચારિ મંત્રિએ અવસર આવેલો જોઇ મીણુલ રાણીને ઉત્તમ પ્રકારનાં વસ્ત્રાભૂષણો પેહેરાવી રાજા પાસે શીખાવીને મોકલી. કામાતુર થએલા રાજાએ પણ તેણીને નાયિકા જાણીને કંઇ પણ નાત જાત પૂછયા વિના તેણીની સાથે વિલાસ કર્યો. તે વખતે મીણુલ રાણીએ એંધાણુ માટે રાજાની પાસે તેની મુદ્રિકાની માગણી કરી; અને કામાતુર થએલા રાજાએ પણ તેણીની માગણી સ્વીકારીને તે મુદ્રિકા આપી. પછી પ્રભાતકાળે મીણુલ રાણી પોતાને આવાસ આવ્યા બાદ રાજાના મનને પશ્ચાતાપ થયો કે, અરે!! મેં દુર્બુદ્ધિએ બહુ નીચ કાર્ય કર્યું. મેં નીચ જાતિની નારી સાથે પ્રીતિ કરીને મારા આત્માને ખરેખર નરકગામિ કર્યો, માટે હવે હું ઝેર ખાઇ આપઘાત કરૂં, કે ઝંપાપાત કરી મારા દેહને પ્રાણ રહિત કરૂં.

એવી રીતના પશ્ચાતાપથી રાજાએ આહાર પાણીનો ત્યાગ કરી મંત્રિને બોલાવી કહ્યું કે, અરે!! મૂર્ખ! તું પણ નિમકહરામ થયો, કેમકે, આ ઘોર પાપ કરતાં તેં મને કેમ નિવાર્યો નહીં? તે સાંભળી મંત્રિએ હાથ જોડી રાજાને કહ્યું કે, હે સ્વામી! આપ ગુસ્સો નહીં કરો, તે સમયે મેં મીણુલ રાણીનેજ આપની પાસે મોકલી હતી. તે સાંભળી રાજાએ અત્યંત હર્ષ પામી

Aho ! Shrutgyanam

મંત્રિને પોશાંગ આપ્યો, અને એંધાણુ માગ્યાથી તે મુદ્રિકા આપવાથી તે અત્યંત આનંદ પામ્યો.

હવે અનુક્રમે મીણુલ રાણીને રહેલો ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો, પણ શોકોએ સાથે મળી કામણ કર્યાથી સમય સંપૂર્ણ થયા છતાં પણ તેણીને પ્રસવ થયો નહીં. એવી રીતે બાર વર્ષો વીતી ગયાં છતાં પણ પ્રસવ નહીં થવાથી મીણુલ રાણી અત્યંત દુઃખ પામી આપઘાત કરવાની ઇચ્છા કરવા લાગી. કેટલાક મંત્રવાદીઓ, ગારૂડીઓ વિગેરેને બોલાવ્યા, પણ કોઇનો ઉપાય લાગુ નહીં પડતાં ઉલટી તેણીને અત્યંત વેદના થવા લાગી. આથી કરીને રાજાને પણ ઘણો ખેદ થવાથી તેણે રાણીને કહ્યું કે, હવે તમો દ્વારિકા નગરીએ જાઓ? કેમકે કદાચ ત્યાં તમારૂં મૃત્યુ થશે તો તમોને સદ્ગતિ મળશે. તે સાંભળી મીણુલ રાણી પણ દ્વારિકાં નગરી પ્રત્યે જવાને નીકળી, અને માર્ગમાં આવેલા કારેલી નામના ગામમાં પહોંચી. ત્યાં એક બુદ્ધિસુંદર નામના યોગીના પ્રભાવથી તેણીએ પુત્રને જન્મ આપ્યો; અને ત્યાંથી એક પત્ર લખાવી રાજાને વધામણી આપી. તે પત્ર વાંચી રાજાએ હર્ષિત થઇને નગરમાં મહોત્સવ કરાવ્યો. પવનવેગે તે સમાચાર નગરીમાં ફેલાવાથી મીણુલ રાણીની શોકોને અત્યંત ખેદ થયો.

ત્યારબાદ રાજાએ મીણુલ રાણીને આડંબર સહિત તેડાવી તે પુત્રનું જેસંગ નામ પાડયું. અનુક્રમે જેસંગને ગુજરાતની ગાદીપર બેસાડી કરણ રાજા પરલોકમાં ગયો.

એક દહાડો પાટણનો રહેવાસી એક બ્રાહ્મણ તીર્થયાત્રા માટે નિકળી હિમાલય પર્વતપર પહોંચ્યો. ત્યાં તેણે એક અચલનાથ નામના યોગીને સિદ્ધ અને બુદ્ધિ નામની બે યોગણીઓ સહિત જોયો. યોગીના ચરણોને તેણે નમસ્કાર કર્યાથી યોગીએ તેને પૂછયું કે, તમો કયાંથી આવો છો? ત્યારે બ્રાહ્મણે કહ્યું કે, જ્યાં સિદ્ધજેસંગ નામનો રાજા રાજ કરે છે, તે પાટણ નામના શેહેરથી હું આવું છું. એવી રીતે સિદ્ધનું નામ સાંભળી યોગણીઓને ગુસ્સો ચડયો અને કહ્યું કે, જે રાજા સિદ્ધનું નામ ધરાવે છે, તેને અમારે જોવો છે; એમ કહી તે બન્ને યોગણીઓ કેળના પત્રના વાહનપર બેસીને આકાશમાર્ગે પાટણમાં રાજાની સભામાં આવી, અને રાજાને કહ્યું કે, તમો જો "સિદ્ધ" એવું નામ ધરાવો છો, તો અમારે તમારી સિદ્ધતા જોવી છે. તે સાંભળી રાજાને ખેદ થયો કે, હવે આ સમયે મારે શું ઉપાય કરવો! મારી પાસે સુભટો તો ઘણાં

Aho ! Shrutgyanam

છે, પણ આ બાબતનું નિરાકરણ કરનાર કોઇ પણ દૃષ્ટિએ પડતો નથી. એમ વિચારિ રાજાએ યોગણીઓને કહ્યું કે, આજે તો તમો ઘણો પ્રદેશ ઉલ્લંઘીને પધાર્યાં છો, તેથી થાકી ગયાં હશો, માટે પ્રભાતમાં તમોને ઉત્તર આપીશું. એમ કહી સભાને વિસર્જન કર્યા બાદ રાજાએ મંત્રિને બોલાવી પૂછ્યું કે, હવે આપણે આ યોગણીઓને શું ઉત્તર આપવો? તે સાંભળી મંત્રિએ કહ્યું કે આપણા નગરમાં હરપાળ નામે જે વણિક વસે છે, તે ઘણોજ બુદ્ધિવાન્ છે, માટે તેને બોલાવીને આ બાબતનો ખુલાસો માગીએં. ત્યારે રાજાએ કહ્યું કે, તુરત તેને બોલાવી લાવો? પછી મંત્રીએ પણ હરપાળને ઘેર જઇ તેને કહ્યું કે, તમોને રાજા બોલાવે છે, માટે તુરત ચાલો? ત્યારે હરપાળે કહ્યું કે, હે મંત્રિ! હું તો હવે ઘરડો થયો, મારાથી બોલી પણ શકાતું નથી, મુખમાંથી લાળો ઝરે છે, કાને બેહેરો થયો છું, કેડ ભાંગી ગઇ છે, તો હવે રાજાને મારૂં શું પ્રયોજન છે? તે સાંભળી મંત્રિએ કહ્યું કે આજે જરૂરનું કાર્ય છે, માટે તમો પધારો? એવી રીતનો મંત્રિનો આગ્રહ જાણીને હરપાળ શેઠ જિનપૂજા કરી રાજા પાસે આવ્યો. રાજાએ પણ તેને કાકો કહીને બોલાવ્યાથી હરપાળે જાણ્યું કે, આજે રાજાને મારી ગરજ પડી છે, નહીંતર કાકો કહીને બોલાવે નહીં. પછી રાજાએ યોગણીઓનો વૃત્તાંત કહી સંભળાવ્યાથી હરપાળે કહ્યુંકે, હે રાજન્! તમો જરા પણ ખેદ કરો નહીં, હું તેનો ઉપાય શોધી કહાડીશ. એમ કહી ઘેર આવીને હરપાળે એક સાકરની તલવાર બનાવી, તથા તે તલવારની મૂઠ તેણે લોખંડની બનાવી. તે તલવાર તેણે એવી તો ઉત્તમ કારીગિરિથી બનાવી કે, તે આબેહુબ ચળકતા લોખંડને મળતીજ હતી. પછી રાજસભામાં આવી તે તલવાર તેણે રાજાને આપી સઘળી બાબતથી વાકેફ કર્યો. ત્યારબાદ તે યોગણીઓને રાજસભામાં બોલાવી મગાવી. યોગણીઓ આવ્યા બાદ હરપાળે રાજાને કહ્યું કે, આજે તમો લોહભક્ષણ કરીને આ યોગણીઓનો સંદેહ દૂર કરો? તે સાંભળતાંજ રાજા તે સાકરની તલવાર ચાવી ગયો. છેવટે જ્યારે લોખંડની મૂઠ બાકી રહી ત્યારે હરપાળે મૂઠ લેઇને યોગણીઓને કહ્યું કે હવે આટલું લોખંડ તમો ભક્ષણ કરીને તમારૂં દેવપણું સિદ્ધ કરી બતાવો? તે સાંભળી યોગણીઓએ વિચાર્યું કે, આપણાથી આ લોખંડ શી રીતે ભક્ષણ થાય? એમ વિચારી રાજાને નમસ્કાર કરી યોગણીઓએ કહ્યું કે, હે રાજન્! તમો ખરેખર સિદ્ધ છો, અમારો સર્વ લોકોની સમક્ષ તમોએ પરાજય કર્યો છે. એમ કહી તે યોગણીઓ પોતાને સ્થાનકે ગઇ. સિ-

Aho ! Shrutgyanam

દ્ધરાજે પણ ઘણા માનપૂર્વક હરપાળને નગરશેઠ સ્થાપ્યો.

ગુજરાતમાં આવેલા ઉંદિરા નામના ગામમાં સાજનદે નામનો એક વણિક વસતો હતો; દૈવયોગે તે નિર્ધન થવાથી અત્યંત ખેદ પામવા લાગ્યો. એક દહાડો તેની કુલદેવીએ તેને સ્વપ્નમાં કહ્યું કે, હે સાજનદે! અહીંથી તું ખંભાત જા? ત્યાં તને ઘણું દ્રવ્ય મળશે. એવી રીતની દેવવાણી સાંભળી હર્ષિત થએલો સાજનદે ત્યાંથી ખંભાત તરફ ચાલવા લાગ્યો. માર્ગમાં સકરપુર નામના ગામમાં એક રંગારી ભાવસારના ઘરમાં ઉતર્યો. તે ઘરની પાસે તેણે એક સોનામોહોરની કડા જોઇને રંગારીને બતાવી કહ્યું કે, આ દ્રવ્ય તમારૂં છે, માટે તમો સંભાળી લો? તે સાંભળી રંગારીએ વિચાર્યું કે, આ જગોએ મેં ઘણીવાર ખોદી જોયું, પણ મને દ્રવ્ય મળ્યું નહીં, માટે ખરેખર આ દ્રવ્ય આ ભાગ્યશાળી માણસના ભાગ્યનું છે, એમ વિચારિ તેણે સાજનદેને કહ્યું કે, આ દ્રવ્ય તમારા ભાગ્યનું છે, માટે તે તમોજ ગ્રહણ કરો? રંગારીના તેવાં વચનો સાંભળી સાજનદેએ વિચાર્યું કે, આ દ્રવ્ય મારે સિદ્ધરાજને સમર્પણ કરવું. એમ વિચારિ સિદ્ધરાજ પાસે જઇ સઘળો વૃત્તાંત કહી સંભળાવી તે દ્રવ્ય તેને સમર્પણ કર્યું. સિદ્ધરાજે પણ તેને શુદ્ધ શ્રાવક જાણી તેની પ્રશંસા કરી તેને સોરઠ દેશના સૂબાતરિકે સ્થાપ્યો.

એક દહાડો તે સાજનદે ગિરનારજીના પવિત્ર પર્વતપર ચડ્યો, પણ ત્યાં શ્રી નેમિનાથ પ્રભુ આદિકનાં જિનમંદિરોને જીર્ણ થએલાં જોઇ તેને સંતાપ થયો, અને વિચાર્યું કે, જો હું આ જિનમંદિરોનો ઉદ્ધાર ન કરાવું, તો ખરેખર મારાં જીવતરને ધિક્કાર છે. એમ વિચારિ સોરઠ દેશની ઉપજતરિકે આવેલી સાડીબાર ક્રોડ સોનામોહોરો ખરચીને તેણે ત્યાં જિનમંદિરોનો ઉદ્ધાર કરાવ્યો. પછી તેણે વિચાર્યું કે, રાજાનું દ્રવ્ય ખરચી મેં આ જીર્ણોદ્ધાર તો કરાવ્યો, પણ તેથી કદાચ જો રાજા ગુસ્સે થશે, અને તે દ્રવ્ય જો પાછું માગશે, તો તેનો ઉપાય પેહેલેથી શોધી રાખવો જોઇએ, કે જેથી આગળ જતાં પશ્ચાતાપ થાય નહીં. એમ વિચારિ તે વણથલી નામના ગામમાં આવ્યો, તે ગામમાં ઘણાં લક્ષાધિપતિ જૈનો રહેતા હતા. તે જૈન શાહુકારોને બોલાવી તેણે સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો ત્યારે કેટલાક કૃપણો માંહેમાંહે એકબીજાના કાનમાં વાતો કરવા લાગ્યા કે, સાજનદેને આવડી લાફાલાફ શા માટે કરવી જોતી હતી? પેહેલાં વિચાર કર્યા વિનાજ રાજાનું દ્રવ્ય ખરચી, હવે જે ભીખ માગવા આવ્યો છે, તેથી તેને શું શરમ થતી નથી? કેટલાક ગંભીર માણસોએ

Aho ! Shrutgyanam

વિચાર્યું કે, ખરેખર આ સાજનદે પુણ્યશાલી છે, તેણે ઉત્તમ પુણ્યનું કાર્ય કર્યું છે. માટે તેમાં આપણે મદદ આપવી જોઇએ. એમ સઘળા શાહુકારો વિચાર કરતા બેઠા હતા, એટલામાં એક ભીમ નામનો શેઠ ત્યાં આવી ચડયો તેના શરીરપર મેલાં અને ફાટાં ત્રુટાં કપડાં હતાં, પગમાં પેહેરવાને પગરખાં પણ નહોતાં, મસ્તકપરની પાઘડી તો તેના દાદાના વખતનીજ જાણે હોય નહીં એવી જીર્ણ થઇ ગઇ હતી. મંડળ કરી બેઠેલા સઘળા શાહુકારોને પ્રણામ કરી તેણે કહ્યું કે, હે મહાજનો! આપ અહીં શા માટે એકઠા થએલા છો? ધર્મના કાર્ય માટે જો કંઇ દ્રવ્યનો ખપ હોય તો આ સેવકને ફરમાવશો. હું પણ મારી શક્તિ મુજબ આપીશ. તેના તેવાં વચનો સાંભળી કેટલાક ઉછાંછળા શાહુકારો ખડ ખડ હસીને બોલી ઉઠયા કે જુઓ ભાઇઓ!! આ આઠ ક્રોડનો ધણી આવી પહોંચ્યો છે; તે હવે સઘળું દ્રવ્ય આપશે. વળી તેનો આ વેશજ કહી આપે છે કે, તેના ઘરમાં કરોડો સોનામોહોરો ખડકી પડી છે. કેટલાક ગંભીર મનના શાહુકારોએ તેની આગતાસ્વાગતા કરીને તેને પાસે બેસાડયો.

પછી તે સઘળા શાહુકારો તે જીર્ણોદ્ધારના દ્રવ્ય પેટે રકમો ભરાવવા લાગ્યા; અને તે ખરડો જ્યારે તે ભીમાશાહના હાથમાં આપ્યો, ત્યારે તેણે સર્વને વિનંતિ કરી કે આ જીર્ણોદ્ધાર માટેનું સઘળું દ્રવ્ય આપ સાહેબોની કૃપાથી હું એકલોજ આપીશ. માટે આપ કૃપા કરીને મને એકલાનેજ તે આદેશ આપશો. એવી રીતનાં તેનાં વિનય ભરેલાં તથા મિષ્ટ વચનો સાંભળીને સર્વ શાહુકારોએ તેને તે આદેશ આપ્યો. પછી તે ભીમાશાહ શેઠ સાજનદેને પોતાને ઘેર તેડી ગયો, તથા ઉત્તમ ભોજન કરાવ્યા બાદ સોનામોહોરોના અને રત્નોના ઢગલા બતાવી કહ્યું કે, આપને જેટલું દ્રવ્ય જોઇએ તેટલું સુખેથી લ્યો? ત્યારે સાજનદેએ હાથ જોડી તેને કહ્યું કે, હે શેઠજી! હાલમાં તો મારે દ્રવ્યનો ખપ નથી, પણ જ્યારે રાજા માગશે ત્યારે આપજો. ધન્ય છે તમારાં માતપિતાને કે જેમણે તમારા જેવા ઉદાર પુત્રને જન્મ આપ્યો છે. એવી રીતનાં મિષ્ટ વચનોથી તેને સંતોષીને સાજનદે પોતાને સ્થાનકે ગયો.

હવે અહીં કોઇક ચુગલખોરે સિદ્ધરાજ પાસે ચાડી કરી કે, હે સ્વામી! સાજનદેએ તો આપનું સઘળું દ્રવ્ય એક જિનમંદિર બાંધવામાં ખરચીને પોતાનું નામ પ્રસિદ્ધ કર્યું છે. તે સાંભળી કોપાયમાન થએલા રાજાએ પેતાના માણસોને હુકમ કર્યો કે, તમો તે સાજનદેને બાંધીને અહીં મારી પાસે લાવો? સુભટોએ પણ સોરઠમાં જઇ સાજનદેને કહ્યું કે તમોને રાજા બોલાવે છે, માટે

Aho ! Shrutgyanam

તુરત ચાલો ? કોઇક ચુગલખોરે તમારી ચાડી ખાધી છે, માટે રાજા તમારા ઉપર ગુસ્સે થયા છે. તે સાંભળી સાજનદેએ સુભટોને કહ્યું કે, અહીં રાજકાર્ય છોડીને મારાથી ત્યાં કેમ આવી શકાય ? કેમકે, જો હું ત્યાં આવું તો રાજાનો મુલક ઉજ્જડ થાય, માટે તમો રાજાજીને કહો કે, આપને જો દ્રવ્ય લેવાની ઇચ્છા હોય તો અહીં પધારી સુખેથી તમારૂં દ્રવ્ય લેઇ જાઓ ? પછી તે સુભટોએ તે વૃત્તાંત રાજા પાસે જઇ તેને કહી સંભળાવ્યાથી તે ઉલટો વધારે ગુસ્સે થયો, અને મોટું લસ્કર લેઇને તુરત ગિરનાર પાસે આવ્યો. ત્યારે સાજનદે પણ તેમની સન્મુખ ગયો, તથા નજરાણા તરિકે ઘણું દ્રવ્ય મૂકી રાજાને પગે પડયો, પણ ક્રોધાતુર થએલા રાજાએ તેની સન્મુખ પણ જોયું નહીં. છેવટે ભ્રુકુટી ચડાવી સિદ્ધરાજે સાજનદેને કહ્યું કે, આ સોરઠ દેશની ઉપજનું સર્વ દ્રવ્ય કયાં છે ? તેનો હિસાબ આપો ? તે સાંભળી સાજનદેએ હાથ જોડી કહ્યું કે, હે સ્વામી ! તે સઘળું દ્રવ્ય હું આપને સમર્પણ કરીશ, પણ સેવકની વિનંતિ સ્વીકારીને આપ પ્રથમ આ તીર્થાધિરાજની યાત્રા કરી આ દુર્લભ મનુષ્ય જન્મને સફળ કરો ? તે સાંભળી શાંત થએલો રાજા મનના ઉલ્લાસપૂર્વક ગિરનાર ઉપર ચડયો. ત્યાં ઇંદ્રભુવન સરખાં મનોહર જિનમંદિરને જોઇ તેને ઘણોજ ઉલ્લાસ થયો, અને તે ઉલ્લાસના આવેશમાંજ તે બોલી ઉઠયો કે, ધન્ય છે તેનાં માતપિતાને કે જેણે આવાં મનોહર જિનમંદિરનો ઉદ્ધાર કર્યો છે. અવસર આવ્યો જાણીને સાજનદેએ પણ કહ્યું કે, ધન્ય છે તે મીણલ માતાને તથા કરણ રાજાને કે જેમના પુત્રે આવાં મનોહર જિનમંદિરનો ઉદ્ધાર કર્યો છે. તે સાંભળી આશ્ચર્ય પામી સિદ્ધરાજે જ્યારે સાજનદે તરફ જોયું ત્યારે તેણે હાથ જોડી કહ્યું કે, હે સ્વામી ! આપની સોરઠ દેશની ઉપજનું દ્રવ્ય આ જિનમંદિરનો ઉદ્ધાર કરવામાં વાપર્યું છે, માટે હવે જો આપને તે દ્રવ્ય લેવાની ઈચ્છા હોય તો હું તે સઘળું દ્રવ્ય આપને આપું. તે સાંભળી હર્ષથી રોમાંચિત થએલા સિદ્ધરાજે તેને કહ્યું કે, હે મંત્રિરાજ! તેં મારૂં દ્રવ્ય અત્યંત શુભ માર્ગે ખરચી ખરેખર આ જગતમાં મારૂં નામ અમર કર્યું છે. ચુગલખોરના વચનોથી મને તમારાપર જે ગુસ્સો થયો છે, તે માટે મને માફ કરશો. એમ કહી રાજાએ તે ચુગલીખોરને તથા તેના જેવા બીજા પણ ચુગલીખોરોને એકઠા કરી મોહોડે મશી ચોપડાવી, ગધેડે બેસાડી, ચૌટામાં ફેરવી નગરની બહાર કહાડી મેલ્યા.

એટલામાં તે ભીમાશાહે આવી સાજનદેને વિનંતિ કરી કે હે સ્વામી !



Aho ! Shrutgyanam

જિનમંદિરના જીર્ણોદ્ધાર માટે આપ આ દ્રવ્ય ગ્રહણ કરો? ત્યારે સાજનદેએ તેમને કહ્યું કે, હે શેઠજી! હવે આપના દ્રવ્યનો ખપ નથી, આપે ખરેખર અવસર સાંચવી મારાપર મોટો ઉપકાર કર્યો છે. તે સાંભળી ભીમાશાહે કહ્યું કે, હે મંત્રીશ્વર! જે દ્રવ્ય મેં નિર્માલ્ય કર્યું છે, તે હવે હું મારા ઉપયોગમાં લેઇશ નહીં, કેમકે શાસ્ત્રમાં કહ્યુંછે કે, જે માણસ દેવદ્રવ્યનું ભક્ષણ કરે, તથા પરસ્ત્રીગમન કરે તે સાતમી નરકે જાય. તે સાંભળી સાજનદેએ તે દ્રવ્યનો અમૂલ્ય હાર કરાવી શ્રીનેમિનાથ પ્રભુની મૂર્તિના કંઠમાં પહેરાવ્યો. ત્યારબાદ સાજનદે મંત્રિ તથા સિદ્ધરાજ બન્ને પાટણ જઇ ત્યાં સુખેથી રહેવા લાગ્યા.

કોટિક ગણની વજ્ર શાખામાં થએલા ચંદ્રગચ્છમાં દિન્નસૂરિ નામે આચાર્ય થયા; તેમની પાટે યશોભદ્રસૂરિ, તેમની પાટે પદ્મસૂરિ, તેમની પાટે ગુણસેનસૂરિ તથા તેમની પાટે દેવચંદ્રસૂરિ નામે આચાર્ય થયા. એક દહાડો તે શ્રી દેવચંદ્રસૂરિ ધંધુકા નામના નગરમાં આવ્યા. તે નગરમાં ચાચોશાહ નામે એક મોઢ જ્ઞાતિનો વણિક વસતો હતો, તેને ચાહરી નામે સૌભાગ્યવંતી સ્ત્રી હતી. એક દહાડો રાત્રિએ તેણીએ એવું સ્વપ્ન જોયું કે, મેં એક અમૂલ્ય ચિંતામણિરત્ન ગુરૂમહારાજને સમર્પણ કર્યું. તે સ્વપ્નના ફળ માટે તેણીએ જ્યારે ગુરૂમહારાજને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે, હે શ્રાવિકા! તમોને એક મહાપુણ્યશાળી પુત્ર થશે, પણ તે દીક્ષા લેઇ જૈનધર્મની મોટી ઉન્નતિ કરશે, તથા જગતમાં ઘણો જશ મેળવશે. એમ કહી ગુરૂમહારાજ અન્ય દેશમાં વિહાર કરી ગયા. અહીં તે ચાહરી સ્ત્રીએ પણ નવ માસ સંપૂર્ણ થયે કાર્તિક શુદિ પુર્ણિમાને દિવસે એક મહાતેજસ્વી પુત્રને જન્મ આપ્યો. તે વખતે એવી આકાશવાણી થઇ કે, આ ભાગ્યશાળી પુરૂષ સંયમ લેઇને જિનશાસનને દીપાવસે. માતપિતાએ પણ ઉત્સવપૂર્વક તેનું ચંગદેવ નામ પાડ્યું. હવે તે ચંગદેવ કુમાર જ્યારે પાંચ વર્ષનો થયો ત્યારે અવસર જાણીને દેવચંદ્રસૂરિજી પણ ત્યાં પધાર્યા. સકળ સંઘની સાથે ચાહરી પણ પોતાના પુત્ર ચંગદેવને સાથે લેઇને આચાર્ય મહારાજને વાંદવા ગઇ. તે વખતે ચંગદેવ ગુરૂમહારાજના આસનપર ચડી બેઠો. ત્યારે આચાર્યમહારાજે ચાહરીને કહ્યું કે, હે શ્રાવિકા! તમો તે દિવસનું વચન યાદ લાવીને અમોને તે પુત્ર ભાવસહિત વોરાવી આપો? તે સાંભળી ચાહરી શ્રાવિકાએ કહ્યું કે, હે પૂજ્ય! આપ વિચારો કે મારો ભરતાર મિથ્યાત્વી છે, માટે મારાથી તે પુત્ર શી રીતે દીનો જાય? કેમકે, તેમ કરવાથી મારો ભરતાર અત્યંત ગુસ્સે થાય. ત્યારે સકળ

Aho ! Shrutgyanam

સંધે તે બાઇને કહ્યું કે, તમો તે તમારો પુત્ર ગુરૂમહારાજને આપો ? તેથી તમોને ઘણું પુણ્ય થશે. તે સાંભળી લજ્જાતુર થએલી તે બાઇએ પોતાનો સોહામણો પુત્ર ગુરૂમહારાજને સમર્પણ કર્યો. ગુરૂમહારાજ પણ તે બાળકને લેઇ કર્ણપુરીમાં આવ્યા, અને ત્યાં ઉદયન મંત્રીને ઘેર રહી તે બાળક વિદ્યાભ્યાસ કરતો થકો વૃદ્ધિ પામવા લાગ્યો.

હવે અહીં જ્યારે ચાચોશાહ ઘેર આવ્યો ત્યારે પોતાના વહાલા પુત્રને નહીં જોવાથી તેણે સ્ત્રીને પૂછયું કે, આજે ચંગદેવ કયાં ગયો છે ? ત્યારે સ્ત્રીએ કહ્યું કે, મેં તો તે પુત્ર ગુરૂમહારાજને આપી દીધો છે. એવી રીતનાં વિષ સરખાં કડવાં વચન સાંભળી ચાચો ગુસ્સે થઇ સ્ત્રીને કહ્યું કે, અરે ! અભાગણી રાંડ ! પુત્ર તે કોઇને દેવાય ! જા, તુરત તેને પાછો લાવ ? નહીંતર ઘરમાં પણ પેસવાને આપીશ નહીં. એવી રીતે ગુસ્સામાંજ અન્નપાણીનો ત્યાગ કરીને તે ગુરૂ પાસે આવ્યો. ત્યાં ગુરૂમહારાજે પણ સભા સમક્ષ તેને મધુર ધ્વનિથી ધર્મોપદેશ આપ્યો, અને કહ્યું કે, હે શેઠ ! તમારા જેવો આ જગતમાં કોઇપણ ભાગ્યશાળી નથી ; કેમકે, તમોએ આજે ગુરૂને પુત્રનું દાન આપ્યું છે. તમારો યશવાદ જગતમાં નિશ્ચળ રહેશે. મહાભારતમાં પણ કહ્યું છે કે, જેના કુળમાં સાધુ ન થાય, તેના પૂર્વજો નીચ ગતિમાં જાય છે, અને મોક્ષ પામતા નથી. તે સાંભળી શરમમાં પડેલો ચાચો શેઠ કંઇ પણ બોલી શકયો નહીં, અને ગુરૂમહારાજને વંદના કરી ઉઠી નિકળ્યો, તથા મનમાં વિચારવા લાગ્યો કે, મારૂં કંઇ પણ કાર્ય સર્યું નહીં.

ત્યારબાદ ઉદયન મંત્રિ ચાચાશાહને પોતાને ઘેર તેડી ગયો, તથા ત્યાં તેને મનોહર ભોજન કરાવી તેણે કહ્યું કે, તમારો જન્મ આજે સફળ થયો છે. તમોએ ગુરૂને પુત્રદાન દેઇ ખરેખર ત્રણે જગતમાં તમારૂં નામ અમર કર્યું છે. તમો આ ત્રણ લાખ સોનામોહોરો લેઇ હમેશાં ધર્મકાર્ય કરો ? તે સાંભળી ચાચાશાહે કહ્યું કે, મેં ધર્મને માટે પુત્ર દીધો છે, મારે તે સોનામોહોરો જોઇતી નથી ; એમ કહી તે પોતાને ઘેર પાછો આવ્યો.

હવે તે ચંગદેવ જ્યારે નવ વર્ષનો થયો ત્યારે ગુરૂમહારાજે તેમને યોગ્ય જાણી દીક્ષા આપીને તેમનું સોમદેવ નામ રાખ્યું. તે સોમદેવ મુનિ અનુક્રમે જેમ જેમ વયથી વૃદ્ધિ પામવા લાગ્યા, તેમ તેમ તેમના વિદ્યાદિક ગુણો પણ જાણે સ્પર્ધાથીજ હોય નહીં તેમ વૃદ્ધિ પામવા લાગ્યા. એક દહાડો તે સોમદેવ મુનિ ગુરૂ સાથે વિહાર કરતા થકા અનુક્રમે નાગપુર નામના નગરમાં પધાર્યા.

Aho ! Shrutgyanam

તે નાગપુર નામના નગરમાં એક ધનદ નામનો વણિક વસતો હતો. પૂર્વ ભવના કોઇક પાપના ઉદયથી તે નિર્ધન થયો હતો, અને તેથી રાતદહાડો ચિંતાતુર થઇ અત્યંત ખેદ પામતો હતો. એક દહાડો તેણે ઘરની ભૂમિ ખોદી જોઇ તો તેમાંથી કોલસાનો મોટો ઢગ નિકળી પડ્યો; તે સઘળા કોલસા એકઠા કરીને તેણે આંગણામાં ઢગલો કરી રાખ્યા. એટલામાં ત્યાં સોમદેવ મુનિ ગુરૂ સહિત ગોચરી માટે આવ્યા, અને ધર્મલાભ દીધો. મુનિને જોઇ ધનદ તથા તેની સ્ત્રીએ ખેદ પામી ગદગદ કંઠે કહ્યું કે, હે ભગવન્! આ સમયે આ ગરીબ અને નિર્ભાગી શ્રાવકને ઘેર ઘેંસ તૈયાર છે. તે આપ જેવા મુનિરાજને કેમ અપાય? તે સાંભળી સોમદેવ મુનિએ ગુરૂમહારાજને ગુપ્ત રીતે કહ્યું કે, હે ભગવન્! આ શેઠના ઘર આગળ તો સોનામોહોરોનો ઢગ પડેલો છે, છતાં તે ઘેંસ વહોરાવે છે, માટે કૃપણ લાગે છે. તે સાંભળી ગુરૂમહારાજે તુરત તે સોમદેવ મુનિને તે કોલસાના ઢગપર બેસાડ્યા, અને તેમના પ્રભાવથી તે કોલસાનો ઢગ તુરત સોનામોહોરોરૂપ થઇ ગયો. તે જોઇ ધનદ શેઠ અત્યંત હર્ષિત થયો, અને ગુરૂમહારાજને ચરણે નમી કહેવા લાગ્યો કે, હે ભગવન્! આજે આપના પસાયથી મેં મારી ગત લક્ષ્મી મેળવી છે. આજદન સુધિ કોઇ પાપના ઉદયથી હું નિર્ધન રહ્યો હતો. અને તેથી જગતમાં મને કોઇ પણ લેખવતું નહીં. કેમકે, નિર્ધન માણસપર કોઇ પ્રેમ રાખતું નથી, ધન વિનાનો માણસ જગોજગોએ અળખામણો થાય છે, ધન વિના ધર્મકાર્ય પણ સૂજતું નથી, માતપિતા પણ નિર્ધન પુત્રપર પ્રેમ રાખતાં નથી. ખરેખર નિર્ધન માણસ આ જગતમાં મૃત્યુ પામેલાં મડદાં સરખો છે, માટે આ સંસારમાં ધન શિવાય બીજું કંઇ પણ અધિક નથી. તે ધન આજે હું આપના પસાયથી પામ્યો છું માટે હવે આપ આ મહા પ્રભાવિક શ્રી સોમદેવ મુનિરાજને આચાર્ય પદવી આપો? અને તે માટેનો સઘળો મહોત્સવ હું કરીશ. ગુરૂમહારાજે પણ સોમદેવ મુનિરાજને યોગ્ય જાણી ત્યાં મહોત્સવપૂર્વક આચાર્યપદવી આપી તેમનું હેમચંદ્રાચાર્ય નામ પાડ્યું.

હવે એક દહાડો તે શ્રી હેમચંદ્રાચાર્ય કાશ્મીર દેશ તરફ ચાલ્યા; ત્યાં સરસ્વતી દેવીએ સન્મુખ આવી તેમને વરદાન આપ્યું. એક દહાડો ગુરૂમહારાજે તેમને સિદ્ધચક્રનો દેવાધિષ્ઠિત મંત્ર આપ્યો, અને તેમણે પણ ધ્યાનપૂર્વક તે મંત્રનું આરાધન કર્યું.

એક દહાડે શ્રી દેવેંદ્રસૂરિ, મલયગિરિજી તથા શ્રીહેમચંદ્રાચાર્ય એ ત્રણે

Aho ! Shrutgyanam

પુણ્યશાળી જીવો કુમાર નામના ગામ પાસે આવી પહોંચ્યા. ત્યાં એક ધોબી લુગડાં ધોઇને નદી કિનારાપર સૂકાવતો હતો. તે લુગડાંઓની વચ્ચે એક ચીરની આસપાસ ઘણા ભમરાઓ ગુંજારવ કરી રહ્યા હતા. એવી રીતની ભમરાઓથી વીંટાએલી સાડીને જોઇને હેમચંદ્રાચાર્યજીને ઘણોજ હર્ષ થયો; અને તેથી તેમણે તે ધોબીને પૂછયું કે, આ ચીર કોનું છે? ત્યારે ધોબીએ પણ તેમને નમસ્કાર કરી કહ્યું કે, હે મુનિરાજ! આ ગામના અધિકારીની રત્નવતી નામની સ્ત્રીનું આ ચીર છે. તે સ્ત્રી પદ્મણી તથા મહાસતી છે. તે સાંભળી હેમચંદ્રાચાર્યે તે અધિકારીને ઘેર આવી ધર્મલાભ આપ્યો. અધિકારીએ પણ ઉઠીને ભાવથી તેમને નમસ્કાર કરી ત્યાં ઉતરવામાટે વિનંતી કરી, તેમને નિર્વદ્ય સ્થાનક આપ્યું. પછી ત્યાં તે ત્રણે મુનિરાજોએ ચતુર્માસ કરી ધર્મોપદેશ આપી અધિકારીને રંજિત કર્યો. ચતુર્માસ સંપૂર્ણ થયા બાદ તે મુનિઓ જ્યારે ત્યાંથી વિહાર કરવાની તૈયારી કરતા હતા ત્યારે તે અધિકારીએ હાથ જોડી તેમને વિનંતી કરી કે, હે ભગવન્! આપ મારા લાયક કંઇ કાર્ય ફરમાવો. આપનાપર મને ઘણો પ્રેમ લાગ્યો છે. તે સાંભળી દેવેંદ્રસૂરિએ તેને કહ્યું કે, આપની સાથે અમારે એક કાર્ય છે, પણ તે કહેતાં અમારી જીભ ઉપડતી નથી. કારણકે, તે કાર્ય ઘણું શરમભરેલું છે, પણ અમારી વિદ્યા તો તે કાર્યથીજ સિદ્ધ થાય તેવું છે. ત્યારે તે અધિકારીએ કહ્યું કે, હે ભગવન્! જે કાર્ય આપ ફરમાવશો તે હું કરવાને તૈયાર છું. ત્યારે આચાર્ય મહારાજે કહ્યું કે, તમારી સ્ત્રી કે જે પદ્મણી છે, તે વસ્ત્રરહિત નગ્ન થઇને રહે, અને તેણીની સમક્ષ અમારે ગુરૂમંત્રથી વિદ્યા સાધવાની છે. તે સમયે તમારે ખુલ્લી તલવાર લેઇને ઉભા રહેવું, અને તેમ કરવામાં જો અમો મન, વચન કે કાયાથી ચૂકીએ, તો ત્યારે અમોને તલવારથી હણવા. મુનિઓના ગુણોથી રંજિત થએલા તે અધિકારીએ તે વચન અંગીકાર કર્યું, અને ત્યાંથી તે ત્રણે આચાર્યો ગિરનારપર ગયા. ત્યાં તે પદ્મણી સ્ત્રીની અને જિનપ્રતિમાની સમક્ષ તે આચાર્યો વિદ્યાનું સાધન કરવા લાગ્યા, અને તે અધિકારી હાથમાં ખુલ્લી તલવાર લઇ ઉભો રહ્યો. તેજ વખતે ત્યાં વિમલેશ્વર યક્ષ પ્રત્યક્ષ થયો, અને મુનિઓને કહેવા લાગ્યો કે, તમો વરદાન માગો. ત્યારે દેવેંદ્રસૂરિએ કહ્યું કે, હે દેવ! મારે કાંતિનગરથી શ્રીસેરિસમા નામના ગામમાં જિનપ્રાસાદ લાવવું છે, માટે મને તેવી વિદ્યા આપો? શ્રીમલયગિરિજીએ કહ્યું કે, મને સિદ્ધાંતોની ટીકાઓ રચવાની શક્તિ આપો? શ્રી હેમચંદ્રાચાર્યજીએ

Aho ! Shrutgyanam

કહ્યું કે, મને એવી વિદ્યાશક્તિ આપો કે, જેથી વચનબળથી રાજાને રીઝવીને જિનશાસનને દીપાવું. તે સાંભળી સંતુષ્ટ થએલા વિમલેશ્વર યક્ષે તે ત્રણે આચાર્યોને તેમના ઇચ્છિત વરદાનો આપ્યાં. એવી રીતે ઇચ્છિત વિદ્યા ઉપાર્જન કરીને શ્રીહેમચંદ્રાચાર્ય ગુરૂપાસે આવ્યા. એક દહાડો ગુરૂમહારાજે દેવીનું આરાધન કરી તેણીને પૂછ્યું કે, મારી પાટે સ્થાપવાને કોણ યોગ્ય છે? ત્યારે તે શાસનદેવીએ કહ્યું કે, તમારી પાટે શ્રીહેમચંદ્રજીને સ્થાપવા.

હવે તે શ્રી આચાર્યમહારાજ પરિવારસહિત નાગપુરમાં પધાર્યા, તથા ત્યાં ચતુર્વિધ સંઘની સમક્ષ દાન, શીલ, તપ અને ભાવનાનું અપૂર્વ વ્યાખ્યાન આપ્યું. ધનદ નામના એક શાહુકારે ઘણું દ્રવ્ય ખરચી શ્રીહેમચંદ્રાચાર્યના સૂરિપદનો મહોત્સવ કર્યો. એવી રીતે શ્રી હેમચંદ્રાચાર્યને ત્યાં આચાર્યપદવીપર સ્થાપીને ગુરૂમહારાજ પરિવારસહિત પાટણમાં પધાર્યા.

એક દહાડો ત્યાં સિદ્ધરાજે શ્રીહેમચંદ્રાચાર્યને જોયા, અને વંદન કરી તેમને કહ્યું કે, આપ હમેશાં મારી રાજસભામાં પધારો, અને મને ધર્મોપદેશ સંભળાવો. તે સાંભળી શ્રીહેમચંદ્રાચાર્ય હમેશાં રાજસભામાં જઇ સિદ્ધરાજને ધર્મોપદેશ સંભળાવવા લાગ્યા. એક દહાડો સિદ્ધરાજે હેમચંદ્રાચાર્યજીને પૂછ્યું કે, હે મુનીંદ્ર! છએ દર્શનોમાંથી કયો ધર્મ સાચો અને કયો ખોટો? તેની પરિક્ષા શીરીતે થાય? કેમકે, ખરો ધર્મ પામવાથી નિર્મળ બુદ્ધિ થાય છે. તે સાંભળી શ્રી હેમચંદ્રાચાર્યજીએ કહ્યું કે, હે રાજન્! પૂર્વે જેમ યશોમતી નામની સ્ત્રીએ ધર્મની પરીક્ષા કરી છે, તેવી રીતે પરીક્ષા કરવાથી ખરો ધર્મ મેળવી શકાય છે. તે યશોમતી સ્ત્રીનું વૃત્તાંત નીચે મુજબ છે.

શંખપુરી નામની નગરીમાં શંખ નામનો એક વણિક વસતો હતો. તેને યશોમતી નામે સ્ત્રી હતી, પણ તેણીની સાથે મન નહીં મળવાથી તે વણીક બીજી સ્ત્રી પરણ્યો. તે સ્ત્રી નવયૌવન હતી, અને પોતે ઘરડો હતો, તેથી સ્ત્રીને રંજન કરવામાટે તેણીનું વચન તે કદાપિ પણ લોપતો નહીં, અને હમેશાં ભોજન પણ તેણીના સાથેજ બેસીને કરતો હતો. તેનું આ સઘળું કાર્ય પેલી શોકને ઘણુંજ દુઃખદાયક થઇ પડયું.

એટલામાં એક દહાડો તે યશોમતીની પાસે એક મંત્રવાદી આવી ચડયો. તે મંત્રવાદીને યશોમતીએ સન્માન આપી પોતાની પાસે બેસાડયો, અને પોતાના ઘરની સઘળી હકીકત કહી સંભળાવી. તે સાંભળી દયા ઉપજવાથી તે મંત્રવાદીએ તેણીને એક જડીબૂટી આપીને કહ્યું કે, આ જડીબૂટી ખવરા-

Aho ! Shrutgyanam

વવાથી તારો સ્વામી બેલરૂપ થશે, અને તેથી તારી સઘળી આશાઓ ફળીભુત થશે.

પછી તે યશોમતીએ ઉત્તમ પ્રકારની રસોઇ બનાવીને, તેમાં તે જડીબૂટી નાખી, અને ઘણા પ્રેમપૂર્વક પોતાના સ્વામીને તેનું ભોજન કરાવ્યું. તેથી તે બિચારો વણિક તો તુરત બેલરૂપ થઇ ગયો, અને પોતાની નવયૌવન સ્ત્રીને વારંવાર જોતો થકો પોતાના લાંબા કર્ણો હલાવવા લાગ્યો. તે જોઇ તે નવી સ્ત્રીએ પોકાર કર્યો કે, અરે! આ દુષ્ટ શોકે મારા સ્વામીને બેલરૂપ બનાવી દીધો, માટે તેણીને કોઇ શીક્ષા કરો? અનુક્રમે તે વાતની રાજાને ખબર પડવાથી તેણે યશોમતીને બોલાવી પૂછ્યુંકે, તમોએ આ તમારા સ્વામીને શામાટે બેલરૂપ બનાવ્યો? તે સાંભળી યશોમતીએ હાથ જોડી કહ્યું કે, હે રાજન્! આ બાબતમાં મારો કશો અપરાધ નથી. કેમકે, મારી આ શોકે મારા સ્વામીને વશ કરી લીધો હતો, અને તેથી તે મારાપર દ્વેષ રાખતો હતો. એવી રીતે તે મારી અવગણના કરીને તેણીનો દાસ થઇને રહ્યો હતો, અને તેથી મેં ક્રોધના આવેશમાં તેને બેલરૂપ બનાવ્યો છે. માટે આ સઘળો અપરાધ તે મારી શોકનો છે, અને તેથી તેણીનું મસ્તક મુંડાવીને, તેણીને જો ગધેડાઉપર ચડાવો, તો મારો ક્રોધ શાંત થાય. તે સાંભળી રાજાએ તે બન્ને સ્ત્રીઓને ઠપકો આપ્યો, અને યશોમતીને તે બેલ સોંપી કહ્યું કે, હવે તારે આ બેલને ચરાવવો, પાણી પાવું, તથા તેની સંભાળ રાખવી.

હવે એક દહાડો તે યશોમતી પોતે કરેલાં અકાર્યનો પશ્ચાતાપ કરતી થકી વનમાં તે બેલને ચરાવતી હતી. એટલામાં એક વિદ્યાધર પોતાની સ્ત્રી સહિત વિમાનમાં બેસીને આકાશમાર્ગે જતો હતો. યશોમતીને જોઇને વિદ્યાધરની સ્ત્રી પોતાના સ્વામીને પૂછવા લાગી કે, હે સ્વામી! આ સ્ત્રી અહીં વનમાં એકલી દિલગિર થઇને કેમ બેઠી છે? ત્યારે તે વિદ્યાધરે પોતાની વિદ્યાના બળથી જાણીને તેણીનું સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. તે સાંભળી તેણીને દયા ઉપજવાથી તેણીએ પોતાના સ્વામીને કહ્યું કે, હે સ્વામી! હવે તે બેલ ટળીને પુરૂષ શી રીતે થાય? ત્યારે વિદ્યાધરે કહ્યું કે, જે જગોએ તે સ્ત્રી બેઠી છે, ત્યાં જે જડીબૂટી ઉગેલી છે, તે જો ખવરાવે તો તે બેલ ટળીને તુરત પુરૂષરૂપે થાય. એટલું કહીને તે વિદ્યાધર તો પોતાની સ્ત્રી સહિત ત્યાંથી ચાલતો થયો; પણ તે સઘળી વાત યશોમતીએ સાંભળવાથી તેણીએ ત્યાં ઉગેલું ઘાસ ચુંટી કહાડયું; અને તેમાંથી એકેક તૃણ લેઇને તે બળદને ખવરાવવા

Aho ! Shrutgyanam

લાગી. એવી રીતે ખવરાવતાં થકાં જ્યારે પેલી જડીબુટી તે બળદના ખાવામાં આવી, ત્યારે તુરત તે બેલ ટળીને પુરૂષ થયો. એવી રીતે હે રાજન્! જે માણસ સત્ય ધર્મની પરીક્ષા કરવાનું ઇચ્છે છે, તે સઘળા ધર્મની પરીક્ષા કરીને છેવટે સત્ય ધર્મને મેળવી શકે છે.

એવી રીતનું શ્રી હેમચંદ્રજી મહારાજનું વચન સાંભળીને સિદ્ધરાજ મનમાં ઘણો હર્ષ પામ્યો, અને શુદ્ધ ધર્મ સાંભળવાથી તેનાં હૃદયચક્ષુ વિકસ્વર થયાં.

એક દહાડો સિદ્ધરાજે સિદ્ધપુરમાં રૂદ્રમાળ ચણાવવાનો પ્રારંભ કર્યો, તથા આભા નામના મંત્રીએ એક ઘણુંજ ઉંચું જિનમંદિર ચણાવ્યું. અને તેમાં શ્રી વીરપ્રભુની મૂર્તિની સ્થાપના કરી. તે જિનમંદીર જોઇને સિદ્ધરાજને ઘણો હર્ષ થયો, તેથી તે શ્રી હેમચંદ્રાચાર્ય પાસે આવી, વંદન કરીને પૂછવા લાગ્યો કે, હે મુનીંદ્ર! મહાદેવ અને અરિહંત વચ્ચે શું તફાવત છે? તે સાંભળી હેમચંદ્રજીએ કહ્યું કે, હે રાજન્! મહાદેવ અને અરિહંત વચ્ચે ઘણો તફાવત છે, કેમકે, જે ચંદ્રને મહાદેવ મસ્તકઉપર ધારણ કરે છે, તે ચંદ્ર જિનેશ્વર પ્રભુના ચરણકમળમાં આવીને નમસ્કાર કરે છે. વળી આ સંબંધમાં આપ કોઇ મોટા સલાટને બોલાવીને પણ પૂછો, કે જેથી આપના મનનો સંદેહ દૂર થાય.

તે સાંભળી રાજાએ સલાટોના અગ્રેસરને બોલાવી પૂછ્યું કે, તમારાં શીલ્પશાસ્ત્રમાં શિવમંદિરવિષે શું લખ્યું છે? તે કહો? તે સાંભળી તે સલાટે કહ્યું કે, હે રાજન્! સામાન્ય માણસના ઘરને પાંચ શાખા હોય, રાજાના મેહેલને સાત શાખા હોય, શિવમંદિરને નવ શાખા હોય, અને જિનમંદિરને એકવીશ શાખા હોય. વળી શિવનું મંદિર વનમાં થાય, અને જિનનું મંદિર નગરમાં થાય. શિવમંદિરમાં જ્યારે એક મંડપ હોય, ત્યારે જિનમંદિરમાં એકસોને આઠ મંડપ હોય. જિનની મૂર્તિ પદ્માસનવાળી હોય, તથા તેના ચરણોને નવે ગ્રહો સેવે છે. બીજા દેવોના હાથમાં ચક્ર, બાણ, તલવાર વિગેરે જ્યારે ભયંકર હથિયારો હોય છે, ત્યારે જિનની મુદ્રા તદ્દન શાંત અને હર્ષ ઉપજાવનારી હોય છે. વિષ્ણુ વિગેરે દેવો જ્યારે સ્ત્રીઓને પાસે રાખે છે, ત્યારે જિનમૂર્તિપાસે સ્ત્રી હોતી નથી. એવી રીતે વિશ્વકર્માએ અમારાં શિલ્પશાસ્ત્રમાં લખ્યું છે. તે સાંભળી રાજાએ હર્ષિત થઇ જૈનધર્મ અંગીકાર કર્યો, અને તે જિનમદિરપર સુવર્ણનો કળશ ચડાવ્યો.

Aho ! Shrutgyanam

એક દહાડો સિદ્ધરાજ જ્યારે શ્રી હેમચંદ્રાચાર્યજીને ઉપાશ્રયે આવ્યા ત્યારે ત્યાં શ્રીનેમીપ્રભુનું ચરિત્ર વંચાતું હતું. તેમાં એવી કથા આવી કે, પાંચે પાંડવો શત્રુંજયપર મોક્ષે ગયા તે સાંભળી બ્રાહ્મણોને ક્રોધ થવાથી તેઓ બોલી ઉઠયા કે, અમારાં સ્વર્ગરોહણ શાસ્ત્રમાં કહ્યું છે કે, પાંડવો તો હિમાલયપર મોક્ષે ગયા છે. તે સાંભળી રાજાએ આચાર્ય મહારાજને પૂછયું કે, આ બાબતનો ખુલાસો શું છે? ત્યારે આચાર્યજીએ તેઓના મહાભારતમાંથીજ તે વાતનો નિશ્ચય કરી બતાવ્યો.

ત્યારબાદ શ્રી હેમચંદ્રાચાર્યજીએ સંસ્કૃત ભાષાનું એક નવીન વ્યાકરણ બનાવ્યું, તે જોઇ બ્રાહ્મણોને ઘણીજ ઇર્ષા થઇ. તેથી તેઓએ સિદ્ધરાજને કહ્યું કે, આ વ્યાકરણનું પુસ્તક કાસ્મીર દેશમાં આવેલા સરસ્વતી કુંડમાં જો તરે, અને ભીંજાય નહીં તો અમો તે વ્યાકરણને સત્ય માનીએ. તે સાંભળી રાજાએ વિચાર્યું કે, આ બ્રાહ્મણો ખરેખર જૈન ધર્મના દ્વેષી છે, એમ વિચારિ તેણે તે વાત શ્રી હેમચંદ્રાચાર્યજીને જણાવી. ત્યારે હેમચંદ્રાચાર્યજીએ કહ્યું કે, હે રાજન્! ખુશીથી તેમ કરો? તેમાં કશી હરકત નથી. ત્યારે રાજાએ પોતાના પ્રધાનોને તે પુસ્તક સહિત કાસ્મીર મોકલ્યા, અને તેઓએ ત્યાં તે પુસ્તક જ્યારે તે સરસ્વતીકુંડમાં નાખ્યું, ત્યારે તે પુસ્તક હંસની પેઠે તેમાં તરવા લાગ્યું, અને એક પણ પત્ર જળથી ભીંજાયું નહીં; તે જોઇ બ્રાહ્મણોનાં મુખ શ્યામ થયાં. પછી તે પ્રધાનોએ રાજાપાસે આવી કહ્યું કે, હે રાજન્! શ્રી હેમચંદ્રાચાર્ય સમાન કોઇપણ જ્ઞાની પુરૂષ નથી, કેમકે આ પુસ્તક જળમાં ભીંજાયા વિના જે તર્યું, તે અમોએ નજરોનજર જોએલું છે. તે સાંભળી રાજાએ અત્યંત હર્ષિત થઇ તે પુસ્તક સોનેરી અક્ષરોથી લખાવ્યું.

અનુક્રમે શ્રી હેમચંદ્રાચાર્યજીના ઉપદેશથી રાજાએ શિકાર કરવાનો ત્યાગ કર્યો, તથા એક વર્ષે એક ક્રોડ સોનામોહોરો ધર્મકાર્યમાટે ખરચવા લાગ્યો.

હવે એક દહાડો શ્રી હેમચંદ્રાચાર્ય ત્યાંથી વિહાર કરીને જ્યારે અન્ય દેશમાં જવા લાગ્યા, ત્યારે માર્ગમાં મધ્યરાત્રિએ શાસનદેવીએ આવીને તેમને કહ્યું કે, હે મુનીંદ્ર! હજુ તમો ગુજરાતમાંજ રહો, કેમકે અહીં આપના ઉપદેશથી મોટો લાભ થવાનો છે. તે સાંભળી હેમચંદ્રજી પાછા પાટણમાં પધાર્યા.

એક દિવસે સિદ્ધરાજનો કુમારપાળ નામે પિત્રાઇ શ્રી હેમચંદ્રજી મહારાજ પાસે આવ્યો, તથા હાથ જોડીને પૂછવા લાગ્યો કે, હે ભગવન્! રાજા



Aho ! Shrutgyanam

કયા કયા ગુણોએ કરીને શોભે છે? તે સાંભળી હેમચંદ્રાચાર્યજીએ કહ્યું કે, હે રાજકુમાર! સત્વ તથા શીલ એ બન્ને ગુણોથી રાજા શોભે છે. તે સાંભળી કુમારપાળે ત્યાં પરસ્ત્રી ભોગવવાનું નીમ લીધું.

ત્યારબાદ કુમારપાળ ત્યાંથી પોતાના મેહેલમાં જઇ વિચારવા લાગ્યા કે, ખરેખર આ શ્રી હેમચંદ્રાચાર્ય મહાપ્રભાવિક પુરૂષ છે.

સિદ્ધરાજને પુત્ર ન હોવાથી તે હમેશાં અત્યંત દિલગિર રહેતો હતો, અને વિચારતો કે, જેને ઘેર પુત્ર નથી, તેને ઘેર હમેશાં અંધારૂંજ છે. લાખો ગમે દ્રવ્ય હોય, તોપણ જેને પુત્ર ન હોય તે ખરેખર નિર્ધનજ કહેવાય. વળી મારૂં આવું ઋદ્ધિસંપન્ન રાજ્ય પુત્રવિના કોણ ભોગવશે? એવી રીતે ઉદાસ થઇને તે હેમચંદ્રાચાર્ય પાસે આવ્યો; અને પૂછવા લાગ્યો કે, હે મુનીંદ્ર! મને પુત્ર થશે કે નહીં? તે આપ જેવું હોય તેવું કહો. તેજ વખતે આચાર્યજીએ અંબાદેવીનું ધ્યાન ધર્યું, ત્યારે તેણીએ પ્રત્યક્ષ થઇ કહ્યું કે, તેને પુત્ર થશે નહીં. પછી આચાર્યજીએ સિદ્ધરાજને કહ્યું કે, હે રાજન્! તમોને પુત્ર થશે નહીં, પણ તમારૂં આ સઘળું રાજ્ય કુમારપાળ ભોગવશે. તે સાંભળી સિદ્ધરાજને મનમાં ઘણો ખેદ થયો, પણ તે વાત તેણે કોઇની પાસે પણ પ્રકાશી નહીં. છેવટે રાજસભામાં આવી કેટલાક પંડિતોને બોલાવી તેણે તેઓને પૂછ્યું કે, હે પંડિતરાજો! મને પુત્ર થશે કે નહીં? તેઓએ પણ નિમિત્તશાસ્ત્રો જોઇ કહ્યું કે, હે રાજન્! તમોને પુત્ર થશે નહીં, અને તમારાં રાજ્યનો કુમારપાળ માલિક થશે. તે સાંભળી રાજાને દિલગિર થતો જોઇ, એક બ્રાહ્મણ પંડિતે કહ્યું કે, હે રાજન્! તમો ખુલ્લે પગે અહીંથી ગંગા નદીપર જાઓ, અને ત્યાંથી જળ લાવીને તે જળથી સોમેશ્વર મહાદેવની પુજા કરો? અને તેમ કરતાં જો ભાગ્યમાં હોશે તો તમોને પુત્ર થશે. તે સાંભળી રાજાએ ગંગામાંથી પાણી લાવી સોમેશ્વર મહાદેવની પૂજા કરી. એવી રીતે છ માસ સુધિ પૂજા કરીને રાજાએ હાથ જોડી મહાદેવને વિનંતિ કરી કે, હે ઇશ્વર! તમો મારી આશા સંપૂર્ણ કરો? ત્યારે મહાદેવે કહ્યું કે, હે રાજન્! તમારાં ભાગ્યમાં પુત્ર નથી, તે હું શી રીતે દેઇ શકું? તે સાંભળી ઉદાસ થઇને સિદ્ધરાજ પોતાને સ્થાનકે આવ્યો.

એવી રીતે રાજાને ઉદાસ થતો જોઇ એક દહાડો રાણીએ તેને પૂછ્યું કે, હે સ્વામી! આપ ઉદાસ થઇને કેમ બેઠા છો? રાજાએ પોતાનો મનોગત અભિપ્રાય જણાવ્યાથી રાણી પણ શોકાતુર થઇ વિલાપ કરવા લાગી. છેવટે

Aho ! Shrutgyanam

રાજાના મનમાં એવી દુર્બુદ્ધિ આવી કે, હવે તો જો હું કુમારપાળને હણું. તો મને પુત્ર થશે. એવી રીતે સ્વાર્થબુદ્ધિ આવવાથી તેણે પાપનો બિલકુલ વિચાર કર્યો નહીં.

ત્યારબાદ કુમારપાળને મારવાના સિદ્ધરાજ ઘણા ઉપાયો કરવા લાગ્યો, પણ કુમારપાળનાં પુણ્ય પ્રબલ હોવાથી તેના સર્વ ઉપાયો નિરર્થક ગયા. છેવટે કુમારપાળને તે બાબતની ખબર પડવાથી તે દેશાંતરમાં નાશી ગયા, અને પોતાના બનેવી કૃષ્ણદેવને ત્યાં ગુપ્તપણે રહ્યા. એવી રીતે કેટલાક દિવસો સુધિ ત્યાં ગુપ્તરીતે રહેવા બાદ સિદ્ધરાજને ખબર મળ્યા કે, કુમારપાળ કૃષ્ણદેવને ત્યાં રહેલા છે, તેથી તેને મારવામાટે ત્યાં તેણે સુભટોને મોકલ્યા; પણ કુમારપાળને તે બાબતની પેહેલેથી ખબર મળવાથી ત્યાંથી જોગીનો વેષ લેઇ તે પાટણમાં આવી જોગીઓની જમાતમાં ગુપ્તપણે રહ્યા. એવી રીતે કેટલાક દિવસો રહ્યાબાદ દૈવયોગે સિદ્ધરાજને વળી ખબર મળ્યા કે, કુમારપાળ અહીં જોગીઓની જમાતમાં છે. તેથી સિદ્ધરાજે તે સર્વ જોગીઓને ભોજન માટે તેડ્યા, અને એક પછી એક એમ સર્વ જોગીઓના તે ચરણો ધોવા લાગ્યો. એટલામાં ચરણમાં છત્ર, ચામર આદિક રાજચિન્હોવાળા જોગીનો વેષ ધારણ કરીને રહેલા કુમારપાળને તેણે ઓળખી કહાડયો. પછી પોતાના સુભટોને આજ્ઞા કરી કે, હવે તમારે આ યોગીઓને અહીંથી જવા દેવા નહીં. એટલું કહી તેણે ગુપ્તરીતે રસોઇઆને વિષમિશ્રિત ભોજન તૈયાર કરવાનો હુકમ કર્યો.

રાજાની આ ચેષ્ટાથી કુમારપાળના મનમાં ચિંતા થઇ કે, આજે ખરેખર હવે મારૂં મૃત્યુ થશે; કારણ કે, અહીંથી છુટવાનો હવે કાંઇપણ ઇલાજ નથી. તોપણ પ્રયત્ન કરવાથી છુટકારો થશે. એમ વિચારિ પોતાના ગળાંમ આંગળાંઓ ખોસી કુમારપાળ વમન કરવા લાગ્યા, તથા તે વમનથી તેનું સઘળું શરીર લીંપાએલું જોઇ, સઘળા યોગીઓએ જુગુપ્સા લાવી તેને ત્યાંથી હાંકી કહાડયો, અને એવી રીતે પોતાનો છુટકારો થએલો જોઇ કુમારપાળના મનમાં આનંદ થયો.

હવે જ્યારે રસોઇ તૈયાર કરાવી સિદ્ધરાજ ત્યાં આવ્યો, ત્યારે કુમારપાળને નહી જોવાથી, પોતાના સુભટોપર તે અત્યંત ગુસ્સે થયો, અને તેઓને હુકમ કર્યો કે, ગમેતેમ કરીને તે યોગીને તમો શોધી લાવો. એવી રીતનો સિદ્ધરાજનો હુકમ થતાંજ તે સુભટો પગલાં જોતા જોતા કુમારપાળની પાછ-

Aho ! Shrutgyanam

ળી દોઢ્યા.

કુમારપાળ પણ તિહાંથી નાશીને એક આલિંગ નામના કુંભારને ત્યાં પહોંચ્યો, અને તે કુંભારે દયા લાવીને તેને પોતાના નિંભાડામાં સંતાડયો. અનુક્રમે શોધ કરતા કરતા સિદ્ધરાજના સુભટો પણ ત્યાં આવી પહોંચ્યા, અને કુંભારને ધમકી આપી કહેવા લાગ્યા કે, તારા ઘરમાં જે અમારો ચોર છે, તેને કહાડી આપ ? તે સાંભળી આલિંગ કુંભારે કહ્યું કે, હે સુભટો ! મારા ઘરમાં તમારો ચોર નથી, અને તે છતાં જો તમોને ખાતરી ન હોય, તો સુખેથી તમો મારૂં ઘર તપાસો ? સુભટોએ તે કુંભારના ઘરમાં બારીકીથી તપાસ કર્યા છતાં પણ કુમારપાળ નહીં મળવાથી તેઓ નિરાશ થઇને પાછા સિદ્ધરાજ પાસે ગયા; ત્યારે સિદ્ધરાજ અત્યંત ગુસ્સે થઇ તેઓને કહેવા લાગ્યો કે, અરે દુષ્ટો ! તમો પાછા જાઓ ? અને કુમારપાળને શોધી લાવીનેજ મને તમારાં મુખ દેખાડજો ? રાજાના એવાં કઠોર વચનો સાંભળીને ફરીને તે સુભટો તે કુંભારના ઘર તરફ જવા લાગ્યા.

આલિંગ કુંભારને અહીં ખબર મળી કે, રાજાના સુભટો ફરીને અહીં તપાસ કરવા આવે છે, તેથી તેણે કુમારપાળને કહ્યું કે, હે રાજપુત્ર ! હવે મારાથી તમારૂં રક્ષણ થઇ શકે તેવું નથી, માટે હવે અહીંથી તમો નાશી જાઓ ? તે સાંભળી કુમારપાળ પણ તેનો ઉપકાર માની ત્યાંથી એકદમ નિકળ્યો, અને એક ભીમ નામના ખેડુતને શરણે ગયો. ત્યારે તે ખેડુતે કુમારપાળને પોતાના ખેતરના એક ખાડામાં સંતાડી ઉપર ઝાંખરાં નાખી તેને અદૃશ્ય કર્યો. અનુક્રમે રાજાના તે સુભટો પણ તે ખેતરમાં આવી ભીમને પૂછવા લાગ્યા કે, અમારો ચોર અહીં આવેલ છે, માટે તેને દેખાડ ? તે સાંભળી ભીમે કહ્યું કે, હે સુભટો ! તમો મારાપર જૂઠો આરોપ શામાટે મેલો છો ? અહીં કોઇ પણ આવ્યું નથી. અને તે છતાં જો તમોને ખાતરી થતી નહોય તો સુખેથી મારૂં ખેતર તપાસો ?–પછી સુભટોએ જ્યાં કુમારપાળ સંતાયા હતા, ત્યાં ઝાંખરાંપર ભાલાંઓની અણીઓ ખોસીને ઘણી તપાસ કરી. પણ મહા હિમતવાન કુમારપાળ જરા પણ હલ્યાચલ્યાવિના ખાડામાં બેસી રહ્યા, અને પુણ્યોદયના યોગથી તેને કંઇ પણ ઇજા થઇ નહીં. છેવટે નિરાશ થઇને તે સુભટો ત્યાંથી ચાલ્યા ગયા.

ત્યારબાદ કુમારપાળ તે ખેડુતને પ્રત્યુપકારનો બદલો આપવાનું વચન આપી ત્યાંથી પરદેશપ્રતે ચાલતા થયા. આગળ ચાલતાં વનમાં તેમણે એક

Aho ! Shrutgyanam

ઉંદરને પોતાના દરમાંથી સોનામોહોરો લાવતો જોયો. એવી રીતે અનુક્રમે એકવીસ સોનામોહોરો બહાર લાવીને તે ઉંદર ત્યાં અત્યંત હર્ષથી નાચવા લાગ્યો. પછી જ્યારે તે ઉંદર પાછો પોતના દરમાં ગયો ; ત્યારે કુમારપાળે તે સઘળી સોનામોહોરો લેઇ લીધી. ત્યાર બાદ તે ઉંદર જ્યારે પાછો દરની બહાર આવ્યો, ત્યારે ત્યાં પોતાની સોનામોહોરો નહીં જોઇને, મસ્તક પછાડી તે તુરત મરણ પામ્યો. તે જોઇ કુમારપાળને મનમાં ખેદ થયો કે, અરે ! મે પાપીએ આ ઉંદરના પ્રાણ લીધા ! એવી રીતે વિષાદ પામતા કુમારપાળ અનુક્રમે ઉંબર નામના ગામમાં આવ્યા, અને ત્યાં કોઇ દેવનારીએ તેની આગતા સ્વાગતા કરી. ત્યાંથી આગળ ચાલતાં ત્રણ દિવસ સુધિ તેને કંઇ પણ ખોરાક મળ્યો નહીં. એટલામાં કોઇક શાહુકારની સ્ત્રી પોતાના સાસરેથી પીયર જતી વનમાં તેને મળી. તેણીએ કુમારપાળને ઉતમ પુરૂષ જાણી ઉત્તમ ભોજન કરાવ્યું. તેથી કુમારપાળે તુષ્ટમાન થઇને તેણીને વચન આપ્યું કે, જ્યારે મને રાજ્ય મળશે, ત્યારે હું તમારે હાથે તિલક કરાવીશ. ત્યાંથી રવાના થઇ કુમારપાળ દહીંથળી નામના ગામમાં આવ્યા, એટલામાં સિદ્ધરાજને તે ખબર મળવાથી, તેણે લસ્કર મોકલી તે ગામને ઘેરો ઘાલ્યો. તે જોઇ કુમારપાળે સાજન નામના કુંભારનો આશ્રય માગ્યો, અને તેણે પણ દયા લાવી કુમારપાળને પોતાના ઇંટોના નીંભાડામાં છુપાવ્યા.

પાછળથી સિદ્ધરાજનું લશ્કર ગામમાં દાખલ થયું, અને ઘણી શોધ ચલાવ્યા છતાં પણ જ્યારે કુમારપાળનો પત્તા ન મળ્યો, ત્યારે કેટલાક સુભટો તે સાજન કુંભારને ઘેર આવી તેને ધમકી દેવા લાગ્યા કે, તેં કુમારપાળને છુપાવ્યો છે, માટે દેખાડ ? એટલું કહી તેઓએ તેના ઘરમાં બારિક તપાસ કરી, પણ કુમારપાળ નહીં મળવાથી તેઓ નિરાશ થઇ ચાલ્યા ગયા.

છેવટે કુમારપાળ ત્યાંથી નિકળી એક બ્રાહ્મણ સાથે દેશાંતર તરફ ચાલતા થયા. મધ્યાન્હકાળે કુમારપાળને કકડીને ભુખ લાગવાથી તે બ્રાહ્મણ એક ગામમાંથી ભિક્ષા માગીને શિખંડ તથા રોટલી લાવ્યો. સ્વાર્થી બ્રાહ્મણે કુમારપાળને શિખંડ ન દેખાડતાં ફક્ત રોટલીના ટુકડાઓ આપ્યા. અને કુમારપાળ જ્યારે નિદ્રાવશ થયા, ત્યારે તે બ્રાહ્મણે ગુપ્ત રીતે શીખંડ ખાધો.

ત્યાંથી તે બ્રાહ્મણથી છુટા પડી કુમારપાળ ખંભાત તરફ આવ્યા ; ત્યાં તેમણે શહેરની નજદીકમાં એક સર્પના મસ્તકપર દેડકાને નાચતો જોયો. એટલામાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય પણ ત્યાં સ્થંડિલ ભૂમિપર જતા

Aho ! Shrutgyanam

હતા, તેમણે તે શુકન જોઇ, આસપાસ દૃષ્ટિ કરી તો કુમારપાળને જોયા. કુમારપાળે પણ હેમચંદ્રાચાર્યને વાંદી કહ્યું કે, હે ભગવન્! હું હવે ઘણો કાળ ભમ્યો, અને મેં ઘણું દુઃખ સહન કર્યું. તે સાંભળી હેમચંદ્રજીએ કહ્યું કે, હે રાજપુત્ર! તમો હવે જરા પણ ચિંતા નહી કરો? આ શુભ શુકનથી તમોને સંવત ૧૧૯૯ ના મહાવદી ચોથને આદિત્યવારે મધ્યાન્હકાળે પુષ્યનક્ષત્રમાં રાજ્ય મળશે. તે સાંભળી કુમારપાળે હર્ષિત થઇ કહ્યું કે, હે ભગવન્! આપનું વચન અમોઘ છે, અને આપની કૃપાથીજ મને રાજ્ય મળશે.

એવી રીતે કુમારપાળ તથા શ્રી હેમચંદ્રાચાર્ય જેટલામાં ત્યાં વાતો કરતા ઉભા છે, તેટલામાં ઉદયન[1] નામે મંત્રી ત્યાં આચાર્યમાહારાજને વાંદવા માટે આવી ચડયો. વંદન કરી રહ્યા બાદ આચાર્યમહારાજે ઉદયનને કહ્યું કે, તમારે આ રાજકુમારનું રક્ષણ કરવું. આગામિ કાળમાં તેથી જૈનધર્મનો મહોદય થવાનો છે. ઉદયન પણ ગુરૂમહારાજનું વચન સ્વીકારી કુમારપાળને પોતાને ઘેર તેડી ગયો, તથા હમેશાં તેની આગતસ્વાગત કરવા લાગ્યો.

એટલામાં કોઇક દુષ્ટ માણસે જઇ સિદ્ધરાજને કહ્યું કે, કુમારપાળ તો ઉદયનમંત્રીને ઘેર છે. તે સાંભળી રાજાએ તુરત પોતાનું લશ્કર ત્યાં મોકલ્યું. લશ્કરને આવતું જોઇ ઉદયને કુમારપાળને કહ્યું કે, આ સમયે હવે તમો અહીંથી નાશી જાઓ? નહીંતર આપણ બન્નેનું મૃત્યુ થશે. તે સાંભળી કુમારપાળ તેમનો અત્યંત ઉપકાર માની, ત્યાંથી નાશી શ્રીહેમચંદ્રાચાર્યપાસે તેમને ઉપાશ્રયે આવ્યા. આચાર્યમહારાજે પણ તેમને મહાપુણ્યશાળી જાણીને ઉપાશ્રયના એક ભોંયરામાં છુપાવ્યા, અને તે ભોંયરાના દ્વારપર પુસ્તકો ખડકી દીધાં.

---

૧ ઉદયન મંત્રી શ્રીમાલી જાતનો વણિક હતો; એક દહાડો ચોમાસામાં તે ઘૃતની ખરીદી માટે પરગામ જતો હતો. એટલામાં કોઇ નિમિત્તિએ તેને કહ્યું કે, હે ઉદયન! તમોને અહીં દ્રવ્ય મળશે નહી, માટે અહીંથી ગુજરાતમાં કર્ણાવતી નગરીએ જાઓ? અને ત્યાં તમારો ભાગ્યોદય થશે. તે સાંભળી ઉદયન વણિક પોતાના, બાહડ, અંબડ, સોલ્લ અને ચાહડ નામના પુત્રો સહિત કર્ણાવતીમાં આવ્યો. ત્યાં માર્ગમાં તેણે એક સર્પના મસ્તકપર કાળીદેવીને ( એક જાતની શ્યામ રંગની ચકલીને ) બેઠેલી જોઇ. તે શુકનનું ફળ પૂછતાં તેને નિમિત્તિએ કહ્યું કે, હે ઉદયન! કાંતો તમોને રાજ્ય મળશે, અથવા મંત્રિપદ મળશે. અનુક્રમે તે કર્ણાવતીના રાજાનો મંત્રી થયો.

Aho ! Shrutgyanam

એટલામાં સિદ્ધરાજનો સેનાપતિ મોટું લશ્કર લેઇ ઉદયનને ઘેર આવી પહોંચ્યો, પણ ત્યાં કુમારપાળને નહીં જોવાથી તે તુરત હેમચંદ્રાચાર્યજીને ઉપાશ્રયે આવ્યો, અને કહેવા લાગ્યો કે, હે ગુરૂજી! જો અહીં કુમારપાળ આવ્યા હોય તો બતાવો? ત્યારે આચાર્ય મહારાજે કહ્યું કે, હે સેનાપતિ! અહીં કુમારપાળ આવેલ નથી, અને કદાચ આવેલ હોય તો તેને મારે અહીં શામાટે છુપાવવો જોઇએ? તે સાંભળી સેનાપતિ સઘળો ઉપાશ્રય ઢુંઢીને ત્યાંથી ચાલ્યો ગયો.

સેનાપતિ ગયાબાદ આચાર્યમહારાજે કુમારપાળને કહ્યું કે, હાલમાં તો તમો હજુ વિદેશમાં જાઓ? કેમકે જ્યાં વૈરીનો ઉપદ્રવ હોય, ત્યાં રહેવાથી કાર્યસિદ્ધિ થશે નહીં. માટે જ્યાં તમારૂં કોઇ નામ, ઠામ જાણે નહી, ત્યાં જઇને હાલ તો રહો? તે સાંભળી કુમારપાળે કહ્યું કે, હે ભગવન! આપે આજે મને જીવિતદાન આપ્યું છે; વળી પેહેલાં પણ આપે મારાપર ઘણો ઉપકાર કર્યો છે, તો તે સઘળા ઉપકારનો બદલો હું કયારે વાળીશ? એટલું કહી કુમારપાળ ત્યાંથી રવાના થઇ વટપદ્ર[1] નામના ગામમાં આવ્યા. ત્યાં એક કુટક નામના વણિકની દુકાને ગયા, અને તેને શેકેલા ચણાનો ભાવ પૂછયો. ત્યારે તે વણિકે કહ્યું કે, "એમજ, એમજ" તે સાંભળી કુમારપાળે વિચાર્યું કે, આ કોઇક ગમાર લાગે છે. પછી તેની પાસેથી થોડાક ચણા તોળાવીને કુમારપાળે લીધા, અને ત્યાંજ બેસીને ખાધા; તથા જ્યારે પાણી પીને ત્યાંથી ચાલવા લાગ્યા, ત્યારે તે વણિક તેની પાછળ દોડીને તેમને ગાળો દેઇ કહેવા લાગ્યો કે, અરે દીવાળીઆ! મારા ચણાનું મૂલ્ય આપ? તે સાંભળી કુમારપાળે કહ્યું કે, હાલ તો મારી પાસે દ્રવ્ય નથી, માટે પાછળથી આપીશ. તે સાંભળી તે નીચ વણિક કેટલીક ગાળો દેઇ કહેવા લાગ્યો કે, શું મારો માલ કંઇ ફોકટ આવ્યો હતો? એમ કહી કુમારપાળને મારવા લાગ્યો. એવી રીતે તે બન્નેનો ઝઘડો જોઇ ત્યાં કેટલાંક માણસો એકઠાં થયાં, અને તે માણસોએ તે વણિકને ઘણો સમજાવ્યો, પણ તેણે માન્યું નહીં. તે જોઇ કુમારપાળે પોતાનું ક્ષત્રીય તેજ પ્રગટ કરી, તે વણિકને ગરદન ઝાલી પછાડયો, અને ઉપરથી લાતો મારી તેની સારી રીતે પૂજા કરી.

પછી ત્યાંથી કુમારપાળ યોગીનો વેષ લેઇ ચાલતા થયા, અને અનુક્રમે ભરૂચ નગરમાં આવ્યા. ત્યાં તેમને એક સર્વાર્થસિદ્ધ નામના યોગીનો મેળાપ

---

૧ વડોદરા અથવા વઠાદરા હશે.

Aho ! Shrutgyanam

થયો. તે યોગીએ પ્રસન્ન થઇ તેમને એક મંત્ર સાધવાને આપ્યો. તે મંત્ર સાધનથી લક્ષ્મીદેવીએ પ્રગટ થઇ તેમને કહ્યું કે, હે વત્સ! આજથી પાંચમે વર્ષે તમોને પાટણનું રાજ્ય મળશે.

તે સાંભળી અત્યંત હર્ષિત થએલા કુમારપાળ ત્યાંથી યોગીના વેષ સહિત કાંતિ નામના નગરમાં આવ્યા, તથા ચૌટામાં ફરી નવીન આશ્ચર્યો જોવા લાગ્યા. ત્યાં એક સરોવરના કિનારાપર એક દેવળમાં મનુષ્યના એક મસ્તકની પૂજા થતી જોઇ. તે જોઇ આશ્ચર્યથી કુમારપાળે તેના પૂજારીને તે સંબંધિ વૃત્તાંત પૂછવાથી તેણે નીચે પ્રમાણે કહ્યું.

આ નગરમાં અગાઉ એક મકરધ્વજ નામે રાજા થયો હતો, અને તેણે આ તળાવ બંધાવ્યું હતું. તે તળાવનું પાણી અમૃત સરખું મીઠું હોવાથી તેનું અમૃતસાગર નામ રાખવામાં આવ્યું છે. તે તળાવની વચ્ચે એક કમળ હતું, અને તે કમળપર એક મસ્તક હતું. તે મસ્તક વારંવાર એમ બોલતું હતું કે, " એકથી સઘળા બુડે છે." એવી રીતનું તે મસ્તકનું વચન સાંભળીને રાજાએ સર્વ પંડિતોને બોલાવી તેનો અર્થ પૂછયો; પણ તે અર્થની સમજ નહીં પડવાથી તેઓ ઝંખવાણા પડી ગયા. છેવટે રાજાએ તેઓને તેનો અર્થ શોધી કહાડવા માટે છ માસની મુદત આપી; તેથી તે પંડિતો ફરતા ફરતા મરૂમંડલમાં ગયા. ત્યાં એક બુઢા પંડિતને તેનો અર્થ પૂછયાથી તે પંડિતે કહ્યું કે, હે વિપ્રો! તમો અહીં થોડી મુદત રહો? અને હું તમોને તેનો અર્થ સમજાવીશ. વળી તમો પરદેશી અને અજાણ્યા છો, તેથી તમોને અહીં કોઇ પણ ભોજન આપશે નહીં; માટે તમો ચાર કુતરાઓને પાળી પોષીને ઉછેરો? અને તે કુતરાઓને અહીં વેચવાથી તમોને ઘણું દ્રવ્ય મળશે. તે સાંભળી તે લોભી બ્રાહ્મણોએ કુતરાઓને ઉછેરવા માંડ્યા.

એક દહાડો તે કુતરાઓને ખંધોલે લેઇ તે લોભી બ્રાહ્મણો પેલા પંડિત પાસે ગયા, અને કહેવા લાગ્યા કે, અમોને હવે તે અર્થ કહો? તે સાંભળી પંડિતે કહ્યું કે, હે વિપ્રો! તમો હજુ તેનો અર્થ સમજ્યા નહી, માટે તમો મૂર્ખ છો. હવે તેનો હું ખુલાસાથી તમોને અર્થ કહું છું. શાસ્ત્રમાં કહ્યું છે કે, ગર્દભ, રજસ્વલા સ્ત્રી, ચાંડાલ, મદ્યપાત્ર તથા શ્વાનને અડકીને સ્નાન કરવું જોઇએ. પણ તમોએ લોભને વશ થઇ શ્વાનને પણ ખંધોલે ચડાવ્યા છે. એવી રીતે એક લોભથી તમો સર્વ બુડ્યા છો. તે સાંભળી તે વિપ્રોએ રાજા પાસે આવી તે અર્થ તેને કહી સંભળાવ્યો. રાજાએ પણ તે અર્થને ખરો

Aho ! Shrutgyanam

જાણી આ દેવલ બંધાવ્યું છે, તથા તેમાં માણસના મસ્તકની મૂર્તિ સ્થાપી છે, અને ત્યારથી સર્વ લોકો તેની પૂજા કરે છે. તે સાંભળી કુમારપાળે વિચાર્યું કે, દુષ્ટ એવો લોભ આ જગતમાં સર્વની હાનિ કરેછે.

હવે ત્યાંથી નિકળીને કુમારપાળ મલ્લનાટ નામના દેશમાં ગયા. ત્યાંની કુલંબપાટણ નામની નગરીના રાજાને કોઇ નિમિત્તિએ આવી કહ્યું કે, હે રાજન્! આવતી કાલે તમારા નગરમાં જે માણસ આવશે, તે થોડા સમય પછી ગુજરાતનો રાજા થશે તે સાંભળી રાજાએ નગરીના દરેક દરવાજે પોતાના માણસોને રાખ્યાં હતાં; તે માણસો કુમારપાળને આવતા જોઇ, તેમને રાજાપાસે લેઇ ગયા. રાજાએ પણ ઉભા થઇ, તેમને સન્માનપૂર્વક પોતાના અરધાં આસનપર બેસાડ્યા, અને કહ્યું કે, હે સ્વામી! આપ આ રાજ્ય સંભાળો? અને હું આપની સેવા કરીશ. ત્યારે કુમારપાળે કહ્યું કે, મને તમારૂં રાજ્ય જોઇતું નથી, પણ તમો મારા લાયક કંઇક કાર્ય ફરમાવો. પછી તે રાજાએ ત્યાં કુમારપાળની યાદગિરિ માટે કુમરાંક નામનો પ્રાસાદ બંધાવ્યો. એવી રીતે ત્યાં કેટલાક દિવસો રહ્યાબાદ તે રાજાનો ઉપકાર માની કુમારપાળ ઉજ્જયની નગરીમાં ગયા.

ત્યાં મહાકાળનાં મંદિરમાં એક એવો લેખ તેમણે વાંચ્યો કે, વિક્રમ સંવત ૧૧૯૯ માં વિક્રમ રાજા સરખો મહા ઉપકારી કુમારપાળ રાજા થશે.

તે લેખ વાંચી અત્યંત હર્ષિત થએલા કુમારપાળ ત્યાંથી ચિત્તોડ ગયા, અને ત્યાં રામચંદ્ર મુનિને વાંદ્યા. મુનિને વંદન કર્યાબાદ કુમારપાળે તેમને પૂછ્યું કે, હે મુનીંદ્ર! આ નગર કોણે વસાવ્યું છે? ત્યારે રામચંદ્ર મુનિએ કહ્યું કે, અહીંથી ત્રણ ગાઉ ઉપર મધ્યમાપુરી નામે નગરી છે; ત્યાં પૂર્વે રઘુવંશનો ચિત્રાંગદ નામે રાજા રાજ કરતો હતો. એટલામાં તેની પાસે એક યોગી અમૃતફળ લેઇને આવ્યો, અને તે અમૃતફળ તેણે રાજાને આપ્યું. એવી રીતે છ માસ સુધિ તેણે રાજાને અમૃતફળો આપ્યાં, તેથી રાજાએ પ્રસન્ન થઇ એક દહાડો તે યોગીને કહ્યુ કે, હે ગુરૂરાજ! તમો મારા લાયક કંઇ કાર્ય ફરમાવો?

તે સાંભળી યોગીએ કહ્યું કે, હે રાજન્! મારી એક વિદ્યા અધુરી રહેલી છે, તે મારે સાધવી છે. પણ તે વિદ્યાના સાધન સમયે તમારા જેવો બત્રીસ લક્ષણો પુરૂષ જો ઉત્તરસાધક થાય, તોજ તે મારી વિદ્યા સિદ્ધ થઇ શકે તેવું છે. તે સાંભળી રાજાએ તેમ કરવાનું કબુલ કર્યાથી રાજા અને તે



Aho ! Shrutgyanam

યોગી બન્ને પર્વતપર ચડ્યા. ત્યાં યોગીએ વિધિપૂર્વક મોટો અગ્નિકુંડ કરી રાજાને કહ્યું કે, હવે તમો આ અગ્નિ કુંડની પ્રદક્ષિણા ફરો, કે જેથી મારી વિદ્યા તુરત સિદ્ધ થાય. તે સાંભળી રાજાએ વિચાર્યું કે, ખરેખર આ યોગી અગ્નિકુંડમાં મને હોમીને સુવર્ણનો પુરસો કરવા ધારે છે; માટે તેનો વિશ્વાસ કરવો નહીં. વળી હું પોતેજ આ યોગીને જો આ કુંડમાં હોમાવું, તો તે યોગી સુવર્ણનો પુરસો થાય, અને તેથી મારાં પણ મનોવાંછિત ફળે એમ વિચારી રાજાએ યુક્તિ વાપરી યોગીને કહ્યું કે, હે યોગીરાજ ! કુંડની આસપાસ કેવીરીતે પ્રદક્ષિણા દેવી ? તે આપ પ્રથમ પ્રદક્ષિણા ફરીને મને સમજાવો ? તે સાંભળી યોગી આગળ અને રાજા પાછળ, એમ બન્ને કુંડની આસપાસ ફરવા લાગ્યા. એટલામાં લાગ જોઇ રાજાએ તે યોગીને તે કુંડમાં ઉપાડીને ફેંકી દીધો કે તુરત તે યોગી સોનાના પુરસારૂપ થઇ ગયો. પછી તે સુવર્ણનો પુરસો લેઇ રાજા પોતાના નગરમાં આવ્યો, અને તેણે પર્વતપર એક મજબૂત કિલ્લો બાંધવો શીરૂ કર્યો. દિવસે તે કિલ્લાનું જેટલું બાંધકામ તૈયાર થાય, તેટલું સર્વ રાત્રિએ પડી જાય. એવી રીતે છ માસસુધિ ચાલ્યું. છેવટે તે કૂટનો (પર્વતનો) અધિષ્ઠાતા દેવ પ્રગટ થઇ રાજાને કહેવા લાગ્યો કે, હે રાજન્ ! જો તું અહીં મારા નામની યાદગીરી રાખે, તોજ તને હું અહીં કિલ્લો બાંધવા આપું. તે સાંભળી તે ચિત્રાંગદ રાજાએ તે કિલ્લાનું ચિત્રકૂટ નામ રાખ્યું. તે ચિત્રકૂટમાં ચઉદ હજાર તો કોટિધ્વજ શાહુકારો રહેતા હતા.

એવી રીતનો ચિત્રકૂટ સંબંધિ વૃત્તાંત સાંભળી, ત્યાંથી કુમારપાળ રાજા કુબ્જદેશમાં થઇ વાણારસીમાં આવ્યા. ત્યાં એક વણિકે તેમને ઘણા આદરમાનથી ભોજન કરાવ્યું. એટલામાં એક મદનશેઠ નામનો ધનાઢ્ય શાહુકાર ત્યાં અપુત્રીઓ મૃત્યુ પામ્યો; તેથી તેનું સર્વ દ્રવ્ય ત્યાંના રાજાએ પોતાના સ્વાધિનમાં લીધું, અને તે કારણથી તેના સઘળા કુટુંબિઓ કલ્પાંત કરવા લાગ્યા. તે જોઇ કુમારપાળે ત્યાં એવું નિયમ લીધું કે, જો હું ગુજરાતનું રાજય પામું, તો મારે અપુત્રીઆનું દ્રવ્ય લેવું નહીં.

ત્યાંથી પ્રયાણ કરીને કુમારપાળ પાટલીપુત્ર નગરમાં આવ્યા, અને ત્યાં પૂર્વે નવનંદ રાજાઓએ બનાવેલી સુવર્ણની નવ ટેકરીઓ જોઇ લોભના પ્રાબલ્યનો મહિમા અનુભવ્યો. ત્યાંથી તેમણે રાજગૃહીમાં જઇ શાલિભદ્ર શેઠની નિર્માલ્ય ધનકૂપિકા જોઇ. ત્યાંથી વૈભારપર્વતપર ચડી, જે શિલાપર ધન્નાશાલિભદ્રે અનશન કર્યું હતું, તે શિલાને તેમણે નમસ્કાર કર્યો. ત્યાંથી પ્રયાણ કરી

Aho ! Shrutgyanam

તે જયપુર[1] નગરમાં આવ્યા. એવી રીતે કેટલાક દેશાવરોમાં ભમીને અનુક્રમે કુમારપાળ પાટણમાં આવ્યા. ત્યાં પગમાં પહેરવાના પગરખાં લેવા માટે તે એક બાલચંદ નામના મોચીની દુકાને આવ્યા. તે મોચીએ પણ તેમના પગના ચિન્હપરથી તેમને કોઇ મહાપુરૂષ જાણીને કહ્યું કે, હે સ્વામી! આ પગરખાંની જોડી આપના પગને લાયક છે, માટે આપ ગ્રહણ કરો? મારે તેનું મૂલ્ય જોઇતું નથી. એવી રીતનાં તે નીચ જાતિના પણ મીષ્ટ વચનો સાંભળીને કુમારપાળને અત્યંત આનંદ થયો. પછી તે મોચીનો ઉપકાર માની ત્યાંથી કુમારપાળ એક આમ્રવનમાં ગયા, અને ત્યાં આંબાના વૃક્ષોપર ઝુમી રહેલાં પરિપક્વ ફ્લોને જોઇ કહેવા લાગ્યા કે, હે અમૃતરસ સરખા આમ્રવૃક્ષ! તું ખરેખર સર્વ વૃક્ષોમાં શિરોમણિ છે, હું તારા ગુણોનું કેટલુંક વર્ણન કરૂં? તું ખરેખર કલ્પવૃક્ષ સમાન છે. અઢાર ભાર વનસ્પતિમાં તારી તુલના કરનાર કોઇ પણ વૃક્ષ નથી. ખરેખર પુણ્યશાલી પુરૂષનેજ આમ્રફ્ળોનું ભોજન મળે છે. એવી રીતે આમ્રવૃક્ષના ગુણોનું કીર્તન કરીને કુમારપાળ તેનાં ફ્ળો ખાવા લાગ્યા. એટલામાં તે આમ્રવનનો રક્ષા કરનાર માળી ત્યાં આવી ચડ્યો, અને કુમારપાળને આમ્રફ્ળો ખાતા જોઇ કેટલીક ગાળો આપી કહેવા લાગ્યો કે, અરે દુષ્ટ! આ આમ્રફ્ળો રાજાની માલિકીના છે, અને તેઓનું તેં ભક્ષણ કર્યું છે, માટે તને ઘણો માર ખાવો પડશે. એટલું કહી તે માળી કુમારપાળને ઘણાજ અપશબ્દો કહેવા લાગ્યો. આથી કુમારપાળને ક્રોધ ચડ્યો, અને તુરત તેને પકડીને ત્યાં બાંધી રાખ્યો.

આગળ ચાલતાં કુમારપાળને એક યોગી મળ્યો; અને તેણે તેના યોગનું કારણ પૂછવાથી તેણે જણાવ્યું કે, મારી મનોહર સ્ત્રીને રાજાએ લેઇ લીધી છે, અને તે કારણથી વિરહવેદનાએ મેં યોગ ગ્રહણ કર્યો છે. જેમ રામચંદ્રજી સીતાના વિયોગથી રઝ્યા છે, તેમ હું વિરહવેદનાથી હમેશાં રઝ્યા કરૂં છું. આ જગતમાં કોઇ પણ મારા દુઃખનું નિવારણ કરનાર મળ્યો નહી, તેથી મેં વિચાર્યું છે કે, જ્યારે કુમારપાળ ગાદીએ બેસશે, ત્યારે એ મહા ઉપકારી પુરૂષ મારા દુઃખનું નિવારણ કરશે. તે સાંભળી કુમારપાળે કહ્યું કે, હે યોગીંદ્ર! હુંજ તે કુમારપાળ છું, અને આ સમયે નિર્ભાગી નિવડ્યો છું, કે હું તારા દુઃખનું નિવારણ કરી શકતો નથી. આશા ધારણ કરીને આવેલો માણસ જેની પાસેથી નિરાશ થઇને જાય છે, તેના જીવતરને ખરેખર ધિક્કારજ

---

૧ જયપુર નગર શ્રી ઋષભદેવ પ્રભુના જય નામના પુત્રે વસાવ્યું છે.

Aho ! Shrutgyanam

છે. કેમકે, તૃષાતુર માણસ સરોવરપાસે જઇ, ત્યાંથી જો જળ ન મેળવે, તો તેમાં તે સરોવરનેજ શરમાવા જેવું છે. તોપણ દૈવકૃપાથી જો મને રાજ્ય મળશે, તો હું તારૂં સંકટ નિવારણ કરીશ. એટલું કહી કુમારપાળ ત્યાંથી આગળ ચાલ્યા.

માર્ગમાં દહીથળીનો રહેવાસી સુરહીયો શેઠ તેમને મળ્યો, અને તેણે જણાવ્યું કે, હે કુમારપાળ! મેં નિમિત્તિઆના મુખથી સાંભળ્યું છે કે, તમોને હવે થોડી મુદ્દતમાંજ રાજ્ય મળશે. દૈવયોગે હું નિર્ધન થઇ દુનીયામાં ભમ્યા કરૂં છું, અને ઉદરપૂરણા પણ મહા મુસ્કેલીથી કરૂં છું. એવી રીતનાં તેના વિનયી વચનો સાંભળી કુમારપાળે તેને ધીરજ આપી કહ્યું કે, જ્યારે મને ગુજરાતનું રાજ્ય મળશે, ત્યારે હું તને નગરશેઠ કરીશ, કે જેથી તારૂં સર્વ કષ્ટ નષ્ટ થશે.

ત્યાંથી આગળ ચાલતાં ત્રણ દિવસો નિકળી ગયા, પણ કુમારપાળને તે મુદ્દત દરમ્યાન કંઇપણ ભોજન મળ્યું નહીં. એટલામાં એક કણબણ મસ્તકપર ભતવારની પોટલી લેઇ ખેતરભણી જતી તેના જોવામાં આવી. તેણીને જોઇ કુમારપાળે દીનતાથી ભોજન માગ્યું; ત્યારે તે સ્ત્રી કેટલીક ગાળો દેઇ તેમને કહેવા લાગી કે, અરે! દળિદ્ર! તારી બુદ્ધિ કેમ ફરી ગઇ છે! આ ભતવાર તો હું મારા પુત્રને ખેતરે દેવા જઉં છું. એમ કહી ઉતાવળે પગે તે ચાલવા લાગી. ત્યારે કુમારપાળે વિચાર્યું કે, આ સમયે જો મને કંઇ પણ ભોજન નહીં મળે, તો ખરેખર મારૂં મૃત્યુ થશે. એમ વિચારિ સમયને અનુસરી તે તેણીની પાછળ દોડ્યા, અને જોરજુલમથી તે ભતવાર લેઇ લીધું, અને ભોજન કર્યું. ત્યારબાદ ત્યાંથી આગળ ચાલતાં કુમારપાળ વિચારવા લાગ્યા કે, ઉત્તમ માણસને યાચના જેવું કોઇ પણ બીજું અધમ કાર્ય નથી. યાચના કરવાથી લોકોનું માન ઘટે છે, તથા ગુણ, રૂપ ચતુરાઇ વિગેરેનો નાશ થાય છે. નગ્ન થઇ વનમાં નિવાસ કરવો સારો, પણ યાચના કરવી નહીં.

આગળ ચાલતાં તેમણે એક જાનને જતી જોઇ, તેથી હર્ષસહિત તે જાનના ઉપરીને તેમણે નમસ્કાર કર્યો. પછી જ્યાં તે જાને ઉતારો કર્યો, ત્યાં તે જાનનું સર્વ કાર્ય તે કરવા લાગ્યા. જાનના સર્વ માણસોને સ્નાન કરાવી, તેમના પગ ધોવા લાગ્યા, તથા તેમને માટે પીવાનું પાણી ભરવા લાગ્યા. સઘળી જાન જમી રહ્યાબાદ સર્વ વાસણો પણ કુમારપાળે સાફ કર્યાં. આટલું કર્યા છતાં પણ કોઇએ તેમનો ભોજન માટે પાડ પૂછ્યો નહીં. આથી કુમા-

Aho ! Shrutgyanam

રપાળને ઘણો ક્રોધ ચડયો, અને પૂછવાથી તેમને માલુમ પડયું કે, તે જાન પાટણના રહેવાસી લાડ વાણીઆઓની હતી. પછી તેમણે વિચાર્યું કે, જ્યારે મને રાજ્ય મળશે, ત્યારે આ લોકોનું વૈર વાળીશ.

ક્ષુધાથી જેનું શરીર ક્ષામ થએલું છે, એવા કુમારપાળને ત્યાંથી આગળ ચાલતાં એક વણિક મળ્યો. તે વણિક પોતાના ખભાપર ઘૃત ભરવાની કેટલીક કુડલીઓ લેઇને બહાર ગામ જતો હતો. તે વણિકને ત્યાં રસોઇ કરવાનો પ્રારંભ કરતો જોઇને કુમારપાળે તેને બળતણ તથા જળ લાવી આપ્યું. આથી તે ઉદાર વણિકે રસોઇ તૈયાર થયાબાદ પ્રથમ કુમારપાળને આદરપૂર્વક ભોજન કરાવ્યું, અને પછી પોતે ભોજન કર્યું. ત્યારબાદ કુમારપાળે તે વણિકની અત્યંત સ્તુતિ કરી કહ્યું કે, હે ગુણવાન વણિક! મારૂં નામ કુમારપાળ છે, અને જ્યારે મને રાજ્ય મળે ત્યારે તું તુરત મારી પાસે આવજે, કે જેથી હું તારી સારી રીતે ભક્તિ કરીશ.

એટલું કહી કુમારપાળ આગળ ચાલ્યા, એટલામાં તેમને ખબર મળ્યા કે, સિદ્ધરાજ મૃત્યુ પામ્યો.

સિદ્ધરાજે પોતાના મરણ સમયે કૃષ્ણદેવ, કાન્હડદેવ, સામદેવ અને સાજણદેવ નામના ચારે મંત્રિઓને બોલાવી કહ્યું કે, હે મંત્રિઓ! તમોએ જો મારૂં લૂણ ખાધું હોય, અને મારા તરફ જો તમારો ભક્તિભાવ હોય, તો તમારે કુમારપાળને રાજ્ય આપવું નહીં; અને તે બાબતની ખાતરી માટે તમો મારા કંઠપર હાથ ધારણ કરો? મંત્રિઓએ પણ તે વાત કબુલ રાખ્યાબાદ સિદ્ધરાજ મૃત્યુ પામ્યો.

ત્યારબાદ કુટુંબિઓ તથા મંત્રિઓ એકઠા થઇ, તેની લાસને સ્મશાનમાં લેઇ ગયા, અને ત્યાં ચંદન, અગર, કપૂર આદિકથી તેનો અગ્નિસંસ્કાર કર્યો. આ જગતમાં જે માણસો મસ્તકપર કસબી સેલાં બાંધે છે, કિનખાબ આદિકના વસ્ત્રો પેહેરે છે, એવા માણસોની તુંબડીઓને પણ અંતે કાગડાઓ ખોતરે છે. જેઓ મોટા મ્હેલોમાં રહી હમેશાં હાસ્ય વિલાસ ભોગવે છે, તેવાઓ પણ અંતે માટીસાથે મલી જાય છે, અને ઉપર ઘાસ ઉગી નિકળે છે. જેઓ શરીરે ચંદન, કસ્તુરી આદિકના લેપન કરતા, અને મુખમાં હમેશાં નાગરવલ્લીના પાનો ચાવતા, તેવાઓની કાયાઓએ પણ અંતે અગ્નિનું શરણ લીધેલું છે. જેઓ હમેશાં અંગપર મહા મૂલ્યવાન પિતાંબરો, અને કંઠમાં મોતીઓની માળાઓ પેહેરીને ફરતા, તેવાઓ પણ જગતની દૃષ્ટિએ નગ્ન થઇ

Aho ! Shrutgyanam

બળતા દેખાયા છે. જેઓના મસ્તકોપર હમેશાં છત્રો ધરાતાં, તથા જેઓ હમેશાં હાથીપર બેસી ચાલતા, તેઓનાં શરીરોને પણ અંતે બાંધીને શ્મશાનમાં લેઇ જવામાં આવ્યાં છે. જેઓના શરીરની કાંતિ ચંપા સમાન હતી, તથા જેમની જંઘાઓ કેળના વૃક્ષ સરખી કોમળ હતી, તેઓના શરીરો પણ કર્કશ કાષ્ટોની ચેગાં પડેલાં છે. માટે હે ચેતન! આ સંસારની એવીજ અસ્થિર બાજી છે, કેમકે આ સિદ્ધરાજ જેવા રાજાને પણ અંતે બાળીને ખાખ કરેલા છે.

હવે અહીં કુમારપાળને સિદ્ધરાજના મૃત્યુના સમાચાર મળવાથી, તે તુરત પાટણમાં આવ્યા, અને તે સમયે તેને શુભ શકુનો થયાં. ત્યારબાદ તે તુરત પોતાના બનેવી કૃષ્ણદેવને જઇ મળ્યા. તુરત શુકનપાઠકોને બોલાવી પૂછવાથી તેઓએ જણાવ્યું કે, આજથી સાતમે દિવસે કુમારપાળને રાજ્ય મળશે.

પછી સઘળા મંત્રિઓ અને સાંમતોએ મળી વિચાર કર્યો કે, હવે આપણે કોને રાજ્ય આપવું? કેટલાકોનો એવો મત થયો કે, આપણે મહીપાળ અને રત્નપાળને બોલાવવા, અને તે બન્નેમાંથી એકને રાજ્ય સોંપવું. વળી કેટલાએકની સમ્મતિથી ત્યાં કુમારપાળને પણ બોલાવ્યા. છેવટે એકમતથી તેઓએ પ્રથમ મહીપાળને ગાદીએ બેસાડી તેની પરીક્ષામાટે પૂછયું કે, તમો શી રીતે રાજ્ય ચલાવશો? ત્યારે મહીપાળે તેઓની દાક્ષિણ્યતાને લીધે કહ્યું કે, જેમ તમારી આજ્ઞા થશે, તેવી રીતે રાજ્ય ચલાવીશું. તે સાંભળી તેને અયોગ્ય જાણી રાજ્ય ન આપતાં રત્નપાળને બેસાડી તેને પણ જ્યારે તેવીજ રીતે પૂછવામાં આવ્યું, ત્યારે તેણે પણ મહીપાળને મળતોજ ઉત્તર આપ્યો. આથી તેને પણ રાજ્ય ન આપ્યું. છેવટે કુમારપાળને ગાદીએ બેસાડી, તેમને જ્યારે ઉપલો સવાલ પૂછવામાં આવ્યો, ત્યારે કુમારપાળે તુરત તલવારને મીયાનમાંથી કહાડી કહ્યું કે, આ તલવારના પ્રાબલ્યથી હું રાજ્ય ચલાવીશ. તે સાંભળી સંતુષ્ટ થએલા મંત્રિઓએ તેમનો રાજ્યાભિષેક કર્યો, અને તેમની આણ રાજ્યમાં ફેરવી.

હવે તે સમયે કેટલાક ઘરડા પ્રધાનોને કુમારપાળ તરફ અણગમો થવાથી, તેઓએ તેને મારી નાખવાનો વિચાર કર્યો. આ બાબતની કુમારપાળને જાણ થતાં, તે પ્રધાનોને તેમણે તુરત મરાવી નાખ્યા. અનુક્રમે કુમારપાળના ડરથી સર્વ સામંતો તેમને વશ થયા.

Aho ! Shrutgyanam

એક દહાડો કુમારપાળનો બનેવી કૃષ્ણદેવ અહંકાર લાવી સભાસમક્ષ તેમના પૂર્વના મર્મો પ્રકાશવા લાગ્યો, તે જોઇ રાજાએ તેને વાર્યો કે, આવી વાતો સભાસમક્ષ કરવી લાયક નથી. રાજાએ વાર્યા છતાં પણ કૃષ્ણદેવે જ્યારે માન્યું નહીં, ત્યારે તેની આંખો ફોડાવી કુમારપાળે તેને આંધળો કર્યો. જગતમાં પ્રસિદ્ધ છે કે, રાજા કોઇના પણ મિત્ર થતા નથી.

ત્યારબાદ કુમારપાળે પોતાના ઉપકારી ઉદયન મંત્રીને બોલાવી, તેના પુત્ર બાહડને મહામંત્રીની પદવી આપી, અને ઉદયનને મહા અમાત્ય ઠરાવ્યો. આલિંગ કુંભારને બોલાવી તેને સાતસો ગામ આપ્યાં. ભીમા ખેડુતને બોલાવી તેને પોતાનો અંગરક્ષક સ્થાપ્યો. જે સ્ત્રીએ તેમને શીખંડ ખવરાવ્યો હતો, તેણીને ધોળકા ગામ આપ્યું, અને સાજણ કુંભારને ચિત્તોડનો કિલ્લો આપ્યો. કાશી દેશમાં જે વણિકે તેમને પોતાના ઘરમાં રાખ્યા હતા, તેને સોળ ગામો આપ્યાં, બાલચંદ્ર મોચી, કે જેણે પગરખાં આપ્યાં હતાં, તેને કોટવાળની પદવી આપી, અને સાથે બાર ગામો આપ્યાં. આમ્રવનના રખેવાળને બોલાવી, તેને પોતાનો બગીચો સોંપ્યો, તથા સ્ત્રીના વિયોગી યોગીને બોલાવી, તેની સ્ત્રી પાછી અપાવી. સુરહીયાને બોલાવી નગરશેઠ કર્યો, તથા જે કણબણની રોટલી ઝુંટાવી લીધી હતી, તેણીને બોલાવી બાર ગામો આપ્યાં. ઘૃતની કુડલીઓવાળા વણિકને બોલાવી તેને સોરઠ દેશ આપ્યો, અને શુકનપાઠકને સાત ગામો આપ્યાં. જે જગોએ પેલો સોનામોહોરોવાળો ઉંદર મૃત્યુ પામ્યો હતો, તે જગોએ તેમણે ઉંદરવિહાર નામનું જિનાલય બંધાવ્યું. એવી રીતે જેણે જેણે ઉપકાર કર્યા હતા, તે સઘળાઓને બોલાવી કુમારપાળે તેમની યથોચિત ભક્તિ કરી. આટલું છતાં પણ દૈવયોગે તે હેમચંદ્રાચાર્યજીને વીસરી ગયા.

એ દહાડો હેમચંદ્રાચાર્યજીએ ઉદયન મંત્રીને બોલાવી કહ્યું કે, આજે કુમારપાળ રાજાની નવી રાણીના મેહેલમાં મધ્યરાત્રિએ પ્રાણઘાતક ઉપસર્ગ થવાનો છે, માટે આજે રાજાને ત્યાં જતા અટકાવજે; અને આ બાબતની જો રાજા વધુ પૂછપરછ કરે, તો અમારૂં નામ જણાવજે. ઉદયનમંત્રીએ પણ રાજાને રાત્રિએ ત્યાં જતા અટકાવ્યા, અને તેજ રાત્રિએ ત્યાં વીજળી પડવાથી તે રાણીનું મૃત્યુ થયું. તેજ વખતે રાજાએ ઉદયનને બોલાવી પૂછ્યું કે, હે મંત્રી! આવો ભવિષ્યજ્ઞાની ઉપકારી માણસ તમોને કોણ મળ્યો? કે જેણે મને આજે જીવિતદાન આપ્યું. તે સાંભળી મંત્રીએ કહ્યું કે, હે

Aho ! Shrutgyanam

રાજન્! અહીં શ્રીહેમચંદ્રાચાર્યજી પધાર્યા છે, અને તેમણે આ વાત જણાવ્યાથી મેં તમોને ત્યાં જતા અટકાવ્યા છે. તે સાંભળી રાજાએ અત્યંત હર્ષિત થઇ આચાર્યમહારાજને રાજસભામાં બોલાવ્યા. હેમચંદ્ર મહારાજ પણ તુરત ત્યાં ગયા, અને રાજાએ ઉભા થઇ તેમને વંદન કર્યું; અને હાથ જોડી આંખોમાં અશ્રુઓ લાવી કુમારપાળે કહ્યું કે, હે ભગવન્! આપને મુખ દેખાડતાં પણ મને લજ્જા થાય છે, કેમકે, આજદિનસુધિ મેં આપને સંભાળ્યા નહીં; વળી આજે અમૃતથી પણ જો આપના ચરણોને પખાળું તોપણ આપના ઉપકારનો બદલો મારાથી વળી શકે તેમ નથી. હે પ્રભુ! આપે પ્રથમથીજ મારાપર નિઃકારણ ઉપકાર કર્યો છે, અને આપનું તે કરજ હું ક્યારે અદા કરીશ? તે સાંભળી આચાર્યમહારાજે કહ્યું કે, હે રાજન્! હવે તમો દિલગિર ન થાઓ? તમોને ઉત્તમ પુરૂષ જાણીનેજ મેં ઉપકાર કર્યો છે હવે અમારા ઉપકારના બદલામાં ફક્ત તમે જૈનધર્મને આરાધો? એટલીજ અમારી આશિષ છે. તે સાંભળી રાજાએ કહ્યું કે, હે ભગવન્! આપની એ આશિષ તો મનેજ હિતકારી છે એમ કહી રાજાએ ત્યાં જૈનધર્મ અંગીકાર કર્યો.

ત્યારબાદ અનુક્રમે કુમારપાળે અઢાર દેશોને જીતી ત્યાં પોતાની આજ્ઞા વરતાવી. તેના રાજ્યમાં અગ્યાર હજાર હાથીઓ, અગ્યારલાખ ઘોડાઓ, તથા અઢાર લાખ પાયદળ હતું.

એક દહાડો કુમારપાળને પેલી જાનની વાત યાદ આવવાથી તે વૈર વાળવા માટે તેમણે લાડ જાતના સઘળા વણિકોને માર મારી નગરથી બહાર કહાડી મેલ્યા, અને ફક્ત દયા લાવી તેઓને જીવતા મેલ્યા. તેના રાજ્યમાં સઘળી પ્રજા દયાધર્મ પાળવા લાગી.

એક દહાડો કોઇક માણસે આવી કુમારપાળને કહ્યું કે, પ્રભાસપાટણમાં સોમનાથ મહાદેવનું દેવળ પડી ગયું છે, માટે તે આપ સમરાવો? તે સાંભળી રાજાએ એવું નિયમ લીધું કે, જ્યાંસુધિ એ દેવળ હું સમરાવું નહી, યાં સુધિ મારે માંસભક્ષણ કરવું નહી. છેવટે તે દેવળ સંપૂર્ણ થયા બાદ કુમારપાળ પાછું માંસભક્ષણ કરવા લાગ્યા. તે જોઇ એક દહાડો શ્રી હેમચંદ્રાચાર્યજીએ કુમારપાળને કહ્યું કે, હે રાજન્! તમોએ સોમનાથ મહાદેવના દેવળનો જીર્ણોદ્ધાર તો કર્યો, પણ હવે આપણે ત્યાં જઇએ, અને ત્યાંસુધિ તમારે માંસભક્ષણનું નિયમ કરવું. તે સાંભળી રાજાએ હર્ષિત થઇ ત્યાં જવા-

Aho ! Shrutgyanam

માટે પ્રયાણ કર્યું, અને હેમચંદ્રજી મહારાજને કહ્યું કે, આપ પણ આ પાલખીમાં બેસી ત્યાં મારી સાથે પધારશો? ત્યારે આચાર્યજીએ કહ્યું કે, હે રાજન! જૈન મુનિઓ વાહનપર બેસી મુસાફરી કરે નહી. માટે અમો પગે ચાલી શત્રુંજય અને ગિરનારની યાત્રા કરી ત્યાં આવીશું.

ત્યારબાદ રાજા ત્યાંથી પ્રયાણ કરી અનુક્રમે પ્રભાસપાટણમાં આવ્યા, તે સમયે હેમચંદ્રજી તો તેમની પેહેલાંજ ત્યાં આવી પહોંચ્યા હતા. એટલામાં કોઇક દ્વેષી બ્રાહ્મણે રાજાને કહ્યું કે, આ હેમચંદ્રજી મહાદેવને નમશે નહી. તે સાંભળી રાજાએ આચાર્યમહારાજને કહ્યું કે, સર્વ લોકો મહાદેવને જ્યારે નમે છે, ત્યારે તમો તેમને શામાટે નમસ્કાર કરતા નથી? ત્યારે આચાર્ય મહારાજે કહ્યું કે, હે રાજન્! મહાદેવ, બ્રહ્મા, વિષ્ણુ કે જિન, તેઓમાંથી જે કોઇ મોક્ષસુખ આપે છે. તેમને હું નમસ્કાર કરૂં છું. તે સાંભળી ખુશી થએલા રાજાએ પૂછ્યું કે, હે ભગવન્! આ જગતમાં છએ દર્શનવાળાઓની જૂદી જૂદી પ્રરૂપણા છે, તેથી કયો ધર્મ સાચો? તેની પરીક્ષા થઇ શકતી નથી. કોઇ કહે છે કે, શરીરને મલીન રાખવાથી ધર્મ થાય છે, કોઇ કહે છે કે, સ્નાન કરવાથી ધર્મ થાય છે, કોઇ કહે છે કે, નગ્ન રહેવાથી ધર્મ થાય છે, કોઇ કહે છે કે, શરીરે રાખ ચોળ્યાથી ધર્મ થાય છે, કોઇ કહે છે કે, કેશલુંચનથી ધર્મ થાય છે, અને કોઇ કહે છે કે, કેશ વધારવાથી ધર્મ થાય છે. માટે તેનો ખરો ખુલાસો મને સમજાવો, કે જેથી જૂઠા ધર્મનો ત્યાગ કરી સત્ય ધર્મને હું અંગીકાર કરૂં. તે સાંભળી હેમચંદ્રજી મહારાજે કહ્યું કે, હે રાજન્! તમો આ મહાદેવને પૂછો, અને તે જે ધર્મને સત્ય કહે, તે ધર્મને તમો આરાધો? શામાટે મનમાં ભ્રમ રાખો છો? કારણ કે, આ મહાદેવ કંઈ જૂઠું બોલે તેમ નથી. તે સાંભળી રાજાએ મહાદેવને નમસ્કાર કરી પૂછ્યું કે, હે ઇશ્વર! ખરો ધર્મ કયો છે? તે આપ પ્રકાશો? ત્યારે મહાદેવે પ્રત્યક્ષ થઇ કહ્યું કે હે રાજન્! આ હેમચંદ્રજી તમોને જે ધર્મ બતાવે, તે ધર્મનું તમો આરાધન કરો? અને તેમણે બતાવેલોજ ધર્મ સત્ય છે. આ હેમચંદ્રજી આ જગતમાં મોટા યોગીશ્વર તથા શીલધારી છે, અને તેમના કહેવા પ્રમાણે કરવાથી તમોને સુખસંપત્તિ થશે. તે સાંભળી કુમારપાળે આચાર્ય મહારાજને નમસ્કાર કરી કહ્યું કે, હે ભગવન્! આપે પ્રથમ જેમ મને પરસ્ત્રીનું નિયમ કરાવ્યું છે, તેમજ જીવિત પર્યંત આજથી મને માંસભક્ષણનું નિયમ કરાવો? એવી રીતે ત્યાં માંસભક્ષણનું નિયમ કરી રાજા પાટણમાં પધાર્યા.

Aho ! Shrutgyanam

એક દહાડો રાજાએ ત્યાં છએ દર્શનોના વિદ્વાનોને એકઠા કરી પૂછ્યું કે, આ જગત્માં કયો દેવ સાચો છે? ત્યારે કોઇએ કહ્યું કે વિષ્ણુદેવ સાચા છે, કોઇએ કહ્યું કે, મહાદેવ સાચા છે, કોઇ કહે કે બ્રહ્મા સાચા છે, અને કોઇ કહે કે આદિશક્તિ નામના દેવ સાચા છે. છેવટે રાજાએ હેમચંદ્રાચાર્યજીને પૂછ્યું કે, આપના દેવ કેવા છે? તેનું પણ સ્વરૂપ મને સમજાવો? તે સાંભળી આચાર્ય મહારાજે કહ્યું કે, જે દેવને રાગ, દ્વેષ વિગેરે અઢારે દોષો નથી તેજ અમારા દેવ છે. વળી હે રાજન્! જેણે કંચન, કામિનીનો ત્યાગ કર્યોછે, તથા જે આરંભરહિત શુદ્ધમાર્ગે ચાલે છે, તેજ ગુરૂ આ સંસારસમુદ્રથી તારનારા છે. તેમજ કેવલિભગવાને કહેલો જીવદયામય શુદ્ધ ધર્મ આરાધવાથીજ મોક્ષ મળે છે. આવી રીતનાં આચાર્ય મહારાજનાં વચનો સાંભળીને ખુશી થએલા કુમારપાળે કહ્યું કે, હે ભગવન્! હવે આપ મને તારો? ત્યારબાદ આચાર્યજીના ઉપદેશથી કુમારપાળ પોતાના મહેલમાં એક ઘરદેરાસર બંધાવી તેમાં શાંતિનાથ પ્રભુની મૂર્તિ સ્થાપી હમેશાં તેનું પૂજન કરવા લાગ્યા.

અનુક્રમે આ બાબતની બ્રાહ્મણોને ખબર પડવાથી, તેમના હૃદયમાં ઇર્ષારૂપી અગ્નિ બળવા લાગ્યો, અને તેથી તેઓએ મોટા આડંબરથી પોતાના ગુરૂ દેવબોધને ત્યાં તેડાવ્યા. દેવબોધ પણ પોતાના કેટલાક શિષ્યો સહિત ત્યાં આવી પહોંચ્યો. તેણે કેળના પત્રોની એક પાલખી બનાવી, અને કમળની નાળોના દાંડાઓ બનાવી, તેને કાચા સુતરના તાંતણાઓથી બાંધ્યા. તે પાલખી આઠ વર્ષની ઉમરના છોકરાઓએ પોતાના ખભાઓપર ઉપાડી હતી. એવી રીતની પાલખીમાં બેસીને તે દેવબોધ ત્યાં પાટણમાં આવ્યો. તે દેવબોધ ગારૂડી મંત્ર આદિક વિદ્યાઓનો પારંગામી હતો, તેમજ જયોતિષ્ શાસ્ત્ર, તર્ક શાસ્ત્ર વિગેરે શાસ્ત્રોનો પણ જાણકાર હતો. વળી અહંકારની પ્રબળતાથી તે પોતાના પેટપર પાટો બાંધી ફરતો હતો, તેમ પાંચસો પોઠીઆઓ ભરીને સાથે પુસ્તકો લાવ્યો હતો. અનુક્રમે રાજસભામાં આવી તે કુમારપાળને કહેવા લાગ્યો કે, હે રાજન્! મારી સાથે વાદ કરનાર જો કોઇ વિદ્વાન્ તમારા નગરમાં હોય, તો તેને બોલાવો? અને તે વાદમાં જો હું હારી જાઉં તો આ મારાં સઘળાં પુસ્તકો તેને સોંપી દેઉં, અને જો તે હારી જાય તો તેને મારો સેવક કરૂં. તે સાંભળી કુમારપાળ રાજાએ તુરત હેમચંદ્રાચાર્યજીને ત્યાં તેડાવ્યા, અને કહ્યું કે હે ભગવન્! આ દેવબોધ સાથે ધર્મવાદ કરવાનો છે; પણ આપ તો એકાકી છો, અને આ લોકો તો ઘણા છે, તેથી મને ડર રહે

Aho ! Shrutgyanam

છે. તે સાંભળી આચાર્ય મહારાજે કહ્યું કે, હે રાજન ! વનમાં જેમ સિંહ એકલો રહે છે, આકાશમાં જેમ સૂર્ય એકલો વિચરે છે, મોટા મોટા પર્વતોને જેમ એકજ વજ્ર તોડી પાડે છે, તથા એક શૂરો સુભટ જેમ સઘળી સેનાને હરાવે છે, તેમ હું એકાકી છું છતાં પણ તેઓને જીતવાને સમર્થ છું. તે સાંભળી રાજાએ આચાર્ય મહારાજને ધન્યવાદ આપ્યો.

ત્યારબાદ તે દેવબોધ તથા હેમચંદ્રાચાર્યજી વચ્ચે વાદ વિવાદ શીરૂ થયો. દેવબોધે જેટલી જેટલી સમસ્યાઓ પૂછી, તે સઘળીના આચાર્ય મહારાજે અસ્ખલિત ઉત્તરો આપ્યાથી, તેણે ગારૂડવિદ્યા ચલાવી. તે વિદ્યાના બળથી તેણે ત્યાં ભયંકર ઉંદરો આચાર્ય મહારાજપર મોકલ્યા, તે જોઇ આચાર્યજીએ પોતાના વિદ્યાબળથી ભયંકર સર્પો કર્યા. ત્યારબાદ તે સન્યાસીએ નોળીઆંઓને છોડ્યાથી તે સામે આચાર્યજીએ બિલાડાઓને મેલ્યા. એવી રીતે આચાર્યજીને મહા વિદ્યાવંત જાણી દેવબોધનું મુખ ઝાંખું થયું. તે સમયે રાજાએ પણ અવસર જોઇ દેવબોધને કહ્યું કે, વળી આપ આવતી કાલે પ્રભાતમાં પધારજો. કેમકે, આપની સાથે હજુ મારે ધર્મસંબંધિ કેટલીક વાતો કરવાની છે. તે સાંભળી તે સન્યાસી ત્યાંથી પોતાને સ્થાનકે ગયો, અને હેમચંદ્રજી પણ પોતાને ઉપાશ્રયે પધાર્યા.

બીજે દિવસે પ્રભાતમાંજ તે દેવબોધ પાછો રાજા પાસે આવ્યો, અને તેમને કહેવા લાગ્યો કે, હે રાજન્ ! સર્વથી પેહેલો ધર્મ શિવનો છે, અને બ્રાહ્મણો ગુરૂ છે, તથા સર્વથી નિર્મળ તીર્થ ગંગાનું છે. એવી રીતે કેટલીક વાતચિત કર્યાબાદ કુમારપાળ રાજા ઘરદેરાસરમાં પૂજા કરવાને ગયા. સન્યાસી પણ તેમની સાથેજ ગયો.

સ્નાન કર્યાબાદ રાજાએ નિર્મળ પાણીથી મહાદેવની પૂજા કરીને પાસે રહેલી જિનપ્રતિમાનું પૂજન કર્યું. તે જોઇ ક્રોધાયમાન થએલા સન્યાસીએ રાજાને કહ્યું કે, હે રાજન્ ! આ મહાદેવની મૂર્તિ પાસે વળી જિનપ્રતિમાને શામાટે સ્થાપન કરી છે? ચંપાના વનમાં જેમ આકડાનું વૃક્ષ, તથા હાથીની પાસે જેમ ગધેડો તેમ આ મહાદેવની મૂર્તિપાસે જિનપ્રતિમા શોભે નહીં. વળી ગંગાજળ તજીને કયો માણસ ખાળનું પાણી પીએ? અને દૂધપાક છોડીને રાબડી પીવાની કોણ ઇચ્છા કરે? તેટલામાટે હું કહું છું કે, હે રાજન્ ! સત્ય ધર્મ મહાદેવનો છે. એવી રીતે ઘણીવાર સમજાવ્યા છતાં પણ રાજાએ જ્યારે માન્યું નહીં, ત્યારે તે સન્યાસીએ ઇંદ્રજાળની વિદ્યાથી ત્યાં મહાદેવને

Aho ! Shrutgyanam

પ્રગટ કર્યા; અને તે મહાદેવ કુમારપાળ રાજાને કહેવા લાગ્યા કે, હે રાજન્! તું તારા પૂર્વજોનો ધર્મ છોડ નહીં? જગતમાં શૈવ ધર્મજ સાચો છે. ત્યારબાદ ઇંદ્રજાળની વિદ્યાથી રાજાના સાત પેહેડીના પૂર્વજો આવી તેમને કહેવા લાગ્યા કે, હે કુમારપાળ! તેં જૈનધર્મ અંગીકાર કરવાથી અમો સુગતિમાંથી નિકળી દુર્ગતિમાં પડીએ છીએ, માટે તે ધર્મ છોડીને શૈવધર્મને તું અંગીકાર કર? એટલું કહી તેઓ રડવા લાગ્યા.

આ સઘળો ચમત્કાર જોઇ રાજાના મનમાં ભ્રાંતિ થવાથી તેણે તુરત ઉદયન મંત્રિને બોલાવ્યો, અને સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો ત્યારે ઉદયન મંત્રીએ કહ્યું કે, આપ જરા પણ મનમાં ફીકર કરો નહીં, કેમકે હેમચંદ્રજી હજુ અહીં આપણી પાસેજ છે.

ત્યારબાદ ઉદયન મંત્રિએ આચાર્યજીને તે સઘળો વૃત્તાંત કહી સંભળાવતાં, તેમણે કહ્યું કે, આવતી કાલે પ્રભાતમાં અહીં રાજાને તેડી લાવજો.

બીજે દહાડે સૂર્યોદય વેળાએ કુમારપાળ રાજા મંત્રીસહિત આચાર્ય મહારાજ પાસે પધાર્યા. તે સમયે હેમચંદ્રજી સાત બાજોઠો ઉપરાઉપર ગોઠવીને તેપર આસન વાળીને બેઠા. પછી રાજાને આશ્ચર્ય પમાડવામાટે તેમણે તે સાતે બાજોઠો કહડાવી નાખ્યા, અને એવી રીતે અધર થઇને અંતરિક્ષમાં બેઠા. અને મધુર વાણીથી દેશના દેવા લાગ્યા કે, હે ભવ્ય લોકો! સર્વ જીવોપર દયા ધારણ કરો? કેમકે, દાન, દયા અને ઇંદ્રિઓનું દમન, એ મોક્ષસુખ આપનારાં છે. જેઓ અઢાર દૂષણોથી રહિત થઇ મોક્ષમાં ગએલા છે, તેઓજ ખરા દેવ છે; તેમ શુદ્ધ માર્ગનો ઉપદેશ આપી, તથા કષાયોનો ત્યાગ કરી જેઓ શુદ્ધ ભિક્ષાથી પોતાની આજીવિકા ચલાવે છે, તેઓજ આ સંસારસમુદ્રથી તારનારા ગુરૂ છે. માટે એવા સત્ય દેવગુરૂનો આદર કરીને, કુદેવ અને કુગુરૂના સંગનો ત્યાગ કરો? વળી હે કુમારપાળ રાજા! દુર્ગતિમાં પડતા જીવોને જે ધારણ કરે, તેનેજ ધર્મ કહીયે જે ધર્મમાં આરંભની પુષ્ટિ હોય, ગુરૂ પણ પરિગ્રહધારી હોય, અને દેવો પણ કષાયોવાળા હોય તેવા દેવ, ગુરૂ અને ધર્મ આ સંસાર સમુદ્રથી આપણને શી રીતે તારી શકે? એવી રીતનાં આચાર્યમહારાજના વચનો સાંભળીને કુમારપાળ રાજા અત્યંત હર્ષિત થયા.

ત્યારબાદ આચાર્યજીએ પોતાની વિદ્યાના બળથી ત્યાં ચોવીસે તીર્થંકરોને, તથા રાજાની એકવીશ પેહેડીના પૂર્વજોને પ્રત્યક્ષ કર્યા. તે સર્વ પૂર્વજો

Aho ! Shrutgyanam

ત્યાં કેસરચંદન લેઇને તીર્થંકરોની પૂજા કરવા લાગ્યા; અને કુમારપાળને આશિષ દેવા લાગ્યા કે, હે વત્સ! તેં જે આ જૈનધર્મને અંગીકાર કર્યો, તેથી અમો નરકમાંથી નિકળી સ્વર્ગમાં ગયા છીએ. ખરેખર ચિંતામણિ રત્ન સમાન આ જૈનધર્મ તારા હાથમાં આવ્યો છે, માટે હવે તે છોડીને બીજો પાખંડી ધર્મ અંગીકાર નહીં કરજે. આ જૈનધર્મને છોડીને જેઓ બીજો ધર્મ અંગીકાર કરે છે, તેઓને ઘણા કાળસુધિ નરક અને નિગોદમાં ભમવું પડે છે.

ત્યારબાદ તે જિનમૂર્તિઓ તથા રાજાના પૂર્વજો ત્યાંથી અદૃશ્ય થયા, એટલે રાજાએ તુરત હેમચંદ્રજીના ચરણોમાં મસ્તક નમાવી કહ્યું કે, હે ગુરૂરાજ! આજથી મેં શૈવાદિક ધર્મનો ત્યાગ કર્યો છે, અને ફક્ત જૈનધર્મજ મેં અંગીકાર કર્યો છે.

અનુક્રમે કુમારપાળ રાજાએ શ્રાવકના બારે વ્રતો અંગીકાર કર્યાં.

એક દહાડો કોઇ માણસે આવી કુમારપાળને કહ્યું કે, મેવાડમાં આવેલા સુખદીવ નામના ગામમાં એક વણિક વ્યાપારી વસે છે. તે વ્યાપારી પોતાના મસ્તકમાંથી જુંઓને કહાડીને મારી નાંખે છે. તે સાંભળી દયાળુ રાજાને ઘણો ક્રોધ ચડયો, અને તેણે પોતાના સુભટોને મોકલી તે વ્યાપારીને પોતાની પાસે તેડાવ્યો, અને કહ્યું કે, અરે દુષ્ટ! તું આવું પાપાચરણ શામાટે કરે છે? તે સાંભળી તે મૂર્ખ વણિકે કહ્યું કે, હે રાજન્! આપ ફોકટ શામાટે ગુસ્સો કરો છો? તે જુંઓ મને કરડે છે, અને તેથીજ હું તેઓને મારી નાંખુ છું. તે સાંભળી રાજાને અત્યંત ક્રોધ ચડવાથી તેમણે તે વણિકને મારી નાખવાનો હુકમ કર્યો. તે અવસરે મંત્રીએ રાજાને વિનંતી કરી કે, હે રાજન્! આપ કીડી, કુંથુઆ વિગેરેનું જ્યારે રક્ષણ કરો કર્યા? ત્યારે આ પંચેંદ્રિ જીવને શામાટે હણાવો છો? તે સાંભળી રાજાએ વણિકને ફરીથી તેવું કાર્ય નહીં કરવાનું કહી જતો મેલ્યો. પછી તે વણિકે પણ પોતાનું દ્રવ્ય ખરચી ત્યાં યૂકાવિહાર નામનું જિનમંદિર બંધાવ્યું. એવી રીતની કુમારપાળ રાજાની પ્રચંડ આજ્ઞાથી તેના રાજ્યમાં તમામ જીવહિંસા બંધ થઇ.

અનુક્રમે જ્યારે નવરાત્રિના દિવસો આવ્યા ત્યારે રાજાની કુળદેવીના પૂજારાઓ આવી રાજાને કહેવા લાગ્યા કે, હે સ્વામી! આપની કુળદેવી સાતમને દિવસે સાતસેં, આઠમને દિવસે આઠસેં, તથા નોમને દિવસે નવસેં, પાડા તથા બકરાઓને બળિદાનમાટે માગે છે. તે સાંભળી રાજાએ વિચાર્યું

Aho ! Shrutgyanam

કે, આવી રીતનું પાપકાર્ય કરવું, એ મને ઉચિત નથી. એમ વિચારિ તેમણે પૂજારીઓને કહ્યું કે, જ્યારે હું કીડીને પણ મારતો નથી, ત્યારે પાડા તથા બકરાઓને તે કેમ મારૂં? માટે તમો દેવીને જઇ સમજાવો કે, રાજાએ તો જૈનધર્મ અંગીકાર કર્યો છે, માટે તે પશુઓને મારશે નહીં, પણ જીવતાં પશુઓ જોઇશે તો આપશે.

રાજાનો એવી રીતનો વિચાર જાણી કુલદેવીને અત્યંત ક્રોધ ચડયો, અને રાજા જ્યાં સૂતો હતો ત્યાં આવી પહોંચી, તથા રાજાને કહેવા લાગી કે હે રાજા! અગાઉ તારા કોઇ પણ પૂર્વજે મારી આણ લોપી નથી, અને તું આજે મારી આજ્ઞા શામાટે લોપે છે? તે સાંભળી રાજાએ વિનયસહિત તેણીને કહ્યું કે, હે માતાજી! તમો સર્વેનું રક્ષણ કરનારાં છો, છતાં જીવહિંસા કરાવો છો, તે તમોને યોગ્ય નથી. તમો ફરમાવો તો તમારે માટે દૂધપાક, લાડુ વિગેરે પકવાન્ન તૈયાર કરાવું તે સાંભળી કુળદેવીએ કહ્યું કે, હે રાજન્! અમો હમેશાં માંસનુંજ ભક્ષણ કરીએ છીએ, માટે અમોને તારા પકવાન્નની કશી જરૂર નથી. ત્યારે રાજાએ કહ્યું કે, મને જીવહિંસા કરવાનું નિયમ છે, માટે તે મારૂં નિયમ હું તોડીશ નહીં, અને તેટલામાટે તમારે કંઇ પણ ખેંચતાણ કરવી નહીં.

તે સાંભળી કોપાયમાન થએલી કુલદેવીએ રાજાને તુરત કુષ્ટી બનાવ્યો. આથી રાજાનું શરીર અત્યંત રૂધિર અને પરૂથી વ્યાપ્ત થયું, તથા તેને ઘણીજ પીડા થવા લાગી. તે જોઇ રાજા વિચારવા લાગ્યા કે, મને મૃત્યુની કશી ફીકર નથી, પણ આથી કરીને જિનશાસનની જે હિલના થશે, તેથી મને અત્યંત ખેદ થાય છે. એમ વિચારી રાજાએ તુરત ઉદયન મંત્રિને બોલાવી સઘળો વૃત્તાંત કહ્યો. તે સાંભળી ઉ[illegible] મંત્રી ત્યાંથી તુરત શ્રીહેમચંદ્રજીપાસે ગયા, અને તેમને સઘળી બીના કહી [illegible]. ત્યારે હેમચંદ્રજીએ કહ્યું કે, હે મંત્રી! તમો જરા પણ ચિંતા કરો નહીં, એમ કહી તેમને જળ મંત્રીને આપ્યું, અને કહ્યું કે, આ જળમાંથી થોડું રાજાને પાજો, તથા બાકીનું જળ તેમના શરીરપર છાંટજો, એટલે તેમનો વ્યાધિ તુરત નાશ પામશે.

ત્યારબાદ મંત્રીએ તેમ કર્યાથી રાજાનો કુષ્ટ રોગ તુરત નાશ પામ્યો, અને શરીર નિર્મળ થયું તે જોઇ અત્યંત હર્ષિત થએલા કુમારપાળ રાજા પોતાના સૈન્ય સહિત મોટા આડંબરથી શ્રી હેમચંદ્રાચાર્યજીને વાંદવા માટે આવ્યા. ત્યાં આચાર્યમહારાજને વંદન કરી બેઠાબાદ તેમણે એક રડતી સ્રીનો

Aho ! Shrutgyanam

અવાજ સાંભળ્યો. ત્યારે રાજાએ મધુર સ્વરથી પૂછયું કે, આ સમયે અહીં કરૂણા રસવાળું રૂદન કોણ કરે છે? તે સાંભળી આચાર્ય મહારાજે કહ્યું કે, જેણીએ તમોને વેદના કરી હતી, તે તમારી કુલદેવીને અહીં બાંધીને લાવવામાં આવેલી છે, અને તે અહીં પોતાના પાપોનાં ફળો ભોગવે છે. ત્યારે રાજાએ હાથ જોડી ગુરૂમહારાજને વિનંતિ કરી કે, હે ભગવન્! તે બિચારી તો નિર્બળ સ્ત્રીજાતિ છે, અને આપ તો મહા પરોપકારી છો, માટે તેણીનાપર કૃપા લાવી તેણીને મુક્ત કરો? તે સાંભળી આચાર્યમહારાજે કહ્યું કે, હે રાજન્! તે તારી કુલદેવી જો આજથી માંસભક્ષણનો ત્યાગ કરે, અને તારા રાજમાં જે કોઇ ગુપ્ત રીતે હિંસા કરે, તેની ખબર પહોંચાડે, તોજ તેણીને હું બંધનમુક્ત કરૂં તે સાંભળી કુમારપાળ રાજા પોતાની કુલદેવી પાસે ગયા, અને તેણીને સમજાવવા લાગ્યા કે, આચાર્યમહારાજ જેમ કહે છે, તેમ જો તું કરે, તોજ તારાં આ બંધનપાસ છુટે તેમ છે. પછી તે કુલદેવીએ તેમ કરવાની કબુલાત આપ્યાથી તેણીને આચાર્યમહારાજે બંધનમુક્ત કરી.

એક દહાડો કુમારપાળ રાજા જ્યારે કાયોત્સર્ગ ધ્યાનમાં હતા, તે સમયે એક મંકોડો તેમના પગે આવીને ચોંટી રહ્યો. કાયોત્સર્ગ પાળીને તેમણે તે મંકોડાને ઉખેડવા માંડયો, પણ તે ઉખડયો નહી. ત્યારે દયાળુ રાજાએ તે જગોએથી પોતાનું માંસ છેદીને તે મંકોડાને દૂર કર્યો.

કુમારપાળ રાજાના સમયમાં પાટણમાં એક કુબેરદત્ત નામે બાર વ્રતધારી કરોડપતિ શ્રાવક વસતો હતો. એક દહાડો તે શ્રાવક પોતાના પાંચસો વહાણો ભરીને રત્નદ્વીપપ્રતે ચાલ્યો. દૈવયોગે માર્ગમાં તેના વહાણો સમુદ્રની વચ્ચે આવેલી પર્વતોની ખીણમાં દાખલ થયાં; તે જોઇ સઘળા ખલાસીઓ અત્યંત ચિંતાતુર થયા. તેઓએ ઘણા ઉપાયો કર્યા, પણ ત્યાંથી વહાણો આગળ ચાલી શકયાં નહી

એટલામાં કોઇ માણસે આવી તે કુબેરદત્ત શેઠને કહ્યું કે, આ પર્વતના શિખરપર એક જિનમંદિર છે, તે જિનમંદિરમાં એક નગારાંની જોડી છે. વળી તે પર્વતની ગુફાઓમાં કેટલાંક ભારંડ પક્ષિઓ વસે છે. હવે કોઇક માણસ જો આ પર્વતપર ચડી, ત્યાં જિનમંદિરમાં રહેલાં નગારાં વગાડે, તો ગુફામાના સર્વે ભારંડપક્ષીઓ ઉડે, અને તેઓના ઉડવાથી ઉત્પન્ન થએલા વાયુના વેગે કરીને આ સઘળાં વહાણો અહીંથી આગળ ચાલી શકે તેમ છે. તે શિવાય બીજો કોઇ પણ ઉપાય નથી. પણ તેમાં એટલું દુઃખ છે, કે જે મા-

Aho ! Shrutgyanam

ણુસ તે પર્વતપર જાય, તે ત્યાંજ રહે. તેના બચાવનો કોઇ પણ ઇલાજ નથી.

તે સાંભળી દયાળુ શેઠે વિચાર્યું કે, હુંજ તે કાર્ય કરૂં, કે જેથી આ સર્વ લોકોનો બચાવ થાય. એમ વિચારિ શેઠ પર્વતના શિખરપર ગયા, તથા ત્યાં જિનપ્રતિમાને નમસ્કાર કરી ચારે શરણા અંગીકાર કર્યા. વળી સાગારી અણુસણ કરીને તેણે ત્યાં રહેલાં નગારાં જોરથી વગાડ્યાં. નગારાંનો અવાજ થતાંજ ગુફાઓમાના ભારંડ પક્ષીઓ ઉડ્યાં, અને તે વાયુના વેગથી સર્વ વહાણો ત્યાંથી આગળ ચાલતાં થયાં, અને અનુક્રમે ભરૂચને કિનારે આવ્યાં.

અનુક્રમે તે બાબતની પાટણમાં ખબર મળવાથી સર્વ લોકો ચિંતાતુર થયા. તે વખતે સઘળા રાજ્યાધિકારિઓએ એકઠા થઇ કુમારપાળ રાજાને વિનંતિ કરી કે, હે સ્વામી! કુબેરદત્ત શેઠને કંઇ પણ સંતાન નથી, માટે તેની સઘળી દોલત આપ સ્વાધિન કરો? તે સાંભળી વ્રતધારી રાજાએ કહ્યું કે, એવી રીતનું દ્રવ્ય લેવું મને કલ્પે તેમ નથી. રાજ્યાધિકારીઓએ કહ્યું કે, આગળના થએલા સિદ્ધરાજ આદિક સર્વ રાજાઓએ અપુત્રિઆઓનું દ્રવ્ય લીધેલું છે, તો તેમ કરવામાં કશો અન્યાય નથી. તે સાંભળી કુમારપાળે કહ્યું કે, જેનો બાપ દીવાળીઓ થયો હોય, તેના પુત્રે પણ શું દીવાળીઆ થવું જોઇએ? માટે ન્યાયી રાજાએ કદાપિ પણ પરનું દ્રવ્ય લેવું જોઇએ નહી. એવી રીતે રાજાને નિશ્ચલ જાણી મંત્રીઓએ તેમને કહ્યું કે, હે સ્વામી! આપ તેનું દ્રવ્ય ગ્રહણ નહીં કરજો, પણ તેના ઘરમાં એક ભવ્ય જિનમંદિર છે, તેનાં દર્શન કરવા ચાલો? તે સાંભળી રાજા હર્ષિત થઇને કુબેરદત્તને ઘેર ગયા. ત્યાં રત્નજડિત સુવર્ણના સ્તંભોવાળું જિનમંદિર જોઇ રાજાને અત્યંત આહ્લાદ થયો. કુબેરદત્તની માતા ગુણશ્રીને પુત્રવિયોગના દુઃખથી રડતી જોઇને દયાળુ કુમારપાળ રાજાએ તેણીને દિલાસો આપી કહ્યું કે, હે માતાજી! જૈનધર્મના પસાયથી તમારો પુત્ર અહીં કુશલક્ષેમે આવશે, તેની તમો જરા પણ ચિંતાફિકર કરો નહી.

એવી રીતે જેટલામાં રાજા તેણીને દિલાસો આપે છે, તેટલામાંજ કુબેરદત્ત શેઠ વિમાનમાં બેસી ઘણી ઋદ્ધિ સહિત આકાશ માર્ગે ત્યાં આવી પહોંચ્યો, અને રાજાને પોતાને ઘેર આવેલા જોઇ, ધન્ય માની નમસ્કાર કર્યો. કુબેરદત્તને કુશલક્ષેમે આવેલો જોઇ સઘળા કુટુંબિઓના હર્ષનો તો પાર પણ રહ્યો નહી.

ત્યારબાદ રાજાએ કુબેરદત્તને સઘળો વૃત્તાંત પૂછવાથી તે કહેવા લાગ્યો

Aho ! Shrutgyanam

કે, હે સ્વામી ! હું ત્યાં શ્રી અરિહંતપ્રભુનું ધ્યાન ધરતો થકો પર્વતપર ફરવા લાગ્યો, એટલામાં એક કુવો મારી દૃષ્ટિએ પડયો. તે કુવામાં ઉતરી તપાસ કરતાં તેમાં એક બારી મારા જોવામાં આવી. તે બારીમાં દાખલ થઇ જેટલામાં હું આગળ ચાલું છું, તેટલામાં તો એક વિશાળ નગર મારી દૃષ્ટિએ પડયું, પણ તે નગરમાં મેં કોઇ પણ સ્ત્રી યા પુરૂષને જોયો નહીં. હિમ્મત ધરીને આગળ ચાલતાં એક વિશાળ રાજમેહેલ જોવાથી, તે મેહેલપર હું ચડયો, અને ત્યાં છેક સાતમા માળપર મેં એક કુમારિકાને હિંચોળાપર ઝુલતી જોઇ. તેણીને જોતાંજ મેયા હું વિચારમાં પડયો કે, આવાં નિર્જન અને ભયંકર સ્થાનમાં આ કુમારિકા અહીં એકાકી શા કારણથી રહેલી હોશે? તે બાલિકા પણ મને જોઇને પ્રથમ તો ભયભીત થઇ, પણ પાછળથી તેણીનો ચેહેરો આનંદયુક્ત થએલો મને જણાયો. ત્યારબાદ મેં તેણીને પૂછવાથી તેણીએ પોતાના કરૂણાજનક વૃત્તાંતનો પ્રારંભ કર્યો કે, હે સુપુરૂષ! આ તિલકાપુરી નામની એક પાતાલ નગરી છે, કે જેનો પાતાલકેતુ નામે રાક્ષસવંશનો અધિપતિ છે. કર્મયોગે તે રાજાની સુબુદ્ધિ નષ્ટ થવાથી તે માંસાહારી થયો હતો. એક દહાડો તે રાજાએ વનમાં જઇ કોઇક પ્રાણીનો શિકાર કરી, તેનું માંસ પકાવવા માટે રસોઇઆને હુકમ કર્યો. રસોઇઆએ પણ તેના હુકમને આધિન થઇ તે માંસ પકાવ્યું, પણ તેટલામાં એક બિલાડી તે પકાવી તૈયાર કરેલા માંસને ઉઠાવી ચાલતી થઇ. રાજાના ભયથી ચિંતાતુર થએલ રસોઇઆએ એક મૃત્યુ પામેલા બાળકની લાસમાંથી માંસ કહાડીને, તે પકાવી રાજાને પીરસ્યું. તે માંસ ખાતાં થકાં અત્યંત સ્વાદ પડવાથી રાજાએ રસોઇઆને પૂછયું કે, આજે આ માંસમાં આટલોબધો સ્વાદ કેમ છે? તે સાંભળી રસોઇઆએ બનેલો સઘળો વૃત્તાંત રાજાને કહી સંભળાવ્યો. ત્યારથી સ્વાદમાં લંપટ થએલો રાજા હમેશાં પોતાની પ્રજામાંથી એકેક બાળકનું હરણ કરવા લાગ્યો, અને તે અનર્થને જોઇ નગરના સર્વ લોકો નાશી જવાથી આ નગરી ઉજ્જડ થએલી છે. હું તે રાજાની પુત્રી છું, અને તેથી જીવતી રહેલી છું. વળી હવે તે મારા પિતાનો આવવાનો સમય થયો છે, માટે તને અહીં રહેલો જોઇને તે ખરેખર હણશે. તોપણ જો તું મને પરણવાનું વચન આપે, તોજ તારો છુટકારો થઇ શકે તેમ છે. તે સાંભળી મેં તે વાત કબુલ કર્યાથી તેણીએ મને એક પુષ્પોના ઢગલા નીચે છુપાવી રાખ્યો. એટલામાં તો તે દુષ્ટ રાક્ષસ ત્યાં આવી ચડયો, અને પોતાની પુત્રીને કહેવા લાગ્યો કે, આ



Aho ! Shrutgyanam

કોઇક મનુષ્યની મને ગંધ આવે છે. તે સાંભળી કુમારિકાએ કહ્યું કે, હે પિતાજી! એવો નિર્ભાગી માણસ કોણ હોય કે, જે આપના પંજામાં ફસાવાને અહીં આવી ચડે? વળી આપના ત્રાસથી જ્યારે હવે અહીં કોઇ પણ મનુષ્યના આવવાનો અસંભવ છે, ત્યારે હું પણ કુમારીજ રહીશ, અને આમ ઝુરી ઝુરીને મારા પણ પ્રાણ જશે એટલું કહી તે રડવા લાગી. વળી આંખોમાં ઘણાં આંસુ લાવી કહેવા લાગી કે, હે પિતાજી! હું તમોને એકનીએક વહાલી પુત્રી છું, અને તે પણ હવે ભરતારવિના દુઃખ પામું છું, કેમકે આ જગતમાં ભરતારવિનાની સ્ત્રી જગો જગોએ અપમાન પામે છે, તથા હમેશાં ચિંતાતુર રહે છે; અને તે સઘળું પાપ તેણીના માતાપિતાને ભોગવવું પડેછે. વળી તેટલામાટેજ આજે હું લજ્જા છોડીને આપને રડીને વિનંતિ કરૂં છું. કેમકે રડ્યાવિના બાળકને પણ તેની માતા ધવરાવતી નથી.

પુત્રીના એવી રીતના કરૂણાજનક વચનો સાંભળીને રાજા કહેવા લાગ્યો કે, હે પુત્રી! મેં ઘણી શોધ કરી, પણ તારા લાયક કોઇ પણ વર મળતો નથી. તે સાંભળી અવસરને જાણનારી પુત્રી કહેવા લાગી કે, આપને તેવો વર તે ક્યાંથી મળે? કેમકે જે કોઇ આપને મળે, તેને તો આપ ભક્ષણ કરવાની તૈયારી કરો છો! તે સાંભળી રાજાએ કહ્યું કે, હે પુત્રી! તને જો કોઇ વર મળતો હોય, તો તેનું હું સોગનપૂર્વક ખરેખર ભક્ષણ કરીશ નહીં, માટે જો તેવો પુરૂષ કોઇ હોય, તો તે મને બતાવ? એવી રીતે સોગનપૂર્વક રાજાએ કહ્યાથી તેણીએ તુરત મને પ્રગટ કર્યો તેજ સમયે રાજાએ પોતાની કન્યાનો હાથ મારા હાથસાથે મેળવી ત્યાં લગ્ન કર્યાં. વળી મારા ઉપદેશથી તે રાજાએ ત્યારથી માંસભક્ષણનો ત્યાગ કર્યો.

ત્યારબાદ તેણે મને અત્યંત ઋદ્ધિ આપી વિમાનમાં બેસાડી પોતાની પુત્રીસહિત અહીં મોકલ્યો છે. એવી રીતે હે રાજન્! પુણ્યના પસાયથી હું અહીં કુશલક્ષેમે આવેલો છું. તે સાંભળી કુમારપાળ રાજાએ કહ્યું કે, હે શ્રેષ્ઠી! હું અહીં તમારાં જિનમંદિરના દર્શન કરવામાટે આવ્યો હતો, અને તમોને ધર્મપસાએ કુશલક્ષેમે પાછા આવેલા જોઇ મને અત્યંત હર્ષ પ્રાપ્ત થયો છે.

એવી રીતે શેઠની પ્રશંસા કરી રાજા પોતાને સ્થાનકે ગયા.

કુમારપાળની એક બેહેનના માળવાના અર્ણોરાજા સાથે લગ્ન કર્યાં હતાં. એક દહાડો તે અર્ણોરાજાએ અહંકાર લાવી હેમચંદ્રાચાર્યની તથા કુમારપા-

Aho ! Shrutgyanam

ળની નિંદા કરી. તે સાંભળી કુમારપાળની બેહેનને ઘણું માઠું લાગ્યું, અને તેણીએ કુમારપાળપાસે આવી તે વૃત્તાંત કહી બતાવ્યાથી કુમારપાળને ઘણો ક્રોધ ચડયો. અને મોટું લશ્કર લેઇ તેણે માળવાપર ચડાઇ કરી અર્ણોરાજાને કેદ કર્યો. છેવટે તેને સમજાવી કુમારપાળે જૈનધર્મી કર્યો, અને તેનું રાજ્ય તેને પાછું સોંપ્યું.

કુમારપાળે એવું નિયમ ગ્રહણ કર્યું હતું કે, ચતુર્માસમાં મારે કોઇસાથે પણ લડાઇ કરવી નહીં; એક દહાડો તે અવસર જોઇ ગીજનીના મુગલબાદશાહે ચતુર્માસમાં કુમારપાળના રાજનગરને ઘેરો ઘાલ્યો. તે વખતે કુમારપાળ પોતાના નિયમને અનુસરી તેની સામે થયો નહીં. આથી નગરના સર્વ લોકો ચિંતાતુર થયાં, અને ઉદયન મંત્રીને કહેવા લાગ્યા કે, હવે તો અમારો ખરેખર વિનાશ થશે. તે સાંભળી ઉદયન મંત્રી તેઓને ધીરજ આપી હેમચંદ્રજી મહારાજ પાસે ગયો, અને હાથ જોડી તેમને કહેવા લાગ્યો કે, હે ભગવન્! મુગલ રાજાએ પાટણને ઘેરો ઘલ્યો છે, અને રાજાને ચતુર્માસમાં લડવાનો નિયમછે, તેથી નગરના સર્વ લોકો ગભરાટમાં પડ્યા છે, માટે આપ કૃપા કરી શાસનની ઉન્નતિ માટે કંઇક ઉપાય કરો? તે સાંભળી આચાર્યમહારાજે શાસનની ઉન્નતિ માટે ચક્રેશ્વરી દેવીનું આરાધન કર્યું. તેજ વખતે ચક્રેશ્વરી દેવીએ પ્રગટ થઇ કહ્યું કે, હે ગુરૂજી! આપે મને શા માટે સંભાળી? ત્યારે ગુરૂમહારાજે કહ્યું કે, કુમારપાળ રાજાને ચતુર્માસમાં લડાઈ કરવાનું નિયમ છે, અને આ મુગલ બાદશાહે પાટણને ઘેરો ઘાલ્યો છે, માટે જેમ શાસનની ઉન્નતિ થાય તેવું કાર્ય કરો? તે સાંભળી ત્યાંથી ચક્રેશ્વરી દેવી બાદશાહના તંબુમાં ગઇ, અને ત્યાં નિદ્રામાં પડેલા બાદશાહને તેના ઢોલીયા સહિત ઉપાડીને કુમારપાળ રાજાની પાસે મેલ્યો.

જાગ્યાબાદ બાદશાહે વિચાર્યું કે, અહો! આ રાજાને દેવોની મદદ છે, માટે હું તેને જીતી શકીશ નહીં. વળી હવે આ રાજા મને અહીંથી જીવતો પણ કેમ જવા દેશે? એવી રીતે ચિંતાતુર થએલા બાદશાહને કુમારપાળે હિમ્મત આપી કહ્યું કે, અમો ચૌલુક્યવંશી રજપૂતો તમારા જેવા શરણે આવેલા રાજાઓને મારતા નથી, માટે તમારે જરાપણ ફિકર કરવી નહી. તે સાંભળી ખુશી થએલા બાદશાહે કહ્યું કે, હે કુમારપાળ! આજથી તમો મારા પરમ સ્નેહી મિત્ર છો, અને તમારા આ જીવિતદાનરૂપ ઉપકારને હું કદી પણ વિસરનાર નથી ત્યારબાદ તે બાદશાહ પોતાનું લશ્કર ત્યાંથી ઉપાડીને ગીજની

Aho ! Shrutgyanam

આવ્યો.

એક દિવસે કુમારપાળ રાજા જ્યારે શ્રી હેમચંદ્રજી મહારાજને વાંદવા આવ્યા, ત્યારે આચાર્યમહારાજે એક ખાદીનો ચોફાળ ઓઢયો હતો તે જોઇ કુમારપાળે આચાર્યજીને કહ્યું કે, હે ભગવન્! મારા જેવા આપના ભક્ત હોવા છતાં આપે જે આવો ખાદીનો ચોફાળ ઓઢયો છે, તેથી મને ઘણી શરમ લાગે છે. તે સાંભળી આચાર્યમહારાજે કહ્યું કે, હે રાજન્! હું આજે એક ગરીબ શ્રાવકને ઘેર જ્યારે ગોચરી માટે ગએલો હતો, ત્યારે તે શ્રાવકે મને ઘણા ભાવથી આ ખાદીનો ચોફાળ વોરાવ્યો છે. અમો મુનિઓને ખાદી અને રેશમી ચીર એ બન્ને તુલ્યજ છે; કેમકે, જે માણસ ભાવથી રાબડી પણ અમોને આપે છે, તે અમોને દૂધપાક સમાનજ છે વળી હે રાજન્! તમોને ધર્મપસાએ જ્યારે લક્ષ્મી મળી છે, ત્યારે તમારા સ્વધર્મી ભાઇઓ જે દ્રવ્યહીન રહી સંસારની વિટંબના ભોગવે, એ ઉચિત નથી. માટે તમારે સઘળા સ્વધર્મીઓને દ્રવ્ય વિગેરેની મદદ કરવી જોઇએ તે સાંભળી રાજાએ પોતાના સ્વધર્મીઓને દ્રવ્ય આદિકની ઘણી મદદ કરી.

એક દિવસે કુમારપાળ રાજાને એવા ખબર મળ્યા કે, સોરઠ દેશના સગર નામના રાજાએ ગુપ્ત રીતે બકરાનો વધ કરેલો છે. તેથી તેણે પોતાના મંત્રી ઉદયનને હુકમ કર્યો કે, તમારે લશ્કર લેઇ જઇ સગર રાજા સાથે લડાઇ કરવી, અને તેને મારી તેનું મસ્તક અહીં મને મોકલાવવું તે સાંભળી ઉદયન મંત્રી ત્યાંથી મોટું લશ્કર લેઇ ચાલ્યા. માર્ગમાં શત્રુંજય તીર્થની યાત્રા કરી તેણે એવું નિયમ કર્યું કે, મારે આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવવો. છેવટે સોરઠ જઇ સગર રાજાને મારી તેનું મસ્તક કુમારપાળને મોકલ્યું, પણ સંગ્રામમાં ઉદયન મંત્રીને ઘણા ઘા લાગવાથી ત્યાં તેનું મૃત્યુ થયું. મૃત્યુ સમયે તેણે પોતાના માણસોને બોલાવી કહ્યું કે, મેં શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરવાનું નિયમ લીધું છે, માટે તે વાત તમારે મારા પુત્રને નિવેદન કરવી; તથા આ સમયે જો કોઇ મુનિરાજનો મને સમાગમ થાય, તો મારી ગતિ વિશેષ પ્રકારે સુધરે. તે સાંભળી માણસોએ આસપાસ તપાસ કરી, પણ કોઇ મુનિરાજ નહી મળવાથી તેઓ એક ઉલંઠ માણસને સાધુનો વેષ પહેરાવી ઉદયન મંત્રી પાસે તેડી લાવ્યા. તે વેષધારી મુનિને જોઇ ઉદયનમંત્રીએ સમાધિ પૂર્વક કાળ કર્યો. ત્યાર બાદ તે વેષધારી ઉલંઠ માણસે વિચાર્યું કે, જે વેષથી મને ઉદયન જેવા મંત્રીશ્વરે પણ નમસ્કાર કર્યો, તે વેષને હવે મારે શામાટે તજવો જોઇએ ?

Aho ! Shrutgyanam

વળી આ વેષથી છેવટે હું આ ભવરૂપી સમુદ્રનો પાર પામીશ. એમ વિચારિ તેણે શુદ્ધ ચારિત્ર પાળવા માંડયું.

હવે અહીં ઉદયન મંત્રીના શબનો અગ્નિસંસ્કાર કરી વિજય મેળવી સઘળું લશ્કર પાટણમાં આવ્યું, અને ઉદયનના પુત્ર બાહડને બોલાવી લશ્કરના માણસોએ તેના પિતાએ લીધેલા નિયમથી તેને વાકેફ કર્યો. અહીં કુમારપાળ રાજાએ પણ ઉદયનની જગોએ તેના પુત્ર બાહડને સ્થાપ્યો. ત્યાર બાદ બાહડે ઘણું દ્રવ્ય ખરચી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કર્યો. તે ઉદ્ધાર થએલો જાણી ત્યાં ઘણા લોકો યાત્રા કરવા માટે આવ્યા. ત્યાં જ્યારે ભંડાર માટે ટીપ કરવામાં આવતી હતી, ત્યારે ટીમાણા નામના ગામનો રહેવાસી ભીમ નામનો એક ગરીબ પણ અત્યંત ભાવિક શ્રાવક ત્યાં આવી ચડયો. બાહડ મંત્રીએ તેને ઘણો ભાવિક જાણી પોતાની પાસે બેસાડયો. ત્યારે તે શ્રાવક કહેવા લાગ્યો કે, હે મંત્રીરાજ! હું ટીમાણા નામના ગામનો રહેવાસી મહા દળિદ્રી ભીમડો નામે શ્રાવક છું. મારી પાસે ફક્ત છ દ્રામની મૂડી છે, અને તે મૂડીમાંથી ઘીનો વેપાર કરી મહામુશ્કેલીથી હું મારૂં ગુજરાન ચલાવું છું. આજે મને ઘણો ભાવ આવવાથી મેં તેમાંથી એક દ્રામ વટાવી એક આનાના તો પ્રભુને પુષ્પો ચડાવ્યાં છે, અને બાકીના સાત આના તેમાંથી જે વધ્યા છે, તે હું અત્યંત ભાવથી આ ભંડારની ટીપમાં આપું છું. તે સાંભળી બાહડમંત્રીએ વિચાર્યું કે, ધન્ય છે આ ભાવિક શ્રાવકને! કે જેણે પોતાની અલ્પ મૂડીમાંથી પણ ધર્મમાર્ગે દ્રવ્ય ખરચી લાવો લીધેલો છે. એમ વિચારિ બાહડમંત્રીએ ભીમ શ્રાવક પાસે પાંચસો સોનામોહોરો મૂકી હાથ જોડી કહ્યું કે, આપ આ ગ્રહણ કરો? તે સાંભળી ભીમ શ્રાવકે કહ્યું કે, હે મંત્રીરાજ! મને તે લેવાનું નિયમ છે, એમ કહી તે ત્યાંથી ચાલ્યો ગયો.

માર્ગમાં ચાલતાં ભીમને ચિંતા થઇ કે, આજે મેં જે એક દ્રામ ખરચી નાખ્યો છે, તેથી મારી સ્ત્રી મારીસાથે કલેશ કરશે; કેમકે તે કુજાત છે. એવી રીતે ચિંતાતુર થયો થકો અનુક્રમે તે પોતાને ઘેર આવ્યો, અને સઘળી હકીકત તેણે પોતાની સ્ત્રીને કહી સંભળાવી. તે દિવસે ભીમના પુણ્યને યોગે તે સ્ત્રી પણ અમૃતસરખી વાણીથી કહેવા લાગી કે, હે સ્વામી! આપનું તેટલું દ્રવ્ય પણ ઉત્તમ જાણવું, કે જે ધર્મકાર્ય માટે ખરચાણું.

એક દિવસે તે ભીમ શ્રાવક ગાયને બાંધવામાટે પોતાના ઘરપાસે જ્યારે ખીલો ખોડવા લાગ્યો, ત્યારે જમીનમાંથી પાંચહજાર સોનામોહોરોથી ભરેલો

Aho ! Shrutgyanam

એક કળશ નિકળ્યો. તે જોઇ તેણે વિચાર્યું કે, આવી રીતનું દ્રવ્ય લેવું મારે કલ્પે નહીં, તેથી તે દ્રવ્ય લેઇને તે શત્રુંજયઉપરે બાહડમંત્રીપાસે ગયો, અને તેને તે દ્રવ્ય આપ્યું. તે જોઇ બાહડમંત્રીએ વિચાર્યું કે, ખરેખર આ ભાગ્યશાળી ભીમ અલ્પસંસારી છે. એમ વિચારિ તેણે ભીમને કહ્યું કે, હે ભાગ્યશાળી! તારાં પુણ્યપસાયથી તને આ દ્રવ્ય મળ્યું છે, માટે તે તારેજ ગ્રહણ કરવું, અને આ દ્રવ્ય લેવામાં તમોને કશું પણ લાંછન નથી. તે સાંભળી ભીમે કહ્યું કે, હે મંત્રીરાજ! મને અદત્તાદાન લેવાનું નિયમ છે, માટે હું તે દ્રવ્ય ગ્રહણ કરીશ નહી. એટલામાં ત્યાં કવડયક્ષે પ્રગટ થઇ ભીમને કહ્યું કે, હે ઉત્તમ શ્રાવક! આ દ્રવ્ય તમારૂંજ છે, અને તે લેવાથી તમારાં વ્રતનું ખંડન થશે નહીં. તે સાંભળી ખુશી થઇ ભીમે તે દ્રવ્ય અંગીકાર કર્યું.

હવે અહીં બાહડમંત્રી શત્રુંજયપર શ્રી ઋષભદેવ પ્રભુના મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય પ્રારંભી પાટણમાં ગયા. અનુક્રમે તે મંદિર બંધાઇ તૈયાર થવાની એક માણસે તેમને પાટણમાં જઇ વધામણી આપી; તે વધામણીથી ખુશી થએલા મંત્રિએ તે માણસને બત્રીસ સુવર્ણની જીભો આપી. એટલામાં એક બીજા માણસે આવી કહ્યું કે, હે મંત્રિરાજ! આપે બંધાવેલું તે મંદિર પડી ગયું. તે સાંભળી તે માણસને મંત્રીએ ચોસઠ સોનાની જીભો આપી. તે જોઇ કોઇ માણસે મંત્રીને સવાલ કર્યો કે, આપે જિનમંદિર સંપૂર્ણ થયાની વધામણી આપનારને જે બત્રીસ સુવર્ણની જીભો આપી તે તો યોગ્ય હતું, પણ તે જિનમંદિર પડી જવાની ખબર આપનારને વળી તેથી બમણી સુવર્ણ જીભો આપી, તે આશ્ચર્યકારક છે! તે સાંભળી મંત્રીએ કહ્યું કે, જિનમંદિર પડી જવાની ખબર મારી હયાતીમાંજ મને મળી, તેથી હું તે ફરીને પણ પાછું કરાવીશ, અને તેથીજ મારા મનમાં હર્ષ થયો છે, અને તે હેતુથીજ મેં તે માણસને બમણી સુવર્ણજીભો આપેલી છે.

ત્યારબાદ બાહડમંત્રી તુરત શત્રુંજયપર પાછા આવ્યા, અને જિનમંદિર પડી જવાનું કારણ શલાટને પૂછવા લાગ્યા. ત્યારે શલાટે કહ્યું કે, હે સ્વામી! ભમતીમાં પવન ભરાવાથી તે પડી ગયું; માટે જો તે પવનને નિકળવામાટે ચતુર્મુખદ્વારવાળું થાય તો પડે નહીં; પણ તેમ કરવાથી તે કરાવનારના સંતાનની વૃદ્ધિ ન થાય. તે સાંભળી બાહડમંત્રીએ સલાટને કહ્યું કે, મારે સંતાનની કશી જરૂર નથી, માટે તું ચતુર્મુખદ્વારવાળુંજ જિનમંદિર ફરીને બનાવ?

Aho ! Shrutgyanam

ત્યારબાદ સલાટે તેનું જિનમંદિર બાંધી તુરત તૈયાર કર્યું, અને મહોત્સવપૂર્વક ત્યાં શ્રી હેમચંદ્રજી મહારાજે પ્રતિષ્ઠા કરી.

ભરૂચ શેહેરમાં નર્મદા નદીના કિનારાપર પૂર્વે એક સમળી બેઠેલી હતી, ત્યાં કોઇક શિકારિએ તેણીને તીર માર્યું. તે વખતે તે સમળીને કોઇક શ્રાવકે નવકારમંત્ર સંભળાવ્યાથી ત્યાંથી મૃત્યુ પામીને તે શુકરાજાને ઘેર કન્યાતરિકે જન્મી. ત્યાં તેણીને જાતિસ્મરણ જ્ઞાન થવાથી તેણીએ ભરૂચમાં તેજ જગોએ સામળીઆ વિહાર નામનું એક વિશાળ જિનમંદિર બંધાવ્યું. કાળના ઘસારાથી તે જિનમંદિર જીર્ણ થવાથી ઉદયન મંત્રિના બીજા પુત્ર આંબડે તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો, અને તેમાં સંવત ૧૨૨૦ ની સાલમાં શ્રી હેમચંદ્રજી મહારાજે શ્રી મુનિસુવ્રત સ્વામિજીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

એક દહાડો કુમારપાળ રાજાએ હેમચંદ્રજી મહારાજના મુખથી શત્રુંજય તીર્થનો મહિમા સાંભળ્યો, અને તેથી મોટા આડંબરથી સંઘ કહાડીને તેમણે શત્રુંજય તીર્થની યાત્રા કરી.

એક દહાડો કુમારપાળ રાજાની સભામાં શ્રી હેમચંદ્રાચાર્ય પોતાના શિષ્યો સહિત બેઠા હતા; તે સમયે ત્યાં કેટલાક બ્રાહ્મણ પંડિતો પણ બેઠા હતા. કુમારપાળે આચાર્યમહારાજને પૂછ્યું કે હે ગુરૂરાજ! આજે કઇ તિથિ છે? તે સાંભળી આચાર્યજીએ તે દિવસે અમાવાસ્યા છતાં પ્રમાદથી પુનેમ કહી. તે સાંભળી બ્રાહ્મણ પંડિતો હસીને કહેવા લાગ્યા કે, હે રાજન્! આપના ગુરૂજી હવે વૃદ્ધ થયા, તેથી તેમની બુદ્ધિમાં હવે ફેરફાર થએલો છે. કેમકે, આજે તો સ્પષ્ટ રીતે અમાવાસ્યા છે, છતાં આપના ગુરૂજીએ પુનેમ કહી છે. તે સાંભળી રાજાના મનમાં પણ સંદેહ થયો, અને તેથી તે મૌન રહ્યા. રાજાને સંદેહ થએલો જાણી આચાર્ય મહારાજે કહ્યું કે હે રાજન્! આજ રાત્રિએ આપ તપાસ કરજો, અને તેથી આપને ખાતરી થશે કે, આજે અમાવાસ્યા નથી, પણ પુનેમ છે. તે સાંભળી બ્રાહ્મણોએ વિચાર્યું કે, આજે હેમચંદ્રજીને જૂઠા પાડવાનો ખરો અવસર આવ્યો છે.

ત્યારબાદ ઉપાશ્રયે જઇ આચાર્ય મહારાજે વિચાર્યું કે, કહેતાં તો કહેવાયું, પણ હવે જો તે વાત સત્ય થાય, તોજ જૈન શાસનનો મહિમા રહે તેમ છે. એમ વિચારિ તેમણે શાસનદેવીનું આરાધન કરી સઘળો વૃત્તાંત તેણીને કહી સંભળાવ્યો. તે સાંભળી શાસનદેવીએ કહ્યું કે, હે ગચ્છરાજ! તમો જરા પણ ચિંતા કરો નહી, હું આજે સંપૂર્ણ ચંદ્રનો ઉદ્યોત કરીશ, કે જેથી

Aho ! Shrutgyanam

જૈન શાસનનો મહિમા વૃદ્ધિ પામશે, અને તે ઇર્ષાળુ બ્રાહ્મણોના મુખો ઝાંખાં થશે.

પછી રાત્રિએ શાસન દેવીએ સંપૂર્ણ ચંદ્રનો આકાશમાં ઉદ્યોત કર્યો, અને તેની આસપાસ બાર જોજન સુધિ તેનો પ્રકાશ પડયો. તે જોઇ રાજાના મનમાં અત્યંત આનંદ થયો, અને બ્રાહ્મણો ઝંખવાણા થયા. પ્રભાતે આચાર્ય મહારાજે સકળસંઘની સમક્ષ તે અસત્ય ભાષણ માટેની આલોચના લીધી, અને કહ્યું કે, ફક્ત જિનશાસનની લજ્જા રાખવા માટે મારે જે આ અસત્ય. બોલવું પડયું છે, તે માટે હું સકળસંઘની સમક્ષ "મિચ્છામિ દુક્કડ" દેઉંછું

એક દહાડો કુમારપાળ રાજાએ હેમચંદ્રજી મહારાજને વંદન કરી કહ્યું કે, હે ભગવન્! આપે આજદન સુધિ મારાપર ઘણોજ ઉપકાર કર્યો છે, તોપણ કૃપા લાવી હજુ મારાપર એક ઉપકાર કરો? અને તે એ કે, આપ મને સુવર્ણસિદ્ધિ આપો? કે જેથી આ પૃથ્વીપરના સર્વ લોકોને હું અનૃણ કરૂં. વળી તેમ કરવાથી જૈન શાસનની શોભામાં પણ વૃદ્ધિ થશે, અને આપની કીર્તિ પણ જગજાહેર થશે. તે સાંભળી આચાર્ય મહારાજે કહ્યું કે, હે રાજન્! તે સુવર્ણસિદ્ધિ મેળવવાનો એક ઉપાય છે, અને તે એ છે કે, તમો મારા ગુરૂ દેવચંદજીની સેવા કરો? કેમકે સુવર્ણસિદ્ધિની વિદ્યા તેમની પાસે છે. તે સાંભળી ઘણાજ આદરમાન પૂર્વક કુમારપાળ રાજાએ દેવચંદજી મહારાજને પાટણમાં બોલાવ્યા દેવચંદજી મહારાજ પાટણમાં આવ્યાબાદ રાજાએ ત્રણ પ્રદક્ષિણા દેઇ તેમને વિધિપૂર્વક વંદન કર્યું. આચાર્યમહારાજે પણ મધુરધ્વનિથી દેશના આપ્યાબાદ સર્વ લોકો પોતપોતાને સ્થાનકે ગયા. ત્યારપછી કુમારપાળ રાજાને ગુરૂમહારાજ પાસે તેડી જઇ હેમચંદ્રજીએ તેમને વિનંતિ કરી કે, હે ભગવન્! આપ કૃપા કરીને આ કુમારપાળ રાજાને સુવર્ણસિદ્ધિ આપો? તે સાંભળી દેવચંદજી મહારાજ ગુસ્સે થઇ હેમચંદ્રજીને કહેવા લાગ્યા કે, તમોએ મુનિમાર્ગનો એટલો પણ આચાર જાણ્યો નહી? સુવર્ણસિદ્ધિ આદિક સાવદ્ય (પાપારંભવાળી) વિદ્યા મુનિમાર્ગમાં રહેનારા સાધુઓ જાણતાં છતાં પણ કોઇને બતાવે નહી, કેમકે તે બતાવ્યાથી મુનિપણાનો ભંગ થાય છે. જે મુનિઓ આત્માર્થી હોય છે, તેઓ ગૃહસ્થનો અતિ પ્રસંગ કરતા નથી. એવી રીતે હેમચંદ્રજી મહારાજને શિખામણ આપી તેમણે કુમારપાળ રાજાને કહ્યું કે, હે રાજન્! તમોને પુણ્ય પસાયે સઘળી ઋદ્ધિ મળેલી છે, તો હવે તમોને સુવર્ણસિદ્ધિનું વળી શું પ્રયોજન છે? માટે હવે તો તમો ધર્મધ્યાનજ કરો?

Aho ! Shrutgyanam

તે સાંભળી કુમારપાળ રાજાના મનમાં ઘણો સંતોષ થયો, તથા પોતાના દોષ માટે ક્ષમા માગીને તે પોતાને સ્થાનકે ગયા.

એક દહાડો કુમારપાળ રાજા સભામાં બેસીને શ્રી હેમચંદ્રજી મહારાજનો ઉપદેશ સાંભળતા હતા. તે સમયે યોગશાસ્ત્રમાં એવી કથા આવી કે, સમુદ્રનું પાણી પણ મપાય, નદીમાં રહેલી વેકુળને પણ ગણી શકાય, અને મેરૂપર્વતને પણ તોળી શકાય, પણ સ્ત્રીચરિત્રનો પાર પામી શકાય નહીં. તેપર નીચે પ્રમાણે દૃષ્ટાંત છે.

સિંહપુર નામના નગરમાં શ્રીધર નામે એક માણસ રહેતો હતો. તેને નાગિલા નામે સ્ત્રી હતી. તેઓને એક ધરણ નામનો પુત્ર હતો. તે પુત્રને શ્રીદેવી નામની એક શીલવતી કન્યાસાથે પરણાવ્યો હતો. નાગિલા સ્વભાવથીજ કપટી અને દુરાચારી હતી, તેથી તે સાસુવહુવચ્ચે હમેશાં અણબનાવ રહ્યા કરતો હતો. એક દહાડો તેણીના સ્વામિની એક વીંટી ઘરમાં પડી ગઇ, અને તે વીંટી વહુને હાથ આવ્યાથી તેણીએ શુદ્ધબુદ્ધિથી ઘરના એક કબાટમાં મેલી. સાસુએ ત્યારબાદ તે વીંટીની જ્યારે શોધ કરવા માંડી, ત્યારે વહુએ તે કહાડી આપી. તે જોઇ તે દુષ્ટ સાસુ પોકારવા લાગી કે, આ તો ઘરનાં માણસોજ ઘરમાં ચોરી કરવા લાગ્યાં, તો હવે તેની ફરીઆદ કોનાપાસે કરવી? એમ કહી તે બિચારી સુશીલ વહુને ઘણી ગાળો દેવા લાગી ધરણે પણ ક્રોધ લાવીને તે બિચારીને ઘણી તાડના કરી, તેથી તેણીનું મસ્તક ફુટી ગયું, અને મૂર્છિત થઇને તે પૃથ્વીપર પડી. તે જોઇ તેણીના પીયરના માણસો આવીને તેણીને તેડી ગયા. ત્યારે તેણીએ પોતાના માતપિતાને કહ્યું કે, તમો મારાં સાસરીયાં સાથે ક્લેશ કરશો નહીં, તેમાં મારી સાસુનો કશો અપરાધ નથી, ફક્ત મારાં ભાગ્યોનો અપરાધ છે. કેમકે, જેણે જેવાં કર્મો બાંધ્યાં હોય, તેવાં તેને ભોગવવાં પડે છે. એવી રીતે માતપિતાને સમજાવ્યાબાદ તે સમાધિપૂર્વક મૃત્યુ પામી. એવી રીતે વહુનું મૃત્યુ થવાથી નાગિલાને લોકો ધિક્કાર દેવા લાગ્યા, અને ધરણને પણ બહુજ નિંદવા લાગ્યા છેવટે ધરણની પણ લજ્જા જવાથી કોઇએ ત્યાં તેને કન્યા આપી નહીં, તેથી તેના પિતાએ પરદેશમાં જઇ એક ઉમીયા નામની કન્યાસાથે ધરણના લગ્ન કર્યાં. તે ઉમીયા સ્વભાવે ક્રૂર હોવાથી હમેશાં સાસુને ગાળો દેવા લાગી, અને વાઘણની પેઠે સામી ધસીને અપશબ્દો બોલવા લાગી. તે જોઇ સાસુ તો વહુથી અત્યંત ડરવા લાગી, અને એવી રીતે નાગિલા કે જે વાઘણ સરખી હતી, તેણીને તે

વહુએ શિયાળ સરખી બનાવી મેલી.

એવી રીતે રહેતાં થકાં કેટલેક કાળે સાસુ સસરો મૃત્યુ પામ્યાથી ઉમીયાના મનમાં ઘણોજ આનંદ થયો. ત્યારબાદ તે દુરાચારી ઉમીયા પોતાના ભરતારને ભક્તિથી આનંદ પમાડીને પરપુરૂષસાથે વિલાસ કરવા લાગી. હવે તે ધરણને એક સોમદેવ નામના શ્રાવક સાથે ઘણીજ મિત્રાઇ હતી, તેથી તેણે એક દહાડો પોતાના તે સોમદેવ મિત્રને કહ્યું કે, હે મિત્ર ! મારી સ્ત્રી મારાપર અત્યંત પ્યાર રાખે છે, અને તે શીલ આદિક સર્વ ગુણોથી ભૂષિત થએલી છે. તે સાંભળી સોમદેવે કહ્યું કે, હે મિત્ર ! સ્ત્રીનો કદાપિ પણ ભરૂસો કરવો નહીં, કેમકે સ્ત્રીઓનો સ્વભાવજ ચંચળ અને દુરાચારી હોય છે. અને જો તારે તેની પરીક્ષા કરવી હોય તો આજે તારી સ્ત્રીને તારે કહેવું કે, મારે બહારગામ જવું છે, અને પછી તારે ગુપ્ત રીતે ઘરમાં છુપાઇ બેસવું, એટલે તને સઘળી ખાતરી થશે. તે સાંભળી ધરણ પોતાને ઘેર આવ્યો, અને સ્ત્રીને કહ્યું કે, હાલમાં થોડા દિવસસુધિ મારે બહારગામ જવાનું છે. તે સાંભળી તે દુરાચારી સ્ત્રી કહેવા લાગી કે હે સ્વામી ! હું આપવિના અહીં એકલી કેમ રહી શકીશ ? આપના વિયોગથી મેં આજથી સ્નાન, વિલેપન, પુષ્પ વિગેરેનો ત્યાગ કરેલો છે. વળી હે સ્વામી ! આપ કુશલક્ષેમે પાછા વેહેલા પધારજો. એવી રીતનાં સ્ત્રીના વચનો સાંભળીને ધરણ ત્યાંથી ચાલતો થયો, અને સંધ્યાકાળે ગુપ્ત રીતે પાછો આવીને પોતાના ઘરમાં છુપાઇ રહ્યો.

એટલામાં રાત્રિ સમયે ત્યાં તે સ્ત્રીનો યાર આવી પહોંચ્યો ; તે વખતે તેણીએ મેહેલમાં પુષ્પોની શય્યા બીછાવીને શોળે શણગારો સજ્યા. ત્યારબાદ તે યારને ઉત્તમ ભોજન તૈયાર કરીને તેણીએ જમાડયો, અને તાંબુલના સુગંધિ બીડાં આપ્યાં ; ત્યારબાદ તેણીએ તેની સાથે વિષયવિલાસ ભોગવ્યો, અને બન્ને નિદ્રાવશ થયા. આ સઘળો વૃત્તાંત જોઇ છુપાઇ બેઠેલા ધરણે વિચાર્યું કે, ધિક્કાર છે આ સંસારને ! એમ વિચારી તેણે પોતાની સ્ત્રી તથા તેણીના તે યારને મારી નાંખવાનો નિશ્ચય કર્યો ; પણ છેવટે તેણે વિચાર્યું કે, સ્ત્રીહત્યા કરવાથી જગતમાં મારો અપવાદ થશે ; એમ વિચારી તેણે તે યારને મારી નાંખ્યો, અને પાછો તુરત તે છુપાઇ ગયો. એટલામાં સ્ત્રીએ જાગૃત થવાબાદ પોતાના યારને મૃત્યુ પામેલો જોયો, તેથી તેણીએ તેને ઉપાડીને એક કુવામાં ફેંકી દીધો. ત્યારબાદ ધરણે પોતાના મિત્રપાસે આવી તે સઘળો વૃત્તાંત તેને કહી સંભળાવ્યો, અને છેવટે તેણે નિશ્ચય કર્યો કે, હવે મારે ઘેર

Aho ! Shrutgyanam

જવું નહી, કેમકે હવે જો હું ઘેર જઇશ, તો મારૂં મૃત્યુ થશે. એમ વિચારિ તે શત્રુંજયપર જઇ ધર્મધ્યાન કરવા લાગ્યો. માટે હે રાજન્! સ્ત્રીચરિત્રનો પાર પામી શકાય નહી. તે સાંભળી રાજાના મનમાં સંદેહ થયો કે, આ બાબતનો પ્રત્યક્ષ અનુભવ થયાવિના ખાતરી થાય નહી.

એટલામાં પાટણમાં કોઇએક વ્યાપારી મરણ પામ્યો, તેની પાછળ તેની સ્ત્રી સતી થવાને તૈયાર થઇ. તે વખતે કુમારપાળ રાજાએ પોતાના માણસોને એવો હુકમ કર્યો કે, આ સમયે સંધ્યાકાળ થઇ ગયો છે, માટે તે સતીને પ્રાતઃકાળે તેણીના સ્વામીની ચીતામાં બળવા દેજો, અને તે સમયે હું પણ ત્યાં જોવા માટે હાજર થઇશ

પોતાના માણસોને એવી રીતે હુકમ કરીને મધ્યરાત્રિએ રાજા હાથમાં ખુલ્લી તલવાર લેઇ સ્મશાનમાં જઇ છુપાઇ રહ્યા, કે જ્યાં તે સતી થવાને તૈયાર થએલી સ્ત્રી બેઠેલી હતી

એટલામાં ત્યાં એક પાંગળો માણસ આવી અત્યંત મધુર સ્વરથી ગાયન કરવા લાગ્યો, તે સાંભળી તે સ્ત્રી તેનીપાસે જઇને બેઠી, અને કહેવા લાગી કે, હે સ્વામી! તમો મારીસાથે ભોગવિલાસ કરો? તે સાંભળી તે કામાતુર પાંગળા માણસે પણ તેણીની સાથે ત્યાંજ ભોગવિલાસ કર્યો. કુમારપાળરાજા તે સઘળો વૃત્તાંત જાણી પોતાને સ્થાનકે આવ્યા.

પ્રભાતે રાજા પાછા સ્મશાનમાં આવી તે સ્ત્રીને કહેવા લાગ્યા કે, હે બેહેન! આવી રીતે આપઘાત કરવાથી બહુ સંસાર ભટકવો પડે છે, માટે તેમ કરવું તું છોડી દે? તે સાંભળી તે સ્ત્રીએ કહ્યું કે, હે રાજન્! મારે મારા સ્વામી સાથે ઘણો પ્રેમ હતો, તેથી મારે તેને હવે તુરત મળવું છે. તે સાંભળી કુમારપાળ રાજાએ કહ્યું કે, હે બેહેન! સર્વ માણસો જુદા જુદા પ્રકારના કર્મો બાંધે છે, તેથી ભવાંતરમાં તેઓનો મેલાપ થવો દુર્લભ છે. ત્યારે તે સ્ત્રી કહેવા લાગી કે, હે રાજન્! હવે તમો મને ખોટી કરો નહીં, મારે તો આજે આ મારા સ્વામિની ચિતાસાથે બળવું છે, કેમકે, જો હું તેમ ન કરૂં તો, મારી શોભા જગતમાં શી રીતે વૃદ્ધિ પામે? તે સાંભળી દયાળુ રાજાએ તેણીને એકાંતે બોલાવી કહ્યુ કે, મેં રાત્રિએ તારૂં સતીપણું સઘળું જોએલું છે; તે ... તેં પાંગળાસાથે જે વિલાસ કર્યો છે, તેને તું કેમ વિસરી જાય છે? તે ... કટ આપઘાત નહીં કરતાં આ સંસારમાં રહેવું તેજ તને યોગ્ય છે. તે સ... ક્રોધાયમાન થએલી તે સ્ત્રી બૂમો પાડી લોકોને કહેવા લાગી કે, હે

Aho ! Shrutgyanam

લોકો ! આ દુષ્ટ રાજા મને પોતાની રાણી થવાનું કહે છે; એટલું કહી તેણીએ તુરત ચિતાની અગ્નિમાં ઝંપાપાત કર્યો.

આ વૃત્તાંત જોઇ કુમારપાળ રાજા તો ઝંખવાણા પડી ગયા, અને લોકો પણ તેમનામાટે સંદેહયુક્ત અપવાદ બોલવા લાગ્યા, તેથી રાજા તો લજ્જાતુર થઇ મેહેલમાંજ રહેવા લાગ્યા.

ત્યારબાદ હેમચંદ્રજી મહારાજે તેમને તેડાવ્યાથી તે ઉપાશ્રયે આવી કહેવા લાગ્યા કે, હે ભગવન્ ! આપે મને કહ્યું હતું કે, "સ્ત્રીચરિત્રનો પાર પામી શકાય નહીં" તે વાત આખરે સત્ય પડી. તે સમયે અજ્ઞાનતાથી મેં મારા મનમાં શંકા લાવી હતી, અને તેથીજ આ મારી આબરૂમાં હાની થઇ છે. તે સાંભળી આચાર્ય મહારાજે તેમને કહ્યું કે, હે રાજન્ ! તમો આ બાબતમાં નિષ્કલંક છો, અને હવે તમારૂં તે કલંક હું તુરત દૂર કરીશ. એટલું કહી આચાર્ય મહારાજે ત્યાં નગરના સર્વ લોકોને એકઠા કરી કહ્યું કે, તમો તે પાંગળા માણસને તુરત અહીં બોલાવો ? તે સાંભળી લોકો તે પાંગળા માણસને તુરત ત્યાં બોલાવી લાવ્યા. ત્યારે આચાર્ય મહારાજે તેને કહ્યું કે, તેં પૂર્વ જન્મમાં ઘણાં પાપો કર્યાં છે, તેથી આ જન્મમાં તને પાંગળાપણું પ્રાપ્ત થયું છે; તેમ વળી આ જન્મમાં પણ જો તું જૂઠું બોલીશ, તો આગામી કાળમાં પણ તને દુઃખ સહન કરવું પડશે. માટે તે રાત્રિએ જે વૃત્તાંત બન્યો હોય, તે યથાર્થરીતે તું અહીં કહી સંભળાવ, કે જેથી પ્રાયશ્ચિત્તપૂર્વક તારો તે પાપથી છુટકારો થાય. તે સાંભળી તે પાંગળા માણસે સઘળો યથાર્થ વૃત્તાંત લોકોની સમક્ષ કહેવાથી, સર્વ લોકોએ રાજાને દૂષણરહિત જાહેર કર્યા; અને એવી રીતે કુમારપાળ રાજાપરથી કલંક દૂર થયું.

એક દહાડો કુમારપાળ રાજાએ હેમચંદ્રજી મહારાજને પૂછ્યું કે, હે ભગવન્ ! પૂર્વ ભવમાં હું કોણ હતો ? અને હવે મારો જન્મ પાછો ક્યાં થશે? સિદ્ધરાજને મારાસાથે વૈર કેમ થયું ? તથા ઉદયનમંત્રીએ અને આપે મારાપર આટલો ઉપકાર શામાટે કર્યો ? ઇત્યાદિક વૃત્તાંત આપ કૃપા કરી મને કહો ? તે સાંભળી આચાર્ય મહારાજે કહ્યું કે, હે રાજન્ ! શ્રી વીરપ્રભુ પછી ચોસઠ વર્ષે જંબુસ્વામી મોક્ષે પધાર્યા, ત્યાંસુધિ તો કૈવલ્યજ્ઞાન હતું, અને આજે તો સ્વલ્પજ્ઞાન રહેલું છે; તોપણ તમારાં તે પ્રશ્નોના ઉત્તર ઉપાય કરીશ.

એટલું કહી આચાર્ય મહારાજ સિદ્ધપુરમાં પધાર્યા, અને ત્યાં

Aho ! Shrutgyanam

નદીના કિનારાપર તેમણે વિધિપૂર્વક સૂરિમંત્રનું આરાધન કરી અટ્ટમનો તપ કર્યો. તેજ સમયે શાસનદેવીએ પ્રગટ થઇ, કુમારપાળના પૂર્વજન્મની સઘળી હકીકત આચાર્ય મહારાજને કહી સંભળાવી. આચાર્ય મહારાજે પણ તુરત કુમારપાળ રાજાપાસે જઇ કહ્યું કે, હે રાજન્! મેવાડ નામના દેશમાં એક જયપુર નામનું ગામ છે, ત્યાં જયકેસરી નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને એક વીર નામે પુત્ર હતો, પણ તે દૂરાચારી હોવાથી રાજાએ તેને દેશપાર કર્યો, અને તેથી તે મેવાડ દેશના શીગાડાપર મુકામ કરી રહ્યો. ત્યાં તે કેટલાક લુંટારાઓને એકઠા કરી તેનો ઉપરી થયો. એક વખતે મેવાડ દેશનો એક વણિક સાર્થવાહ ઘણી દોલત સહિત ત્યાંથી નીકળ્યો, તેને જોઇ તે વીરે તેનાપર દરોડો પાડી તેને લુંટી લીધો. ત્યારબાદ તે વણિકે તે વાત રાજાને જાહેર કરવાથી રાજાએ તેને પોતાનું લશ્કર આપ્યું. તે લશ્કર લઇ તે વણિકે વીર લુંટારાપર હલ્લો કર્યો; તે જોઇ તે વીર ત્યાંથી નાશી ગયો; પણ તેની એક ગર્ભવતી સ્ત્રી હાથ આવ્યાથી તે વણિકે તેણીને મારી નાંખી. ત્યારબાદ તે વણિકે રાજાપાસે આવી તે વૃત્તાંત કહ્યાથી તેના તે દુષ્ટ કાર્યથી રાજાએ તેને ધિક્કારી કહાડી મેલ્યો. ત્યારબાદ તે વણિકને દુઃખગર્ભિત વૈરાગ્ય આવવાથી તેણે તાપસપણું અંગીકાર કર્યું. તપ તપી કેટલેક કાળે મૃત્યુ પામી તે વણિકનો જીવ સિદ્ધરાજ થયો. પૂર્વ ભવમાં તેણે હત્યા કરવાથી આ ભવમાં તે વાંઝીઓ રહ્યો.

હવે તે વીરને ત્યાંથી આગળ ચાલતાં એક યશોભદ્ર નામે મહાજ્ઞાની મુનિ મળ્યા; તે મુનિનો ઉપદેશ સાંભળી તેણે જીવહિંસા નહીં કરવાનો નિયમ લીધો. ત્યાંથી નિકળી અનુક્રમે તે વીર તૈલંગ દેશમાં આવેલી એકશીલા નામની નગરીમાં આવ્યો. તે નગરીમાં એક આઢક નામનો અતિ ઉદાર અને દ્રવ્યવાન શ્રાવક વસતો હતો. તેની પાસે આવી વીરે નમ્રતાથી વિનંતિ કરી કે, આપ મને ચાકર તરિકે રાખો? શેઠે પણ તેને ઉત્તમ માણસ જાણી ભોજન તથા વસ્ત્રો આપવાનું ઠરાવી ચાકર રાખ્યો. એટલામાં પર્યુષણપર્વ આવવાથી શેઠે, શેઠાણીએ, તેના ચાર પુત્રોએ, તથા તેઓની વહુઓએ તે દિવસે ઉપવાસ કર્યા, અને તેઓ સર્વ ઉપાશ્રયે ગયા. વીર પણ તેઓની પાછળ ઉપાશ્રયે ગયો; તેને ત્યાં આવેલો જોઇ વહુઓ બડબડવા લાગી કે, આ મુઆને તો હમેશાં ખાધાનુંજ કામ છે, આજે તો નાના મોટાં સર્વ ઉપવાસ કરે છે. તે સાંભળી વીરે કહ્યું કે, હે માતાજી! તમો મારાપર શામાટે ગુસ્સે થાઓ છો?

Aho ! Shrutgyanam

હું પણ આજે ઉપવાસ કરીશ. તે સાંભળી મોટી શેઠાણીએ વીરને કહ્યું કે, અમો તને બળાત્કારે ઉપવાસ કરવાનું કહેતા નથી, કેમકે, તે વાત જો શેઠને માલુમ પડે, તો તે અમારાપર ગુસ્સે થાય. ત્યારે વીરે નમ્રતા પૂર્વક કહ્યું કે, હે માતાજી! હું મારી ખુશીથી આજે ઉપવાસ કરીશ, અને તેટલામાટે તમો પણ આજે સર્વે એકઠા થઇ ધર્મકાર્ય કરો? એટલામાં શેઠની નજર વીરપર પડવાથી તેમણે તેને બોલાવી પૂછ્યું કે, તું અહીં શામાટે આવ્યો છે? ત્યારે વીરે વિનયપૂર્વક કહ્યું કે, મારે પણ આજે આપની સાથે પૌષધ કરવો છે. તે સાંભળી શેઠે કહ્યુ કે, હે વીર! પૌષધ કરવો ઘણો કઠીણ છે, માટે વિચારિને કર? ત્યારબાદ તેનો ઘણો ભાવ જાણી મુનિરાજે તેને પૌષધવ્રતનું પ્રત્યાખ્યાન કરાવ્યું. પ્રભાતે પૌષધ પારીને શેઠ અને ચાકર બન્ને ઘેર આવ્યા; અને શેઠે વીરને કહ્યું કે, હવે તું તુરત પારણું કરી લે? તે સાંભળી વીરે કહ્યુ કે, આપ પારણું કરશો, તે પછી હું પણ કરીશ. ત્યારે શેઠે કહ્યું કે, મારે તો હજુ જિનપૂજા કરવી છે, અને તે કર્યાબાદ હું પારણું કરીશ. તે સાંભળી વીરે કહ્યું કે, હું પણ આજે તો જિનપૂજા કર્યાબાદજ પારણું કરીશ.

એવી રીતે વીરનો અતિ ઉત્કૃષ્ટ ભાવ જોઇને શેઠે તેને પૂજા માટે કેસર, ચંદન, બરાસ, ધૂપ, પુષ્પ વિગેરે સાધનો આપ્યાં. ત્યારબાદ વીરે વિચાર્યું કે, પરદ્રવ્યથી પૂજા કરતાં પુણ્ય થતું નથી, માટે આજ તો મારા પોતાના પૈસા ખરચી મારે પૂજા કરવી. એમ વિચારિ તેણે પોતાની પાંચ કોડીઓ ખરચીને અઢાર પુષ્પો માલણ પાસેથી ખરીદ કર્યાં, અને તેવતી તેણે જિનેશ્વર પ્રભુની પૂજા કરી.

ત્યારબાદ આઢર શેઠે તે વીરને અત્યંત ભક્તિપૂર્વક વિવિધ પ્રકારના ભોજનો કરાવ્યાં. ભોજનો અત્યંત સ્વાદિષ્ટ હોવાથી વીરે ઘણો આહાર કર્યો, અને તેથી તેને અજીર્ણ થયું. આઢર શેઠે ઐાષધ આદિકથી ઘણા ઉપચારો કર્યા, પણ કોઇ ઇલાજ લાગુ પડયો નહીં. પોતાની આવી ભક્તિ થતી જોઇ વીરે વિચાર્યું કે, અહો! આ સઘળો જિનપૂજાનો પ્રભાવ છે! એવી રીતે શુભ ધ્યાનપર ચડી ત્યાંથી મૃત્યુ પામી, હે રાજન્! તમો આ ત્રિભુવનપાળના કુમારપાળ નામે પુત્ર થયા છો. તમોએ પૂર્વ ભવમાં અઢાર પુષ્પોથી જિનપૂજા કરી, તેથી આ ભવમાં તમો અઢાર દેશોના અધિપતિ થયા છો. તે આઢર શેઠ પણ અનુક્રમે ત્યાંથી મૃત્યુ પામી તમારા ઉદયન મંત્રિ થયા, અને યશોભદ્રનો જીવ હું હેમચંદ્ર થયો. વળી હે રાજન્! અહીંથી તમો ભદ્દીલપુરના

Aho ! Shrutgyanam

રાજા શતાનંદની ધારિણી નામની સ્ત્રીની કુક્ષિએ પુત્રપણે ઉપન્ન થશો. ત્યાંથી પદ્મનાભ નામના તીર્થંકરના ગણુધર થશો, અને પછી મોક્ષપદ પામશો.

એવી રીતે આચાર્યમહારાજે કહેલા પોતાના પૂર્વભવના વૃત્તાંતની ખાતરી માટે કુમારપાળ રાજાએ એકશિલા નગરીમાં પોતાના માણસો મોકલ્યાં. તે માણસોએ ત્યાં તપાસ કરી આવીને કહ્યું કે, હે રાજન્! ત્યાં આઢર નામના શેઠના ઘરમાં હાલ એક વૈદેહી નામની ઘરડી દાસી રહે છે. તેણીએ અમોને જણાવ્યું કે આઢર શેઠની પાસે વીર નામે એક ચાકર રહેતો હતો; તેણે પર્યુષણમાં ઉપવાસ કરી જિનપૂજા કરી હતી; અને ઉપવાસને પારણે તે મૃત્યુ પામ્યો હતો તે વૃત્તાંત સાંભળી રાજા અત્યંત આનંદ પામ્યા, અને હેમચંદ્રજી મહારાજની તેમણે ઘણીજ સ્તુતિ કરી.

ત્યારબાદ કુમારપાળ રાજાએ શ્રી હેમચંદ્રજી મહારાજના ઉપદેશથી સર્વ મળી ચૌદ હજાર નવાં જિનમંદિરો બંધાવ્યાં.* શોળ હજાર જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ત્રિભુવનપાળવિહાર નામનું પચીસ ધનુષ્ય ઉંચું અને મોટા વિસ્તારવાળું એક જિનમંદિર બંધાવી તેમાં નીલમણિની શ્રીનેમિનાથ પ્રભુની મૂર્તિ સ્થાપન કરી. તારંગાજીના પર્વતપર અત્યંત ઉંચી શિખરવાળું એક જિનમંદિર બંધાવી, તેમાં સો આંગુલના પરિમાણવાળી શ્રીઅજિતનાથ પ્રભુની મૂર્તિ સ્થાપન કરી. ત્યાબાદ જ્યાં હેમચંદ્રજી મહારાજને દીક્ષા આપવામાં આવી હતી, ત્યાં આલિંગવસહી નામનું જિનમંદિર બંધાવી, તેમાં રત્નની શ્રી વીરપ્રભુની પ્રતિમા સ્થાપન કરી, તથા હેમચંદ્રજી મહારાજના ચરણોની પણ સ્થાપના કરી. હેમચંદ્રજી મહારાજે પણ છત્રીસ હજાર શ્લોકના પરિમાણવાળું ત્રેસઠ શલાકા પુરૂષ ચરિત્ર રચ્યું, અને તેની પ્રતિ કુમારપાળ રાજાએ સોનેરી અક્ષરોથી લખાવી. વળી બાર પ્રકાશ યોગશાસ્ત્રના, તથા વીશ પ્રકાશ વીતરાગસ્તોત્રના મળી બત્રીસ પ્રકાશો પણ સોનેરી અક્ષરોથી રાજાએ લખાવ્યા. દર વર્ષે કુમારપાળ રાજા શત્રુંજય તીર્થની યાત્રા કરતા હતા, અને સમ્યકતધારી શ્રાવકોની ઘણીજ ભક્તિ કરતા હતા.

એક દહાડો કુમારપાળ રાજાએ હેમચંદ્રજી મહારાજને પૂછયું કે, હે ભગવન્! મારાં પૂર્વ કર્માનુયોગે મને પુત્ર તો થયો નહી, તો હવે આ મારૂં રાજ્ય કોણ ભોગવશે? તે આપ કૃપા કરી મને કહેશો. તે સાંભળી આચાર્ય મહારાજે કહ્યું કે, હે રાજન્! તમારી પુત્રીનો પ્રતાપમલ્લ નામે જે પુત્ર છે, તે આ રાજ્યને યોગ્ય જણાય છે.

Aho ! Shrutgyanam

આ વાત હેમચંદ્રજીના શિષ્ય બાલચંદ્રે સાંભળવાથી, તેણે કુમારપાળના ભત્રિજા અજયપાળને તે વાત જણાવી; તેથી અજયપાળને કુમારપાળ તરફ ઘણી ઇર્ષા આવી; અને ત્યારથી તે રાજાનો વયરી થઇને તેને મારી નાખવાનો લાગ જોવા લાગ્યો. બાલચંદ્રના મનમાં પણ એવી કુબુદ્ધિ આવી કે, જો અજયપાળને રાજ્ય મળે, તો હું પણ હેમચંદ્રજીની પેઠે રાજાનો માનનીક થઉં.

એક દહાડો કુમારપાળ રાજાએ હેમચંદ્રજી મહારાજને જણાવ્યું કે, હે ભગવન્! મેં મારી શક્તિમુજબ આજદિન સુધિ પુણ્યના કાર્યો કર્યા, તોપણ હજુ જિનબિંબોની અંજનશલાકા કરવાની મારી ઇચ્છા છે. તે સાંભળી આચાર્ય મહારાજે પણ તે બાબતને અનુમોદન આપ્યાથી રાજાએ, સુવર્ણના, રૂપાના, રત્નોના, પીતળના, કાષ્ટના, તથા પાષાણના જિનબિંબો તુરત તૈયાર કરાવ્યાં. ત્યારબાદ ઉત્તમ મુહૂર્ત જોઇને રાજાએ મહોત્સવ શીરૂ કર્યો અહાર આચાર્યો ત્યાં અંજનશલાકા માટે એકઠા થયા. મુહૂર્તના સમયની ખબર રાખવાનું દૈવયોગે આચાર્ય મહારાજે બાલચંદ્રને સોંપ્યું. તે વખતે ત્યાં અજયપાળ બાળચંદ્ર પાસે આવી ચડયો; તેને બાળચંદ્રે જણાવ્યું કે, જો આ મુહૂર્તમાં હું ફેરફાર કરી નાખું, તો હેમચંદ્રજી તુરત મૃત્યુ પામે, તથા કુમારપાળ રાજાને ઘણું કષ્ટ સહન કરવું પડે તેમ છે. તે સાંભળી દુષ્ટ અજયપાળે પણ તેમ કરવાનું બાળચંદ્રને સમજાવ્યું, અને કહ્યું કે, જો મને રાજ્ય મળશે, તો હું તમોને હેમચંદ્રજીની પેઠેજ ઉંચે દરજ્જે ચડાવીશ. તે સાંભળી તે દુષ્ટ શિષ્યે મુહૂર્તના સમયમાં ફેરફાર કરી નાખ્યો. છેવટે હેમચંદ્રજી મહારાજને તે બાબતની ખબર પડવાથી, તેણે કુમારપાળ રાજાને જણાવ્યું કે, બાલચંદ્ર કુશિષ્ય છે, અને તે અજયપાળથી મળેલો છે, તેટલામાટે તેણે મુહૂર્તમાં ફેરફાર કરી અનર્થ કર્યો છે. હવે મારૂં અને તમારૂં બન્નેનું મૃત્યુ નજદીક છે એટલું કહી રાજાને સર્વ પાપોની આલોયના કરાવી; અને કહ્યું કે, મારી પાટે રામચંદ્રજીને સ્થાપવો.

એટલામાં હવે ત્યાં એક યોગી આવી ચડયો, તેણે હેમચંદ્રજીના મસ્તકમાં મણિ જોયો, તેથી તે લેવાની તેણે તદબીર રચવા માંડી. એક દહાડો હેમચંદ્રાચાર્યના કોઇક શિષ્ય આહાર લેઇને આવતા હતા, તે વખતે તે યોગીએ તેને પૂછ્યું કે, તમો આજે શું આહાર લેઇ જાઓ છો? એટલું કહી તુરત તેણે ઝોળીમાં હાથ નાખ્યો. તે દુષ્ટ યોગીએ પોતાના હાથની આંગળી-

Aho ! Shrutgyanam

ઓના નખમાં ઝેર રાખ્યું હતું, તેથી તે ઝેર તુરત તે આહારમાં દાખલ થયું. તે મુગ્ધમુનિ ઉપાશ્રયે આવ્યાબાદ હેમચંદ્રજીએ તે આહાર ખાધાથી તુરત તેમનું શરીર ધ્રુજવા લાગ્યું. તે જોઇ આચાર્ય મહારાજે તુરત તે મુનિને બોલાવી પૂછયું કે, આજે તમો આ લાડુ કોને ઘરેથી લાવ્યા હતા? તે સાંભળી મુનિએ કહ્યું કે, એક શ્રાવકને ઘેરથી હું તે લાડુ વોહોરી લાવ્યો હતો, પણ માર્ગમાં એક યોગીએ તેને સ્પર્શ કર્યો હતો. તે સાંભળી આચાર્ય મહારાજે વિચાર્યું કે, જે ભાવી બનવાનું હતું તે બન્યું છે, હવે તેનો ઉપાય કરવો નિરર્થક છે. ત્યારબાદ તુરત તેમણે પોતાના શિષ્યોને બોલાવી કહ્યું કે, હવે મારૂં મૃત્યુ થોડી મુદતમાંજ છે, માટે જ્યાં મારી ચિત્તા સળગાવો, તે જગોએ એક દૂધથી ભરેલું પાત્ર સ્થાપન કરજો, અને તેની અંદર મારાં મસ્તકમાં રહેલું મણિ પડશે, તે મણિને તમે સાચવીને રાખજો, અને કોઇ પણ રીતે તે મણિ તે યોગીના હાથમાં જવા દેશો નહીં. એવી રીતે શિષ્યોને શિખામણ દીધાબાદ અનશન કરી હેમચંદ્રજી મહારાજ સ્વર્ગે પધાર્યા. વિક્રમ સંવત ૧૧૪૫ માં કાર્તિક સુદિ પુનેમને દિવસે હેમચંદ્રજી મહારાજનો જન્મ થયો હતો. ૧૧૫૪ માં તેમણે દીક્ષા લીધી હતી. ૧૧૬૨ માં તેમને આચાર્ય પદવી મળી હતી. અને ચોર્યાસી વર્ષોનું આયુષ્ય ભોગવી ૧૨૨૯ માં તે સ્વર્ગે પધાર્યા.

ત્યારબાદ કુમારપાળ રાજાએ ચંદન, અગર આદિકથી તેમના દેહનો અગ્નિસંસ્કાર કર્યો, અને હમેશાં તેમના ગુણોને અને ઉપકારોને યાદ લાવી તે શોક પાળવા લાગ્યા. છેવટે કુમારપાળ રાજાનું પણ અજયપાળે આપેલા ઝેરથી વિક્રમ સંવત ૧૨૩૦ માં મૃત્યુ થયું. એવી રીતે કુમારપાળ રાજાએ ત્રીસ વર્ષ દશ માસ અને બાર દિવસો સુધિ રાજ્ય ભોગવ્યું.

કુમારપાળ રાજાના મૃત્યુબાદ તેની ગાદીપર અજયપાળ બેઠો. તે કુમારપાળનો દ્વેષી હોવાથી કુમારપાળે બંધાવેલાં જિનમંદિરોને તોડી પાડવા લાગ્યો. એવી રીતે તેને અનર્થ કરતો જોઇ તુરતજ તેને કોઇએ મારી નાંખ્યો.

( હેમચંદ્રજી મહારાજે રચેલા ગ્રંથો વિગેરેનું વિશેષ વૃત્તાંત આજ પુસ્તકના પેહેલા ભાગથી જાણી લેવું. )



Aho ! Shrutgyanam

# પ્રકરણ ચોથું.

## જૈનઇતિહાસની પ્રાચીનતા.

૧ **શ્રીઋષભદેવપ્રભુ**—ત્રીજા આરાને છેડે એક વંશમાં સાત કુલકરો ઉત્પન્ન થયા. તે સાતે કુલકરોને લૌકિક મત પ્રમાણે સાત મનુઓ કહે છે. તેઓમાં પેહેલા વિમલવાહન, બીજા ચક્ષુષ્માન, ત્રીજા યશસ્વાન, ચોથા અભિચંદ્ર, પાંચમાં પ્રશ્રેણિ, છઠ્ઠા મરૂદેવ તથા સાતમા નાભિ નામે કુલકર થયા. તેમના વખતમાં હાકાર, માકાર અને ધિક્કાર નામની ત્રણ નીતિઓ પ્રવર્તી. તે નાભિકુલકરને મરૂદેવી નામે સ્ત્રી હતી. તે સ્ત્રીની કુક્ષિએ અસાડ વદી ચોથની રાત્રિએ સર્વાર્થસિદ્ધ દેવલોકથી ચવીને શ્રીઋષભદેવ પ્રભુનો જીવ ગર્ભપણે ઉત્પન્ન થયો, તે વખતે મરૂદેવી માતાએ ચૌદ સ્વપ્નો જોયાં. ઇંદ્રે આવીને તે સ્વપ્નોનાં ફળો કહ્યાં. અનુક્રમે ચૈત્ર વદી આઠમને દિવસે ઋષભદેવ પ્રભુનો જન્મ થયો. છપ્પન દિકકુમારીઓ તથા ઇંદ્રોએ મળીને તેમનો જન્મમહોત્સવ કર્યો. મરૂદેવી માતાએ પેહેલા સ્વપ્નમાં ઋષભને જોયો હતો, તથા તેમના બન્ને સાથળોમાં ઋષભનું ચિન્હ હતું તેથી તેમનું ઋષભદેવ નામ રાખવામાં આવ્યું હતું.

એક સમયે એક ભાઇબેહેનનું જોડલું બાલ્યાવસ્થામાં તાડવૃક્ષની નીચે રમતું હતું. એટલામાં અકસ્માત તાડવૃક્ષપરથી એક ફળ તે જોડલામાના પુરૂષપર પડયું, અને તેથી તેનું તત્કાળ મરણ થયું. તેથી તે જોડલામાની સુનંદા નામની સ્ત્રીને નાભિ કુલકરે પોતાના સ્વાધિનમાં રાખી, અને વિચાર્યું કે, આ સ્ત્રી આપણા પુત્ર શ્રી ઋષભદેવજીની સ્ત્રી થશે. શ્રી ઋષભદેવજીની સાથે જન્મેલી સ્ત્રીનું નામ સુમંગલા હતું. અનુક્રમે તે સુનંદા અને સુમંગલાસાથે ઋષભદેવજીનાં લગ્ન થયાં. તે લગ્નાદિક સર્વ વિધિ ઇંદ્રે કરી હતી. અને ત્યારથીજ જગતમાં પણ વિવાહવિધિ પ્રચલિત થઇ છે. અનુક્રમે છ લાખ પૂર્વો વ્યતીત થયાબાદ સુમંગલા રાણીએ ભરત અને બ્રાહ્મીને જન્મ આપ્યો, અને સુનંદાએ બાહુબલી તથા સુંદરીને જન્મ આપ્યો. ત્યારબાદ સુમંગલાએ ઓગણપચાસ જોડી પુત્રોને જન્મ આપ્યો. એવી રીતે સર્વ મળી ઋષભદેવ પ્રભુને એકસો પુત્રો તથા બે પુત્રીઓ હતી.

શ્રી ઋષભદેવજીના પુત્ર ભરત રાજા ચક્રવર્તી થયા, અને તેમણે જગ-

Aho ! Shrutgyanam

તેની વ્યવહાર સંબંધિ સઘળી વ્યવસ્થા સ્થાપન કરી. તે ભરત રાજા સઘળા વ્રતધારી શ્રાવકોને હમેશાં ભોજન કરાવતા હતા, અને તે શ્રાવકો " માહન " નામથી ઓળખાતા હતા " માહન " શબ્દ પ્રાકૃત ભાષાનો છે, અને સંસ્કૃતમાં તેને " બ્રાહ્મણ " કહે છે. તેવી રીતનું લખાણ જૈન શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. એવી રીતે અત્યંત પ્રાચીન કાળમાં શ્રાવકોનેજ એટલે જૈનધર્મી માણસોનેજ બ્રાહ્મણ ( માહન ) કહેવામાં આવતા હતા. અનુક્રમે ભરત રાજાની ભોજનશાળામાં તેવા બ્રાહ્મણો શિવાય બીજાઓ પણ જ્યારે ભોજનની લાલચથી દાખલ થવા લાગ્યા, ત્યારે ખરા બ્રાહ્મણોની ઓળખાણ માટે ભરતચક્રીએ કાંગણી રત્નથી તેમના શરીરપર ત્રણ રેખાઓ કરી, જે રેખાઓ આગળ જતાં જનોઈના રૂપમાં બદલાઇ ગઇ.

તેવી રીતે ભોજન કરનાર બ્રાહ્મણોને માટે ભરત રાજાએ શ્રી ઋષભદેવ પ્રભુના ઉપદેશને અનુસારે સંસારાદર્શન વેદ, સંસ્થાપનપરામર્શનવેદ, તત્ત્વાવબોધ વેદ, અને વિદ્યાપ્રબોધવેદ, એ નામના ચાર વેદો બનાવ્યા. એ ચારે વેદોનું યથાસ્થિત પઠન પાઠન આઠમાં તીર્થંકરસુધિ ચાલ્યું.

ભારતરાજાના પુત્ર સૂર્યયશાથી સૂર્યવંશની, અને બાહુબલિના પુત્ર ચંદ્રયશાથી ચંદ્રવંશની ઉત્પત્તિ થઇ. તેઓના વંશજો આજે પણ હિંદુસ્તાનમાં રાજ્ય કરે છે.

અનુક્રમે શ્રી ઋષભદેવ પ્રભુ કૈલાસ પર્વતપર ( અષ્ટાપદ પર્વતપર ) મોક્ષે પધાર્યા. અને સર્વ દેવોએ એકઠા થઇ તેમનો ત્યાં નિર્વાણમહોત્સવ કર્યો હતો. તે સમયે અગ્નિકુમાર દેવોએ ચિતામાં અગ્નિ સળગાવ્યો હતો, અને ત્યારથી " અગ્નિમુખા વૈ દેવાઃ " અર્થાત્ અગ્નિકુમાર દેવો સર્વ દેવોમાં મુખ્ય છે, એવી શ્રુતિ ચાલવા લાગી. અજ્ઞાની લોકોએ તે શ્રુતિનો એવો અર્થ ઉપજાવી કહાડયો કે, અગ્નિ છે તે તેંત્રીસ ક્રોડ દેવતાઓનું મુખ છે.

પ્રભુનો અગ્નિસંસ્કાર થયાબાદ પ્રભુની દાઢા વિગેરે દેવતાઓએ જ્યારે ગ્રહણ કરી, ત્યારે શ્રાવક બ્રાહ્મણોએ તે દાઢાઓની યાચના કરવા માંડી. તે સમયે દેવોએ તેઓને " યાચક " કહી બોલાવ્યાથી, તે દિવસથી તેઓ " યાચકો " કહેવાવા લાગ્યા ; અને શ્રી ઋષભદેવ પ્રભુની ચિતામાંથી અગ્નિ લેઇને તેઓએ પોતના ઘરમાં રાખ્યો, તેથી તેઓ " આહિતાગ્નય " કહેવાવા લાગ્યા.

પ્રભુના અગ્નિસંસ્કારની જગોએ કૈલાસપર ભરતજીએ · સિંહનિષદ્ય નામનું એક જિનમંદિર બંધાવ્યું, અને પર્વતપર ચડવામાટે આઠ પગથી-

Aho ! Shrutgyanam

બાંઓ બાંધ્યાં, તેથી તે પર્વતનું બીજું નામ અષ્ટાપદ કહેવાવા લાગ્યું. વળી ત્યારથીજ તે કૈલાસ પર્વત મહાદેવનું ( ઋષભદેવ પ્રભુનું ) સ્થાન કહેવાયું.

**૨ શ્રી અજિતનાથ પ્રભુ**—અયોધ્યા નગરીમાં ભરત ચક્રી પછી અસંખ્ય રાજાઓ થયા બાદ તેમનાજ વંશમાં જિતશત્રુ નામે રાજા થયા. તેમના નાના ભાઇનું નામ સુમિત્ર હતું. જિતશત્રુ રાજાની વિજયાદેવી નામે રાણીની કુક્ષિએ અજિતનાથ નામે બીજા તીર્થંકરનો જન્મ થયો. અને સુમિત્રની યશોમતી નામની રાણીની કુક્ષિએ સગરચક્રીનો જન્મ થયો હતો. જિતશત્રુ અને સુમિત્ર, બન્ને મોક્ષે ગયાબાદ અજિતનાથ રાજા થયા. છેવટે અજિતનાથજી પણ દીક્ષા લેઇ ગયા, ત્યારે સગર ચક્રી રાજા થયા. સગર રાજાને જન્હુકુમાર આદિક સાઠ હજાર પુત્રો હતા. એક સમયે તે પુત્રોએ વિચાર્યું કે, કૈલાસપર્વતપર ભરત રાજાએ જે રત્નમય પ્રતિમાઓ સ્થાપન કરેલી છે, તેઓની રક્ષામાટે આસપાસ ખાઇ ખોદવી જોઇએ. એમ વિચારિ તેઓએ દંડ રત્નથી ત્યાં ઉંડી ખાઇ ખોદી, અંદર ગંગાનો પ્રવાહ વાળી લીધો. આથી પાતાળમાં રહેલા ભુવનપતિ દેવોનાં ઘરોનો વિનાશ થવાથી, ઇંદ્રે તેમના તે સર્વ પુત્રોને બાળીને ત્યાં ભસ્મરૂપ કર્યા. ગંગાના પ્રવાહની તે રેલથી આસપાસના દેશમાં ઘણી ખરાબી થવા લાગી. તેથી સગર ચક્રીની આજ્ઞાથી જન્હુના પુત્ર ભગીરથે પાછી ગંગાને દંડરત્નથી તેના મૂળ પ્રવાહમાં વેહેતી કરીને, દેશમાં થતી ખરાબી અટકાવી. અને ત્યારથી તેઓના નામને અનુસારે ગંગાનું નામ **જાહ્નવી** અથવા **ભાગીરથી** કહેવાવા લાગ્યું. ત્યારબાદ સગર ચક્રીએ શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કર્યો. છેવટે સગર ચક્રી પણ અજિતનાથ પ્રભુની પાસે દીક્ષા લેઇ, કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. ત્યારબાદ શ્રી ઋષભદેવ પ્રભુના નિર્વાણ પછી પચાસલાખ કોડી સાગરોપમ ગયાબાદ શ્રી અજિતનાથ પ્રભુ સમ્મેતશિખરપર મોક્ષે પધાર્યા.

**૩ શ્રી સંભવનાથ પ્રભુ**—શ્રી અજિતનાથ પ્રભુના નિર્વાણ પછી કેટલેક કાળે શ્રાવસ્તી નામની નગરિમાં ઇક્ષ્વાકુ વંશમાં જિતારિ નામે રાજા થયા. તેમને સેના નામે પટરાણી હતી. તેણીએ માગશર સુદિ ૧૪ ને દિવસે શ્રી સંભવનાથ પ્રભુને જન્મ આપ્યો. યૌવનવય પ્રાપ્ત થતાં જિતારિ રાજાએ દીક્ષા લેઇ સંભવનાથજીને રાજ્ય સોંપ્યું. છેવટે સંભવનાથ પ્રભુ પણ દીક્ષા લેઇ કેવળ જ્ઞાન પામી, અજિતનાથ પ્રભુ પછી ત્રીસ લાખ કોડ સાગરોપમ ગયાબાદ મોક્ષે ગયા.

Aho ! Shrutgyanam

**૪ શ્રી અભિનંદન સ્વામી**—અયોધ્યા નગરીમાં ઇક્ષ્વાકુ વંશના સંવર નામના રાજાની સિદ્ધાર્થા નામની રાણીની કુક્ષિએ આ ચોથા તીર્થંકર શ્રી અભિનંદન સ્વામિનો જન્મ થયો હતો. તે શ્રી સંભવનાથ પ્રભુ પછી દશ લાખ ક્રોડ સાગરોપમ ગયાબાદ મોક્ષે પધાર્યા. તેમની પછી, **૫ સુમતિનાથ, ૬ પદ્મપ્રભુ, ૭ સુપાર્શ્વનાથ, ૮ ચંદ્રપ્રભુ, ૯ સુવિધિનાથ,** એમ નવ તીર્થંકરોના સમય સુધિ તો સર્વ બ્રાહ્મણો જૈન ધર્મી હતા. અને તે ચારે વેદોનાં લખાણો પણ પૂર્વ પેઠેજ હતાં.

નવમા તીર્થંકર શ્રી સુવિધિનાથજીનું તીર્થ જ્યારે વિચ્છેદ ગયું, ત્યારે બ્રાહ્મણો મિથ્યાદૃષ્ટિ અને જૈનધર્મપર દ્વેષ રાખનારા થયા ; અને પોતેજ ધર્મગુરૂ બની પોતાની ઇચ્છા મુજબ પાખંડી ધર્મ ચલાવવા લાગ્યા લોભવૃત્તિને આધિન થઇ તેઓએ પૂર્વના વેદોને લોપી ઋગ્વેદ, યજુર્વેદ, શામવેદ, અને અથર્વવેદ નામના નવા હિંસક વેદો બનાવ્યા. તોપણ તે વેદોમાં જૈન ધર્મને લગતી કેટલીક હકીકતો તેઓએ દાખલ કરી હતી, જેથી આજે પણ જૈન ધર્મનું પ્રાચીનપણું સાબિત થાય છે, તે હકીકતો અહીં યોગ્ય જાણી નીચે દાખલ કરી છે.

આર્યાવર્તના તમામ પ્રાચીન વૈદિક મતવાળાઓ કબુલ કરે છે કે, કૃષ્ણ દ્વૈપાયન બાદરાયણના નામથી પ્રસિદ્ધ થએલા વ્યાસજી શ્રીકૃષ્ણના સમયમાં વિદ્યમાન હતા. અને તે વ્યાસજીએ બ્રહ્મસૂત્રો બનાવ્યાં છે. તે બ્રહ્મસૂત્રોમાં જૈનોની પ્રસિદ્ધ સપ્તભંગીઓનું અયથાર્થ રીતે પણ ખંડન કરવાનો પ્રયત્ન કરેલો છે. સપ્તભંગીઓનું બ્યાન જૈનોના ગ્રંથો શિવાય કોઇ પણ બીજા દર્શનના ગ્રંથોમાં જોવામાં આવતું નથી. આ ઉપરથી સાબિત થાય છે કે, વ્યાસની પેહેલાં જૈનધર્મ પ્રચલિત હતો. કદાચ કોઇ એવી શંકા કરે કે, તે સપ્તભંગીના ખંડનનું સૂત્ર તો પાછળથી કોઇએ પ્રક્ષિપ્ત કરેલું છે; પણ તે કોણે ? કયે સમયે ? અને શા કારણથી પ્રક્ષિપ્ત કરેલું છે ? તે સંબંધિ ખુલાસાને ટેકો આપનારૂં કોઇ પણ પ્રમાણ હજુસુધિ મળતું નથી. અને સપ્તભંગીના ખંડનવાળું સૂત્ર વ્યાસેજ રચેલું છે, તે માટેનો મજબૂત પૂરાવો નીચે પ્રમાણે છે.

ઋગ્વેદાદિ ચારે વેદોઉપર ભાષ્યની રચના કરનારા સાયણ માધવાચાર્ય પોતાના રચેલા શંકરદિગ્વિજયમાં લખે છે કે, "શંકરસ્વામી સર્વ મતોનું ખંડન કરીને, તથા વ્યાસસૂત્રપર શારિરિક ભાષ્ય રચીને હિમાલય પર્વતના બદ્રિકેદારનાથ નામના શિખરપર ગયા. ત્યાં વ્યાસજી તેમને મળ્યા. તે વખતે

Aho ! Shrutgyanam

વ્યાસજીએ શંકરસ્વામિને સમ્મતિ આપી કે, તમોએ મારાં રચેલાં સૂત્રોપર જે ભાષ્ય રચ્યું છે, તે મારા અભિપ્રાય સમાન છે. વળી મારાં તે સૂત્રોપર બીજા પણ ઘણાં ભાષ્યો રચાશે, પણ તમારાં ભાષ્યની તુલના કરનારૂં કોઇ પણ ભાષ્ય થશે નહી, કેમકે, તમો સર્વજ્ઞ છો!" એવી રીતે મૂળસૂત્રોના રચનાર વ્યાસજી, અને તેનાપર ભાષ્ય રચનાર શંકરસ્વામી, બન્ને એક સમયે થયા છે, અને એકબીજાને મળેલા પણ છે. હવે જો તે મૂળસૂત્રોમાં રહેલું સપ્તભંગીના ખંડનવાળું સૂત્ર વ્યાસજીએ ન બનાવ્યું હોય, તો તેમને મળેલા શંકરસ્વામી તે સૂત્રપર ભાષ્ય ક્યાંથી રચી શકે? આ ઉપરથી સ્પષ્ટ રીતે સાબિત થાય છે કે, તે સપ્તભંગીના ખંડનવાળું સૂત્ર વ્યાસજીનુંજ રચેલું છે; તે માટે ખાતરી પૂર્વક સાબિત થાય છે કે, વેદસંહિતાની પેહેલાં જૈનમત વિદ્યમાન હતો.

મહાભારતના આદિ પર્વના ત્રીજા અધ્યાયમાં પણ નીચે પ્રમાણે પાઠછે.

"साधयामस्तावदित्युक्त्वा प्रस्थितोत्तंकस्ते कुंडले गृहीत्वा सोपश्यदथ पथि नग्नं क्षपणकमागच्छंतं मुहुर्मुहुर्दृश्यमानमदृश्यमानं

ઉપરના પાઠમાંથી એવો ભાવાર્થ નિકળે છે કે, ઉત્તંક નામનો વિદ્યાર્થી ઉપાધ્યાયની સ્ત્રી માટે કુંડલ લેવા ગયો, એટલામાં માર્ગમાં પૌષ્યસાથે તેને વાર્તાલાપ થયો, અને કંઇ પણ કારણવિના ઉત્તંકે પૌષ્યને આંધળા થવાનો શ્રાપ દીધો. તેના બદલામાં પૌષ્યે ઉત્તંકને પણ શ્રાપ દીધો કે, તું સંતાન રહિત થજે. અંતમાં તેઓ બન્નેએ શ્રાપાભાવનો નિશ્ચય કરીને કુંડલ લેઇને ઉત્તંકે વારંવાર દૃસ્યમાન અને અદૃસ્યમાન એવા **નગ્ન ક્ષપણકને** આવતો જોયો.

ઉપરના લખાણથી એવું સિદ્ધ થાય છે કે, વેદસંહિતાની પેહેલાં પણ જૈનમત વિદ્યમાન હતો. કારણકે, **નગ્ન ક્ષપણકથી** જૈનના **નગ્ન સાધુ** સિદ્ધ થાય છે.

જૈનમતમાં સાધુઓ બે પ્રકારના હોય છે, એક સ્થવિરકલ્પી અને બીજા જિનકલ્પી. જિનકલ્પી સાધુઓના આઠ ભેદો છે. તેઓમાં એકપ્રકાર એવો પણ છે કે, જે રજોહરણ અને મુખવસ્ત્રીકા શિવાય બીજું કંઇ પણ વસ્ત્ર રાખતા નથી, અને હમેશાં જંગલમાં પોતાનો નિવાસ કરે છે.

વળી તે પાઠનો ટીકાકાર નીલકંઠજી પણ એવો અર્થ કરે છે કે, **નગ્ન**

Aho ! Shrutgyanam

ક્ષપણક એટલે પાખંડી ભિક્ષુ જાણવો. અને એ અર્થ જૈનધર્મપરની ટીકાકારની સ્વાભાવિક ઇર્ષા સૂચવે છે.

વળી તેને માટે કોઇ એવી શંકા કરે કે, એ નગ્ન ક્ષપણક તો પાતાળભુવનમાં રહેનારો નાગ દેવતા હતો, કેમકે, તે પછીના પાઠમાં તે નાગદેવતાને લગતું વર્ણન આપેલું છે, કે જેણે **નગ્ન ક્ષપણકનું** રૂપ ધારણ કર્યું હતું તે શંકાનું સમાધાન એવું છે કે, તેવા રૂપવાળા જૈનસાધુઓ જો તે સમયે વિદ્યમાન ન હોય તો, તેવું રૂપ શીરીતે ધારણ કરી શકે ? એવી રીતે તે ઉત્તંકે જૈનસાધુ જોવાથી જૈનધર્મ વ્યાસજીના વખતમાં તો શું ? પણ વેદસંહિતાની પણ પેહેલાં વિદ્યમાન હતો.

મત્સ્ય પુરાણના ચોવીસમાં અધ્યાયમાં પણ એવો પાઠ છે કે,

गत्वाथ बोधयामास, रजिपुत्रान् बृहस्पतिः ।
जिनधर्मं समास्थाय, वेदबाह्यं स वेदवित् ॥ १ ॥

ઉપરના શ્લોકનો એવો ભાવાર્થ છે કે, બૃહસ્પતિએ રજિપુત્રોને એવો બોધ આપ્યો કે, તમો સર્વે **જૈનધર્મના** આશ્રિત થઇ જાઓ ? એટલું કહીને બૃહસ્પતિજી પણ વેદમતથી જુદા જૈનધર્મનેજ અનુસરતા રહ્યા.

એવી રીતે વેદવ્યાસથી પણ જૈનધર્મ પેહેલાં વિદ્યમાન હતો, તેમાં કંઇ પણ શંકા રહી નથી. વળી ઉપરના શ્લોકથી તે વેદશ્રુતિઓથી પણ પેહેલાં જૈનધર્મ વિદ્યમાન હતો, એમ ખુલ્લી રીતે સાબિત થયું છે. કારણકે, જે બૃહસ્પતિએ રજિપુત્રોને જૈનધર્મ અંગીકાર કરવાનું કહેલું છે, તે બૃહસ્પતિની સ્તુતિ વેદની શ્રુતિઓમાં કરવામાં આવેલી છે. એવી રીતે બૃહસ્પતિ વેદોની પેહેલાં હતા, અને બૃહસ્પતિની પેહેલાં જૈનધર્મ પણ વિદ્યમાન હતો.

યજુર્વેદસંહિતાના પેહેલા અધ્યાયની પચીસમી શ્રુતિમાં લખ્યું છે કે,

" वाजस्य नु प्रसव आबभूविमा च विश्वा भुवननां सर्वतः स नेमिराजा परियाति विद्वान् प्रजापुष्टि वर्द्धमाना अस्मे स्वाहा "

ઉપરની શ્રુતિમાં જૈનોના બાવીસમા તીર્થંકર **શ્રી નેમિનાથજીની** સ્તુતિ કરેલી છે. પણ જૈનધર્મપરની ઇર્ષાને લીધે તેના ભાષ્યકારોએ તથા દયાનંદસરસ્વતીએ **सनेमि** નો અર્થ વિપરીત કરેલો છે.

તૈત્તરીય આરણ્યકના પેહેલા પ્રપાઠકના પેહેલા અનુવાદની શરૂઆતમાં શાંતિમાટેના મંગલાચરણમાં લખ્યું છે કે,

ગીતાર્થ ગંગા જ્ઞાન ભં
પાલડી અમદાવાદ-૭

Aho ! Shrutgyanam

"स्वस्ति नस्ताक्ष्र्यो अरिष्टनेमिः"

ઉપરની શ્રુતિનો પણ એવો અર્થ છે કે, વિઘ્નોરૂપી સર્પોને વિનાશ કરવામાં ગરૂડ સમાન એવા **અરિષ્ટનેમિ** નામના બાવીશમાં તીર્થંકર અમોને શાંતિ કરો !

અહીં કોઇ એવી શંકા કરે કે, બીજા સઘળા તીર્થંકરોને છોડીને બાવીશમાં તીર્થંકર શ્રી નેમિનાથજીની શામાટે સ્તુતિ કરી ? તો તે શંકાનું સમાધાન એવી રીતે છે કે, જે વખતે વેદોની સંહિતા, શુકલ યજુર્વેદના બ્રાહ્મણ ગ્રંથો, તથા આરણ્યકો રચવામાં આવ્યાં, તે વખતે શ્રીકૃષ્ણના કાકા સમુદ્રવિજયના પુત્ર **અરિષ્ટનેમિ** નામના બાવીસમા તીર્થંકર વિદ્યમાન હતા. તેમણે દીક્ષા લીધી હતી, તથા તીર્થ પ્રવર્તાવ્યું હતું, અને તેથીજ તે બાવીશમાં તીર્થંકરની સ્તુતિ કરવામાં આવેલી છે.

વળી તૈત્તરીય આરણ્યકના ચોથા પ્રપાઠકના પાંચમાં અધ્યાયના સત્તરમાં મંત્રમાં પણ પ્રગટ રીતે અરિહંતપ્રભુની (જિનેશ્વરની) નીચે પ્રમાણે સ્તુતિ કરેલી છે.

अर्हन् बिमर्षिसायका—ઇત્યાદિ.

વળી એજ આરણ્યકના દશમાં પ્રપાઠકના ત્રેસઠમા અનુવાદમાં સાયનાચાર્ય લખે છે કે,

कथाकौपीनोत्तरासं—गादीनामथ त्यागिनः ।
यथाजातरूपधरा, निर्ग्रंथा निष्परिग्रहाः ॥

ઉપરના પાઠનો ભાવાર્થ એવો છે કે, કંથા, લંગોટી તથા ઉત્તરાસંગાદિકના ત્યાગી, તથા જેવી રીતે જન્મેલા તેવી રીતેજ નગ્નરૂપને ધારણ કરનારા **નિર્ગ્રંથો (જૈનસાધુઓ)** પરિગ્રહ વિનાના હોય છે.

ઉપર વર્ણવેલું લક્ષણ જિનકલ્પી સાધુઓને લગતું છે. વળી **નિર્ગ્રંથ** શબ્દ પણ માત્ર જૈનશાસ્ત્રોમાંજ જૈન સાધુના અર્થમાં આવે છે, અને બીજા કોઇ પણ દર્શનના શાસ્ત્રોમાં તે શબ્દ આવતો નથી. પ્રોફેસર મણિલાલ નભુભાઇ પણ પોતાના સિદ્ધાંતસાર નામના પુસ્તકમાં લખે છે કે, બ્રાહ્મણોના પ્રાચીન ગ્રંથોમાં જૈન શબ્દ લખતા નહોતા. પણ તેમને બદલે "**વિવસન, નિર્ગ્રંથ, દિગંબર,**" વિગેરે શબ્દો લખવામાં આવતા હતા.

વળી પાશ્ચિમાત્ય વિદ્વાનો માંહેલા પ્રોફેસર હર્મન જેકોબી, તથા મેક્ષ-

Aho ! Shrutgyanam

મુદ્ગર આદિક પણ એ નિર્ગ્રંથ શબ્દ માટે ઉપર પ્રમાણેજ લખે છે. બૌદ્ધ ધર્મના પુસ્તકોમાં પણ જ્યાં " જૈન " શબ્દ લખવો હોય છે, ત્યાં " નિર્ગ્રંથ " શબ્દ લખવામાં આવે છે.

હનુમાન નાટકના પુસ્તકમાં સેતુ ( પાજ ) બાંધતી વેળાએ હનુમાનજી જે ઇશ્વરની સ્તુતિ કરે છે, તેમાં પણ ઇશ્વરને બ્રહ્મ, જૈન, અને શિવના નામથી સંબોધે છે. આથી રામચંદ્રજીના સમયમાં પણ જૈન ધર્મ વિદ્યમાન હતો, એમ સિદ્ધ થાય છે.

વળી મહાદેવ કે, જેમને વેદની પહેલાં થએલા માનવામાં આવે છે, તે પોતે જ્યારે પાર્વતીજીને પોતાનાં હજાર નામો ગણી બતાવે છે, ત્યારે તે પોતેજ કહે છે કે,

" जैनमार्गरतो जैनो " વિગેરે.

આનો ભાવાર્થ એવો છે કે, હે પાર્વતી ! હું જૈન માર્ગમાં તત્પર છું, અને જૈન છું. ઉપર લખેલો પાઠ શિવસહસ્ત્ર નામના પુસ્તકમાં છે.

મનુસ્મૃતિમાં જૈનોના પેહેલા તીર્થંકર **શ્રી ઋષભદેવ સ્વામિનું** સંપૂર્ણ રીતે વર્ણન કરવામાં આવેલું છે, અને તેમાં લખ્યું છે કે, કલાકૌશલ્યાદિક સૃષ્ટિનો સઘળો વ્યવહાર શ્રી ઋષભદેવથીજ ચાલુ થએલો છે. જેથી સિધ થાય છે કે સૃષ્ટિની આદિમાં જેને જૈનો વર્તમાન ચોવીશીની આદિ ગણે છે તેમાં ઋષભદેવજી પહેલા થયા. વળી પ્રભાસપુરાણમાં એવો પાઠ છે કે, એક જૈન સાધુને જોઇ પાર્વતી શીવજીને પૂછે છે કે, આ કોણ છે ? ત્યારે શીવજી તેનો ઉતર આપેછે કે, હે પાર્વતી ! તે દયાધર્મ પાળનારા અનાદિ ધર્મના યોગીશ્વર છે વળી દરેક યુગે હુંજ તે જિનનો અવતાર લેઉંછું, અને હું તેજ છું. એ જૈન છે, અને હું પણ જૈન છું.

યજ્ઞમાં ઘી હોમવાની કડછીનું વેદમાં જે પ્રમાણ આપેલું છે, તે " જિનાંગુલનું પ્રમાણ છે. " એટલે તે કડછી ચોવીસ આંગુલ લાંબી હોવી જોઇએ, એવું લખેલું છે. " જિન " એટલે ચોવીસ તીર્થંકરોની સંખ્યા વાચક શબ્દ છે. તે ઉપરથી, " ચોવીસ આંગુલની કડછી " એવો અર્થ થાય છે.

દક્ષિણમાં કેટલાક બ્રાહ્મણો વેદની જે શ્રુતિઓ બોલે છે, તેમાની એક પણ શ્રુતિ હાલમાં પ્રસિદ્ધ થએલા વેદોના પુસ્તકોમાં જોવામાં આવતી નથી, તે ઉપરથી ખુલ્લી રીતે જણાય છે કે, કાંતો હાલમાં પ્રચલિત થએલા વેદોમાં ફેરફાર થઇ ગયો છે, અથવા જૈનો જે જૂદા પુરાણા વેદો કહે છે, તે વેદોની



Aho ! Shrutgyanam

શ્રુતિઓ દક્ષિણના બ્રાહ્મણોને મુખપાઠ હોવી જોઇએ.

જૈન ધર્મનું અનાદિપણું તો સ્વતઃસિદ્ધજ છે, છતાં પણ પ્રસંગ હોવાથી ઉપરનું સઘળું બ્યાન આપેલું છે.

નવમા તીર્થંકર પછી કેટલેક કાળે ભદ્દિલપુર નામના નગરમાં ઇક્ષ્વાકુ વંશમાં દૃઢરથ રાજાની નંદા નામની રાણીની કુક્ષીએ **શીતલનાથ નામના દશમા** તીર્થંકરનો જન્મ થયો. આ તીર્થંકરના શાસનમાં નીચે પ્રમાણે હરિવંશની ઉત્પત્તિ થએલી છે.

કૌશાંબી નામની નગરીમાં એક વીરા નામનો કોળી રહેતો હતો. તેને વનમાલા નામની અત્યંત સ્વરૂપવાન સ્ત્રી હતી. એક દહાડો ત્યાંના રાજાએ તે સ્ત્રીને બળાત્કારથી પોતાની રાણી કરી લીધી. આથી કરીને વિરહાતુર થએલો વીરો કોળી "હા વનમાળા, હા વનમાળા" એમ પોકાર કરતો હમેશાં નગરમાં ભમવા લાગ્યો. એક દહાડો તે રાજા વનમાલા સહિત જ્યારે ઝરૂખામાં બેઠેલો હતો, ત્યારે વીરા કોળીને ત્યાંથી તેવી રીતે પોકાર કરતો ચાલ્યો જતો જોઇ, રાજા તથા રાણી બન્ને પશ્ચાતાપ કરવા લાગ્યાં કે, આપણે આ બહુ ખોટું કાર્ય કર્યું. એટલામાં તેઓ બન્નેપર ત્યાં વિજળી પડવાથી, તેઓ મૃત્યુ પામી હરિવાસ ક્ષેત્રમાં યુગલરૂપે ઉપન્યા.

અહીં રાજા અને રાણીનું મૃત્યુ સાંભળી વીરો કોળી હર્ષિત થઇ તાપસ થયો. અજ્ઞાનતપના પ્રભાવથી ત્યાંથી મૃત્યુ પામી તે કિલ્બિષ દેવતા થયો. ત્યાં અવધિજ્ઞાનથી તેણે રાજા રાણીને યુગલરૂપે થએલા જોઇ વિચાર્યું કે, આ તો અહીં ભદ્રક પરિણામી અને અલ્પારંભી છે. માટે અહીંથી મૃત્યુ પામીને તેઓ દેવતા થશે, તો પછી હું મારૂં વૈર શીરીતે વાળી શકીશ? માટે હવે કોઇ એવો ઉપાય કરૂં કે, જેથી તેઓ મૃત્યુ પામીને નરકમાં જાય.

હવે ભરત ક્ષેત્રમાં ચંપા નગરીનો ઇક્ષ્વાકુ વંશનો ચંદ્રકીર્તિ નામે રાજા અપુત્રીઓ મરણ પામ્યો હતો. તેથી ત્યાંના સર્વે લોકો ચિંતા કરતા હતા કે, હવે આપણો રાજા કોણ થશે? તે સમયે તે કોળીના જીવ દેવે તે યુગલને ત્યાંથી ઉઠાવી ચંપા નગરીના લોકોને સોંપ્યું, અને કહ્યું કે, આ હરિ નામે તમારો રાજા થશે, અને આ હરણી નામની તેની રાણી થશે. તેઓને ભોજન માટે તમારે હમેશાં ફલમિશ્રિત માંસ આપવું. અને તેને હમેશાં શિકાર કરતાં શિખવવું. તે લોકોએ પણ તેવીજ રીતે કર્યું, તેથી તેઓ બન્ને ત્યાંથી મૃત્યુ પામી પાપના પ્રભાવથી નરકમાં ગયા; અને તેના વંશજો હરિવંશના કહેવાવા લા-

Aho ! Shrutgyanam

ગ્યા, તથા તેજ હરિવંશમાં વસુ રાજા થયા.

એવી રીતે દશમા તીર્થંકરના શાસનમાં હરિવંશની ઉત્પત્તિ થઇ.

ત્યારબાદ સિંહપુરી નામની નગરીમાં ઇક્ષ્વાકુ વંશના વિષ્ણુ રાજાની વિષ્ણુશ્રી નામની રાણીની કુક્ષીએ શ્રેયાંસનાથ નામના અગ્યારમાં તીર્થંકરનો જન્મ થયો. તેમના સમયમાં શ્રીકંઠ નામના વિદ્યાધરના પુત્રે પદ્મોત્તર નામના વિદ્યાધરની પુત્રીનું હરણ કરેલું હતું. અને તેમ કરીને તે પોતાના બનેવી કીર્તિધવલને શરણે ગયો હતો. કીર્તિધવલ રાક્ષસ વંશમાં ઉત્પન્ન થએલો લંકાનો રાજા હતો. ત્યારબાદ તે કીર્તિધવલે તે શરણે આવેલા વિદ્યાધરને રહેવા માટે ત્રણસેં યોજનના વિસ્તારવાળો વાનરદ્વીપ આપ્યો તે વિદ્યાધરના વંશમાં થએલા ચિત્ર વિચિત્ર વિદ્યાધરોએ પોતાની વિદ્યાના બળથી વાંદરાઓનાં રૂપો ધારણ કર્યાં. એવી રીતે વાનરદ્વીપમાં રહેવાથી, અને વાનરનાં રૂપો ધારણ કરવાથી તેઓ વાનરવંશી કહેવાયા. અને તેમના વંશમાં વાલી તથા સુગ્રીવાદિક થયા.

વળી શ્રી શ્રેયાંસનાથ પ્રભુનાજ સમયમાં હરિવંશમાં ત્રિપૃષ્ટ નામના વાસુદેવની ઉત્પત્તિ થએલી છે તેને લગતું વૃત્તાંત નીચે મુજબ છે.

પોતનપુર નામના નગરમાં હરિવંશમાં જિતશત્રુ નામે રાજા થયા. તેને ધારિણી નામની રાણી હતી. તેઓને અચલ નામે પુત્ર અને મૃગાવતી નામે પુત્રી હતી. મૃગાવતી અત્યંત સ્વરૂપવાન હોવાથી કામાતુર રાજાએ તેણીને પોતાની રાણી કરી દીધી. એવી રીતે રાજાએ અનર્થ કરવાથી લોકો તેને પ્રજાપતિ ( પુત્રીનો સ્વામી ) કહેવા લાગ્યા. વળી ત્યારથી વેદોમાં એવી શ્રુતિ લખાઇ કે, प्रजापतिर्वैस्वादुहितरमभ्यधाय—ઇત્યાદિ. એ શ્રુતિનો એવો ભાવાર્થ છે કે, પ્રજાપતિ એટલે બ્રહ્મા પોતાની પુત્રીસાથે વિષયસુખ ભોગવવા લાગ્યો. ત્યારબાદ અનુક્રમે વિષયસુખ ભોગવતાં મૃગાવતીની કુક્ષિએ ત્રિપૃષ્ટ વાસુદેવનો જન્મ થયો હતો.

ત્યારપછી ચંપા નગરીમાં ઇક્ષ્વાકુ વંશમાં વસુપૂજ્ય નામના રાજાની જયા નામની રાણીની કુક્ષિએ **વાસુપુજ્ય** નામના **બારમા** તીર્થંકરનો જન્મ થયો હતો. તેમના સમયમાં બીજા દ્વિપૃષ્ટ વાસુદેવ અને અચલબલદેવ થયા.

ત્યારબાદ કપિલપુર નામના નગરમાં ઇક્ષ્વાકુવંશી કૃતવર્મ નામના રાજાની શ્યામા નામની રાણીની કુક્ષિએ તેરમા શ્રી વિમલનાથ નામના તીર્થંકરનો જન્મ થયો હતો. તેમના સમયમાં સ્વયંભુ નામના વાસુદેવ, ભદ્ર ના-

Aho ! Shrutgyanam

મના બલદેવ, તથા મૈરક નામના પ્રતિવાસુદેવ થયા.

ત્યારબાદ અયોધ્યા નગરીમાં ઇક્ષ્વાકુ વંશના સિંહસેન રાજાની સુયશા નામની રાણીની કુક્ષિએ **શ્રી અનંતનાથ** નામના ચૌદમા તીર્થંકરનો જન્મ થયો હતો. તેમના સમયમાં પુરૂષોત્તમ નામના વાસુદેવ, સુપ્રભ નામના બલદેવ અને મધુકૈટભ નામના પ્રતિવાસુદેવ થયા.

ત્યારબાદ રત્નપુરી નગરીમાં ઇક્ષ્વાકુ વંશના ભાનુ નામના રાજાની સુવ્રતા નામની રાણીની કુક્ષિએ શ્રી ધર્મનાથ નામના પંદરમા તીર્થંકરનો જન્મ થયો. તેમના સમયમાં પુરૂષસિંહ નામના વાસુદેવ, સુદર્શન નામના બલદેવ તથા નિશુંભ નામના પ્રતિવાસુદેવ થયા.

ત્યારબાદ હસ્તિનાપુરી નગરીમાં કુરૂવંશના વિશ્વસેન રાજાની અચિરા નામની રાણીની કુક્ષિએ શ્રીશાંતિનાથ નામના સોળમાં તીર્થંકરનો જન્મ થયો હતો.

ત્યારબાદ હસ્તિનાપુર નગરમાં કુરૂવંશના સૂર નામના રાજાની શ્રીરાણી નામની રાણીની કુક્ષિએ શ્રી કુંથુનાથ નામના સત્તરમા તીર્થંકરનો જન્મ થયો હતો.

ત્યારબાદ હસ્તિનાપુર નામના નગરમાં કુરૂવંશના સુદર્શન નામના રાજાની દેવી નામની રાણીની કુક્ષિએ શ્રી અરનાથ નામના અઢારમા તીર્થંકરનો જન્મ થયો હતો. અઢારમા અને ઓગણીસમા તીર્થંકરની વચ્ચે સુભૂમ નામના ચક્રવર્તી થયા, અને તેમના સમયમાં પરશુરામનો જન્મ થયો હતો.

ત્યારબાદ મિથુલા નગરીમાં ઇક્ષ્વાકુ વંશમાં કુંભ નામે રાજા થયા. તેની પ્રભાવતી નામની રાણીની કુક્ષિએ મલ્લીનાથ નામના ઓગણીસમા તીર્થંકરનો જન્મ થયો હતો.

ત્યારબાદ રાજગૃહી નગરીમાં હરીવંશમાં સુમિત્ર નામે રાજા થયા. તેમની પદ્માવતી નામની રાણીની કુક્ષિએ મુનિસુવ્રતસ્વામી નામના વીશમા તીર્થંકરનો જન્મ થયો હતો. તેમના સમયમાં મહાપદ્મ નામના ચક્રીનો જન્મ થયો હતો.

વીશમા અને એકવીશમા તીર્થંકરની વચ્ચે લક્ષ્મણ નામના વાસુદેવ અને રામચંદ્રજી નામના બલદેવ થયા; તથા રાવણ નામના પ્રતિવાસુદેવ થયા.

ત્યારબાદ મિથુલા નગરીમાં ઇક્ષ્વાકુ વંશમાં વિજયસેન નામના રાજાની વિપ્રા નામની રાણીની કુક્ષિએ નમિનાથજી નામના એકવીશમા તીર્થંકરનો

Aho ! Shrutgyanam

જન્મ થયો હતો. તેમના સમયમાં હરિષેણ નામે દશમા ચક્રી થયા.

એકવીશમા અને બાવીશમા તીર્થંકરની વચ્ચે જય નામના અગ્યારમા ચક્રી થયા.

ત્યારબાદ સૌરીપુરી નામના નગરમાં હરિવંશમાં થએલા સમુદ્રવિજય નામના રાજાની શિવાદેવી નામની રાણીની કુક્ષિએ નેમીનાથ નામના બાવીસમા તીર્થંકરનો જન્મ થયો. તેમના સમયમાં નવમા કૃષ્ણ નામના વાસુદેવ, બલભદ્ર નામના બલદેવ અને જરાસિંધુ નામના પ્રતિવાસુદેવ થયા.

બાવીસમા અને ત્રેવીસમા તીર્થંકરની વચ્ચે બ્રહ્મદત્ત નામના બારમા ચક્રી થયા

ત્યારબાદ વાણારસી નામની નગરીમાં ઇક્ષ્વાકુ વંશમાં અશ્વસેન નામના રાજાની વામાદેવી નામની રાણીની કુક્ષિએ પાર્શ્વનાથ નામના ત્રેવીસમા તીર્થંકરનો જન્મ થયો

આ ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથજીના મોટા ગણધર શુભદત્તજી હતા. તેમના શિષ્ય હરિદત્તજી થયા. તેમના શિષ્ય આર્યસમુદ્ર થયા. તેમના શિષ્ય સ્વયંપ્રભસૂરિ થયા. તેમના કેટલાક શિષ્યોમાં એક પિહિતાશ્રવ નામે શિષ્ય હતો. તે પિહિતાશ્રવને એક બુદ્ધકીર્તિ નામે શિષ્ય હતો. આ બુદ્ધકીર્તિનું બીજું નામ ગૌતમબુદ્ધ હતું. તેને માટે દર્શનસાર ગ્રંથમાં લખ્યું છે કે, શ્રી પાર્શ્વનાથજીના તીર્થમાં સરયૂ નદીના કાંઠાપર આવેલાં પલાસ નામના નગરમાં પિહિતાશ્રવ નામના એક જૈનમુનિનો શિષ્ય રહેતો હતો, કે જેનું બુદ્ધકીર્તિ નામ હતું. એક સમયે તે સરયૂ નદીમાં પાણીની રેલ આવી. તે વખતે કેટલાંક મૃત્યુ પામેલાં માછલાંઓ નદીકિનારે આવી પડ્યાં. તે માછલાંઓને જોઇ બુદ્ધકીર્તિએ નિશ્ચય કર્યો કે, જે જીવો પોતાની મેળેજ મરી જાય છે, તેઓનું માંસ ભક્ષણ કરવામાં કશો દોષ નથી. એમ વિચારિ તેણે તે મત્સ્યોનું ભક્ષણ કર્યું; અને લોકોને કહેવા લાગ્યો કે, માંસમાં કંઇ જીવ નથી, માટે તે ભક્ષણ કરવામાં કશો દોષ નથી. માટે જેમ દૂધ, દહીં, ફળ વિગેરેનું ભક્ષણ કરાય છે, તેમ માંસભક્ષણ પણ કરવું. તેમ જળપાનની પેઠેજ મદિરાપાન કરવામાં પણ કંઇ દૂષણ નથી. એવી રીતની પ્રરૂપણા કરી તેણે બૌદ્ધધર્મની સ્થાપના કરી.

આ બુદ્ધકીર્તિ અથવા ગૌતમબુદ્ધના સમયમાં જૈનોના ચોવીસમાં તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનો પણ જન્મ થયો હતો. કેટલાકો એમ માને છે

Aho ! Shrutgyanam

કે, ગૌતમબુદ્ધ અને જૈનોના ચોવીશમા તીર્થંકર શ્રીમહાવીરસ્વામી એકજ હતા, તે માનવું ભૂલ ભરેલું છે કેમકે, શ્રી મહાવીરસ્વામીનો જન્મ જ્યારે ક્ષત્રિય-કુંડ નામના નગરમાં થયો હતો, ત્યારે ગૌતમબુદ્ધનો જન્મ કપિલવસ્તુ નામના ગામમાં થયો હતો. મહાવીરસ્વામિના પિતાજીનું નામ જ્યારે સિદ્ધાર્થ રાજા હતું, ત્યારે ગૌતમબુદ્ધના પિતાનું નામ શુદ્ધોદન હતું. મહાવીરસ્વામીની સ્ત્રીનું નામ જ્યારે યશોદા હતું, ત્યારે ગૌતમબુદ્ધની સ્ત્રીનું નામ યશોધરા હતું. શ્રી મહાવીરસ્વામિના ભાઇનું નામ જ્યારે નંદિવર્ધન હતું, ત્યારે ગૌતમબુદ્ધના ભાઇનું નામ નંદ હતું. મહાવીરસ્વામિની માતાનું નામ જ્યારે ત્રિશલા હતું, ત્યારે ગૌતમબુદ્ધની માતાનું નામ માયાદેવી હતું. મહાવીરસ્વામીને પ્રિયદર્શના નામે જ્યારે એકજ પુત્રી હતી, ત્યારે ગૌતમબુદ્ધને રાહુલા નામે એક પુત્ર હતો. ગૌતમબુદ્ધની માતા તેનો જન્મ થતાંજ જ્યારે મૃત્યુ પામી હતી, ત્યારે મહાવીરની માતા, તેઓ અઠ્ઠાવીસ વર્ષોના થયા ત્યાંસુધિ વિદ્યમાન હતી. ઉપર લખેલા તફાવતથી સિદ્ધ થાય છે કે, જૈનોના તીર્થંકર મહાવીરસ્વામી અને ગૌતમબુદ્ધ એકજ હતા, એમ માનવું ભૂલ ભરેલું છે. અલબત તેઓ બન્ને સમકાલીન હતા; અને તેઓને થયાં આજે ૨૪૨૮ વર્ષો થયાં છે, એટલે વિક્રમ સંવત પેહેલાં ૪૭૦ વર્ષે તેઓ બન્ને વિદ્યમાન હતા બૌદ્ધોના મહાવિનય અને સમાનફળા નામના ગ્રંથોમાં લખ્યું છે કે, મહાવીરસ્વામી બુદ્ધના પ્રતિસ્પર્દ્ધિ હતા.

"લાઇફ ઑફ ધિ બુદ્ધ" અથવા "બુદ્ધનું જન્મ ચરિત્ર" એ નામના અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ થએલા ગ્રંથમાં તથા જે. ડબલ્યુ. ગુડવીલ રોકહીલ નામના વિદ્વાને બુદ્ધપુસ્તક વિનયત્રિપીઠિકા નામના ગ્રંથનો જે તરજુમો કરેલો છે, તેના ૬૫, ૬૬, ૧૦૩ તથા ૧૦૪ પાનાપર જૈનોના નિર્ગ્રંથો માટે જે લખાણ છે, તે તથા ૭૯, ૯૬, ૧૦૪ અને ૨૫૯ માં પાનાપર નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર માટે ( મહાવીરસ્વામીમાટે ) જે હકીકત લખેલી છે, તેપરથી એ બન્ને ધર્મો સ્વતંત્ર છે, એવો ખુલાસો સેહેલાઇથી થઇ શકે છે.

એજ ગ્રંથના ૨૫૯ માં પાનાપર જે લખાણ છે, તેનો ભાવાર્થ એવો છે કે, બુદ્ધના સહકાલી છ મહાત્માઓ હતા, તેઓ સઘળાની પાસે રાજા અજિતશત્રુ પોતાની શંકાઓના સમાધાન માટે ગયા હતા. "એક વખતે તેણે ગૌતમબુદ્ધને કહ્યું કે, હું જ્ઞાતપુત્ર પાસે ( મહાવીર પાસે ) એક સમયે ગયો હતો, અને તેજ સવાલ મેં તેમને પૂછયો, ત્યારે તેમણે ( મહાવીરે ) કહ્યું કે, હે રાજન હું સર્વજ્ઞ છું, સર્વદર્શી છું, દરેક વસ્તુઓનું સ્વરૂપ હું જાણું છું; સા-

Aho ! Shrutgyanam

ચલતાં, બેસતાં, ઉભા રહેતાં, અથવા સુતાં હું સર્વ વાતથી જાણીતો રહું છું, અને મારૂં જ્ઞાન હમેશાં પૂર્ણ છે. વિગેરે."

આ પ્રસંગે એટલું જાણવું જરૂરનું છે કે, જૈન અથવા બૌદ્ધ એકબીજાની શાખા નથી. કોઇ તો વળી એવી શંકા કરે છે કે, જૈન અને બૌદ્ધ એ બન્નેએ 'બૌદ્ધાયન" નામના વૈદિક પુસ્તકની નકલ કરી છે, એ તમામ ખોટું છે: કારણકે, જે વાત જૈન પુસ્તકોમાં છે, તે બૌદ્ધાયનમાં નથી, જે બૌદ્ધ પુસ્તકોમાં છે, તે જૈનોમાં નથી. ફક્ત ઉપરઉપરથી જોનારાઓનેજ જૈન અને બૌદ્ધની થોડી ઘણી બાબતો કંઇક મળતી જણાય છે જેમકે જૈન અને બૌદ્ધ, એ બન્ને માળાઓના એકસો આઠ મણકા રાખે છે. પાલી અને પ્રાકૃત લીપી કંઇક મળતી હોય છે. કેટલાક બૌદ્ધો પણ માંસાહારના ત્યાગી છે. બન્ને મૂર્તિપૂજકો છે જૈનો જ્યારે ચોવીસ તીર્થંકરોને માને છે, ત્યારે બૌદ્ધો પણ ચોવીસ બુદ્ધોનેજ માને છે. જૈન અને બૌદ્ધ બન્ને ધર્મના સાધુઓના વેષો ઘણે ભાગે મળતા આવે છે. તેમ મૂર્તિ પણ બન્નેની કંઇક મળતી આવે છે.

બૌદ્ધોના "મહાવન" નામના સૂત્રમાં લખ્યું છે કે, ગૌતમબુદ્ધના મૃત્યુ પછી ત્રણસોને ત્રીસ વર્ષે ત્રણ પીડીકાઓ લખાઇ. સંવત ૧૬૧ માં કાશ્મીર દેશમાં મેઘવાહન રાજા બૌદ્ધ ધર્મ પાળતો હતો. ચીનમાં પણ આજ સમયમાં બૌદ્ધધર્મનો ફેલાવો થયો. સંવત ૪૫૭ માં ચીનનો રાજા પણ બૌદ્ધધર્મ પાળવા લાગ્યો. કોરીઆમાં સંવત ૪૨૯ માં બૌદ્ધધર્મ ચાલ્યો. સંવત ૪૮૭ માં બૌદ્ધાચાર્ય બુદ્ધઘોષે ધમ્મપાદ સૂત્રની ટીકા સીલોનમાં (લંકામાં) રહી બનાવી. સંવત ૫૦૭ માં બર્મામાં (બ્રહ્મદેશમાં,) સંવત ૬૦૯ માં જાપાનમાં, અને સંવત ૬૯૫ માં શીઆમમાં બૌદ્ધધર્મ ચાલુ થયો. સંવત ૧૩૧૯ માં સીનરામ નામના એક બૌદ્ધ સાધુએ જાપાનમાં એવો નવો પંથ કહાડયો કે, સાધુએ પણ સ્ત્રી પરણવી, અને તે મુજબ હાલ જાપાનમાં ચાલુછે.

વળી તેજ સૂત્રમાં લખ્યું છે કે, જ્યારે બૌદ્ધ મતના સ્થાપનાર ગૌતમ બુદ્ધ વૈશાલી નગરીમાં ગયા, ત્યારે જ્ઞાતપુત્રના એટલે મહાવીરસ્વામીના એક ઉપાસકને તેમણે પોતાના મતમાં લીધો, કે જે ઉપાસક મલ્લીય અને લચ્છીય જાતિના અઢાર રાજાઓના વંશનો હતો. એ ઉપરથી પણ ખુલ્લું જણાય છે કે, બૌદ્ધમત ચલાવનાર ગૌતમ બુદ્ધના સમયમાં વૈશાલી નગરીની આસપાસ જૈનમત ચાલતો હતો.

એવી રીતે બૌદ્ધધર્મની પેહેલાં પણ જૈનધર્મ વિદ્યમાન હતો.

Aho ! Shrutgyanam

# પ્રકરણ પાંચમું.

---

## જૈનમૂર્તિપરના પ્રાચીન જૈન શિલાલેખો.

### મથુરાના લેખો.

### કનિષ્ક સંવત ૨૦ માં લખાએલો મથુરાની જિનમૂર્તિ ઉપરનો શિલાલેખ.

" सिद्धं । सं० २० ग्रामा १ । दि १०+५ । कोट्टियतो, गणतो, वाणियतो, कुलतो, वइरितो, शाखातो, शिरिकातो, भत्तितो, वाचकस्य अर्य्यसंघ सिंहस्य निर्व्वर्त नंदात्तिलस्य........वि.–लस्य कोठुंबिकिय, जयवालस्य, देवदासस्य, ~~नागदिनस्य च नामदिनाये~~, च मातु श्राविकाये दिनाये दानं । इ । वर्द्धमानप्रतिमा "

ઉપરના લેખનો ભાવાર્થ—"ફતેહ" સંવત ૨૦ નો ઉષ્ણુકાળનો પેહેલો મહિનો, મિતિ પુનેમે જયપાળની માતા, વિ......લની સ્ત્રી, દત્તિલની દીકરી અર્થાત્ ( દિન્ના અથવા દત્તા ) દેવદાસ અને નાગદિન ( નાગદિન્ન અથવા નાગદત્ત ) તથા નાગદિના ( અર્થાત્ નાગદિન્ના અથવા નાગદત્તા ) ની સંસારી સ્ત્રી શિષ્યાની બક્ષીસ, કીર્તિવાન વર્ધમાન પ્રભુની પ્રતિમા આ પ્રતિમા કૌટિક ગણના વાણિજ્જ નામના કુલના વૈરી શાખાના શિરિકા ભાગના આર્યસંઘ સિંહની પ્રતિષ્ઠાપેલી છે.

( ઉપર લખેલો શિલાલેખ કનિંગહામના રચેલા આર્યોલૉજીકલ સર્વે ઑફ ઇંડિઆ નામના પુસ્તકના આઠમાં અંકમાં ૧૩–૧૪ ચિત્રમાં પ્રગટ કરેલ છે અને તેનો ગુજરાતી ભાવાર્થ ડાકટર બુલ્હરે રચેલો છે. )

આ લેખમાં જે સંવત નાખવામાં આવેલો છે, તે હિંદુસ્તાન અને સિથીઆ દેશના વચલા ભાગમાં રાજ્ય કરી ગએલા કનિષ્ક રાજાનો છે. કનિષ્ક રાજા ઇસ્વી સન ૭૮ અથવા ૭૯ માં ગાદીપર બેઠેલો હતો.

દત્તકૃત પ્રાચીન ભારતના ગુજરાતી ભાષાંતરમાં કનિષ્ક રાજા માટે નીચે પ્રમાણે લખાણ આપવામાં આવ્યું છે.

Aho ! Shrutgyanam

૧ ( દત્તકૃત પ્રાચીન ભારતનું ગુજરાતી ભાષાંતર પાનું ૨૧ ).

" કાશ્મીરનો યુચી રાજા કનિષ્ક ઇસ્વીસનના પેહેલા સૈકામાં એક વિશાળ રાજ્યનો ધણી હતો. એ રાજ્ય કાબુલ, કાસ્ગર અને યારકંડથી ગુજરાત અને આગ્રા સુધી વિસ્તાર પામ્યું હતું. તે બૌદ્ધધર્મી હતો. તેણે કાશ્મીરમાં ઉત્તર તરફના બૌદ્ધ લોકોની મહાન સભા સ્થાપી. પછી કાંબોજીઆન અને કાબુલથી બીજી જાતો હિંદુસ્તાનમાં પેઠી."

૨ ( દત્તકૃત પ્રાચીન ભારતનું ગુજરાતી ભાષાંતર પાનું ૩૦ ).

" માત્ર એટલુંજ જાણવામાં આવ્યું છે કે, કાશ્મીરનો રાજા મહાન્ કનિષ્ક જીતતો જીતતો પશ્ચિમ હિંદુસ્તાનમાં આગ્રા અને ગુજરાત સુધિ આવ્યો હતો. એ રાજા બૌદ્ધધર્મ પાળતો હતો; અને તેણે ઉત્તર તરફના બૌદ્ધ લોકોની એક સભા બોલાવી હતી. કોઇ હિંદુ રાજા તેના સામે થયો હોય એમ ઇતિહાસ ઉપરથી માલુમ પડતું નથી. એથી ઉલટું શીલાલેખો ઉપરથી એમ જણાય છે કે, કનિષ્કે પોતે એક સંવત્સર ચલાવ્યો હતો; અને તે તેના વખત પછી બે ત્રણ સૈકા સુધિ ચાલ્યો હતો. એવી અટકળ કરવામાં આવી છે કે, કનિષ્કે ચલાવેલો સંવત્સર પાછળથી **શકસંવત્સર** તરિકે ઓળખાયો હશે. હિંદુસ્તાનના જે ભાગોમાં બૌદ્ધધર્મનો ફેલાવો થયો હતો, તે ભાગોમાં તેમજ ટીબેટ, બર્મા, સીલોન અને જાવામાં એ સંવત દાખલ થયો હતો. છટ્ઠા સૈકામાં હિંદુ ધર્મનો ફરીથી ફેલાવો થયો. ત્યાર પછી હિંદુઓએ એ સંવત વાપરવા માંડયો, અને એવી વાત ચલાવી કે, એ સંવત બૌદ્ધધર્મ પાળનાર શક રાજાએ ( કનિષ્કે ) રાજ્ય કર્યું, તે ઉપરથી ચાલ્યો નથી, પણ કોઇ હિંદુ રાજાએ શક લોકોને હરાવ્યા, તે ઉપરથી ચાલ્યો છે."

૩ ( દત્તકૃત પ્રાચીન ભારતનું ગુજરાતી ભાષાંતર પાનું ૩૫ ).

"કાશ્મીરના યુચી રાજા કનિષ્કે શકસંવત્તર ચલાવ્યો. ઇ. સ. ૭૮ "

## કનિષ્કની પણ પેહેલાં સંવત ૬૦ માં લખાએલો શીલાલેખ.

" नमो अरहंतानं, नमो सिद्धानं, सं० ६०+२ ग्र, ३ दि. ९ एताये पुर्वायेरारकस्य अर्यककसघ स्तस्य शिष्या आतपे कोगहवरी यस्य निर्वतन चतुवस्यनें संघस्य या दिन्ना पडिमा ( मो. १ ) ग. ( ११ ) वैहिकाये दत्ति "



Aho ! Shrutgyanam

**ઉપરના લેખનો ભાવાર્થ**—અરિહંતને પ્રણામ, સિદ્ધને પ્રણામ, સંવત ૬૦. ( આ સંવત હિંદુસ્તાન અને સીથીઆના રાજા કનિષ્કનો નથી, પણ તેથી પણ પ્રાચીન હોય, એવું અનુમાન થાય છે. કારણકે, આ લેખની લીપી અત્યંત પ્રાચીન છે. ) ઉષ્ણકાળનો ત્રીજો મહીનો પાંચમની તીથી, આ સમયમાં જે ચાર વર્ગોનો સમાવેશ થાય છે, તે સમુદાયના ઉપયોગ માટે, અથવા તે દરેક વર્ગને માટે એકેક હિસ્સો દેવામાં આવ્યો. ( આ હિસ્સો કઇ વસ્તુનો દેવામાં આવ્યો હતો, તેનો કંઇ ખુલાસો થઇ શકતો નથી; તેમજ "પતિભોગ" અથવા "પતિભાગ" એ બન્નેમાંથી કયો શબ્દ પસંદ કરવા લાયક છે? તેનો પણ ખુલાસો થઇ શકતો નથી. ) આતપિકો ગહવરીશ ( રાધા ) કારહીસ આર્યકર્ક સધસ્ત ( આર્ય——કર્ક સધશીત ) ના શિષ્યે નિવર્તન કરેલી વૈહીની બક્ષિસ. ( આ નામને તોડીને આ પ્રમાણે જૂદાં પણ કરી શકાય. જેમકે आतपिक–औगहब–आर्य+ પાછલા ભાગમાં તો પ્રગટ છે કે, નિવર્તનની સાથે એકજ વિભક્તિ છે. તેટલામાટે બીજા લેખોમાં પણ એવીજ પદ્ધતિથી લખાણ લખેલું જણાય છે. "निर्वर्तयति" શબ્દનો અર્થ સામાન્ય રીતિથી રજુ કરવાનો છે, અર્થાત્ સંપૂર્ણ કરવાનો છે. આથી કરીને આ લેખમાં એમ બતાવ્યું છે કે, દીધેલી વસ્તુ રજુ કરવામાં આવી હતી. અર્થાત્ જે આચાર્યનું નામ આગળ આવશે, તેમની ઇચ્છાથી વસ્તુ અર્પણ કરવામાં આવી હતી. અથવા તે આચાર્યથી તે સંપૂર્ણ કરવામાં આવી હતી, એટલે પવિત્ર કરવામાં આવી હતી. )

( ઉપરનો લેખ સ્પેઇજરના સંસ્કૃત વાક્યની રચનાના પુસ્તકના ૧૧૬ મા પાનાપર છે. )

### કનિષ્ક સંવત ૯ મા લખાએલો શિલાલેખ.

"सिद्धं महाराजस्य कनिष्कस्य राज्ये संवत्सरे नवमे ॥९॥ मासे प्रथ १ दिवसे ५ अस्यां पूर्वाये कोटियतो, गणतो, वाणियतो, कुलतो, वइरितो, साखातो वाचकस्य नागनंदि स निर्वर्तनं ब्रह्मधूतुये भटिमित्तस्स कुटुंबिनिये विकटाये श्री वर्द्धमानस्य प्रतिमा कारिता सर्वसत्वानं हित सुखाये"

( ઉપરનો લેખ શ્રી મહાવીર પ્રભુની પ્રતિમા ઉપર કોતરેલો છે. )

Aho ! Shrutgyanam

**ઉપરના લેખનો ભાવાર્થ**—"કૃતેહ" મહારાજા કનિષ્કના રાજ્યમાં નવમા વર્ષના પેહેલા મહીનાની પાંચમની તિથિએ બ્રહ્માની દીકરી અને ભટ્ટિમિત્રની સ્ત્રી કે જેણીનું નામ વિકટા હતું, તેણીએ સર્વ જીવોના કલ્યાણ તથા સુખમાટે કીર્તિમાન શ્રી વર્ધમાન પ્રભુની પ્રતિમા કરાવી. તે પ્રતિમા કોટિક ગણના, વાણિજ્જ કુલના અને વઇરી શાખાના આચાર્ય નાગનંદિની પ્રતિષ્ઠિત કરેલી છે."

( શ્રી મહાવીર પ્રભુની આઠમી પાટપર થએલા સુસ્થિત અથવા સુસ્થિત નામના આચાર્યે કૌટિક નામના ગણની ( ગચ્છની ) સ્થાપના કરી હતી. તે ગચ્છના પેટામાં ચાર કુલો થયાં; કે જેમાંથી ત્રીજા વાણિજ્જ કુલનું નામ વઇરી શાખા હતું. આ સઘળાં ગણ, કુલ તથા શાખાઓનાં નામો કલ્પસૂત્રના પાઠની સાથે પણ મળતાં આવે છે. )

( ઉપર લખ્યા શિવાયના બીજા પણ મથુરાંના ઘણા પ્રાચીન જૈન શિલાલેખો છે. )

## પ્રકરણ છઠ્ઠું.

### ( મહાન્ અશોક રાજા )

શ્રી વીર પ્રભુના સમયમાં રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા; અને તે પરમ જૈની હતા. તેની ગાદીપર તેનો પુત્ર કોણિક બેઠો હતો. તેણે પોતાની રાજધાની ચંપા નગરીમાં કરી હતી. તેની ગાદીપર તેનો પુત્ર ઉદાયી બેઠો. તેણે પોતાની રાજધાની પાટલીપુત્ર નગરમાં કરી હતી. ઉદાયી રાજાને કંઇ સંતાન નહોતું; તેથી તેની ગાદીપર અનુક્રમે નવ નંદ રાજાઓ બેઠા હતા. નવમા નંદ રાજાની ગાદીપર મૌર્યવંશી રાજા ચંદ્રગુપ્ત બેઠો. ચંદ્રગુપ્તે ઇસ્વીસન પૂર્વે ૩૨૦ થી ૨૯૧ સુધિ રાજ્ય કર્યું. ચંદ્રગુપ્તની ગાદીએ તેનો પુત્ર બિંદુસાર બેઠો. તેણે ઇસ્વીસન પૂર્વે ૨૯૧ થી ૨૬૩ સુધી રાજ્ય કર્યું. તેની ગાદીએ તેનો પુત્ર **મહાન્ અશોક** રાજા બેઠો.

આ અશોક રાજા પ્રથમ તો પરમ જૈની હતો, એવું તેના શિલાલેખો પરથી જણાય છે, અને પાછળથી તે કદાચ બૌદ્ધધર્મી થયો હોય એમ અનુમાન થાય છે. બૌદ્ધગ્રંથોમાં મહાન્ અશોકમાટે બૌદ્ધોએ એવાં લખાણો કર્યા છે કે, તેની પૂર્વ વયમાં તે અત્યંત ક્રૂર સ્વભાવનો હતો, અને પાછળથી આ-

Aho ! Shrutgyanam

ગારા ધર્મમાં ( બૌદ્ધધર્મમાં ) આવ્યા બાદ તે દયાળુ થયો હતો. બૌદ્ધોનું આ લખાણ કેવળ પોતાના ધર્મનું માહાત્મ્ય વધારવામાટે હોય એવું અનુમાન થાય છે. કારણકે, તે સમયમાં જૈનો અને બૌદ્ધો વચ્ચે ઘણી સ્પર્ધા ચાલતી હતી, અને તે હેતુથીજ કદાચ બૌદ્ધોએ **મહાન્ અશોકના** સંબંધમાં આવું લખાણ દાખલ કર્યું હોય, એવું અનુમાન થાય છે. અને તેથીજ શોધક વિદ્વાનો બૌદ્ધોના તે લખાણને શંકાવાળું ગણી મહાન્ અશોકપર મેલાતા ક્રૂરપણાના કલંકને દૂર કરવામાટે પ્રયત્ન કરે છે. ગમે તેમ હો, તોપણ મહાન્ અશોક મહા દયાળુ રાજા હતો, એમ તેના આજદિન સુધિ હયાત રહેલા શિલાલેખોજ જણાવી આપે છે, અને તે શિલાલેખોના દયામય લખાણો અને તેમાં રહેલા **અર્હત્** આદિ શબ્દો તેનું પરમ દયાવાળું જૈનધર્મીપણુંજ સૂચવે છે.

( બૌદ્ધોના ગ્રંથોમાં તથા પ્રખ્યાત ચીનાઇ મુસાફર હ્યુયેન્સંગના મુસાફરી સંબંધી ગ્રંથમાં મહાન્ અશોક માટે નીચે પ્રમાણે લખાણ કરવામાં આવેલું છે. )

કવિઓથી જેમની કીર્તિ ગવાએલી છે, એવા કથાલંકારભૂત ભારતભૂમિપર થએલા કેટલાક રાજાઓ પછી કોઇ પણ આર્ય રાજાની કીર્તિ જો દિગંતવર્તી હોય, તો તે **મહાન્ અશોકરાયનીજ** છે. તે કાળમાં તેના જેવો સમદષ્ટી અને દયાળુ રાજા બીજો કોઇ નહોતો. ઉજ્જયનીનો રાજા વિક્રમાદિત્ય અને ધારા નગરનો રાજા ભોજ પણ હિંદુસ્તાનમાં પ્રખ્યાત હોવા છતાં આ મૌર્યવંશી **મહાન્ અશોકની** મહત્તામાં ડુબી જાય છે. કેટલાક વિદ્વાનો એવું અનુમાન કરે છે કે, એ રાજાઓના કરતાં તે થોડો લોકવિખ્યાત છે, તેનું કારણ તો બીજું કંઇજ નહી, પરંતુ સાતમા શતકની ધર્મક્રાંતિ હોય એમ કદાપિ કહી શકાય. "परधर्मो भयावहः" એ સંસ્કારને પરિણામે જૈનધર્મ યા બૌદ્ધધર્મ, કે જેને બ્રાહ્મણોએ એક દુશ્મનરૂપ ધર્મ ગણ્યો હતો, તેના પ્રચારકને લોકો વિસારિ મૂકે, તેમાં આશ્ચર્ય પામવા જેવું કંઇજ નથી. હમણાંજ લોકના મોટા સમૂહથી સમજાયું છે કે, બૌદ્ધધર્મ અને જૈનધર્મ એ ભરતખંડમાં ઉદ્ભવેલો આર્યધર્મનોજ એક સુધારક માર્ગ છે; અને તે ધર્મના મુખ્ય વ્યવસ્થાપકો આર્ય ક્ષત્રિય રાજકુમારો હતા, કે જેઓનું જીવનચરિત્ર લોકોત્તર ચરિત્રથી પૂર્ણ હોઇ, લોકોદ્ધારક ઉદાર વૃત્તિથી અને દયાના ઉપદેશથી ભરપૂર છે.

Aho ! Shrutgyanam

બ્રાહ્મણધર્મમાં રામ, યુધિષ્ટિર અને કૃષ્ણને જેટલું માન છે, તેટલુંજ માન અને સદ્ભાવ બુદ્ધ ધર્મમાં **મહાન્ અશોકરાયને** અપાએલાં છે. બૌદ્ધ પુરાણોમાં અને બૌદ્ધ ધર્મ સંબંધિ વિવિધ કથાઓમાં એ મહાન્ રાજાના યશ ગવાએલા છે. એટલુંજ નહી, પરંતુ આર્યાવૃત્તની બહાર પશ્ચિમ તરફના દેશોમાં પણ, એક મહાન્ રાજા તરિકે તેની કીર્તિ પ્રખ્યાત છે. પુરાણના મહાન રાજાઓને કલ્પિત માનનારાઓ તો તેનેજ આર્યપ્રજાનો પ્રથમ મહારાજા અને ચક્રવાર્તિ ગણે છે, અને ઇતિહાસદૃષ્ટિથી વિચાર કરીએ તો આપણે પણ કબુલ કરવુંજ પડે કે, પુરાણના અંશાવતારી રાજાઓની કીર્તિ તેમનાં ધાર્મિક વર્તનને લીધે કવિઓની અલંકૃત વાણીમાં વર્ણવાએલી છે. ત્યારે **મહાન્ અશોકરાયની** કીર્તિ તેના ધાર્મિક વર્તનમાં, સચ્ચરિત્રમાં, પ્રજાપાલનમાં અને રાજ્યના મોટા વિસ્તારમાં સમાયેલી છે, અને ઇતિહાસમાં તે નિર્મળ આદર્શની માફક શોભે છે. આર્ય પ્રજાનું આ દેશમાં અવતરણ થયા પછી કોઇ પણ રાજાએ જો મોટા વિસ્તારવાળા પ્રદેશ ઉપર રાજ્ય કર્યું હોય તો તે **મહાન્ અશોકરાયજ** છે. પૂર્વે કામરૂપ અને બંગ, દક્ષિણે ગોદાવરી અને કૃષ્ણાનો જનપદ, પશ્ચિમે સૌરાષ્ટ્ર અને સિંધુ પ્રદેશ તથા ઉત્તરે કાશ્મીર અને ગાંધારસુધિ તેની રાજ્યસીમા હતી. તેની પેલી તરફ વળી ચોલ, પાંડ્ય, યોન, આંધ્ર, ભોજ, પુલિંદ અને તામ્રપર્ણીના સામંતરાજ્યો પણ એ સામંતકુલચક્ર મુકુટમણિ **મહાન્ અશોકરાજની** આજ્ઞાને મસ્તકપર ચઢાવતા હતા. ચીન, જાપા, લંકા, ઇરાન અને ગ્રીસસુધિ મહાન્ રાજાતરિકે તેની ખ્યાતિ હતી. પ્રજાની ઉન્નતિ અને દયાધર્મના પ્રચાર માટે તેણે અસાધારણ શ્રમ અને સ્વાર્થાર્પણ બતાવેલું છે, તેની અદ્યાપિ પણ પરદેશીય ઇતિહાસ અને પર્વતોના અચલ ખડકોઉપર કોતરાએલા શીલાલેખો આપણને સાક્ષી આપે છે. "જેનું નામ ઘણા કાળસુધિ ઘણા લોકમાં ગવાતું રહે, તેની મહત્તા મોટી." એ સિદ્ધાંતને અનુસરીને બોલીએ તો પાશ્ચાત્ય પ્રાચીન ઇતિહાસમાં પ્રખ્યાત થએલા શાર્લમેન અને સીઝર જેવા મહાન રાજાઓના કરતાં પણ ભરતખંડનો **મહાન્ અશોકરાજા** મોટો હતો, એમ કબુલજ કરવું પડે, એમ કહી એક જર્મન વિદ્વાન્ તેની મહત્તાને સર્વોપરી સિદ્ધ કરી આપેછે.

ચરિત્રલેખનની દૃષ્ટિએ જોનારને સારૂં આ મહાન્ રાજાનું યથાયોગ્ય ચરિત્ર મળી આવતું નથી, એ ઘણુંજ ખેદકારક છે. બૌદ્ધ ધર્મના પૌરાણિક ગ્રંથો અને કથાઓમાં સત્યાસત્યમિશ્રિત તેની ઘણીજ અલૌકિક કથાઓ છે.

Aho ! Shrutgyanam

પરદેશીય ઇતિહાસ, અને પરદેશીય પ્રવાસગ્રંથોમાં **મહાન્ અશોકરાયના** ઘણાં ઘણાં ઉદાહરણો આપેલાં છે, તથા તેની રાજ્યનીતિનું દર્શન કરાવતા તેના અચળ શિલાલેખો, મોટા નાના સ્તુપો તથા ચૈત્યો કાળચક્રના દીર્ઘ આઘાત પછી પણ અત્યારે વિદ્યમાન છે, તથાપિ સંપૂર્ણ ઇતિહાસને માટે જોઇતાં વિશ્વસનીય વૃત્તાંતો તો અશોકરાય માટે કંઇ પણ મળી શકતાં નથી. ઇતિહાસ યોગ્ય વૃત્તાંતોના અભાવ સંબંધે બોલતાં ડોકટર રાજેંદ્રલાલમિત્ર કહે છે કે, વંશપરંપરાગત ધર્મનો ( જૈનધર્મનો ) ત્યાગ કરવાથી આર્ય પ્રજામાના કોઇ પણ ચરિત્ર લેખકે તેનું ચરિત્ર લખ્યું નહી; અને બૌદ્ધધર્મના વિદ્વાનોએ કદાપિ લખ્યું હશે તો તે સાતમા શતકના ઉચ્છેદક પરિવતન કાળે નાશ પામ્યું હશે; અને તેનેજ પરિણામે હાલ આપણે આપણા એક મહાન રાજાનો ઇતિહાસ લખવાગાં અસમર્થ થઇ પડ્યા છીએ. આર્યોમાં ઇતિહાસ લેખનજ નથી, એમ કેટલાક પાશ્ચિમાત્ય વિદ્વાનો કહે છે; પરંતુ રાજાવલિ, રાજ્યતરંગીણી, પ્રબંધકોશ અને રાસા વિગેરે ગ્રંથોનું અસ્તિત્વ તેમને ઉત્તર આપતું હોવાથી આપણે માત્ર એમજ માનીશું કે, મહાન્ રાજાઓના ચરિત્રોમાટે આર્ય વિદ્વાનોએ ઉપેક્ષા કરી નથી. તોપણ ધર્મ અને પરપ્રજાના ક્ષોભક યુદ્ધકાળને પરિણામે એવા ઉત્તમ સાધનોનો અને ગ્રંથોનો નાશ થઇ ગયો હશે. ગમે તેમ બન્યું હોય, પરંતુ અત્યારે તો આપણે આપણા સ્વાભિમાન લેવા યોગ્ય **અશોક, વિક્રમાદિત્ય** અને ભોજ જેવા મહાન્ રાજાઓના યથાર્થ ઇતિહાસ અને ચરિત્રથી અજાણ્યાજ છીએ. વિશાખદત્તકૃત મુદ્રારાક્ષસ નામના ગ્રંથમાંથી, તેમજ હેમચંદ્રજી મહારાજના પરિશિષ્ટપર્વ નામના ગ્રંથમાંથી તથા બીજા પૌરાણિક લેખોમાંથી આપણને મગધરાજ્યની મહત્તા અને **અશોકના** પિતામહ ચંદ્રગુપ્તના ચરિત્રની કંઇક હકીકત મળી શકે છે, તે અને બૌદ્ધ ગ્રંથોના સાધનો ઉપર આધાર રાખીને અહીં એ મહાન્ અશોકરાજાના ચરિત્રને વિસ્તારવાનો પ્રયત્ન કરીશું.

કૌરવપાંડવના સમકાલીન જરાસિંધુના કાળથી મગધનું રાજ્ય પ્રખ્યાતિમાં આવેલું છે. પૌરાણિક કથાઓમાંથી મળતું વૃત્તાંત મગધના રાજા જરાસિંધુના પરાક્રમને શોભા આપે તેવું છે. તેણે પોતાના પરાક્રમથી અનેક રાજાઓને પોતાની મહત્તા મનાવી તેમના દેશોમાં પોતાની આણ વર્તાવી બંદિવાન્ કર્યા હતા. ભારતના વીરભદ્ર નાયક ભીમસેનને હાથે પણ કૃષ્ણ જેવા રાજ્યનીતિને જાણનારના છળને અંતેજ તેનો આખરે પરાભવ થયો હતો.

Aho ! Shrutgyanam

શત્રુએ પણ જેના શૌર્યની પ્રશંસા કરેલી છે, એવા જરાસિંધુના પુત્ર સહદેવે વળી ભારતીય યુદ્ધમાં કોરવોના પક્ષમાં રહી તુમુલ યુદ્ધ કર્યું હતું, એમ મહાભારત ઉપરથી જણાઇ આવે છે. સહદેવના એકવીશમાં પુરૂષ પછી મગધની ગાદી પ્રદ્યોત વંશને ભોગ પડી, અને વિષ્ણુપુરાણમાં આપેલી પ્રદ્યોતવંશની વંશાવલિ પ્રમાણે અગ્યાર રાજાઓએ રાજ્ય કર્યા પછી ભારતખંડના પ્રસિદ્ધ રાજ્ય પ્રપંચને જાણનારા ચાણાક્યના બુદ્ધિકૌશલ્યથી નંદ રાજાઓનો ઉચ્છેદ થઇ ચંદ્રગુપ્તનો પાટલીપુત્રમાં રાજ્યાભિષેક થયો હતો.

ચંદ્રગુપ્ત કે જે **અશોકરાયનો** દાદો થાય છે, તે છેલ્લા નંદરાજાની શૂદ્ર રાણીનો પુત્ર[1] હતો. શૂદ્ર રાણીનો પુત્ર હોવાથી તેને મગધરાજનો અધિકાર નથી, એમ જણાવી કહાડી મૂકવામાં આવ્યો હતો. એવી રીતે પોતાનું અપમાન થવાથી તેના મનમાં રોષાગ્નિ બળતો હતો, એટલામાં પ્રપંચી ચાણાક્ય[2] તેને મળી આવ્યો. અને તેનીજ રાજકાર્યકુશળતાને પરિણામે તેને મગધનું રાજ્ય પ્રાપ્ત થયું. ચાણાક્ય એક રાજ્યનિતિમાં કુશળ બ્રાહ્મણ હતો. ઘણાઓ એમ માને છે કે, તે તક્ષશિલાનો વતની હતો, પરંતુ બીજા વિદ્વાનો વાત્સયાનને નામે તેણેજ બનાવેલા કામસૂત્રમાં ત્યાંના લોક માટે બતાવેલી અપસંદગીથી તેને ત્યાંનો વતની હોવાની ના પાડે છે. ઘણે નામે ચાણાક્ય આપણા ગ્રંથોમાં પ્રસિદ્ધ છે.

विष्णुगुप्तस्तु कौटिल्यः चाणाक्यो द्रामिलोंगुलः ।
वात्सायनो मल्लनागो, मौर्यामात्यश्चाणिप्रसुः ॥ १ ॥

વિષ્ણુગુપ્ત એ એનું પ્રસિદ્ધ નામ હતું. બાળવયમાં પોતાના પિતાપાસેથી તે ઘણી વિદ્યાઓ ભણ્યો હતો. ચાણાક્ય તે વખતના ભારતખંડનો ઘણોજ માહીતગાર હતો. સર્વ દેશોના લોકોની રીતભાતનું તેને સંપૂર્ણ જ્ઞાન હતું. કામસૂત્રમાં તેણે જૂદા જૂદા વિભાગના ભારતીય લોકની રીતભાતનું યથાર્થ વર્ણન આપેલું છે. તેની વિદ્વતા લોકમાં પ્રસિદ્ધ હતી. એટલામાં અમુક કારણોને લીધે તેને રાજકીય બાબતમાં ભાગ લેવો પડયો, અને તેમાં તે એવો કુશલ જણાયો કે, લોકોએ તેને ભારતીય રાજનીતિજ્ઞનું નામ આપ્યું; અને

૧ પરિશિષ્ટ પર્વના લખાણ પ્રમાણે તે મયૂરપોષકની પુત્રીનો પુત્ર હતો. તે માટેનું વિશેષ વૃત્તાંત આજ પુસ્તકના પેહેલા ભાગમાં આપેલું છે.

૨ ચાણાક્યનું વિશેષ વૃત્તાંત આજ પુસ્તકના પેહેલા ભાગમાં આપેલુંછે.

Aho ! Shrutgyanam

સમકાલીનોમાં તે ગાનભર્યા " સ્વામિન્ " ના નામથી પ્રખ્યાત થયો. કામંદકીય નીતિશાસ્ત્રમાં તેને ગુરૂરૂપે વંદન કરવામાં આવેલું છે; એજ એની મહત્તા બતાવવાને માટે પૂરતું સાધન છે. મગધના રાજાઓ કે, જેઓ તે કાળે ભરતખંડમાં સર્વોપરી ગણાતા હતા, તેઓને એનીજ અનન્ય સાધારણ રાજકીય યુક્તિઓથી ચંદ્રગુપ્તે ઉખેડી નાંખ્યા; અને રાજ્યાસનપર બેસતાં તેણે ( ચંદ્રગુપ્તે ) તેને ( ચાણાક્યને ) મગધરાજનો નેતા ( મુખ્ય પ્રધાન ) બનાવ્યો. ચાણાક્યની મહત્તા તેની વિદ્વત્તામાં અને તેની રાજકુશળતામાંજ નથી, પરંતુ તેના ત્યાગભાવમાં પણ છે. મગધ જેવા સર્વોપરી રાજ્યનો મંત્રિ થયા છતાં અને રાજા પ્રજા પોતાને વંદન કરતી હોવા છતાં પણ સંતોષથી ચંદ્રગુપ્તને સ્થિર કર્યા પછી તેણે વૈરાગ્ય લીધો, અને એક મુનિતરિકે વાનપ્રસ્થ (વનમાં રહેનાર ) થઇ પોતાના જીવનને પ્રપંચથી દૂર કરી આત્મોદ્ધારનો માર્ગ તેણે અંગીકાર કર્યો હતો. ચાણાક્યની રાજ્યકાર્યની કુશળતાને પરિણામે મગધની ગાદીએ આવ્યા પછી ચંદ્રગુપ્તે પોતાના રાજ્યને વધાર્યું, અને તે એટલું વધાર્યું કે, જેની મહત્તા આર્ય પ્રજાએજ નહીં, પરંતુ પશ્ચિમ તરફનાં મોટાં રાજ્યોએ પણ સ્વીકારી. બાબીલન સર કરી ગ્રીસનો સેલ્યુકસ રાજા જ્યારે પંજાબમાના ગ્રીક પ્રાંતોને ફરીને ગ્રીકરાજ્યના અધિકાર નીચે સંસ્થાપિત કરવા આવ્યો, ત્યારે ચંદ્રગુપ્તે તેની સામે યુદ્ધ કરીને પોતાનું વિક્રમ તેના મનઉપર છાપ પાડે તેવી રીતે બતાવ્યું હતું. સેલ્યુકસે પણ, ભરતખંડમાં ઉત્પન્ન થઇ સંસ્થાપિત થએલી, અને સંપૂર્ણ જુસ્સામાં પ્રકાશિત થએલી આ ચંદ્રગુપ્તની નવીન રાજ્યસત્તાસામે સ્પર્ધા કરવા કરતાં તેની સાથે મિત્રાઇ કરવામાં ડાહાપણ વિચાર્યું. મગધની ગાદીએ આવેલા મહાન રાજાને તેણે પોતાની કુંવરી પરણાવી, અને તેને પંજાબ અને કાબુલ નદીનો પ્રદેશ પાછો આપ્યો, એટલુંજ નહીં, પરંતુ પોતાના સમાન બળવાન રાજા તરિકે તેનો સ્વીકાર કરીને પાટલીપુત્રના દરબારમાં માગસ્થેનીસ નામનો ગ્રીકરાજ્યનો પ્રતિનિધિ રાખ્યો. મહાન રાજકીય નરની માફક ચંદ્રગુપ્ત પણ જૂદે જૂદે નામે ઓળખાતો હતો. કેટલાક તેને મૌર્ય, મૌર્યપુત્ર અને ચંદ્રમસ્ પણ કહે છે. ચાણાક્ય તેને વૃષલ કહેતો હતો. ગ્રીક કુંવરીથી મગધનું આર્ય અંતઃપુર અલંકૃત થયું હતું. એ ઉપરથી વળી એમ પણ સ્પષ્ટ થાય છે કે, ઇસ્વીસન પૂર્વે હાલના જેવો કઠોર અને અનુદાર સંકુચિત જાતિપ્રતિબંધ હિંદુસ્તાનમાં નહોતો. જો કે ચંદ્રગુપ્તે તો પોતાની શૂદ્ર માતાને લીધે અપમાન સહન કર્યું

Aho ! Shrutgyanam

હતું જ.

ઇસ્વીસન પૂર્વે ૨૯૮ ની લગભગ તેના મરણ પછી તેનો પુત્ર અમિત્રકેતુ અથવા બિંદુસાર મગધની ગાદીઉપર આવ્યો. તે તેના પિતા જેટલોજ પરાક્રમી, બળવાન્ અને પ્રસિદ્ધ રાજા હતો. તેને બે પુત્રો હતા, જેમાના મોટાનું નામ **સુસીમ,** અને નાનાનું નામ **અશોકવર્ધન** હતું. અશોકના જન્મચરિત્ર ઉપર ત્રણ હસ્ત લેખો લખાએલા છે. જેમાં અવદાનશતક, દિવ્ય અવદાન, અને અશોક અવદાનનો સમાવેશ થાય છે. અશોકઅવદાનમાં તેના વંશના મૂળપુરૂષોનાં નામો આપ્યાં છે; પરંતુ દિવ્ય અવદાનથી તે ઘણું ભિન્ન પડે છે. અસ્તુ, તે ઉપરે વિશેષ વર્ણન કરવા જેવું કંઇજ નથી. **અશોકવર્ધનના** જન્મ સંબંધી તેમાં એવી એક દંતકથા આપી છે કે, બિંદુસારના રાજ્યકાળની દરમ્યાન ચંપાપુરી નામના શેહેરમાં એક દળિદ્રી બ્રાહ્મણ રહેતો હતો. તે બ્રાહ્મણને સુભદ્રાંગી નામે એક સ્વરૂપવાન્ કન્યા હતી; એક જ્યોતિષીએ તેણીની જન્મપત્રિકા જોઇને કહ્યું હતું કે, આ છોકરી એક મહાન્ પરાક્રમી રાજપુત્રની માતા થશે. સુભદ્રાંગીને તેનો પિતા રાજદરબારમાં જઇ દાસી તરિકે ભેટ કરી આવ્યો. કન્યાની સુંદરતાએ અંતઃપુરની રાણીઓમાં દ્વેષ ઉત્પન્ન કર્યો. તે બ્રાહ્મણ કન્યાને તેઓએ રાજાની દૃષ્ટિથી દૂર રાખવા માટે ઘણું ક્ષુદ્ર કામ સોંપ્યું હતું. રાજાની મૂછો ઓળવાનું કામ તેણીએ આખરે માગી લીધું; અને દિવસો જતાં એકવાર પોતાના કામથી રાજાને તેણીએ એવો પ્રસન્ન કર્યો કે, તેને કંઇ વરદાન માગવાનું રાજાએ કહ્યું; તેથી તેણીએ પટરાણીપદની માગણી કરી, અને પોતાનું સર્વ ચરિત્ર રાજાની સન્મુખ એવી તો સરસ રીતે નિવેદન કર્યું કે, તણે તેણીને અંતઃપુરની પટરાણીનું (મહારાણીનું) પદ આપ્યું; અને બીજી રાણીઓથી જૂદો બંદોબસ્ત કરી આપ્યો. એવી રીતે સુભદ્રાંગી રાજાની માનીતી રાણી થઇ. તેણીને પેહેલેજ ખોળે પ્રસવ પીડા વગર પુત્ર થયો, તેથી તેનું **અશોક** નામ પાડયું. આગળ જતાં સુભદ્રાંગીને બીજો પુત્ર થયો, તેનું નામ પણ **વીતાશોક** પાડવામાં આવ્યું હતું.

મહારાણી સુભદ્રાંગીનો મોટો પુત્ર અને આ વૃત્તાંતનો નાયક અશોક રાજા રૂપાળો નહોતો. તેનો સ્વભાવ પણ ઘણોજ ઉગ્ર હતો. બિંદુસાર રાજા તેને ઘણું ચહાતો નહોતો. તેના તીવ્ર સ્વભાવથી ત્રાસ પામેલા અંતઃપુરના પરિજનોએ તેને "ચંડ" એવું ઉપનામ આપ્યું હતું. જેમ જેમ તે મોટો



Aho ! Shrutgyanam

થતો ગયો, તેમ તેમ તેનો સ્વભાવ વધારે ને વધારે ઉગ્ર થતો ગયો. બિંદુસાર રાજા કોઇ લાગ જોઇ તેને વિદેશ વિદાય કરવાને ઇચ્છતો હતો. એટલામાં ઇસ્વીસન પૂર્વે ૨૮૦ માં તક્ષશિલામાં બંડ થયું; અને રાજાએ તે ઉત્પાતને દાબી દેવાના કામઉપર **અશોકની** યોજના કરીને, મગધથી તેને દૂર કર્યો. **અશોક કુમારનો** ઉગ્ર સ્વભાવ પ્રજાને વિદિત હતો; અને તેના તે સ્વભાવેજ આ સમયે તેને મદદ કરી. તક્ષશિલાના બંડખોરો તેનું નામ સાંભળી શરણે આવ્યા, અને તપાસ કરતાં અશોકને માલમ પડયું કે, બંડનું કારણ લોકોની અરાજ્યભક્તિ નહીં, પરંતુ ત્યાંના સુબાનો જુલમ હતો. તે સુબાને અધિકારભ્રષ્ટ કરી તેણે રાજ્યની વ્યવસ્થા કરી. લોકોએ મોટા માનથી તેને નગર પ્રવેશ સમયે સામૈયું કરી આવકાર દીધો. વળી અહીં શાંત બેસી ન રહેતાં તેણે કાસ્મીરઉપર સ્વારી લેઇ જઇ ત્યાંનું રાજ્ય જીતી લઇ તક્ષશિલાના રાજ્યસાથે જોડી દીધું. તે વ્યવસ્થા કરીને હજી તો **અશોક** પરવાર્યો પણ નહોતો, એટલામાં ઉજ્જયનીના સુબેદારની જગ્યા ખાલી પડી; એટલે બિંદુસાર રાજાએ **અશોકની** ત્યાં યોજના કરી; અને મોટા આડંબર તથા ઠાઠથી તે ઉજ્જયની જવા નિકળ્યો.

પંજાબ અને રાજપુતાનાને માર્ગે થઇ ગુજરાત અને ઉત્તર દિશાને માર્ગે ઉજ્જયની જતાં ચૈત્યગિરિ (વિશનગરમાં) તેણે વિશ્રામ લીધો. ગુજરાતી ધનિકની એક સ્વરૂપસંપન્ન કન્યાના દર્શને આ મહાન્ **અશોકના** મનમાં પ્રેમ ઉત્પન્ન કર્યો; અને એવી રીતે મગધના (ભરતખંડના) મહાન રાજા **અશોકના** અંતઃપુરમાં ગુજરાતી વૈસ્ય કન્યા મહારાણી પદ પામી. એ જાણતાં પણ ગુજરાતના પૂર્વ વૈભવને અને સ્વરૂપને સ્વાભિમાન મળતું જણાય છે. **અશોકના** ઉજ્જયની તરફ પગલાં વળતાંજ તક્ષશિલામાં ફરીને બંડ થયું; અને મગધેશ્વર બિંદુસારે તેને સમાવવામાટે પોતાના તિલકકુમાર (પાટવીકુમાર) સુસીમાને મોકલ્યો. એવી રીતે બેઉ રાજકુમારો મગધદેશની બહાર હતા. તેવામાં બિંદુસાર રાજાનું આરોગ્ય બગડયું, અને તેથી મગધની ગાદી કોને આપવી? તે પ્રશ્ન ઉભો થયો. બિંદુસારે પ્રધાનોની સલાહ માગી; અને તેઓએ પૂર્વનું વૈર યાદ લાવીને સુસીમને ગાદી નહીં આપવાનું જાહેર કર્યું; કારણ કે સુસીમે અગાઉ પ્રધાનચક્રનું એકવાર મોટું અપમાન કર્યું હતું. તક્ષશિલાનું બંડ શાંત પાડવા પછી બિંદુસારને **અશોક**પર થોડો ઘણો સદ્ભાવ થયો હતો; તેટલામાં વળી પ્રધાનોએ **અશોકને**

Aho ! Shrutgyanam

ગાદી આપવામાટે ભલામણ કરી. તે ઉપરથી સુસીમ પાછો આવે ત્યાંસુધી **અશોકને** ગાદી આપવાનું નક્કી કરી પ્રધાનોની સલાહ માન્ય રાખી. બીજી દંતકથામાં એમ પણ કહેલું છે કે, પોતાના મરણ સમયે બિંદુસાર રાજાએ સુસીમને તેડાવવાની આજ્ઞા કરી; પણ પ્રધાનોએ તો ઉલટો **અશોકને** તેડાવ્યો; અને તેથી તે **અશોક** પણ ત્યાં તુરત આવી પહોંચ્યો. સુસીમને બદલે **અશોકને** આવેલો જોઈ રાજા એટલો તો પ્રધાનોપર ગુસ્સે થયો કે, તેથી તેનું આરોગ્ય બગડયું, એટલુંજ નહીં, પણ ક્રોધાવેશથી તેની એક નાડીનો ભ્રંશ થતાં તેમાંથી લોહી વહી જવાથી અંતે તે મૃત્યુ પામ્યો.

ઇસ્વીસન પૂર્વે ૨૯૩ માં મગધેશ્વર બિંદુસાર મૃત્યુ પામ્યો; અને તેના મરણબાદ પ્રધાનોએ રાજ્યગાદી **અશોકને** આપી, તેમ છતાં પણ ચાર વર્ષો સુધિ તેનો રાજ્યાભિષેક થયો નહીં. **અશોક રાજાના** રાજ્યાભિષેકના સમય માટે અર્વાચીન ઇતિહાસકોનો જુદો જુદો મત છે; અને તેને માટે તેઓ જુદી જુદી સાલો આપે છે. પ્રોફેસર મેક્ષમુલર ૨૬૬, બાબુચક્રવર્તી ૨૭૧, મીસ્તર સેનાર્ટ ૨૬૯ અથવા ૨૭૦, પાલીભાષાના ઐતિહાસિક કથામિશ્ર ગ્રંથો પ્રમાણે ૨૭૨ અને મીસ્તર ડેવિડસ સાહેબના મત પ્રમાણે મગધની રાજધાની પાટલીપુત્રમાં **મહાન્ અશોકરાયનો** ઇસ્વીસન પૂર્વે ૨૬૭ માં રાજ્યાભિષેક થયો હતો. બે હજાર વર્ષો ઉપરના વૃત્તાંત માટેનો આ તફાવત કંઇ મોટો કહેવાય નહીં. પોતાના કુરૂપપણાથી પિતાને, અને ઉગ્ર સ્વભાવથી પરિજનને અપ્રિય થયા છતાં જ્યોતિષીઓના વચન પ્રમાણે સુભદ્રાંગીનો પુત્ર **અશોકરાય** આ પ્રમાણે મગધની ગાદીએ આવ્યો.

બિંદુસારનુ અવસાન થતાંજ રાધગુપ્ત નામના પ્રધાને અશોકને રાજા બનાવ્યો, અને સુસીમનો હક રાજ્યપારથી ઉડાવી દીધો. તક્ષશિલાનું બંડ શમાવવા ગએલો બિંદુસારનો માનીતો અને જ્યેષ્ઠ પુત્ર સુસીમ પિતાનું મૃત્યુ સાંભળી એકદમ પાટલીપુત્ર તરફ પાછો વળ્યો. ગંગા યમુનાના સંગમઉપર આવતાં તેને ખબર મળ્યા કે, ગાદીપર તો **અશોક** બેઠો છે; તેથી પોતાની બલાબલતાનો વિચાર નહીં કરતાં તેણે પાટલીપુત્રપર ચડાઇ કરવાનો વિચાર કર્યો. "પ્રસંગે કેવી રીતે વર્તવું? એજ મનુષ્યની બુદ્ધિની ખરેખરી કસોટી છે. રાજાથી રંક સુધિ જે માણસ પ્રસંગને પામવામાં અને બલાબલનો વિચાર કરવામાં કુશલ હોય છે, તેજ આ જગતમાં સમૃદ્ધિ મેળવી શકે છે." **અશોકરાજા**, દેશ, કાળ અને પ્રસંગને અનુસર્યો; અને સુસીમ, કે જે બિં-

Aho ! Shrutgyanam

દુસાર રાજાનો માનીતો હતો, તે, પ્રસંગને પ્રતિકુલ વર્તવાથી થોડી સેનાસાથે પાટલીપુત્રપર ચડી જતાં માર્યો ગયો. સુસીમ માર્યો ગયો એટલુંજ નહીં, પરંતુ તેના ઉપરથી દાખલો લેઇ અશોકે બંધુવધનું ઘોર કાર્ય કર્યું. અને જો કદી એમ થયુંજ હોય તો આપણે તે મહા ઘોર કાર્યના બીજરૂપે સુસીમનેજ ગણીશું; કારણકે, સુસીમની આ ચડાઇથી ચમકેલા અને દ્વેષથી ભરાએલા હોવાને લીધેજ તેણે તે કાર્ય કર્યું હતું.

પૂર્વ તરફના રાજ્યકુટુંબોમાં જાણે પરંપરાથી ચાલતો હોય તેમ બંધુઓનું રૂધિર રેડવાનો ચાલ જોવામાં આવે છે. હિંદુ, મુસલમાન, ચીના અને બીજી ઉત્તરપૂર્વ તરફની પ્રજાઓના ઇતિહાસમાં પણ આવા અનેક દાખલાઓ મળી આવશે. રાજ્યબંધારણની પ્રાચીન અવસ્થાનો નાશ થયો, તેજ એનું કારણ હોય, એમ કેમ ન કહેવાય? પુરાણોમાં શ્રેષ્ઠ ગણાએલાં રાજ્યકુટુંબોમાં તો જ્યેષ્ઠ પરંપરાજ સચવાએલી છે. મોટા બંધુને કનિષ્ઠ બંધુઓ પોતાના વડિલ જેવો માનતા હતા; અને તે વડિલ બંધુ રાજ્ય આપે તોપણ તેની હયાતિમાં તે લેવું. એ કનિષ્ટનો ધર્મ નથી, એવી તેમના મનપર પરંપરાની છાપ હતી. અયોધ્યાની રાણી કૈકેયીનો પુત્ર ભરત એ રીવાજના અપૂર્વ દૃષ્ટાંત જેવો છે. મહાભારતના જ્યેષ્ટબંધુ યુધિષ્ટિરથી વધારે બળવાન ભીમાર્જુનાદિ નાયકો પણ એ રીવાજના પ્રબળ દૃષ્ટાંતરૂપ છે. બ્રાહ્મણોની એકહથ્થુ સત્તાથી લોકોના મોટા સમૂહને કદાપિ અપ્રીયતા ઉત્પન્ન થઇ હશે, અને તેનેજ પરિણામે બુદ્ધોદયથી ભરતખંડમાં ધર્મક્રાંતિનો કાળ પ્રવર્ત્યો હશે, તોપણ સત્યાસત્ય નિરીક્ષક કોઇ પણ ઇતિહાસકને એટલું તો સ્વીકારવુંજ પડશે કે, ધાર્મિક બાબતોમાં અને ઉત્તમતામાં બ્રાહ્મણોએ બીજાઓ કરતાં પોતાની શ્રેષ્ઠતા જાળવવામાટે પોતાના પક્ષમાં કઇક વર્તન ચલાવ્યાં હતાં, તોપણ તેમની સામાન્ય-સર્વ લોકને માટે નિર્માએલી શિક્ષાઓ તો નીતિના ઉત્તમ સિદ્ધાંતઉપર રચાએલી હતી. મૂળ સિદ્ધાંતનું ઉલ્લંઘન કરી પોતાના લાભમાં જઇ લોકપીડારૂપ થઇ રહેલી એ રીતીઓ જાતિભેદ વગરના નવા ધર્મમાં નાશ પામી, તથા પરંપરાનો પ્રાચીન સંસ્કાર પણ તેના ઉગ્ર સ્વરૂપમાં નષ્ટપ્રાય થઇ ગયો. જો એમ ન થયું હોત, અને જો પ્રાચીન રીતિઓ ચાલુ રહેલી હોત, તથા આર્યનીતિના સંસ્કાર તે કાળે જેવાને તેવાજ હોત તો દાશરથીઓ અને પાંડવો જેવા વડિલની આજ્ઞાને મસ્તક ઉપર ધારણ કરનારની આ પવિત્ર ભૂમિઉપર કનિષ્ટબંધુ જેષ્ટબંધુના રૂધિરનો તરસ્યો થાત નહીં. **અશોકરાજા**

Aho ! Shrutgyanam

મગધનું રાજ્ય અને પોતાનું મસ્તક સન્માનપૂર્વક સુસીમના ચરણમાં મુકત. દેવલોકને પણ જેમની છાયા પડતી હતી, અને ભરતખંડમાં જેમના સમોવડીઆ કોઇપણ ક્ષત્રીયકુમાર નહોતા, તેવા બળવાન્ જે ભીમ અને અર્જુન, તેમના મનઉપર પરંપરાના નીતિશિક્ષણના સંસ્કાર ન હોત તો, કદિ પણ દુર્યોધનની સભામાં દ્રુપદ રાજાની પુત્રી, અને પોતાની પ્રિય પટરાણીના વસ્ત્રો ખેંચાવા દેત નહીં. કૈરવ રાજસભાને એક પદાઘાતથી પાતાળમાં ઘાલી દે, એવા ક્રોધાવેશમાં આવેલો ભીમ તે વખતે યુધિષ્ટરના આંખોના અણસારાને વશ થઇ ગયો હતો. એ નીતિ આ કાળે આર્યચરિત્ર ઉપરથી કઇંક ઓછી થઇ ગઇ હતી; અથવા બ્રાહ્મણોના અમુક પક્ષપાતને લીધે, તેમના શિક્ષણઉપર અકાલિન અરૂચિ ઉત્પન્ન થઇ હતી, તેનેજ પરિણામે પાટલીપુત્રના રાજ્યવંશમાં **અશોકને** હાથે સો બાંધવોનું લોહી રેડાયું હોય, તો તેમાં કશું આશ્ચર્ય નથી. જોકે ઘણા લેખકો, અને કેટલીક શોધિત બાબતો, આ દેવપ્રિય **અશોકરાજાને** હાથે થએલી કહેવાતી ક્રૂરતાની વિરૂદ્ધ જાય છે.

સુસીમ પાટલીપુત્રપર ચઢી આવ્યો, પરંતુ તેની પાસે મોટું સૈન્ય ન હોતું. અશોક બળવાન્ તથા સ્વભાવે ઉગ્ર હતો. સર્વ પ્રધાનો તેના પક્ષમાં હતા, અને બિંદુસારનું મોટું સૈન્ય પણ તેની આજ્ઞામાં હતું. લડાઇ થતાંજ સુસીમની હાર થઇ; તે રણમાં પડયો, અને તેની ગર્ભવંતી રાણી કે, જેણીને તે વખતે પૂરા દહાડા થવા આવેલા હતા, તે **અશોકની** ક્રૂરતામાંથી બચવા અને પોતાના સ્વામિનો વંશ રાખવા, એક ચાંડાલને આશ્રયે જઇ રહી. સુસીમની માફક બીજા ભાઇઓ પણ વખતે માથું ઉંચકે, એવા ભયથી અશોકે તેઓની કતલ ચલાવી. બુદ્ધધર્મના ગ્રંથોની અતિશયોક્તિ ભરેલી વાર્તાઓમાં પોતાના ધર્મની મોટાઇ વધારવા માટે **અશોકની** ક્રૂરતાને વધારી વધારીને વર્ણવવામાં આવી હોય, પરંતુ હાલના શોધકો ઘણે ભાગે તેની તે ક્રૂરતાને સ્વીકારતા નથી. બુદ્ધગ્રંથો પ્રમાણે **અશોકરાયે** સુસીમને માર્યા પછી પોતાના નવાણુ ભાઇઓ અને બેહેનો વિગેરે રાજકુટુંબના માણસોને પોતે પોતાને હાથેજ કાપી નાંખ્યા હતા. સિંહલદ્વીપના બૌદ્ધ ગ્રંથોમાં પણ એ પ્રમાણેજ લખાણ છે. તિષ્ય નામનો તેનો એક ભાઇ, કે જેણે **અશોકની** કાળની જીભ જેવી ક્રૂર તલવારથી બચવાને વૈરાગ્ય સ્વીકાર્યો હતો, તેના શિવાય નવાણુએ ભાઇઓને મારી નાખી **અશોકરાયે** પોતાને માટેની પાટલીપુત્રની ગાદી નિષ્કંટક બનાવી હતી. અર્વાચીન મુગલ બાદશાહોના શાહજાદાએ

Aho ! Shrutgyanam

જેમ પોતાના બંધુઓના રૂધિરથી હાથ ધોઇ ગાદીએ બીરાજતા હતા, તેમ **અશોક** પણ ગાદીએ બેઠો હોય, એ અતિશયોક્તિ ભરેલી કથાઓ શિવાય બીજા વિશ્વસનીય લેખથી સિદ્ધ થતું નથી; પરંતુ **અશોકરાયના** શિલાલેખોથી તો ઉલટું એમ જણાયછે કે, તેના રાજ્યકાળે તેના ભાઇબેહેનો હયાત હતાં. બૌદ્ધોના ધાર્મિક લેખકોએ કાંતો પોતાના ધર્મની મહત્તા વધારવાને, અથવા **અશોકરાયની** ઉત્તરાવસ્થાને વધારે ગૌરવતા આપવાને તેની પ્રથમ જીંદગીની ક્રૂરતાને વધારીને વર્ણવી હોય. ગમે તેમ હો, પરંતુ એક બીજો લોકાનુભવિત એવો પણ અભિપ્રાય છેકે, જેની પૂર્વ વય શાંત, તે ઉત્તર વયમાં ઊગ્ર હોયછે, અને જે પૂર્વ વયમાં ઉગ્ર, તે ઉત્તર વયમાં શાંત થાય છે. **અશોકનું** જીવન પણ આવીજ રીતે બદલાયું કેમ ન હોય? પાટલીપુત્રની ગાદીએ આવ્યા પછી તેને ( **અશોકને** ) મોટો અહંકાર ઉત્પન્ન થયો હતો. અધિકારીપણાના પ્રમાદમાં તેનાથી આવાં ક્રૂર કર્મો થયાં હોય, તો તેમાં કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. કારણ કે, અધિકાર છે તે શાંત સ્વભાવને પણ ઊગ્ર બનાવે છે. વળી **અશોક** તો બાલ્યપણાથીજ ઊગ્ર, ક્ષમારહિત અને ક્રોધી સ્વભાવનો હતો; તેમાં પ્રાસંગીક તેવાજ બનાવો બની આવ્યા; અને યૌવન, ધન, રાજ્ય અને પ્રતાપ જ્યાં આવી મળ્યાં ત્યાં વળી શું બાકી રહે? પાટલીપુત્રની ગાદીએ બીરાજ્યા પછી અને પોતાનાં રાજ્યને સર્વોપરિ થતું જોઇ, તે ઘણો ક્રૂર બની ગયો હોય એ સંભવિત છે. નાના સેવકથી માંડીને મોટા ઉમરાવ સુધિ કોઇ પણ માણસ તેના મુખસામું જોઇ શકતો નહીં. નાનામાં નાનો ગુન્હો પણ અશોકના મુખથી દેહાંતદંડમાંજ ચૂકવાનો હતો. રાજ્યમાં અને રાજમેહેલમાં, સેવકમાં અને સ્નેહીમાં, સર્વમાં તેનેમાટે ત્રાસ બોલતો હતો. એકવાર તેના અંતઃપુરની રાણીઓ આનંદથી વાતો કરવા બેઠી હતી; અને સમાનવયની સખીઓમાં નાના પ્રકારનાં પરિહાસ ચાતુર્ય ચાલી રહ્યાં હતાં. તેવામાં કોઈ તરૂણ રાણી પોતાનાં યૌવન અને રૂપના મદમાં રાજાની વિરૂપતાવિષે બે શબ્દો બોલી ગઇ. બોલનાર રાણીના કોમળ મનમાં રાજાપ્રતે બિલકુલ અભાવ નહોતો; તે બિચારિ તો સામાન્યપણે પરિહાસ ઉલ્લાસમાંજ બોલી હતી; પરંતુ જ્યારે **અશોકરાજાએ** તે વચનો સાંભળ્યાં, ત્યારે પુષ્પની કળીઓપર તેણે અંગારાનો વરસાદ વરસાવ્યો. પોતાના પ્રિય જલ્લાદને તેણે હુકમ કર્યો કે, એક ખાઇમાં અગ્નિ સળગાવી અંતઃપુરની તમામ રાણીઓને તેમાં હોમી દેવી. અશોકના જલ્લાદે રાજાના તે હુકમને તુરત અમલમાં મૂક્યો,

Aho ! Shrutgyanam

અને અંતઃપુરની શોભારૂપ રાણીઓ પરિહાસમાં રાજાને નિરૂપ કહેવાના આ-રોપે ઉછળતી આગમાં બળીને ભસ્મ થઇ ગઇ. અશોકઅવદાનમાં આ ક્રૂર કથા છે. પરંતુ તેમાં જૂદું નિમિત્ત છે. પોતાના ઉદ્યાનના અશોકવૃક્ષનો મો-હોર તોડવામાટે રાણીઓને ઉછળતી આગમાં હોમાવી દેવાની કથા તેમાં છે ઉપર જણાવેલા તે બન્ને ગુન્હાઓ કંઇ એવા નથી કે, જેનેમાટે મગધરાજ **અશોકના** મુખમાંથી આવી ક્રૂર આજ્ઞા થાય!

અહંકારના અશ્વપર ચડેલા **અશોક રાજાએ** વળી દેવોની સાથે પો-તાની તુલના કરવા માંડી હતી. તે પોતાને ઇંદ્ર અને પાટલીપુત્રને ઇંદ્રની નગરી અમરાવતીથી ઉતરતાં માનતોજ નહીં પોતાના મુલકમાં એક વાત તેને ઓછી લાગી; અને તે એકે, પાટલીપુત્રમાં નરકસ્થાન નથી. તે ન્યૂનતા પૂરી પાડવા માટે પાટલીપુત્રમાં તેણે એક મોટી જગ્યા બનાવી, પુરાણાનુસારે તેમાં નરકસ્થાન સ્થાપ્યું. તે નરકસ્થાનમાં ગુન્હેગારોને કમકમાટ ઉપજે તેવી શિક્ષાઓ તેણે કરવા માંડી. કરવતોથી વેહેરીને, જીવડાઓપાસે ફોલાવીને અને કડકડતા તેલમાં જીવતાં માણસોને તળીને તે મોજ લેવા શિખ્યો; અને આખરે જ્યારે તેના ત્રાસથી દેશમાં ગુન્હાઓ અને ગુન્હેગારો ખૂટી ગયા, ત્યારે તે નરકસ્થાન આગળ તેણે બાગબગીચા અને દેશાંતરોની વિવિધ રમ-ણીયતાની રચનાઓ કરાવી; અને તે સુંદર બાગ જોવાના લોભથી અંદર આવતાં મનુષ્યોને તેણે વગર કારણે મારી નાંખવાનો ક્રમ ચાલુ કર્યો. જનરલ કનીંગહામ લખે છે કે, માળવાની સુબેદારી દરમ્યાન પણ તેણે ઉજ્જયનીમાં તેવીજ રીતનું નરકસ્થાન બંધાવ્યું હતું.

પાટલીપુત્રના નરકસ્થાનના બાગમાં એકવાર એક બૌદ્ધ સાધુ તેની ર-મણીયતાથી ખેંચાઇને આવ્યો; અને યમજેવા કઠીણ હૃદયના તે નરકસ્થાનના ઉપરી જલ્લાદો તેને મોટા અધિકારીપાસે લેઇ ગયા. ત્યારબાદ તે સાધુને નર-કભોગનો હુકમ થવા પછી તેણે ઇશ્વર પ્રાર્થનામાટે અનુજ્ઞા માગી; અને જે-ટલામાં તે પ્રાર્થના કરતો હતો તેટલામાં એક બીજા નિર્દોષ માણસને તે રા-ક્ષસો સરખા જલ્લાદોએ વેહેરવા માંડયો. મસ્તકપર કરવતીનો ઘસરકો થતાંજ તેમાંથી તેનાં ઉષ્ણ રૂધિરની સેડ ઉડી; અને તેની અસહ્ય અને હૃદયભેદક મરણ ચીચીયારીથી પેલા બૌદ્ધ સાધુનું ધ્યાન ઉડી ગયું; અને તે તુરત અ-હંપદને પામ્યો; અને નરકસ્થાનના સીપાઇઓએ તેને ઉષ્ણ તેલમાં નાખવા છતાં, જાણે અમૃતમાં તે નહાતો હોય નહીં તેમ તેને ઉકળતા તેલની જરા

Aho ! Shrutgyanam

પણ અસર થઇ નહીં. પેલા ક્રૂર માણસો આ બનાવથી ચકિત થઇ ગયા; ત્યારબાદ તે સાધુને તેઓ **અશોકરાજાપાસે** લેઇ ગયા અને તેણે રાજાને ધર્મનો ઉપદેશ આપ્યો. આ સાધુ અશોકરાયને બૌદ્ધ ધર્મનો ઉપદેશ આપનાર હતો. તે બીજો કોઇજ નહીં પરંતુ સુસીમની ગર્ભવંતી સ્રીને પેટે ચાંડાલના ઘરમાં જન્મેલો તેનો પોતાનો ( અશોકરાયનો ) ભત્રીજોજ હતો.

જેને આપણે ભરતખંડનો મુખ્ય રાજા કહીએ છીએ, તે મહાન્‌રાજાના ચરિત્રમાટે બૌદ્ધ પૌરાણિક ગ્રંથોમાંથી, તેનાપ્રતિ અપ્રીતિ ઉત્પન્ન થાય, એવુંજ વૃત્તાંત મળી આવે છે; અને તેમ થવાનું કારણ બીજું કંઇજ નહીં, પરંતુ બૌદ્ધ ધર્મની મોટાઇ વધારવાની તે લેખન પદ્ધતિ છે. જૈનગ્રંથોમાં **અશોકરાજા** માટે તેવી પદ્ધતિનું એટલે ક્રૂરતાભરેલું કશું પણ લખાણ જોવામાં આવતું નથી. કારણ કે **અશોકરાજા** જૈનગ્રંથો પ્રમાણે જૈનધર્મી હતો, અને તેથી જૈનધર્મનું મુખ્ય તત્ત્વ જે દયા, તેનું તે ઉલ્લંઘન કરે એ અસંભવિતજ છે. વળી કેટલાક શોધકોના મત પ્રમાણે પાછળથી જો તેને બૌદ્ધધર્મી થએલો માનીએ તોપણ તેના સંબંધની ક્રૂરતાનો તો અસંભવજ છે; કેમકે બૌદ્ધ ધર્મ ચલાવનાર ગૌતમબુદ્ધનો પણ દયામયજ ઉપદેશ હતો. માટે બૌદ્ધ ગ્રંથોમાં વર્ણવેલું અશોકરાય સંબંધિ ઉપરનું ક્રૂરતા ભરેલું લખાણ ફક્ત પોતાના ધર્મની મહત્તા સૂચવવા માટે બૌદ્ધોએ ઉપજાવી કહાડીને દાખલ કરેલું છે, એવો હાલના શોધકોનો અભિપ્રાય છે માણેકને માટીથી માંજવા જેવી આ પ્રદ્ધતિ ઘણું કરીને બ્રાહ્મણ પૌરાણિકોને અનુસરતી હતી. ફક્ત પોતાના પાત્રની મોટાઇ દર્શાવવાને માટે પણ તેવો પ્રસંગ ન લાવવો, કે જે વાંચનારને તેનાપર અપ્રીતિ કરાવે. સો ભાઇઓની સાથે ટક્કર લેઇ જેણે પાટલીપુત્રનું રાજ્ય સંપાદન કર્યું હતું, તથા પોતાના રાજ્યમાં જેણે પશુવધ પણ બંધ કરાવ્યો હતો, અને દુઃખી તથા આર્ત માણસોને માટે જેણે જગો જગોએ ઔષધશાળાઓની સ્થાપના કરાવી હતી, તેવો **મહાનઅશોક** પ્રારંભમાં નિષ્ઠુર, નિર્દય, અને મહાક્રૂર પ્રકૃતિનો હોય, એવું ઘણા વિદ્વાનો માન્ય રાખતા નથી. બૌદ્ધ લેખકોએ મહાન્ **અશોકની** ક્રૂરતા વર્ણવીને એવું સાબિત કરવાનો અજ્ઞાનતા ભરેલો પ્રયત્ન કર્યોછેકે, તે ક્રૂર છતાં પણ અમારા ધર્મમાં આવતાં આવો જીવદયાપ્રતિપાલ થયો, એમ બતાવવા માગ્યું છે. પરંતુ મનુષ્યના હૃદયનું અધ્યયન કરનાર અને તેપર પુખ્ત વિચાર બાંધનાર બીજાઓ તો એવો પણ અભિપ્રાય આપે છે કે, દુષ્ટ સુજન થતો નથી, અને

Aho ! Shrutgyanam

સુજન દુષ્ટ થતો નથી. સુજનની દુષ્ટતા પણ મર્યાદામાંજ હોય છે. **અશોક રાજા**, ઉપરની દંતકથાઓમાં (બૌદ્ધ પૌરાણિક કથાઓમાં) દર્શાવ્યો તેવો ક્રૂર નહોતો; અને જ્યારે તેણે તેના અચલ કીર્તિરૂપ શિલાલેખો લખાવ્યા ત્યારે પણ તેના ભાઇઓ હયાત હતા, એમ સિદ્ધ થાય છે. એટલે આપણે ઇતિહાસ દૃષ્ટિએ જોઇએ તો **અશોકને** માથે મુકાએલા ક્રૂરતાના તે આરોપોને એક ક્ષણવાર પણ આપણે સ્વીકારીશું નહીંજ. ઇતિહાસ તો અમોને તે રાજાની જે અપૂર્વ દયા દર્શાવે છે, તે દયાનો અંશ તેના બાલ્ય અને તારૂણ્ય જીવનમાં પણ હશે, અને મોટાં રાજ્ય ઉપરના તેના અનુભવે તેના અંતઃકરણને વધારે સુકોમળ બનાવી, તેની પાસે પોતાના રાજ્યમાં દયા ધર્મની વિશેષ પ્રવૃત્તિ કરાવી હતી, એ ચોકસ છે.

બૌદ્ધ ધર્મનો સ્વીકાર કરતાં પહેલાં **મહાન અશોક કયા ધર્મમાં હતો?** એવો પ્રશ્ન કરી કેટલાકો કહે છે કે, તે પ્રથમ જૈન હતો; પણ પાછળથી બૌદ્ધ થયો હતો. અને તેના ટેકામાં એક કહે છે કે, અશોકના રસોડામાં નિત્ય અનેક પ્રાણીઓના માંસ પકાતાં હતાં; એવું તેના એક શિલાલેખમાં લખેલું છે. જૈનધર્મમાં પશુવધનો મોટો પ્રતિબંધ હોવાથી, એમ અનુમાન થાય છે કે, પાછળથી તે બૌદ્ધધર્મી થયો હતો; અને એવી રીતે તે બૌદ્ધધર્મી થયાબાદજ તે શિલાલેખ લખાએલો હોવો જોઇએ. બ્રાહ્મણધર્મ, બૌદ્ધધર્મ અને જૈનધર્મ વચ્ચેના ઝઘડા તે કાળે ચાલતા હતા; અને બૌદ્ધ સાહિત્યમાંજ એક જગોએ જણાવ્યું છે કે, **અશોકરાયની** આજ્ઞાથીજ ગયામાંનું બોધિવૃક્ષ ખેદી નાખવામાં આવ્યું હતું, તથા બૌદ્ધોને પ્રપંચી માનવામાં આવ્યા હતા. આ લખાણથી નિશ્ચિત થાય છે કે, **મહાન અશોક** તે સમયે બૌદ્ધ ધર્મી નહી પણ જૈનધર્મી હતો. ડોકટર રાજેન્દ્રલાલ મિત્ર સિદ્ધ કરી આપે છે કે, **મહાન અશોક** બૌદ્ધધર્મી નહોતો.

પૂર્વ વયમાં **અશોક** પોતાની કુરૂપતાને લીધે પિતાને અળખામણો લાગી પોતાની માતાના સંગમાં ઉછર્યો હતો. પિતા તરફનું વિનયી શિક્ષણ અને માર્દવ તેનામાં ઉતર્યું નહોતું; એટલુંજ નહીં પરંતુ તે ઉગ્ર સ્વભાવને લીધે ઉમરમાં આવતાં પિતાએ તેનાથી ત્રાસ પામી તેને તક્ષશિલા જેવા મોટા નગરનો અધિકાર આપી દૂર કર્યો હતો. તે વધારે ઉન્મત્ત થયો, અને ત્યાંના પ્રપંચી તથા દુષ્ટ સ્વભાવના લોકોએ તેના વર્તનને વધારે કઠોર અને ક્રૂર બનાવ્યું. ચઢતા લોહીથી અધિકાર પામેલી ઉગ્રતા, બળતા પ્રસંગો આવી મ-



Aho ! Shrutgyanam

બાથી વૃદ્ધિ પામી તક્ષશિલાના અધિકાર ઉપરથી તેને ઉજ્જયનીનો અધિકાર મળ્યો; અને ત્યાંથી તુરતજ મગધનું રાજ્ય હસ્તગત કરવાનો તેને પ્રસંગ આવ્યો. સંબંધિઓને પોતાના હુકમથી દાબી દેવા પડ્યા, અને સુસીમસાથે તેને યુદ્ધ કરવું પડ્યું. ગાદીએ આવ્યા પછી કલિંગઉપર સ્વારી કરવાનો તેને પ્રસંગ આવ્યો. તેમાં શત્રુના આગ્રહવાળા અવરોધથી **અશોકને** ત્યાં મોટો સંહાર કરવો પડ્યો. એક લેખમાં લખ્યું છે કે, કલિંગની સ્વારી વખતે દોઢ લાખ માણસોને કેદ કરી લેવામાં આવ્યા, ઉપરાંત એક લાખ માણસ રણ-સંગ્રામમાં માર્યું ગયું હતું. કલિંગઉપર વિજય મળતાંજ **અશોકને** મહા શોક ઉત્પન્ન થયો હતો, એમ કહેવાય છે. એક પછી એક બની આવેલા બનાવોએ રાજાને જુવાનીમાં ઉગ્ર સ્વભાવનો બનાવ્યો હોય, તો તે અસંભવિત નથી. પરંતુ તેની સ્વાભાવિક પ્રકૃતિ તો સારીજ હતી. જૈનધર્મનું શિક્ષણ તેના બાળમગજપર અસર કરી રહ્યું હતું; તેને પરિણામે કલિંગની કતલ પછી **અશોકને** શોક થયો હતો, અને તેનો સ્વભાવ પ્રૌઢ વય સાથે નમ્ર થતો ચાલ્યો. મોટા અધિકારની મોટી જોખમદારી માટે અને પ્રજાના પાલક તરિકે તેણે પોતાને જોવા માંડ્યો. બુદ્ધિ, અનુભવ અને પ્રસંગોથી પરિપક્વ થએલા એવા તે **અશોકરાયને** પોતાના ક્રૂર કૃત્યોનો પશ્ચાતાપ થવા માંડ્યો. ઉગ્ર માણસ અનુભવ થયા પછી વધારે નમ્ર અને શાંત બને છે; તેમ **અશોકરાય** પોતાના સ્વભાવને બુદ્ધિથી નમ્ર કરતો હતો. એટલામાં ઉપગુપ્ત નામનો બૌદ્ધાચાર્ય[૧] તેને મળી આવ્યો; અને તેના ઉપદેશે રાજાના મનને શાંત બનાવ્યું.

**અશોકરાયને** ઉપરતિ ઉપજાવનાર બૌદ્ધાચાર્ય ઉપગુપ્ત વિગરાની નામની વૈશ્યજાતિનો હતો. મથુરાના બજારમાં સુગંધિ દ્રવ્ય વેચવાની તે દુકાન રાખતો હતો. એકવાર જ્યારે તે દુકાનઉપર બેઠો હતો, તેવામાં મથુરાની રાજનાયિકા વાસવદત્તાની દાસી હરિચંદન લેવાને આવી. તેણીએ ઘેર જઇ પોતાની શેઠાણી આગળ ઉપગુપ્તના સૌંદર્યનાં એવાં વખાણ કર્યાં કે, વાસવદત્તા ગણિકા છતાં તેનાઉપર મોહિત થઇ. તેણીએ એક પ્રેમપત્રિકા લખી ઉપગુપ્તનો સ્નેહ અને સંગ ઇચ્છયો. ત્યારબાદ ઉપગુપ્ત તરફથી જ્યારે તેણીને તે

---

૧ જૈનગ્રંથકારોના અભિપ્રાય પ્રમાણે તેને જૈનાચાર્ય મળ્યો; કેમકે આગળ જણાવવામાં આવતું તે આચાર્યનું વૃત્તાંત જૈનધર્મ સંબંધિ વૈરાગ્ય દશાનેજ મળતું છે.

Aho ! Shrutgyanam

કાર્યમાટે ના પાડવામાં આવી, ત્યારે પ્રેમઘેલી બનેલી નાયિકાએ તેને દર્શન દેવાની વિનંતિ કરી. ઉપગુપ્તે તેણીને એવો ઉત્તર લખી મોકલ્યો કે, પ્રસંગે હું તને દર્શન દેઇશ. થોડાજ દિવસ ગયા પછી વાસવદત્તાના ઘરમાં એક ખૂન થયું, અને રાજાએ તેણીના નાક કાન કાપી નખાવી ગામબહાર કઢાડી મેલી. આ વખતે ઉપગુપ્ત દુકાન ઉપરથી ઉઠી તેણીને મળવા ગયો. હીનાંગથી પીડાતી વાસવદત્તા શ્મશાનમાં જ્યારે દુઃખથી બુમો પાડતી હતી, અને દાસી તેણીની સેવા કરતી હતી ત્યારે, ઉપગુપ્તને આવ્યો સાંભળી વાસવદત્તા દિલગિર થઇ. વિકલદશામાં પોતાના મનથી માનેલા યારને મળતાં તેણીને ઘણીજ લજ્જા આવી; પરંતુ ઉપગુપ્ત તેણીની પાસે આવીને બોલ્યો કે, હે વાસવદત્તા! તું દિલગિર થઇશ માં, અને લજ્જા પણ પામીશ માં? માણસનું શરીર પ્રાકૃત (અજ્ઞાનીના) નેત્રનેજ સ્વરૂપવાન્ જણાય છે; ખરેખર તે હાડકાં અને માંસનું ભયંકર ખોખું છે. પુષ્પ જેમ ખીલીને ખરી પડે છે, તેમ તારૂણ્યમાં મનોહર લાગતો આ દેહ અંતે ખોખું થઇ સડી જાય છે. મને તેનાપર બિલકુલ મોહ નથી. મેં તને પ્રસંગે મળવાનું જે વચન આપ્યું હતું, તે પ્રમાણે હું તને મળ્યો; કારણ કે, મનુષ્યને મળવાનો આવો પ્રસંગજ ઉત્તમ છે. તું તારા મનમાંથી લજ્જાને દૂર કર? અને હું કહું તે સાંભળી આ ક્ષણભંગુર જગતમાંથી ઉપરતિ પામી વિરમ? પછી ઉપગુપ્તે વાસવદત્તાને ધર્મોપદેશ કર્યો, અને તેણીના દેહપાત પછી પોતે સાધુ થઇ સત્તર વર્ષની વયે ભિક્ષુ થયો. તેની આસ્થા અને ધર્મ એવાં આસ્તિક હતાં કે, વીશ વર્ષની વયે તેને **અર્હત્પદ**[1] પ્રાપ્ત થયું હતું. આ આચાર્યવિષે પ્રખ્યાત ચીનાઇ યાત્રાળુ **હુએન્સંગે** તેના પ્રવાસના પુસ્તકમાં ઘણું લખ્યું છે. **અશોકે** તેને પાટલીપુત્રમાં રાખવા માટે પત્થરની એક ગુફા બનાવી દીધી હતી; અને વસ્તીથી દૂર એકાંત ગુફામાં તે રહેતો હતો. **અશોકને** તેણે પ્રતિબોધ આપી બુદ્ધધર્મની દીક્ષા[2] લેવરાવી હતી.

ઉપગુપ્ત આચાર્યના ઉપદેશથી રાજાનું મન કેટલું શાંત થયું હતું, તેના ઉદાહરણમાં જણાવવામાં આવે છે કે, રાજમેહેલમાં બોધિવૃક્ષની એક કલમ વાવવામાં આવેલી હતી; અને **અશોક** રાજા તેની નીચે બેસીને નિત્ય કેટલીક વાર ધર્મવિચાર, તપ અને મનન કરતો હતો. અંતઃપુરની મોટી રાણી

૧ આ શબ્દ જૈનપર્યાયનો છે; અને તે ઉપરથી સિદ્ધ થાય છે કે, તે સાધુ જૈનીજ હતો. ૨ જૈન ધર્મનું પ્રસિદ્ધ સમ્યક્ત્વ આપ્યું હતું.

Aho ! Shrutgyanam

તિષ્યરક્ષિતાને બુદ્ધધર્મઉપર એટલો બધો અભાવ હતો કે, રાજાને બોધિવૃક્ષતળે બેઠેલો જોવો, એ પણ તેણીને પસંદ પડતું નહી. બોધિવૃક્ષપર તેણીને એટલો તિરસ્કાર આવ્યો કે, એકવાર જ્યારે રાજા બહાર ગએલો હતો, ત્યારે તે રાણીએ તે વૃક્ષને સેવકોપાસે કપાવી નાંખ્યું. બીજે દિવસે નિત્યના નિયમ પ્રમાણે **અશોકરાજા** જ્યારે બોધિવૃક્ષતળે બેસવા ગયો, ત્યારે તે વૃક્ષનો વિનાશ થએલો તેને જણાયો. પોતાને કુરૂપ કહેવામાટે જેણે આખા અંતઃપુરને ઉછળતી આગમાં હોમાવી દીધું હતું, તે રાજા પોતાને અત્યંત પ્રિય એવા બોધિવૃક્ષનો ઉચ્છેદ જોયા છતાં કંઇ પણ બોલ્યો નહી! અને તેને નવાં પક્ષવો ફુટયાં ત્યાંસુધી પોતે અમુક વ્રત ધારણ કરી રહ્યો.

પ્રતિદિવસ રાજાને બુદ્ધધર્મપર આસ્થા વધતી ગઇ, અને આખરે જાહેર રીતે તેણે તેની દીક્ષા લેઇ તે ધર્મને રાજકીય સ્વરૂપ આપ્યું; એટલે કે બૌદ્ધ ધર્મને મગધનો રાજ્યધર્મ બનાવ્યો. આર્યપ્રજાના મનને આથી ઘણી અસર થઇ, અને કેટલાક લોકોએ તેની જાહેર રીતે નિંદા કરવા માંડી. રાજાની વધતી જતી આસ્થા આગળ બ્રાહ્મણોનું અને બીજાઓનું કંઇ પણ ચાલ્યું નહી. બૌદ્ધ ધર્મને રાજમાંથી દરેક જાતની મદદ મળવા લાગી. બૌદ્ધ ભિક્ષુ અને બૌદ્ધ ભિક્ષુણીઓને ધનની મદદ આપીને તેણે ધર્મનો પ્રસાર કરાવવા માંડયો. પરંતુ ગૌતમબુદ્ધની મૂળ રીતીઓ છાપામાં પડી જઇ, ધર્મમાં આ વખતે ઘણો અનાચાર અને મતાંતરો ઉત્પન્ન થયાં હતાં. ઢોંગરૂપ થઇ પડેલા ધર્મને રાજ તરફની મદદ મળવા માંડતાંજ બ્રાહ્મણોએ વેશાંતરથી તેમાં પ્રવેશ કરવા માંડયો; અને મતમતાંતરોમાં વૃદ્ધિ થવા માંડી. બૌદ્ધ ભિક્ષુઓનો મુખ્ય આચાર્ય મૌગ્ગલીપુત્ર **તિષ્ય** માત્ર નામનોજ ધર્માધ્યક્ષ રહેવાથી કંટાળી ગયો. તેણે સ્થાનનો ત્યાગ કરી જંગલમાં જઇ નિવાસ કર્યો. સાધુઓ, યતિઓ, અને ભિક્ષુઓ મનસ્વીપણે વર્તવા લાગ્યા; અને ભિક્ષુણીઓમાં નીતિનો લોપ થયો. બુદ્ધ ધર્મની આ સ્થિતિ રાજાના જાણવામાં આવતાં તેને ઘણો પરિતાપ થયો; અને તેથી ધર્મનો ઉદ્ધાર કરવા તરફ તેણે મન લગાડયું.

રાજાએ ભિક્ષુઓની સભા એકઠી કરવા માટે હુકમ કહાડયો; પરંતુ એક અધિકારીએ તેમાં એવો ઉમેરો કર્યો કે, જે ભિક્ષુ હાજર નહી થાય, તેનો શિરચ્છેદ કરવામાં આવશે. એક ભિક્ષુને આ ક્રૂર શિક્ષા કરવામાં આવ્યાની વાત રાજાના જાણવામાં આવતાં તેને અત્યંત પશ્ચાતાપ થયો. પોતાના

Aho ! Shrutgyanam

નિમિત્તે ભિક્ષુનો વધ થવાથી તેણે પ્રાયશ્ચિત્ત કરવાનો નિશ્ચય કરી તિષ્યાચાર્યને બોલાવ્યા. આચાર્યે રાજાને નિર્દોષ ઠરાવ્યા પછી સાતમે દિવસે ભરતખંડના તમામ બૌદ્ધધર્મી ભિક્ષુઓની સભા એકઠી કરવામાં આવી. (ઇસ્વીસન પૂર્વે ૨૪૧).

જે વખતે, આગળ જણાવ્યું છે તેવો ગોટાળો ચાલતો હતો, તે વખતે ભરતખંડના તમામ બૌદ્ધ ભિક્ષુઓ આવીને હાજર થયા; તેનું કારણ એજ માની શકાય કે, **અશોક રાજાની** ક્રૂરતાનો ભય અને એક ભિક્ષુનો શિરચ્છેદ, એ બન્ને કારણો ભિક્ષુઓને સભામાં એકઠા કરવાને સમર્થ હતાં રાજાના ઉગ્રસ્વભાવનું કેટલેક દરજ્જે જે સારૂં પરિણામ આવે છે, તેવું પરિણામ **અશોકરાયની** મોટી બુદ્ધ સભામાં આવ્યું. તેજ દર્શાવી આપે છે કે, તેવા ક્રૂર સ્વભાવના દાબદગર જનમંડળમાં મોટો સુધારો અથવા ધર્મમાં સુધારો થઇ શકતો નથી. **અશોકરાયની** લોક પ્રખ્યાત ક્રૂરતાનો દાબ જો ન હોત તો બૌદ્ધધર્મની મહાસભા મળી ન હોત; અને હાલ જે ધર્મને દુનીઆની બે તૃતીયાંશ પ્રજા મસ્તક નમાવે છે, તે ધર્મ બીજા મતાંતરોની માફક ગંગાના પ્રદેશમાંજ ઉત્પન્ન થઇ ત્યાંજ લય (વિનાશ) પામ્યો હોત. ગંગાના તીર ઉપરના એક વિશાળ ઉદ્યાનમાં મોટો મંડપ બંધાયો. યોગ્યતા પ્રમાણે આચાર્યો અને **અર્હતોમાટે** તેમાં આસનોની ગોઠવણ થઇ; અને એક તરફ બૌદ્ધધર્માધ્યક્ષ તિષ્યનું અને બીજી તરફ **મહાન અશોકરાયનું** સિંહાસન મુકવામાં આવ્યું. સભાપતિના આસનપર ધર્માધ્યક્ષ તિષ્ય બિરાજમાન થયા પછી પ્રથમ ભિક્ષુઓની પરીક્ષાનો વિષય હાથ ધરવામાં આવ્યો. એક પછી એક ભિક્ષુઓને સભાપતિની સન્મુખ ઉભા કરવામાં આવ્યા; અને ત્રિપિટકમાંથી થતા ધર્મસંબંધિ પ્રશ્નોના ઉત્તરો જેમનાથી ન અપાયા, તેમના તત્કાળ ભગવાં વસ્ત્રો કહાડી લેઇ, તેમને સભામાંથી બહાર કહાડવામાં આવ્યા. ભિક્ષુઓની તપાસમાં આ પ્રમાણે સાઠ હજાર ભિક્ષુઓને સાધુવેષ છોડાવી સભામાંથી અને બુદ્ધધર્મના મંડળમાંથી બહાર કહાડી મુકવામાં આવ્યા.

તે મહાસભામાં બીજો વિષય ત્રિપિટક સંશોધનનો હાથ ધરવામાં આવ્યો; જેને માટે તિષ્યાચાર્યે સભામાંથી એક હજાર ભિક્ષુઓની મંડળી નીમી, ગૌતમબુદ્ધના નિર્વાણ પછી મહા કસ્યપ નામના આચાર્યે બૌદ્ધભિક્ષુઓની સભા ભરીને ગૌતમ બુદ્ધના ધર્મોપદેશનો પ્રાચીન પદ્ધતીએ સંગ્રહ કર્યો હતો. બ્રાહ્મણોના ત્રણ વેદોની માફક તે ઉપદેશોને ત્રણ ભાગમાં વહેંચી નાખી, તેનાં

Aho ! Shrutgyanam

ત્રણ પુસ્તકો બનાવ્યાં હતાં. જેમાના પેહેલા એટલે અભિધર્મપિટકમાં બૌદ્ધધર્મના તત્વજ્ઞાનનો સમાવેશ કર્યો હતો બીજા સૂત્રપિટકમાં ઉપાસના વિષયના સૂત્રોનો સમાવેશ કર્યો હતો; અને ત્રીજા વિનયપિટકમાં ભિક્ષુઓ અને ભિક્ષુણીઓના નિત્યકર્મ તથા આચારના નિયમોનો સમાવેશ કર્યો હતો. વેદના જ્ઞાન, ઉપાસના અને કર્મકાંડની માફક તેમાં બૌદ્ધધર્મના વિષયોની યોજના કરી હતી; અને વેદને જેમ ત્રયી નામથી ઓળખતા હતા. તેમ બૌદ્ધોમાં આ શાસ્ત્રો ત્રિપિટકના નામથી ઓળખાતાં હતાં. મહાસભામાં નિમાએલી વિદ્વાન્ ભિક્ષુમંડલીએ મહારાજા **અશોકચંદ્રના** આશ્રયમાં નવ માસ સુધિ પાટલીપુત્રમાં રહી, એ ત્રણે પિટકોનું સંશોધન કર્યું હતું. બૌદ્ધધર્મને તે દિવસથી એવું નવું જીવન મળ્યું કે, તેને પ્રતાપે તે પૂર્વ તરફના દેશોમાં અનુક્રમે વધારે અને વધારે પ્રસાર પામતો ગયો

તે મહાસભાનું અત્યંત પ્રશંસનીય ત્રીજું ફળ એ આવ્યું કે, બુદ્ધધર્મના ફેલાવામાટે ધર્મોપદેશકોને દેશોદેશ મોકલવાનો તેમાં ઠરાવ થયો. બૌદ્ધધર્મની પૂર્વે કોઇ પણ ધર્મે પોતાના ઉપદેશકોને ધર્મપ્રચારમાટે પરદેશ મોકલાવ્યા જણાતા નથી. **મહાન્ અશોક** પછી ત્રણસેં વર્ષે થએલા ખ્રીસ્તી ધર્મ સંસ્થાપકે તેના બીજા બીજ સાથે આ માર્ગને પણ ઉપાડી લીધો; અને તેથીજ ખ્રીસ્તી ધર્મ દેશાંતરોમાં ફેલાયો, અને હજુ પણ ફેલાતો જાય છે. મહાસભાની પરિસમાપ્તિ પછી **અશોકે** કયાં કયાં ધર્મોપદેશકોને મોકલ્યા હતા, તે માટે દીપવંશ અને મહાવંશમાં નીચે પ્રમાણે દર્શાવેલું છે.

**અશોકરાયે** ખરચ આપી કાસ્મીર અને ગાંધાર, મહીશ ( મહીસૂર ) વનાવાસી, ( રજપુતાનાના ઉજ્જડ અરણ્યોની ઉત્તરસીમા ઉપરનો પ્રદેશ ) અપરાંતક, ( કોંકણ ) મહારાષ્ટ્ર, યોન, ( સીરીઆ વગેરેમાં આવેલાં ગ્રીક સંસ્થાનો ) હિમવંત, સુવર્ણભૂમિ, ( બર્મા ) અને સિંહલદ્વીપ તરફ બૌદ્ધ ધર્મોપદેશકોને ધર્મપ્રચારમાટે મોકલાવ્યા હતા. બ્રહ્મદેશ, શીયામ અને સિંહલદ્વીપમાં હાલમાં જે બૌદ્ધધર્મ ચાલે છે, તે **મહાન્ અશોકરાયની** મહાસભામાં સંશોધાએલો મત છે; અને ચીન, ટીબેટ, જાપાન તથા તાર્તર પ્રદેશમાં હાલમાં જે મત ચાલે છે, તે મૂળ ધર્મનાં વિકૃતિ પામેલા મતમતાંતરો છે. જેમ **અશોકનું** મહારાજ્ય તેના દેહાંત પછી છિન્નભિન્ન થઇ ગયું હતું, તેમ બૌદ્ધ ધર્મ પણ તેના મરણ પછી ભિન્ન ભિન્ન મતમતાંતરોમાં વેહેંચાઇ ગયો હતો, અને એ છિન્નભિન્નતાને લીધેજ સાતમાં શતકમાં શંકરાચાર્યના

Aho ! Shrutgyanam

સિદ્ધાંત આગળ તેનો લય થયો, એમ કહીયે તો કંઇ અતિશયોક્તિ જેવું નથી.

**અશોકરાય**ના સંતાનોએ બુદ્ધધર્મની દીક્ષાઓ લીધી હતી; અને સિંહલદ્વીપ આદિક કેટલેક ઠેકાણે તેઓએજ ધર્મનો ઉપદેશ કર્યો હતો. રાજાને રાજ્યાભિષેક થયા પછી છઠ્ઠે વર્ષે તેના એક કુમાર મહીંદ્રને વૈરાગ્ય આવ્યો, અને તેથી તેણે સંસારનો ત્યાગ કરી જ્યારે ભિક્ષુવૃત્ત અંગીકાર કર્યું, ત્યારે તેની ઉમર માત્ર શોળ વર્ષની હતી. મહીંદ્ર ભિક્ષુ થયા પછી તે બૌદ્ધ ધર્મમાં એવો નિષ્ણાત થયો હતો કે, મહાસભા પછી સિંહલદ્વીપના ઉપદેશક તરિકે તેની યોજના કરવામાં આવી હતી. તિષ્યાચાર્યથી પોતાને સોંપાએલું ધર્મપ્રસારક કાર્ય કરવા માટે જ્યારે મહીંદ્ર સિંહલદ્વીપપ્રતે જવાને નિકળ્યો, ત્યારે મહાસભાના વિદ્વાનોએ શોધીને તૈયાર કરેલું બૌદ્ધધર્મનું ત્રિપિટક નામનું પુસ્તક, અને તેનાપરની વિદ્વત્તાભરેલી ટીકાઓ તેણે પોતાની સાથે રાખી લીધી હતી.

સિંહલદ્વીપમાં આ સમયે તિષ્ય નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની પ્રાચીન વંશાવલિ ઉપરથી તે કાળે મનાતું હતું કે, સિંહલના રાક્ષસોને ( જંગલી લોકોને ) જીતી લઇ એક આર્ય રાજાએ ત્યાં રાજ્યવ્યવસ્થા કરી હતી. ઇતિહાસની દૃષ્ટિથી જોનારાઓ રામાયણને સ્વીકારે કિંવા નહી, પરંતુ એ તો સત્યજ છે કે, સિંહલના જંગલી લોકોને જીતી લઇ એક આર્યરાજાએ ત્યાં નવી રાજ્યગાદી સ્થાપી હતી. **અશોકના** સમયમાં ત્યાંનો રાજા તિષ્ય હતો, તથા મગધેશ્વરની ખ્યાતિ પણ તેણે સાંભળી હતી. એમ પણ જણાય છે કે, મગધના દરબારમાં તેનો પ્રતિનિધિ રહેતો હતો. બુદ્ધધર્મનો ઉપદેશ કરવાને **અશોકનો** કુમાર મહિંદ્ર જ્યારે સિંહલદ્વીપમાં આવ્યો ત્યારે તિષ્ય રાજાએ તેને અંતઃકરણથી આવકાર દીધો હતો, એટલુંજ નહીં, પરંતુ પોતેજ પ્રથમ ધર્મદીક્ષા લેઇ પોતાની પ્રજાને તે નવીન ધર્મનો સ્વીકાર કરવાને તેણે ઉત્તેજી. **અશોકના** રાજકુમારનો આવો વૈરાગ્ય જોઇ સિંહલના લોકોને મહિંદ્રઉપર અનન્ય આસ્થા ઉત્પન્ન થઇ; અને થોડાજ સમયમાં લંકાના ઘણા લોકોએ પોતાનો જંગલી ધર્મ છોડીને બુદ્ધધર્મ અંગીકાર કર્યો. “ અનુરાધપુરી ” કે જે તે સમયે સિંહલદ્વીપનું પાટનગર હતું, તેની નજીક સિંહલેશ્વરે કુમાર મહિંદ્રને માટે એક વિહાર બંધાવ્યો અને તેજ ભવ્ય વિહારમાં તેનું મૃત્યુ થયું હતું. તેના શરીરનાં પવિત્ર અવશેષો કે જે, નવા થએલા સેવકોમાં અત્યંત વંદનીય ગણાતાં હતાં, અને અદ્યાપિ પણ બુદ્ધપ્રજા જેને પૂજ્ય ગણેછે, તે

Aho ! Shrutgyanam

એક સુવર્ણ મંજુષામાં મૂકી એજ વિહારમાં સંભાળી રાખવામાં આવ્યાં હતાં. લગભગ અઢીહજાર વર્ષ જેટલો પ્રાચીન, એવો તે મહિંદ્રનો વિહાર અદ્યાપિ પણ કાળગતિના આઘાતને સૂચવતો થકો જર્જરિત હાલતમાં સિંહલદ્વીપમાં હાલ જોવામાં આવે છે. તે મહિંદ્ર વિહારનું સ્થાન ઘણાજ એકાંત સ્થળમાં પર્વતની વચ્ચે વૃક્ષોની ઘટામાં આવેલું છે; અને તે વિહારને જોનારાઓ તત્વવિચારને યોગ્ય એવાં તે સ્થાનને, એક મનોહર સ્થળ તરિકે લેખતા થકા આનંદ દર્શાવતા જણાય છે.

સિંહલેશ્વરે બુદ્ધધર્મ અંગીકાર કર્યા પછી કેટલેક વર્ષે તેની રાણી અનુલાને ધર્મદીક્ષા લેવાની સ્વાભાવિક ઇચ્છા થઇ; તે રાણીએ રાજકુમાર મહિંદ્રને પોતાને ધર્મોપદેશ દેવાને વિનંતિ કરી, પરંતુ તેણે જણાવ્યું કે, સ્ત્રીઓને ઉપદેશ કરવાનો મને અધિકાર નથી; તે કાર્ય મારી બ્હેન "સંગમિત્રા" કરે છે. રાણીની ઇચ્છાથી પાટલીપુત્ર તરફ માણસ મોકલી સંગમિત્રાને સિંહલદ્વીપમાં બોલાવવામાં આવી કેટલીક ભિક્ષુકિણીઓ અને બોધિવૃક્ષની કલમ સાથે તે સિંહલદ્વીપમાં આવી, અને રાણી સાથે બીજી અનેક સિંહલકન્યાઓને તેણીએ બૌદ્ધધર્મનો ઉપદેશ કર્યો.

પેહેલી વીસીની અંદરના અને મહાન્ રાજાના સંતાન છતાં વૈરાગ્યને ભજનારા આ બન્ને ભાઇબેહેનના સ્વાર્થત્યાગથી મોહિત થઇ સિંહલદ્વીપના જંગલી લોકોનાં મન એટલાં તો આસ્થાવાન્ અને ભક્તિપરાયણ થયાં કે, તેમણે પોતાના મૂળધર્મનો ત્યાગ કરી નવા ધર્મને ઉત્સાહપૂર્વક સ્વીકાર્યો. તેઓને જગો જગોએ બોધ કરવાની અગત્ય પડી નહીં; અને લોકોને સમજાવવાની પણ માથાકૂટ થઇ નહીં તેમના તીવ્ર વૈરાગ્યે અને ઉત્તમ જ્ઞાને લોકોમાં તેમની કીર્તિને ફેલાવી દીધી, તથા વિવાદવિના અને સૂચના વિનાજ તેમની સુનીતિથી આકર્ષાએલા લોકો, તેમના ચરણમાં આવીને પડ્યા; તે લોકોએ મહાસભાએ શુદ્ધ કરેલો ધર્મ સ્વીકાર્યો, કે જે ધર્મ હજુ સુધિ કંઇ પણ ફેરફાર થયાવિના સિંહલદ્વીપમાં ચાલે છે. **અશોકરાયથી** શોધાએલો ખરેખરો બૌદ્ધધર્મ હાલ સિંહલમાં છે. બૌદ્ધધર્મનું પ્રાચીન અને વિશ્વસનીય સાહિત્ય હાલ સિંહલદ્વીપમાંજ છે; વળી જો કે તે ધર્મનું મોટું સાહિત્ય નેપાળ અને ચીન તરફ ગએલું છે, પણ તે હાલ શુદ્ધ નથી.

ગયામાંથી ગએલા બોધિવૃક્ષની કલમ આજે ૨૧૫૦ વર્ષો થયાં સિંહલદ્વીપમાં લીલીકુંજાર જેવી રહેલી છે! બૌદ્ધ લોકોને તેને માટે અત્યંત શ્રદ્ધા

Aho ! Shrutgyanam

અને ભક્તિ છે; તથા તેને માટે એમ કહેવાય છે કે, તે હમેશાં લીલુંકુંજાર રહે છે. દુનીયાપર તે વૃક્ષના જેટલું પ્રાચીન કોઇ પણ વૃક્ષ હાલમાં વિદ્યમાન નથી. સિંહલદ્વીપમાં તે વૃક્ષની સાથે હિંદુસ્તાનના **અશોક** જેવા એક મહાન રાજાની કીર્તિ, અને તેની ધર્મના ફેલાવામાટેની ઉત્તમ ઉત્સુકતા અદ્યાપિ પણ પરદેશીઓમાં સચવાઇ રહેલી છે. હિંદુસ્તાનમાંથી નાબુદ થવા છતાં, બૌદ્ધ ધર્મ, તેના આશ્રયદાતાની ખ્યાતિને ફેલાવતો હજુ સુધિ પણ દેશાંતરોમાં ઇતિહાસને યોગ્ય એવા અગત્યતા ધરાવનારાં પ્રાચીન સાહિત્ય સહિત પ્રકાશે છે.

**અશોકરાજાનું** અંતઃપુર ઘણું મોટું હતું જૂદા જૂદા દેશોની કન્યાઓસાથે પાણિગ્રહણ કરી એકવાર વધારેલું અંતઃપુર, તેના ક્રોધાગ્નિમાં બળીને ભસ્મ થઇ જવા પછી પણ પાછો તેમાં વધારો થયો હતો. ત્રણ **તિષ્ય** નામથી **અશોકને** મોટી મહત્તા મળી છે. તેના અંતઃપુરની મુખ્ય મહારાણીનું નામ **તિષ્યરક્ષિતા** હતું. એ મહારાણી અત્યંત સ્વરૂપવાન હતી, અને તેથી તે વંધ્યા હોવા છતાં પણ રાજાને માનીતી હતી. બીજું **તિષ્ય** નામ તેને બૌદ્ધધર્મની દીક્ષા દેનાર આચાર્યનું હતું; અને તે આચાર્યપર **અશોકનો** ઘણોજ ભક્તિભાવ હતો. ત્રીજું **તિષ્ય** નામ તેના પુત્ર મહિંદ્રને મદદ આપનાર સિંહલદ્વીપના પેહેલા બુદ્ધ રાજાનું હતું તે રાજાને **અશોકરાય** ઉપર ઘણો વિશ્વાસ હતો. પરદેશી રાજાઓમાં તિષ્ય રાજાપર **મહાન અશોકને** ઘણો પ્રેમ હતો અશોક રાજાને મહારાણી તિષ્યરક્ષિતાપર સંપૂર્ણ વિશ્વાસ હતો, અને તે એવી તો ચતુર, હોંસીલી, અને કળાવાન હતી કે, તે તેણીનાપર મોહાંધ થઇને રહેતો હતો. મહારાણી તિષ્યરક્ષિતાનું ચાતુર્ય, અને તેણીનાપરનો રાજાનો અત્યંત વિશ્વાસ બીજે રસ્તેજ દોરવાયાં હતાં. રાજાઓ અને મોટા દ્રવ્યવાન માણસોમાં સામાન્ય રીતે જેમ બને છે, તેમ પુરૂષો જ્યારે કર્તવ્યપરાયણ રહે છે, ત્યારે સ્ત્રીઓ શૃંગારમાં ચતુર બને છે, અને વિદ્વાનોએ જેમ કહેલું છે તેમ અતિરસિક વિલસનથી તેમની વાસનાઓ ઘટવાને બદલે વધતીજ જાય છે. કામદેવ ભોગોથી, અને અગ્નિ કાષ્ટોથી શમતો નથી. પરંતુ વૃદ્ધિજ પામ્યા કરે છે, અને તે એવો વૃદ્ધિ પામે છે કે, તેને પરની નીતિનું જ્ઞાન હોવા છતાં પોતાની નીતિનું જરા પણ જ્ઞાન રહેતું નથી; તથા ભોગનું પાત્ર અને સ્થાન કેવું જોવું? તેનો મનમાં વિચાર પણ વસતો નથી. કામને ધિક્કારી કહાડવાનું કારણ એજ છે કે, તે પોતાના નીશામાં માણસને એવે કુમાર્ગે લેઇ જાય છે કે, તેને કોઇ પણ વાતનો સારાસાર વિચારજ રહેતો



Aho ! Shrutgyanam

નથી. પતિની માનીતી થઇ તેનો પૂર્ણ વિશ્વાસ પામેલી મહારાણી તિષ્યરક્ષિતાની વાસનાઓ, ઉપર જણાવ્યું તેમ વૃદ્ધિ પામી, અને તેણીને વાસનાની તૃપ્તિનું પાત્ર જોવાનો પણ વિવેક રહ્યો નહી. ભોગવાસનાઓની પાછળ ભમતું તેણીનું મન એકવાર પોતાનાજ સાવકા પુત્ર કુનાલના સૌંદર્યથી ખેંચાયું, અને તેનાપર તેણીને ભોગભાવના ઉત્પન્ન થઇ.

કુમાર કુનાલ ઘણોજ સ્વરૂપવાન યુવાન અને જ્ઞાની હતો. કાંચનમાલા નામની એક મહાસ્વરૂપવાન કેરલકન્યા સાથે તેનાં લગ્ન થએલાં હતાં; અને સ્ત્રીપુરૂષમાં ઘાડો દાંપત્યપ્રેમ જામ્યો હતો. એક સ્ત્રીપર પ્રેમને યથાર્થ સ્થાન મળવાથી પુરૂષનો કામ બીજા પાત્રઉપર ક્વચિતજ જાય છે; તેમ કુનાલ કુમાર પોતાની પ્રિય સ્ત્રીમાં અનુરક્ત હતો, એટલુંજ નહી, પરંતુ બાલ્યાવસ્થાથીજ તેને રાજદ્વારમાં ચરચાતા ધર્મશ્રવણોનો પરિચય હોવાથી સંસાર ઉપર અંતરથી ઉંડો અભાવ ઉત્પન્ન થયો હતો. તેની વૃત્તિઓ એક તરફથી કર્તવ્યમાં, બીજી તરફથી ધર્મમાં, અને ત્રીજી તરફથી પોતાને અનુરૂપ ભાર્યામાં સ્થિર થએલી હતી. એટલે તેની નીતિ રાજકુમારોમાં ક્વચિત જોવામાં આવતી એવી સાંસારિક શૃંગારવાળી નીતિથી ઘણાજ ઉંચા પ્રકારની હતી. તિષ્યરક્ષિતા ઉપર તેને માતૃભાવ હતો. મહારાણીની શૃંગાર ચેષ્ટાઓને તે વાત્સલ્યચેષ્ટાઓ જેવી સમજ્યો, અને જ્યારે તેણીએ તેને સ્પષ્ટ રીતે વિષયવાંછક પત્ર મોકલ્યો, ત્યારે એક માતાના સંબોધનથી તેણે તેણીને તેણીના પાપોનું ભાન કરાવ્યું. મૂર્ખને બોધ આપનારો પુરૂષ જેમ નાશ પામે છે, તેમ કુણાલ કુમાર પોતાની સાવકી માને બોધ દેવા જતાં તેણીના ઉચ્છૃંખલ ક્રોધના ભોગરૂપ થઇ પડયો.

તિષ્યરક્ષિતાએ કુણાલ કુમારઉપર દ્વેષ રાખી, તથા રાજાને આડુંઅવળું સમજાવી પાટલીપુત્રથી તેને તક્ષશિલાની સુબેદારીઉપર મોકલાવ્યો. તક્ષશિલા જેટલે દૂર દેશાવર જતાં માતાને વંદન કરવામાટે તે અંતઃપુરમાં ગયો, અને ત્યાં તેણીને એવાં ગંભીર વચનોથી સદ્બોધ દેવાનો તેણે યત્ન કર્યો કે, તિષ્યરક્ષિતાને ઉલટો વધારે ગુસ્સો ચડયો. કુણાલ કુમાર ત્યારબાદ તક્ષશિલાની સુબેદારી ઉપર ગયો, અને ત્યાંના અધિકારીઓની તથા લોકોની થોડાજ દિવસમાં અત્યંત પ્રીતિ પામ્યો. લોકોએ તેની નીતિ અને રીતિથી પ્રસન્ન થઇ દેવની માફક તેને ભજતાં થકાં માન આપવા માંડયું.

આણી તરફ તિષ્યરક્ષિતાએ રાજાનું મન પ્રસન્ન કરી એકવાર રાજમુદ્રા

Aho ! Shrutgyanam

માગી લેઇ, તેની છાપ મારી તક્ષશિલાના અધિકારીઓ ઉપર એવો હુકમ મોકલાવ્યો કે, કુણાલ કુમારની આંખો કહાડી તે તિષ્યરક્ષિતા ઉપર મોકલવી. તે સંદેશો લેઇ પાટલીપુત્રથી નિકળેલો દૂત તક્ષશિલામાં આવ્યો, અને તે હુકમ દૈવયોગે કુણાલનેજ સ્વાધિન કર્યો. અધિકારીઓ અને પ્રજાજનોની સભા ભરીને બેઠેલા કુણાલ કુમારે રાજાની આજ્ઞા મોટેથી સભાને વાંચી સંભળાવતાંજ અધિકારીઓ અને સભાજનોએ કાને હાથ દીધા. પરંતુ રામના જેવી અસાધારણ પિતૃભકિત ધરાવનાર કુણાલે કહ્યું કે, રાજાની આજ્ઞા પ્રમાણે જે માણસ મારી આંખો કહાડી નાખશે, તેને હું મોટામાં મોટી બક્ષિસ આપીશ.

પોતાને પ્રિય એવા રાજકુમારની આંખો કહાડવાને સારૂ માણસમાંથી તો કોઇ પણ તૈયાર થયું નહી; પરંતુ ગરીબાઇથી પીડાતો એક ચાંડાલ બક્ષિસને માટે કુણાલ કુમારની આંખો કહાડવા સિંહાસનની રંગભૂમિપર જઇ ઉભો રહ્યો. કુમારે તેને પોતાના ડોળા કહાડવાનો ગંભીર મુદ્રાથી હુકમ આપ્યો, અને સભાના લોકોએ આંખો બંધ કરવાસાથે ચાંડાલે એક નેત્ર કહાડી કુણાલના હાથમાં આપ્યું. સભાસદો પ્રતિ જોઇ હાથમાં પોતાનું નેત્ર રાખી તે બોલ્યો કે, અહો! આજેજ મારાથી સમજાયું કે, હું જેને મારૂં માનતો હતો, તે મારૂં નથી, હે! નેત્રના માંસપિંડ! તારે લીધે થતા દોષોથી હવે હું મુક્ત થઇશ; ચાંડાલે બીજું નેત્ર પણ તે દરમ્યાન કહાડી નાંખ્યું; અને જરાએ પીડાની લાગણી બતાવ્યા વગર કુણાણકુમાર સંસારને અસાર માની ભિક્ષુ થઇ સભામાંથી બહાર નિકળી ગયો.

કુણાલ અને તેની સ્ત્રી ગામેગામ ભીખ માગતાં માગતાં, અને વીણા વગાડતાં થકાં અનુક્રમે પાટલીપુત્રમાં આવ્યાં રાજમંદિર આગળ આવી વીણા વગાડી તેમણે એવું સરસ સંગીત કર્યું કે, રાજાએ ગાનથી મોહિત થઇ, તેમને પોતાની પાસે બોલાવ્યા. રાજાએ પુત્રને નહી ઓળખવાથી તું કોણ છે? અને કેમ આ રીતે ભીખ માગે છે? એમ પ્રશ્ન કર્યો. તેના ઉત્તરમાં તેણે સઘળી હકીકત રાજાને કહી સંભળાવી. કુણાલનું દુઃખ સાંભળી રાજાને રોમાંચ થયો; અને તેનું હૃદય ક્રોધથી ભરાઇ ગયું; અને પાસે ઉભેલા સેવકોને તેણે આજ્ઞા આપી કે, તિષ્યરક્ષિતાનું મસ્તક કાપી નાખવું.

**અશોક**નો આવો આદેશ સાંભળી કુણાલ તેને પગે પડયો; અને બોલ્યો કે, મહારાજ! સ્ત્રીહત્યા કરવી ઉચિત નથી; કેમકે સ્ત્રીહત્યા કરવાથી

Aho ! Shrutgyanam

મોટું પાપ થાય છે. અપરાધિને માફી આપવા જેવી બીજી એકે ઉદારતા નથી. મારી આંખો જવાથી મને શોક થતો નથી; માટે મારી નમ્ર વિનંતિ સ્વીકારી મારાં માતુશ્રીને ક્ષમા કરો? મારાં જે નેત્રો ગયાં, તે મારાં કર્મોનાં ફળો હશે, તેમાં તેમનો કશો દોષ નથી.

કુણાલનાં તે વચનોથી પણ રાજાનું મન માન્યું નહી, અને તેણે તિષ્યરક્ષિતાને મારવાનો નિશ્ચય ફેરવ્યો નહી. તે જોઇ કુણાલને ઘણી દિલગિરી થઇ, અને તેથી તેણે રાજાને ફરી વિનંતી કરી, અને રાજાને વિશ્વાસ લાવવા માટે છેવટે તે બોલ્યો કે, હે! મહારાજ! હું સત્ય કહું છું; તમો જો મારાં માતુશ્રીને માફ ન કરતા હો તો હું ઇચ્છું છું કે, મારાં નેત્રો પૂર્વની પેઠે સારાં થજો? તેના મુખમાંથી ઉપલાં વચનો નિકળતાંજ કુણાલની આંખો પૂર્વની પેઠે સારી થઇ; અને અશોકરાયનો બૌદ્ધ સત્ય ઉપરનો વિશ્વાસ વધારે દૃઢ થયો.

કુણાલવાળો ચમત્કાર જોઇ અશોકરાયના ભાઇ વીતાશોકને વૈરાગ્ય આવ્યો. ગુણાકર નામના યતિપાસે તેણે દીક્ષા લીધી, અને તે વનમાં જઇને રહ્યો. આ સમયે નિર્ગ્રંથ નામનો એક પંથ નિકળ્યો. પંડ્રુવર્ધન પ્રાંતમાં એ પંથના પ્રવર્તકે પોતાના પગ આગળ બુદ્ધની પ્રતિમા કહાડી, અને એક ખરાબ ચિત્ર લોકોમાં પ્રગટ કર્યું. અશોકરાયે બૌદ્ધ ધર્મને અપમાન આપનારૂં ચિત્ર પ્રવર્તાવનારનું મસ્તક લાવી આપનારને ઇનામ આપવાનું જાહેર કર્યું. ઇનામની આશાએ એક માણસ વીતાશોકને તેનો કર્તા માની તેનું મસ્તક કાપી લાવ્યો. ભાઇનું મસ્તક જોઇ રાજાને ઘણોજ ખેદ થયો આચાર્ય ઉપગુપ્તે આ વખતે રાજાને ઘણું સમજાવી શાંત કર્યો.

અશોકને બૌદ્ધ ધર્મપર એવી શ્રદ્ધા ઉત્પન્ન થઇ કે, તેણે પગે ચાલીને ભરતખંડના તે કાળના પ્રત્યેક બૌદ્ધ તીર્થની યાત્રા કરી હતી; પ્રત્યેક ઠેકાણે સ્તુપો અને સ્તંભો ઉભા કરાવ્યા હતા. સઘળા મળી તેણે ચોર્યાસી હજાર સ્તુપો બંધાવ્યા હતા, એવી દંતકથા છે. બોધિવૃક્ષ અને વજ્રાસનની રક્ષામાટે તેણે જે મોટાં બાંધકામો ચણાવ્યાં હતાં, તેમાના બોધિવૃક્ષવાળા બાંધકામના કેટલાંક ખંડેરો હજુ જોવામાં આવે છે. ભિક્ષુ અને ભિક્ષુણીઓને રહેવામાટે તેણે અનેક ધર્મશાળાઓ બંધાવી હતી. હ્યુએન્સંગનો પ્રવાસ વાંચતાં સ્થળે સ્થળે અશોકરાયના બંધાવેલા સ્તૂપો જોયાની વાતો આપણા વાંચવામાં આવે છે. ભરતખંડમાં અશોકના જેટલાં લોકોપયોગી બાંધકામો, હાલના સમ-

Aho ! Shrutgyanam

યગાં બીજા કોઈ પણ રાજાએ બંધાવેલાં જણાતાં નથી. ગૌતમબુદ્ધના ચરણન્યાસથી પવિત્ર મનાએલાં પ્રત્યેક સ્થળો, જેવાં કે, **શુદ્ધોદનનાં** રાજધાની **કપિલવસ્તુ**, બુદ્ધની જન્મભૂમિ **વાટિકાલંબિની** જે ઠેકાણે બુદ્ધે કેશો કઢાવ્યા, અને અલંકારોને ત્યાગ કર્યો, તે **અનોમાનદીનો** તટ, બિંબિસારની રાજધાની **રાજગૃહ**, તપસ્થાન **ઉરૂવેલ** નામનું ગયાની પાસેનું વન, **નિરંજન** નદીનો તીર, **ગયા, મૃગવન** અને જે ઠેકાણે તેણે નિર્વાણ લીધું, તે **કુસીનગર**, ઇત્યાદિ સ્થળે સ્તૂપો, ચૈત્યો, વિહાર અને ધર્મોપદેશ માટે તેણે મકાનો બંધાવ્યાં હતાં.

અશોકરાયે પગે ચાલી આ પ્રમાણે બૌદ્ધ તીર્થોની યાત્રા કરતાં અનેક લોકોપકારક કાર્યો કર્યા હતાં. તેણે સ્થળે સ્થળે પાકા માર્ગો બંધાવ્યા હતા. વણઝારોની રક્ષા માટે થાણા બેસાડ્યાં હતાં. પ્રવાસીઓની સગવડ માટે ધર્મશાલાઓ બંધાવી, તેમાં સદાવ્રતો સ્થાપ્યાં હતાં; અને નગરેનગર તથા લગભગ ગામેગામ આરોગ્યમંદિર (દવાખાનાં) બંધાવ્યાં હતાં; કે જ્યાં દીન રોગીઓને મુફત ઔષધો આપવામાં આવતાં હતાં. બૌદ્ધ ધર્મનો મુખ્ય હેતુ જે દયાધર્મ, તે અશોકરાયે સર્વત્ર પ્રવર્તાવ્યો હતો; અને તેના અમલને માટે તેણે પોતાના રાજ્યમાંથી પશુવધ કહાડી નાખી, ભરતખંડની ચારે દિશાએ પોતાની ધર્માજ્ઞાઓ પર્વતોના અચલ ખડકોપર કોતરાવી હતી, કે જેનાવિષે હવે આપણે આગળ વર્ણન કરીશું.

બૌદ્ધ ગ્રંથોમાંથી મળતી પૌરાણિક આખ્યાયિકાઓ કરતાં વધારે વિશ્વસનીય ઇતિહાસ શિલાલેખો, સ્તંભપરના લેખો, અને **અશોકની** ધર્માજ્ઞાઓના પર્વતશૃંગોપર કોતરાએલા લેખોપરથી મળી આવે છે. બુદ્ધધર્મનું મહત્વ તે લેખોપરથીજ જણાય છે. બુદ્ધધર્મના હજાર વર્ષના કાળમાં તેણે જે વિશ્વસનીય ઇતિહાસના સાધનો મૂકયાં છે, તેવાં બીજાં કોઇ ધર્મે પણ મૂકયાં નથી. ભરતખંડના જૂદા જૂદા ભાગમાં પર્વતોમાં ખોદેલી, કોરેલી અને ખણી કહાડેલી ગુફાઓ યતિઓને રહેવાના ચૈત્યો, અને ધર્મશાળાઓ અદ્યાપિ પણ એવાંને એવાંજ તે કાળનો ચિતાર આપતાં હયાત રહેલાં છે. પર્વતની અચળ શિલાઓ ઉપર કોતરેલા લેખોમાં દરેક ઠેકાણે **અશોકને** રાજ્યાભિષેક થયા પછી તે લેખ કેટલામે વર્ષે લખાયો? તે જણાવેલું છે. **અશોકના** સમય નિર્ણયમાટે આપણને બિલકુલ ભાંજગડ પડતી નથી. **અશોકરાયની** ધર્માજ્ઞાઓના અચલ ખડકોપર કોતરેલા બૌદ્ધ લેખો છે; અને તે **અશોકપ્રિય**-

Aho ! Shrutgyanam

**દર્શી** રાજાના આદેશો કહેવાય છે. એ આદેશોના લેખ **અશોકરાયના** રાજ્યાભિષેક પછી તેરથી પંદર વર્ષની અંદર કોતરાવેલા છે. સ્તંભોપરના લેખો ૨૭ થી ૨૮ માં વર્ષમાં કોતરાવેલા છે. લેખો **અશોકના** કોતરાવેલા હોવા છતાં, તેમાં **અશોક** એવું નામ કોઇ પણ લેખમાં નથી. તેઓમાં "**देवानां प्रिय प्रियदर्शी**" એવું રાજાનું નામ છે. **પ્રિયદર્શી** રાજા કયો? એવો પ્રશ્ન પ્રથમ ઉત્પન્ન થયો હતો, અને તેનો નિકાલ કેટલેક વર્ષે સિંહલદ્વીપના બૌદ્ધ પુસ્તકોના અભ્યાસ પછી થયો હતો. સિંહલદ્વીપના બૌદ્ધ પંડિતોની પાસે બૌદ્ધધર્મની ભાષા, કે જેને પાલીભાષા કહેવામાં આવે છે, તેનો અભ્યાસ કરતાં મીસ્તર ચાર્લ્સ ટરનર નામના એક સરકારી અમલદારને બૌદ્ધધર્મના સાહિત્યના બે મોટા ગ્રંથો, કે જેને **મહાવંશ** અને દીપવંશ કહેવામાં આવે છે તે મળી આવ્યા હતા; અને તે ગ્રંથોને વાંચતાં તેમાંથી સમજાયું કે, **અશોકરાયે** બૌદ્ધધર્મને મોટો આશ્રય આપ્યો હતો, એટલુંજ નહીં, પરંતુ તેણે કેટલીક આજ્ઞાઓ પોતાના દેશની સરહદ ઉપરના અચલ ખડકો ઉપર કોતરાવી મૂકી છે. એ શિલાલેખો સંબંધિ તેમાં જે વર્ષાદિ ક્રમનો હેવાલ આપેલો છે, તે ઉપરથી ટરનર સાહેબે પ્રથમ અશોકનો ઇતિહાસ તૈયાર કર્યો હતો.

આણી તરફ મીસ્તર જેમ્સ પ્રીન્સેપ સાહેબ પોતે ઉપરના લેખોમાં શું છે? તે બેસાડવાને મથતો હતો; એટલામાં તેને એક દાનપત્ર મળી આવ્યું; અને તેમાના અકેક અકેક અક્ષરો બેસાડતાં પાલી ભાષાના અક્ષરો મળ્યા; અને તે લેખો થોડા ઘણા ઉકેલી તેના અર્થો જાહેર કર્યા. ભાષાતુલના શાસ્ત્રને આધારે તેમણે અસંત શ્રમ લેઇ પાલી ભાષાના અક્ષરો બેસાડ્યા; તે હકીકતનો અત્રે પ્રસંગ ન હોવાથી લંબાણ ન કરતાં આપણે માત્ર એટલુંજ જણાવીશું કે, ઘણા શ્રમ પછી તેમણે પાલી ભાષાના અક્ષરો બેસાડ્યા; અને **અશોકના** લેખો વાંચી, છાપી જાહેર કર્યા. તે ઉપરથી મીસ્તર ટર્નરે પોતાને મળેલા લેખોની એકવાક્યતા કરી જાહેર કર્યું હતું કે, શિલાલેખોમાં જેને **પ્રિયદર્શી** કહેલો છે, તે **અશોકરાજા** છે; આ સંબંધમાં કેટલાંક વર્ષો સુધિ વિવાદ ચાલ્યો હતો; અને તે બાબતનો છેવટનો તોડ દીપવંશના લેખથી આવ્યો હતો કારણ કે તેમાં સ્પષ્ટ રીતે લખેલું છે કે, **અશોકરાય** તેજ **પ્રિયદર્શી** છે, અને તેણેજ લેખો કોતરાવેલા છે.

**અશોકરાયના** શિલાલેખોના બે વિભાગો પાડવામાં આવ્યા છે; એક પેહેલા કાળના અને બીજા ઉત્તર વયના. પેહેલા વર્ગમાં પાંચ લેખો છે; પેહેલો

Aho ! Shrutgyanam

ગિરનાર ઉપરનો લેખ સત્તર ફીટ લાંબા અને આઠ ફીટ પોહોળા જીવતા પત્થર ઉપર બે ઇંચ જેવડા મોટા અક્ષરોથી કોરેલો છે. એ લેખની તરફી આજ્ઞાનો છેલ્લો ભાંગી ગએલો ભાગ હાલમાં મળી આવ્યો છે. ઓરીસાગાના **ધૌલી** પર્વત ઉપર બીજો લેખ છે, અને ત્રીજો લેખ એજ પ્રાંતમાં **જોગડ** પર્વતમાં કોતરેલો છે. ચોથો લેખ યમુના નદીના ઉત્તર કિનારે આવેલા **ખાલસીના** પર્વત ઉપર છે; અને પાંચમો લેખ, કે જેમાં કેટલાક ગ્રીક રાજાઓના નામો હોવાથી અત્યંત ઉપયોગી છે તે, **અટકની** પેલી તરફના **કર્પૂરગિરિપર** છે. કર્પૂરગિરિ ઉપરનો લેખ, જે ખડક ઉપર કોતરેલો છે, તે દશ ફીટ પોહોળો, ચોવીસ ફીટ લાંબો, અને દશ ફીટ જાડો શીલાપટ છે. આ લેખની ભાષા તે તરફ તે સમયે વપરાતી ભાષાની સાથે મિશ્રિત થએલી પાલી ભાષા છે. સઘળા લેખોમાં અશોકની ચોદ આજ્ઞાઓ છે. આટલાજ લેખો અને આટલીજ આજ્ઞાઓ નથી; પરંતુ થોડી વધારે આજ્ઞાઓ અને ઘણા લેખો છે. ઠેકઠેકાણે પર્વતોપર મોટી શીલાઓ મળી આવવી, અને તે ઠેકાણે લેખો કોતરાવવા, એ મુસ્કેલ હોવાથી અશોકરાયે બીજો માર્ગ લીધો હશે તેણે સ્તંભોપર લેખો કોરાવી તે ઉભા કરાવ્યા છે. એવો એક સ્તંભ દીલ્હી અને બીજો અલ્હાબાદમાં છે. દીલ્હીવાળો સ્તંભ **ફીરોજશાહનો લાટ,** એવા નામથી ઓળખાય છે. **સીરાજ** નામનો એક ફારસી લેખક જણાવે છે કે, તે સ્તંભ બત્રીસ ફીટનો હોઇ આઠ ફીટ જમીનમાં હતો. **જનરલ કનીંગહામ** જણાવે છે કે, એ સ્તંભની ઉંચાઇ સાડીબેતાલીસ ફીટ છે. એ સ્તંભની ચારે બાજુએ અશોકની આજ્ઞાઓ કોતરેલી છે. અલ્હાબાદવાળો સ્તંભ બત્રીસ ફીટ ઉંચો છે; તળીએથી તેની જાડાઇ આઠ ફીટની, અને ઉપરથી બે ફીટ અને બે ઇંચની છે. કાળના અને કુદરતના ઉત્પાતોની સામે ટકાવ કરી શકે તેવા લેખો અને સ્તંભો ઉભા કરાવવામાં અશોકની દૂરદર્શી બુદ્ધિની મહત્તા સમાએલી છે. લેખ ઉપરથી તેના રાજ્યની સ્થિતિ, સમૃદ્ધિ અને રાજ્યનગરનું સૌભાગ્ય વિગેરે અનેક બાબતોઉપર વિચાર થઇ શકે છે.

મહાન્ અશોકરાય જે મહાન્ નગરમાં રાજ્ય કરતા હતા, તે નગર કે જેનું નામ પાટલીપુત્ર હતું, તેનું અનેક ઠેકાણે વર્ણન કરવામાં આવ્યું છે. પણ હાલમાં તે નગરના ખંડેરો ઘણાં થોડાં રહ્યાં છે; તથાપિ જે કંઇ રહ્યાં છે, તે તેની મોટાઇનો આભાસ આપે છે. હાલના પટણા શેહેરની જગ્યાએ અથવા તેની આસપાસ મોટા વિસ્તારઉપર પાટલીપુત્ર વસેલું હતું. વારંવાર

Aho ! Shrutgyanam

બદલાતા ગંગાના પ્રવાહમાં તેના તલપ્રદેશનો નાશ થએલો છે. દંતકથા એવી પણ ચાલે છે કે, જલપ્રલયમાં પાટલીપુત્ર નગરનો નાશ થયો હતો. ગંગા જેવી મોટી નદીમાં મોટું પૂર આવી, પાટલીપુત્રનો નાશ થયો હોય તો, તે કાળના લોકો તેને જલપ્રલય કહે, તો તેમાં કંઇ અતિશયોક્તિ કરવા જેવું નથી. વળી ગંગાના તીર ઉપરના એક પ્રાચીન નગરનાં ખંડેરો અઢી હજાર વર્ષો પછી ઉભાં રહે, એ કલ્પના પણ ખોટી છે; કારણકે એક નાની નદી-ઉપરના નગરનો પણ પાણીના ધોધથી જ્યારે સેજમાં નાશ થાય છે, તો ગંગાજેવી મોટી નદીના તીર ઉપર ખંડેર રહે એ શું સંભવિત હોય? છતાં પણ થોડાં ઘણાં ખંડેર છે તો તે પણ તે કાળના શીલ્પશાસ્ત્રની ખૂબીજ બતાવે છે. ચીનના પ્રસિદ્ધ યાત્રાળુ મુસાફરે પોતાના પ્રવાસમાં પાટલીપુત્રનું વર્ણન કરતાં તેની મોટાઇવિષે ઘણું જણાવ્યું છે, એટલુંજ નહી, પરંતુ ઇંગ્રેજ સરકારના અમલદારોએ કરેલી શોધોથી પણ એ પ્રાચીન નગરની મોટાઇ અને વિસ્તારનો આપણને સહજ ખ્યાલ આવે છે પાટલીપુત્રમાં બૌદ્ધ યતિઓને માટે અશોકરાયે એટલા વિહારો બંધાવ્યા હતા કે, આખા દેશનું નામ પાછળથી **વિહાર** ( બિહાર ) પડયું, એમ પણ માનવામાં આવે છે.

પર્વતો ઉપર અને સ્તંભોઉપર કોતરાવેલા લેખો ઉપરથી જણાય છે કે, અશોકે પોતાના રાજ્યની ઐતિહાસિક નોંધો રહેવાનો લાંબો વિચાર કર્યો હોશે. પોતાના સમયનો ઇતિહાસ રાખવાની રાજાને જે ઇચ્છા થાય, તે સ્વાભાવિકજ છે, એટલુંજ નહી પરંતુ સાધારણ માણસને પણ પોતાના કાળના ઇતિહાસના નોંધની આકાંક્ષા રહે છે. અશોક જેવા છત્રપતિ મહાન્ રાજાને એવી ઇચ્છા હોય, અને તેમાટે તેણે આવા અચળ લેખો કોતરાવ્યા હોય, તો તે પણ તેની તે દૂરદર્શીત્વ બુદ્ધિને ખરેખર ધન્યવાદ આપવા જેવું છે. ધર્મોપદેશસાથે વિદેશીય સમકાલીન રાજાઓનાં જે નામો આપવામાં આવેલાં છે, તેજ બતાવી આપે છે કે, અશોકને તેવો વિચાર સ્ફુર્યો હશે; ચારે સરહદના પર્વતોઉપર કોતરાવેલા લેખોથી પોતાના રાજ્યનો વિસ્તાર દર્શાવવાનો અશોકનો હેતુ જણાય છે. આગળ તેની સ્ત્રીઓ અને બંધુઓ પ્રતેની જે ક્રૂરતાનો ઇસારો કરવામાં આવ્યો છે, તે માત્ર પૌરાણિક વૃત્તાંત છે; જ્યારે શિલાલેખોપરથી તો જણાય છે કે, પોતાની રાણીઓપ્રતિ તે અપૂર્વ પ્રેમ ધરાવતો હતો; અને તેમને તે જોઇએ તેટલી છૂટ આપતો હતો. ઘણા લેખોમાં રાણીઓએ આપેલાં દાન આદિનું આલેખન થએલું જણાય છે. એક લેખ

Aho ! Shrutgyanam

ઉપરથી તેના બંધુઓ વિદ્યમાન હતા, એમ સ્પષ્ટ જણાય છે. પ્રજા પ્રત્યેનો પોતાનો ધર્મ તેણે આપણને લેખદ્વારા બતાવી આપ્યો છે, એટલુંજ નહી, પરંતુ પ્રજાના અગ્રેસરોને-( ધનાઢ્યોને ) પણ પોતાના જાતિભાઇ પ્રતિ દયા દેખાડવા, પરોપકાર કરવા, અને સન્માર્ગે ચાલવાને તેણે પોતાના ઉદાહરણથી બોધ કરેલો જણાય છે. લેખ ઉપરથી તેના ચરિત્ર અને ઇતિહાસઉપર પડતા પ્રકાશનું વિશેષ અનુમાનાત્મક વિવેચન, તેના લેખને જોવેોને તેવો આપ્યાથી સારી રીતે થશે.

---

## દીલ્હીના સ્તંભઉપરના અશોકરાયના લેખનો ભાવાર્થ.

૧ દેવોનો પ્રિય પ્રિયદર્શી રાજા આજ્ઞા કરે છે કે, મારા રાજ્યાભિષેક પછી સત્તાવીસમે વર્ષે આ લેખ કોતરવામાં આવે છે; ધર્મની લાલસા અને શ્રદ્ધા આપોઆપ વૃદ્ધિ પામે છે. મારા રાજ્યમાં ગૃહસ્થો અને યતિઓ ઉપર ધર્મનું બંધારણ છે; અને તેઓ નિરંતર ધર્મ પ્રમાણે ચાલે છે. વિશેષમાં એજ કે, તેઓ પોતાના મનોવિકારને કબજે રાખી મહાન્ જ્ઞાનમાં પ્રવર્તો ! કારણ કે જ્ઞાનજ શ્રેષ્ઠ છે. જ્ઞાનનો ઉપાર્જન કરનાર ધર્મ, આશ્રયદાતા ધર્મ અને ગુરૂ પણ ધર્મજ છે. ખરા સુખનું ઠેકાણું ધર્મજ છે.

૨ ધર્મજ જગતમાં શ્રેષ્ઠ છે; ધર્મ એટલે સત્કૃત્ય કરવાં; અને અસત્ય કર્મથી દૂર રહેવું તે દયા, ઔદાર્ય, અંતઃકરણની શુદ્ધતા અને પવિત્ર આચરણ એ ધર્મસંસ્કારનાંજ મૂળતત્વ છે. ગરીબ, દુઃખી અને કષ્ટી માણસો, પશુ, પંખી, જળચર, સ્થળચર વિગેરેને માટે મેં અનેક ધર્મકૃત્યો કર્યાં છે; તેમ સર્વએ ધર્મકૃત્યો કરવાં. જેઓ આવાં કર્મ કરશે, તેમને શાશ્વત સુખ પ્રાપ્ત થશે.

૩ જે મને સારો અને ધાર્મિક જણાશે, તેની પ્રકૃતિ ખરાબ હશે, તો પણ હું તેને પાપી ગણીશ નહીં. સારા ખોટા જાણવાને માટેજ માણસોને આંખો આપેલી છે; માણસો પોતપોતાની આંખો પ્રમાણે એકબીજાને સારો નઠારો દેખે છે. આગળ જણાવેલી બાબતની ક્ષુલ્લક પાપીઓમાં ગણના કરેલી છે; અપકાર નિષ્ઠુરતા, રાગ, ગર્વ વિગેરે * *

૪ * * * રાજ્યાભિષેક પછી સત્તાવીસમે વર્ષે આ લેખ કોતરવામાં આવે છે; આજે લાખો લોકો મારા ભક્તો બનેલા છે. તેઓના હાથમાં આવનાર અપરાધિઓને કેટલો દંડ અને કેટલી શિક્ષા કરવી તે હવે

જણાવવામાં આવે છે. * * * જે જે ઠેકાણે મારા ભકતો ઔદુંબરની પ્રદક્ષિણા કરે, તે તે ઠેકાણાના લોકોએ તેને ખાવાપીવાની જણસોનો બંદોબસ્ત કરવો; એમ કરવામાં તેમનું હિત છે. જે મારો ભક્ત તેમાં ચૂકશે, તેને શિક્ષા થશે. પરંતુ કોઇને દેહાંતદંડની શિક્ષા થશે નહી. કારાગ્રહવાસ અને દેહાંત શિક્ષાનો દેશવટામાં સમાવેશ થશે. માર્ગઉપર ખૂન કરનાર પછી તે ગરીબ કે શ્રીમંત હોય, તેને દેશવટો દેવામાં આવશે. જીવતાં પ્રાણીઉપર જુલમ કરનાર કિંવા મારનારને, તેના હાથપગ કપાવી ન નાખતાં ઉપવાસમાં રાખવામાં આવશે. ( અર્થાત તેઓપાસે ઉપવાસ કરાવવામાં આવશે. ) શારાંસ એ કે, અપરાધિઓપ્રતિ પણ હું નિરંતર કૃપાદૃષ્ટિ રાખીશ.

૫ આગળ જણાવવામાં આવતાં પ્રાણીઓને મારવાં નહી. પોપટ, મેના, બતક, બગલાં, ઘુવડ, ગીધ, ચામાચીડીઆં, વાગોળ, કાગડા, કબુતર આદિ, તથા બકરી, ઘેટી, ડુકરીઆદિ ચોપગાં જનાવરોનું ભક્ષણ કરવું નહી; તેમ પૈસામાટે તેમનો વધ કરવો નહી. દરેક મહીનાની ચૌદશ, પૂર્ણિમા અને અમાવાસ્યાને દિવસે બળદોને **ચરવા** છોડવા નહી.[1]

૬ મારા રાજ્યકાળના બારમા વર્ષમાં લોકોના હિતને માટે મેં એક આદેશ બહાર પાડયો હતો, તે આદેશ રદ કરી, તથા મારો પૂર્વનો ધર્મ મેં ફેરવી નાખ્યો છે, એમ જણાવી હું અત્રે ફરીને આજ્ઞા કરૂં છું કે, જેમના મત મારાથી જૂદા હોય તેમને હું પ્રાર્થના કરૂં છું કે, તેમણે સત્વરજ મારા ધર્મમાં આવી શાશ્વતું સુખ મેળવવું. આવી આશાથી મેં આ આદેશ જાહેર કર્યો છે.

૭ આગલા રાજાઓ આવી ઇચ્છા કરતા કરતા મરણ પામ્યા. રાજા જ્યારે ધર્માંતર કરે છે ત્યારે તે ધર્મનો કેવો ઉત્કર્ષ થાય છે? હલકા માણસોના ધર્મ સ્વીકારથી જ્યારે ધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે રાજકુલો તે ધર્મ સ્વીકારે તો તેની કેટલી વૃદ્ધિ થાય? આજદન સુધિમાં ધર્મોપદેશમાટે ધર્મોપદેશકોને દેશદેશાંતર મોકલવાને મેં કેટલું કર્યું છે? તે સર્વ વિદિત વાત છે.

---

૧ આ લેખમાના બીજાં કેટલાંક પક્ષિઓનાં નામો સમજાતાં નથી; અને છેલ્લું વાક્ય પણ સંબંધ વિનાનું છે મને તો તેનો અર્થ એમ લાગે છે કે, પ્રત્યેક માસની ચૌદસ, અમાસ અને પુનેમને દિવસે **બળદોને ખેતીમાં જોડવા નહીં.** અર્થાત્ બળદો વિગેરે પ્રાણીઓને તે તે દિવસે ઉપયોગમાં લેવા નહીં; પણ તેઓને વિશ્રાંતિ આપવી.

Aho ! Shrutgyanam

આવા લેખોની ઉપરાંત **અશોકરાજાના** ચૌદ જાહેર આદેશ, અને દાનધર્મને માટે અપાએલાં પત્રોમાં પણ કેટલાક આદેશો જોવામાં આવે છે. **અશોકરાજા**એ જેમ પોતાની પ્રજાની ધર્મોન્નત્તિ માટે લક્ષ આપ્યું છે, તેમ લોકની નીતિ સુધારવાની યોજના કરવામાં પણ તે શિથિલ જણાતો નથી. મહાયાત્રા નામનું એક મંડળ સ્થાપન કરી, તેણે અધિકારિઓના દોષો અને લોકોની નીતિ ઉપર તપાસ રાખવાનો બંદોબસ્ત કર્યો હતો. તે કાળે લોકોની નીતિ વધારે બગડેલી હોય, એમ પણ એક અનુમાન થાય છે; કારણ કે, એક લેખમાં લોકની અનીતિમાટે શોક બતાવવામાં આવ્યા ઉપરાંત તેના બંદોબસ્તની યોજનામાટે પણ ઇસારો કરવામાં આવ્યો છે. મધ્યવયમાં મહાન **અશોકરાયે** આ પ્રમાણે એટલાં બધાં લોક હિતનાં કાર્યો કર્યા હતાં, કે જેની યથાયોગ્ય વિગત જો મળતી હોય તો પુસ્તકો ભરાય.

---

## ગિરનારપરના અશોકના લેખનું ભાષાંતર.

**શાસન પેહેલું**–દેવોના પ્રિય **પ્રિયદર્શી** રાજાનું આ શાસન છે; જીવહિંસા તદ્દન બંધ કરવી જોઇએ; જેમાં હિંસા થાય તેવા યજ્ઞો કરવા નહીં. મોટો સમાજ એકઠો કરવા દેવો નહીં; કારણ કે દેવના પ્રિય **પ્રિયદર્શી** (અશોક) રાજા આવા મોટા સમાજને દોષરૂપ ગણે છે. ખરેખરી તો એક સમાજ છે, જેને દેવના પ્રિય **પ્રિયદર્શી રાજા** કબુલ રાખે છે. આગળ ધર્મશાસન બહાર પાડવામાં આવેલું છે, કે સત્કર્મમાં પ્રાણીઓ મારી શકાય; અને આજદનસુધિ આવી રીતી ચાલતી આવી છે; પણ તે રીતી હવે કબુલ નથી; તેથી આ ધર્મશાસન બહાર પાડવામાં આવે છે, હવેથી પ્રાણીઓને મારવાં નહી.

**શાસન બીજું**—દેવના પ્રિય પ્રિયદર્શી રાજાના સઘળા મુલકોમાં તથા પાસેના દેશ, ચોડ, પાંડ્યદેશ, સત્યપુત્ર, કેરલપુત્ર, તામ્રપર્ણી (લંકા) માં તથા યવન રાજા એન્ટીઓકસ તથા તેના સામંત રાજાઓ હોય, તે સર્વેને માલુમ થાય કે, રાજાએ બે બાબતો કરી છે; એક મનુષ્યના સુખના ઉપાય તથા બીજા પશુઓના સુખના ઉપાય, એ બન્ને ઉપાયોને માટે મનુષ્ય તથા પશુઓને ઉપયોગી જે જે ઔષધિઓ જે જે સ્થાને નથી, તે તે ઔષધિઓ મંગાવીને ત્યાં ત્યાં રોપાવી છે; તેમજ ફળ, મૂળ જે ઠેકાણે નથી, ત્યાં તે મગાવી રોપાવેલાં છે; તથા મનુષ્યના અને પશુઓના ઉપયોગસારૂ મા

Aho ! Shrutgyanam

ગેમાં કુવા ખોદાવ્યા છે, તથા ઝાડો વવરાવ્યાં છે.

**શાસન ત્રીજું**—દેવોના પ્રિય પ્રિયદર્શી રાજા કહે છે કે, ગાદીએ બેઠાં મને બાર વર્ષો થયાં, ત્યારે મેં એ પ્રમાણે આજ્ઞા કરી કે, જે લોકો ધર્મના નિયમથી બંધાએલા છે, તે ગમે તો પરદેશના હોય, અથવા મારી પ્રજા હોય, તોપણ તેમણે નીતિના બંધન જેવાં કે, માતા, પિતા, મિત્ર, દાસ અને બાળકસંબંધિ તથા બ્રાહ્મણ અને શ્રમણ સંબંધિ કર્તવ્ય અમલમાં લાવવાસારૂં પાંચ વર્ષ પ્રાયશ્ચિત્ત કરવું. ઉદારતા સારી છે. જીવતાં પ્રાણીને પીડા નહી કરવી, એ સારૂં છે. ઉડાઉપણું અને નિંદાથી દૂર રહેવું, એ સારૂં છે. શ્રદ્ધાવાળા લોકોને આ સ્થાને ગણાવેલા સદ્ગુણ સંબધી દાખલાથી, અને ખુલાસાથી સમાજ પોતેજ ઉપદેશ આપશે.

**શાસન ચોથું**—ઘણો કાળ થયાં હિંસા ઘણી થાય છે; જ્ઞાતિમર્યાદા રહેતી નથી. બ્રાહ્મણશ્રમણનું માન રહેતું નથી; માટે દેવોના પ્રિય **પ્રિયદર્શી** રાજા ગજાદિક સહિત સ્વારી કહાડી, વાજિંત્ર વજડાવી, તથા આતસબાજી ફોડાવી, અગાઉ કોઇ દિવસ નહી આપેલો એવો હુકમ આપે છે કે, પ્રાણીહિંસા કરવી નહી; બ્રાહ્મણશ્રમણનું માન રાખવું; માબાપની સેવા કરવી, તથા વૃદ્ધની સેવા કરવી. આ અને બીજાં ધર્માચરણ દેવોના પ્રિય **પ્રિયદર્શી** રાજાએ વધાર્યા છે, અને હજુ પણ વધારશે. દેવોના પ્રિય **પ્રિયદર્શી**ના પુત્ર પૌત્રાદિકો, પણ પ્રલય પર્યંત ધર્મ તથા શીલ પાળી આ ધર્માચરણની વૃદ્ધિ કરશે; કારણ કે, જે દુઃશીલ હોય છે, તે પોતે પણ ધર્મ પાળી શકતો નથી; ધર્માચરણની વૃદ્ધિ થાય, તથા ઘટારો ન થાય, એમાં સારૂં છે; એમ ધારી આ લખેલું છે. આ બાબતની વૃદ્ધિ થાઓ હાનિ ન થાઓ. ગાદીએ બેઠે બાર વર્ષો થયા પછી દેવોના પ્રિય **પ્રિયદર્શી** રાજાએ આ લખાવેલું છે.

**શાસનપાંચમું**—દેવોના પ્રિય **પ્રિયદર્શી** રાજા ફરમાવે છે કે, કોઇનું કલ્યાણ કરવું એ કઠણ છે; તથા પાપ કરવું એ સહેલું છે; માટે મેં જેમ સુકૃત્ય કર્યાં છે, તેમ મારા પુત્ર, પૌત્ર તથા પ્રપૌત્રાદિક પણ દરેક સમયે ઘણાં સારાં કામો કરશે. લોકો પણ તેજ પ્રમાણે ચાલસે તો સુખી થશે. જે આ માર્ગને તજશે તે દુઃખ પામસે. પાપ સુકર છે, માટે મારા રાજ્યના તેરમા વર્ષમાં સર્વ ધર્મના લોકમાં નીતિની દેખરેખ રાખવા સારૂં સદ્ગુણીની વૃદ્ધિ થવા, અને યવન, કાંબોજ, ગાંધાર, રાષ્ટ્રિક અને પિતેનિકના સુધર્મી લોકોમાં સુખની વૃદ્ધિ કરવા સારૂં મેં ધર્મ મહામાત્ર નીમ્યા છે. તેઓ લડવૈયા લોકો-

Aho ! Shrutgyanam

માં બ્રાહ્મણ, શ્રમણ તથા બીજા લોકોમાં બીન હરકતે સારા લોકોનું કલ્યાણ થવા સારૂં, બંધિવાનોનાં બંધ તોડાવવાસારૂં, અને પુરેલાને બહાર કહાડવાસારૂં પવિત્ર ગુરૂએ આપેલા જ્ઞાનના સાધનવડે ફરશે. પાટલીપુત્ર શેહેરમાં અથવા બહાર જ્યાં મારાં ભાઇબેહેન અથવા સગાંવહાલાં હશે, ત્યાં પણ તેઓ જશે. આ ધર્મ મહામાત્ય જે નીતિની દેખરેખમાટે નીમવામાં આવ્યા છે, તેઓ જે જે સ્થાનોએ નીતિનો કાયદો સ્થપાયો છે, ત્યાં ત્યાં પુણ્યવાન્ અને સદ્ગુણી જનોને ઉત્તેજન આપશે. આવા ઇરાદાથી આ શાસન લખ્યું છે, તે મારી પ્રજાએ માનવું.

**શાસન છઠું.**—પ્રાચીનકાળમાં પ્રજાના હિત ઉપર ધ્યાન આપવામાં આવ્યું હોય, તેમ જણાતું નથી; તેમજ કોઇ અમલદારોએ પણ ધ્યાન આપ્યું નથી; માટે હવે મારા રાજ્યમાં સ્ત્રીઓ ઉપર, ધર્મસ્થાન ઉપર, યાત્રાળુ ઉપર, વ્યાપારઉપર, તથા બાગ બગીચા ઉપર મેં ચોકીદાર રાખેલા છે; અને હરેક રીતે મારી પ્રજાના સુખમાં વધારો થાય તેમ કર્યું છે. હું અને મારા મહામાત્ય જે જે જાહેર કરીએ, તે મંજુર થવા માટે સભામાં મૂકવામા આવશે; મંજુર થયા પછી મને ખબર આપવામાં આવશે. આવી આજ્ઞા મેં સર્વ ઠેકાણે કરી છે. જગતનું હિત કરતાં કરતાં મને સંતોષ નથી. આખી દુનીઆને આબાદ કરવી, એ ઘણોજ સ્તુતિપાત્ર પ્રયત્ન છે. જ્યારે સર્વે લોકો આ લોકમાં સુખી થાય, અને અંતે સ્વર્ગમાં જવા શક્તિવાન થાય, ત્યારેજ હું તેમનું ઋણુ છુટું. આવા ઋણથી મુક્ત થવા માટે મારા સઘળા યત્ન છે. આવા વિચારથી આ નીતિનું શાસન લખવામાં આવ્યું છે. આ ઘણા કાળસુધિ ટકો? મારી પાછળ મારા પુત્રો, પૌત્ર તથા પ્રપૌત્ર આખી દુનીઆના ભલાંને માટે પ્રયત્ન કરો? પણ આ કામ અત્યંત શ્રમવિના બને તેવું નથી.

**શાસન સાતમું**—દેવપ્રિય પ્રિયદર્શી રાજા એવી ઇચ્છા રાખે છે કે, સર્વ ધર્મગુરૂઓ સંપથી રહે; તેઓ ઇચ્છે કે, અમે જેવા નિયમ પાળીએ છીએ, તેવાજ નિયમ બીજા લોકો પાળે, તથા રાખે; પણ સર્વ મનુષ્યના મત, તથા ઇચ્છાઓ જૂદી જૂદી હોય છે; માટે કેટલાએક બધું પાળે, તેમજ કેટલાએક થોડું પણ પાળે. તોપણ એટલું તો ખરૂં કે, નિયમ, દાન ઇત્યાદિ ઘણાં છે; તેમજ સંયમ, ભાવ, શુદ્ધિ, કૃતજ્ઞતા, દઢભક્તિ એ શ્રેષ્ટ છે.

**શાસન આઠમું**—આગળના વખતમાં રાજાઓ મૃગયા (શિકાર (વગેર) મોજશોક માટે મુસાફરી કરતા; પણ દેવપ્રિય પ્રિયદર્શી રાજાને તો

Aho ! Shrutgyanam

ગાદીએ બેઠા પછી દશમે વર્ષે જ્ઞાન થયું કે, સર્વે યાત્રાઓ કરતાં ધર્મયાત્રાજ શ્રેષ્ટ છે; જેમાં બ્રાહ્મણ શ્રમણનું દર્શન થાય, તથા તેમને દાન અપાય; વૃદ્ધજનોનું દર્શન થાય, તથા તેમને સુવર્ણની બક્ષિસ આપી શકાય; પોતાના દેશના લોકોની મુલાકાત લેઇ શકાય; ધર્મનો બોધ આપી શકાય, તથા તેવિષે પૂછપરછ થઇ શકે. પોતાનો અગાઉનો વિચાર ફેરવીને ધર્મયાત્રા સ્વીકારી, તેથી દેવપ્રિય **પ્રિયદર્શી** રાજા પોતે ઘણા રાજી થયા છે.

**શાસન નવમું—દેવપ્રિયદર્શી** રાજા કહે છે કે, કંઇ હરકત હોય, પુત્ર પ્રસવે, પ્રવાસ કરવો હોય, તથા એ શિવાય બીજા ઘણા પ્રસંગો આવે, ત્યારે મનુષ્યો નાના મોટાં માંગલિક કૃત્યો કરે છે; જે માણસો આવાં નિરર્થક અને ક્ષુદ્ર અનેક મંગલ કરે છે, તે મૂઢ છે. માંગલિક કૃત્યો તો અવશ્ય કરવાં જોઇએ; પણ એવાં મંગલકૃત્યોનું બહુજ થોડું ફળ છે. ધર્મમંગળ એજ મહામંગળ છે. એ મંગળમાં નીચેની બાબતો છે. નોકર ચાકરની ખબર રાખવી; ગુરૂની સારી રીતે સેવા કરવી; જીવને સારી રીતે નિયમમાં પ્રવર્તાવવા બ્રાહ્મણ તથા ભિક્ષુકોને સારૂં દાન આપવું એ તથા એવા પ્રકારનાં બીજાં સત્કર્મો કરવાં, એનું નામ ધર્મમંગળ છે. આ મંગળ કરવાનો બોધ, બાપ હોય તો બાપે, દીકરાએ, ભાઇએ, કે ઉપરીએ જ્યાંસુધી સામા માણસના મનમાં ઉતરે ત્યાંસુધી કરવો. આગળ કહ્યું છે કે, દાન કરવું તે સારૂં છે; પણ જેવાં ધર્મસંબંધિ દાન તથા અનુગ્રહ છે, તેવાં બીજાં કોઇ પણ દાન કે અનુગ્રહ નથી. શુભ અંતઃકરણવાળા મિત્રે, જ્ઞાતિલાએ, તથા સલ્હાકારે પ્રસંગ આવે ત્યારે કહેવું કે, ઉપર કહેલાં કાર્યો સારાં છે; માટે તે કરવાં; આ સઘળું જે કરે છે, તે અંતે સ્વર્ગે જાય છે. સ્વર્ગે લેઇ જનારાં આ કામ જરૂર કરવાં જોઇએ.

**શાસન દશમું**—જો દેવપ્રિય **પ્રિયદર્શી** રાજાની પ્રજા ધર્મ સેવન ન કરત અથવા ધર્માજ્ઞાને ન અનુસરત તો તે યશ કે કીર્તીને પરમ લાભકારી ન ગણત. પરંતુ તેની પ્રજા ઉપર પ્રમાણે પ્રવર્તે છે. માટે તે યશ અથવા કીર્તિને ચાહે છે. દેવપ્રિય **પ્રિયદર્શી** રાજા જે કંઇ પરાક્રમ કરે છે, તે કેવળ પરલોકને માટે કરે છે. તેથી પોતે બિલકુલ કલંકમુક્ત રહે ખરો; કલંક તો પાપજ છે પરંતુ જો માણસ સર્વ કામ મૂકી દઇ આ કામને વાસ્તે અત્યંત પરિશ્રમ લે, તો ભલે તે ઉંચી કે નીચી પંક્તિનો હોય તોપણ તેનાથી આ કામ બનવાનું નથી. તેમાં પણ ઉંચી પદ્વીના માણસથી તો આ કામ બનવું

Aho ! Shrutgyanam

ઘણુંજ અશક્ય છે.

**શાસન અગીઆરમું**—દેવોના પ્રિય **પ્રિયદર્શી** રાજા એમ કહે છે કે, જેવું ધર્મદાન, ધર્મચર્ચા, ધર્મ સંબંધી ઉદારતા કે ધર્મનો સંબંધ છે, એવું કોઇ પણ દાન નથી. ધર્મદાન વિગેરેમાં નીચેની બાબતો છે......... નોકર ચાકરની સારી બરદાસ રાખવી, માતા પિતાની ભક્તિ કરવી, મિત્ર, ઓળખીતા, જાતિભાઇ, બ્રાહ્મણ તથા ભિક્ષુકોને સારી રીતે દાન દેવું. તથા જીવની રક્ષા કરવી. આ શુભ કર્તવ્ય છે, એમ બાપે, દીકરાએ, મિત્રે, ઓળખીતા માણસે, જાતિભાઇએ, તથા પડોશીએ પણ કહેવું, આ પ્રમાણે જે કરે છે તે આ જગતમાં સર્વની પ્રીતિને પાત્ર થાય છે; તથા પરલોકમાં પણ અનંત પુણ્યનું ફળ ભોગવે છે

**શાસન બારમું**—દેવપ્રિય **પ્રિયદર્શી** રાજા સર્વ સંપ્રદાયના ભિક્ષુકમંડળ તથા ગૃહસ્થોના દાનમાનાદિથી સત્કાર કરે છે. દેવપ્રિય **પ્રિયદર્શી** રાજા એમ માનેછે કે, જે દાન કે પૂજાથી સર્વ સંપ્રદાયની યશોવૃદ્ધિ થાય, તેના જેવું બીજું કોઇ દાન કે પૂજા નથી. સંપ્રદાયનું બળ અનેક રીતે વધી શકે છે, પણ સંપ્રદાયના ઉદયનું મૂળ તો એજ છે કે, વાચાને નિયમમાં રાખવી, કારણ કે તેથી પોતાના સંપ્રદાયની પ્રશંસા અથવા પરસંપ્રદાયની નિંદા ન થાય; તથા પ્રસંગવિનાનું હલકું ભાષણ ન થાય, પ્રસંગ આવે ત્યારે એક સંપ્રદાયવાળા મનુષ્યોએ બીજા સંપ્રદાયવાળાને માન આપવું. જેઓ પ્રસંગે એક બીજાના સંપ્રદાયને ઉત્તેજન આપે છે, તેઓ પોતાના સંપ્રદાયને વધારે છે, ને પરસંપ્રદાયનો ઉપકાર કરે છે. જે આથી વિરૂદ્ધ વર્તે છે, તે પોતાની સંપ્રદાયનો ક્ષય કરે છે; તથા પરસંપ્રદાયનો અપકાર કરે છે; તથા હું મારા સંપ્રદાયની ઉન્નતિ કરૂંછું, એમ સમજી જે કેવળ પોતાના સંપ્રદાયની સ્તુતિ કરે છે, તે પણ પોતાના સંપ્રદાયનો અત્યંત નાશ કરે છે; માટે સર્વ સંપ્રદાયવાળાએ હળીમળીને રહેવું, એ સારૂં છે. તેઓ એકબીજાના ધર્મથી વાકેફ થાય, તથા એક બીજાને મદદ કરે, એવી દેવપ્રિય **પ્રિયદર્શી** રાજાની ઇચ્છા છે. કારણ કે, સર્વ સંપ્રદાયવાળા બહુશ્રુત તથા......................થાય, જેથી સર્વ સંપ્રદાયનો યશ વધે, તથા તેમને માન મળે; એવાં દાન શિવાય બીજાં દાન કે પૂજનને તે માનતો નથી. આટલા સારૂં ધર્મમહામાત્ય, સ્ત્રીઓવિષે તપાસ રાખનારાઓ, સંન્યાસીઓ આદિકની સાળસંભાળ રાખનારાઓ તથા એવા બીજાઓ કામે લગાડ્યા છે; આમ કરવાનું ફળ એટલુંજ કે, પોતાના સંપ્ર-

Aho ! Shrutgyanam

દાનની વૃદ્ધિ થાય, તથા ધર્મ પ્રકાશ પામે.

**શાસન તેરમું**—( આ શાસનના ઘણાખરા અક્ષરો ઘસાઇ ગયા છે. )

**શાસન ચૌદમું**—આ ધર્મલીપી દેવપ્રિય **પ્રિયદર્શી** રાજાએ લખાવેલી છે; કોઇ ઠેકાણે સંક્ષેપમાં લખાએલી છે, કોઇ ઠેકાણે મધ્યમ રીતે તથા કોઇ સ્થાને વિસ્તારથી લખાએલી છે. બધે ઠેકાણે બધું લખેલું નથી. દેશ મોટો છે, માટે મેં જે લખાવ્યું છે, તે ઘણું છે. કેટલીક બાબતો વિષયની મધુરતાને લીધે ફરી ફરીને લખી છે; કારણ કે, તે બાબતને લોકો વિશેષ પ્રીતિથી ગ્રહણ કરે, અને આ કોઇ સ્થાને અપૂર્ણ અથવા અયોગ્ય લખ્યું હોય તો તેનું કારણ એમ ધારવું કે, અસલ સાથે તેની નકલ મેળવી નહીં હોય; અથવા તો કોતરનારે ભૂલ કરી હશે.

પ્રખ્યાત ચિનાઇ મુસાફર હ્યુએન્-સાંગ લખે છે કે, **અશોકે** કોતરાવેલા ગાંધારના એક શિલાલેખમાં લખ્યું છે કે, આગાઉ અહીં અસંગબોધિસત્વ, મનોરહિત બોધિસત્વ, તથા **પાર્શ્વનાથ** નામના બોધિસત્વ થએલા છે.

સાલાતુરમાં અશોકે બંધાવેલા સ્તુપોના શિલાલેખોમાં ઘણી જગોએ અર્હત્ શબ્દ વાપરવામાં આવ્યો છે. અત્રે લંબાણ થવાના ભયથી અશોકના બીજા શિલાલેખોના ભાવાર્થો આપેલા નથી. જોવા ઇચ્છનારે કનિંગહામની અંગ્રેજી ભાષામાં રચેલી પ્રાચીનભૂગોળથી જાણી લેવા.

---

## પ્રકરણ સાતમું.

### મહાન્ અશોકના ઇતિહાસની સમીક્ષા.

**મહાન્ અશોકનો** પિતા બિંદુસાર, અને પિતામહ ચંદ્રગુપ્ત, એ બન્ને જૈનધર્મી હતા, તેમાં તો કશો સંદેહ નથી; કેમકે, તેઓનું વર્ણન વિસ્તારથી આજ પુસ્તકના પેહેલા ભાગમાં આપેલું છે. છઠ્ઠા પ્રકરણમાં જણાવેલા **અશોકના** વર્ણનને વાંચતાં શીલાલેખોમાં જણાવેલી તેની દયાળુ લાગણીથી અનુમાન થાય છે કે, તે જૈન હતો. બૌદ્ધ પુસ્તકોમાં તેની ક્રૂરતામાટે જે લખાણો લખવામાં આવ્યાં છે, તે તો ફક્ત તેઓએ પોતાના ધર્મનું મહત્વ વધારવામાટે લખ્યાં હોય એવું હાલના જે શોધક વિદ્વાનો અનુમાન કરે છે, તે સત્યજ છે. **અશોકના** જન્મચરિત્રમાટે ખાસ જૈન પુસ્તક નહીં મળવાનો હેતુ સાતમા શતકમાં ગએલી ધર્મક્રાંતિજ છે. કેમકે, તે સમયમાં શંકરાચાર્યે ઘણાં

Aho ! Shrutgyanam

જૈનપુસ્તકોનો વિનાશ કર્યો હતો, અને તે સાથે તેવાં પુસ્તકનો કદાચ વિનાશ થયો હોય, તો તેમાં સંદેહ રાખવા જેવું નથી અથવા **અશોકરાયના** ખાસ ચરિત્રનો જૈનગ્રંથ હજુસુધિ કોઇ જૈનભંડારમાં ગુપ્તજ રહ્યો હોય, તેમ પણ અનુમાન કરી શકાય છે. છતાં પણ પરિશિષ્ટપર્વ આદિક બીજા જૈનગ્રંથોમાં પણ છુટું છવાયું **મહાન્ અશોક**માટેનું જે કેટલુંક જૈનલખાણ મળી આવે છે, તેથી પણ જણાય છે કે, **મહાન્ અશોક** જૈનધર્મી હતો. હાલના નિ-ષ્પક્ષપાતી પાશ્ચિમાત્ય શોધક વિદ્વાનો પણ એમ માને છે કે, બૌદ્ધ ગ્રંથોમાં લખેલું **મહાન્ અશોકનું** વૃત્તાંત સત્યાસત્યથી મિશ્રિત થએલું છે, માટે તેનાપર વિશ્વાસ મેલી શકાય નહીં. ડૉક્ટર રાજેંદ્રલાલ મિત્ર તો લખે છે કે, **અશોક-રાજાએ** વંશપરંપરાગત ધર્મનો એટલે જૈનધર્મનો ત્યાગ કરવાથી તેનો ઇતિ-હાસ આર્ય પ્રજામાંથી કોઇએ લખ્યો નહીં; આ ઉપરથી પણ એમ અનુમાન થાય છે કે, **અશોકરાજા** પેહેલાં તો **જૈનધર્મીજ** હતો. કારણ કે તેનો વંશ પરંપરાગત ધર્મ તો **જૈનજ** હતો. પાછળથી તે બૌદ્ધધર્મી થયો હોય, તો તેમ માની શકાય તક્ષશિલાના **અશોકના** શિલાલેખમાં જે **પાર્શ્વનાથનું** નામ દાખલ કરેલું છે, તે પાર્શ્વનાથ જૈનોના ત્રેવીસમાં તીર્થંકર છે, અને તે ઇસા-રાથી પણ સાબિત થાય છે કે, **મહાન્ અશોક** જૈની હતો. કોઇ શિલાલે-ખમાં એમ લખવામાં આવ્યું છે કે, **અશોકના** રસોડામાં પશુવધ થતો હતો. તો તે શિલાલેખ તે બૌધધર્મી થયા પછી લખાયો હોય, એવું અનુમાન થાય છે, કેમકે, બૌદ્ધોમાં માંસભક્ષણમાટે છૂટ આપેલી છે. પ્રથમ **અશોક જૈન-ધર્મી** હતો, તેનો મોટો પૂરાવો તો એ છે કે, તેણે ગયામાનું બોધિવૃક્ષ તોડી પડાવ્યું હતું; અને તે સમયે તે ખરેખરો ચુસ્ત જૈનીજ હતો, કેમકે, જો તેમ ન હોત તો બૌદ્ધ ધર્મમાં અત્યંત પવિત્ર ગણાતાં બોધિવૃક્ષને તે તોડી પડાવત નહીં. કલિંગના વિજય સમયે દોઢ લાખ મનુષ્યના સંહાર પછી, તેને જે ખેદ ઉત્પન્ન થયો હતો, તે પણ એવું જણાવે છે કે, તેના મનમાં જૈનધર્મની અત્યંત દયામય લાગણી વિસ્તાર પામતી હતી. વળી **અશોકના** વર્ણનમાં એમ કહેવામાં આવ્યું છે કે, તેના સમયમાં ઉપગુપ્ત સાધુને **અર્હત્પદની** પ્રાપ્તિ થઇ હતી; અને તેની **અશોકે** ઘણીજ ભક્તિ કરી હતી. **અર્હત્પદ** એ જૈ-નધર્મનોજ પર્યાય શબ્દ છે, અને એવા જૈનપદને પ્રાપ્ત થએલા સાધુની તેણે કરેલી ભક્તિથી જણાય છે કે, તે જૈનધર્મી હતો. વળી **અશોકનો** પુત્ર કુ-ણાલ પણ જૈનધર્મી હતો, એમ જૈનગ્રંથોમાં લખેલું છે **અશોકના** શિલા-



Aho ! Shrutgyanam

લેખમાં " देवानां प्रिय " એ શબ્દને જે વારંવાર લખવામાં આવ્યો છે, તેથી પણ જણાય છે કે, તે જૈનધર્મી હતો; કારણ કે, એક માનવંતા માણસને જૈનશાસ્ત્રોમાં " देवानां प्रिय " શબ્દથી બોલાવવામાં આવે છે. વળી જૈન ગ્રંથોમાં સાધુઓને માટે વપરાતો " यति " શબ્દ, **અશોકના** લેખોમાં જોવામાં આવે છે. **અશોકે** પોતાના લેખોમાં જણાવ્યું છે કે, ખૂન કરનાર માણસને પણ **દેહાંત**ની શિક્ષા થશે નહીં એ તેની દયાળુ લાગણી પણ તેનું જૈનધર્મીપણું સૂચવે છે. વળી એક શિલાલેખમાં **અશોકે** જણાવ્યું છે કે, " પ્રત્યેક માસની ચૌદસ, અમાવાસ્યા અને પુનેમને દિવસે બળદોને પણ ખેતીમાં જોડવા નહીં." દરેક માણસો જાણે છે કે, ઉપરની તિથિઓને જૈનધર્મીઓજ એક ધાર્મિક પર્વતરિકે ગણે છે; અને તે દિવસે સર્વ જૈનો આરંભના કાર્યોનો ત્યાગ કરે છે. **અશોકરાજાએ** પણ જૈનધર્મને અનુસરીનેજ તે તિથિઓને દિવસે બળદોને પણ વિશ્રાંતિ આપવાનો હુકમ કર્યો છે.

Aho ! Shrutgyanam

## પ્રકરણ આઠમું.

---

# જૈનધર્મના મુખ્ય બનાવોની સાલવાર નોંધ.

( આ પ્રકરણમાં જેટલી સાલો અને તેને લગતા જેટલા બનાવો અમોને મળી શક્યાછે, તેટલા દાખલ કર્યાછે. )

### માહાવીર સંવત્ પેહેલાં.

૨૫૦—શ્રી પાર્શ્વનાથજી.
૮૦—સુધર્માસ્વામિનો જન્મ.
૭૨—મહાવીરસ્વામિનો જન્મ.
૪૨—મહાવીરસ્વામિની દીક્ષા.
૩૦—મહાવીરસ્વામિને કેવળજ્ઞાન—ગૌતમસ્વામિને દીક્ષા સુધર્માસ્વામિની દીક્ષા—પ્રભવસ્વામિનો જન્મ.
૧૬—ગૌતમબુદ્ધનું કાળગમન—જંબુસ્વામિનો જન્મ—જમાલી નામનો પહેલો નિન્હવ.
૧૪—તિષ્યગુપ્ત નામનો બીજો નિન્હવ

### માહાવીર સંવત પછી.

મહાવીર વિક્રમ.
સંવત્. સંવત્.

૧— ૦—મહાવીર સ્વામિનું નિર્વાણ—ગૌતમને કેવળજ્ઞાન—સુધર્મા સ્વામિનું પટ્ટારોપણ—જંબુસ્વામિની દીક્ષા—પ્રભવસ્વામિની દીક્ષા—અવંતિનગરીમાં ચંદ્રપદ્યોતના પૌત્ર પાલકનો રાજ્યાભિષેક થયો.

૧૨— ૦—ગૌતમસ્વામિનું મોક્ષગમન—સુધર્માસ્વામિને કેવળજ્ઞાન—જંબુસ્વામિને પટ્ટારોપણ

Aho ! Shrutgyanam

૨૦— ૦—સુધર્માસ્વામિનું સ્વર્ગગમન

૨૧— ૦—જંબુસ્વામિને કેવળજ્ઞાન.

૩૬— ૦—શય્યંભવાચાર્યજીનો જન્મ.

૪૪— ૦—પ્રભવસ્વામિને યુગપ્રધાનપદ

૫૫— ૦—પ્રભવસ્વામિનું સ્વર્ગગમન.

૬૦— ૦—નવનંદ રાજ્યની સ્થાપના—ચંદ્રપ્રદ્યોતના પૌત્ર પાલકની ગાદીનો ઉચ્છેદ.

૬૨— ૦—યશોભદ્રસૂરિજીનો જન્મ.

૬૪— ૦—જંબુસ્વામિનું મોક્ષગમન—મોક્ષાદિ દશ વસ્તુઓનો વિચ્છેદ થયો—શય્યંભવાચાર્યજીને દીક્ષા.

૬૬— ૦—સંભૂતિવિજયજીનો જન્મ.

૭૦— ૦—પાર્શ્વનાથજીની પાટે છઠ્ઠા આચાર્ય શ્રી રત્નપ્રભસૂરિજીએ ઉપકેશપટ્ટનમાં મહાવીરસ્વામિની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી તથા ઓસ્યાનગરીમાં ઓશવાળોની તથા શ્રીમાલનગરમાં શ્રીમાલીની સ્થાપના—પ્રભવસ્વામિનું નિર્વાણ.

૭૫— ૦—શય્યંભવાચાર્યને યુગપ્રધાનપદ.

૮૪— ૦—યશોભદ્રસૂરિજીની દીક્ષા.

૯૪— ૦—ભદ્રબાહુસ્વામિનો જન્મ.

૯૮— ૦—શય્યંભવાચાર્યનું સ્વર્ગગમન—યશોભદ્રસૂરિજીને યુગપ્રધાનપદ.

૧૦૧— ૦—ઉમાસ્વાતિવાચક (પિટર્સનના રિપોર્ટ ઉપરથી ઘણું કરિ દિગંબર પટાવલિ પ્રમાણે)

૧૦૮— ૦—સંભૂતિવિજયજીની દીક્ષા.

૧૧૬— ૦—સ્થૂલભદ્રજીનો જન્મ (જૈનતત્વાદર્શને મતે).

૧૨૦— ૦—સ્થૂલભદ્રનો જન્મ (પિટર્સનના રિપોર્ટને મતે).

૧૩૯— ૦—ભદ્રબાહુસ્વામિજીની દીક્ષા.

૧૪૬— ૦—સ્થૂલભદ્રજીની દીક્ષા (આત્મારામજીકૃત જૈનતત્વાદર્શને મતે).

૧૪૮— ૦—યશોભદ્રસૂરિનું સ્વર્ગગમન—સંભૂતિવિજયજીનું પટ્ટારોપણ અથવા યુગ પ્રધાનપદ.

૧૪૫— ૦—આર્યમહાગિરિનો જન્મ.

Aho ! Shrutgyanam

१५० — ०—स्थूलभद्रजीनी दीक्षा ( पिटर्सनना रिपोर्टने मते ).
१५६ — ०—संभूतिविजयजीनुं स्वर्गगमन—भद्रबाहुस्वामिने युगप्रधानपद.
१६२ — ०—विशाखाचार्य दशपूर्वी ( दिगंबर मते ).
१७० — ०—पूर्वोनो विच्छेद-भद्रबाहुस्वामी मोक्षे गया—स्थूलभद्रने सूरिपद
१७२ — ०—दशपूर्वी प्रोस्थीलाचार्य ( दिगंबर मते )
१७५ — ०—आर्यमहागिरिजीनी दीक्षा.
१८१ — ०—दशपूर्वी क्षत्रियाचार्य ( दिगंबरमते )
१९२ — ०—आर्यसुहस्तिनो जन्म.
२०८ — ०—दशपूर्वी जयसेनाचार्य ( दिगंबरमते )
२१५ — ०—स्थूलभद्रजीनुं स्वर्गगमन ( आत्मारामजीकृत जैनतत्वादर्शना मतप्रमाणे )
२१९ — ०—स्थूलिभद्रजीनुं स्वर्गगमन ( पिटर्सनना रिपोर्ट प्रमाणे )-नवनंदराज्यनो विनाश—चंद्रगुप्तने मगधनी गादी मळी—आर्यमहागिरिजीनुं युगप्रधानपद—
२२० — ०—अश्वमित्र नामे चोथो क्षणिकवादि निन्हव.
२२२ — ०—आर्यसुहस्तिजीनी दीक्षा.
२२८ — ०—गंग नामनो पांचमो निह्नव
२२९ — ०—दशपूर्वी नागसेनाचार्य ( दिगंबरमते )
२३५ — ०—चंद्रगुप्तनो पुत्र बिंदुसार ( अमित्रकेतु ) मगधनी गादी पर बेठो—चंद्रगुप्तनुं मरण.
२४२ — ०—दशपूर्वी सिद्धार्थाचार्य ( दिगंबर मते ).
२४६ — ०—आर्यसुहस्तिनुं सूरिपद.
२४९ — ०—आर्यमहागिरिनुं गजेंद्रपुरमां स्वर्गगमन.
२६३ — ०—मगधेश्वर बिंदुसारनुं मृत्यु—महान् अशोकनुं मगधनी गादीपर आववुं.
२६४ — ०—दशपूर्वी धृष्टिसेनाचार्य ( दिगंबर मते )
२८२ — ०—दशपूर्वी विजयाचार्य ( दिगंबर मते ).
२९१ — ०—संप्रतिराजा—आर्यसुहस्तिसूरिनुं स्वर्गगमन.

Aho ! Shrutgyanam

૨૯૨— ૦—સુસ્થિતાચાર્ય તથા સુપ્રતિબદ્ધાચાર્ય આર્યસુહસ્તિની પાટે બેઠા, અને તેઓએ ક્રોડવાર સૂરિમંત્રનો જાપ જપ્યો, તેથી સુધર્માસ્વામિથી ચાલતા આવેલા નિગ્રંથ ગચ્છનું નામ બદલાઇ કોટિક ગચ્છ પડયું.

૨૯૫— ૦—દશપૂર્વી બુદ્ધિલિંગાચાર્ય ( દિગંબર મતે ).

૩૦૦— ૦—ઉમાસ્વાતિ ( શ્વેતાંબર મતે ).

૩૧૫— ૦—દશપૂર્વી દેવાચાર્ય ( દિગંબર મતે ).

૩૨૩— ૦—ચંદ્રગુપ્તના મૌર્ય વંશનો ઉચ્છેદ–પુષ્પમિત્રને મગધની ગાદી મળી.

૩૨૭— ૦—ચંદ્રગુપ્તના મૌર્ય વંશનો ઉચ્છેદ ( મતાંતરે ).

૩૨૯— ૦—દશપૂર્વી ધર્મસેનાચાર્ય ( દિગંબર મતે ).

૩૩૬— ૦—કારણિક ચોથની સંવત્સરી કરનાર પેહેલા કાલકાચાર્યનો જન્મ ( પિટર્સનના રિપોર્ટને આધારે )

૩૪૫— ૦—નક્ષત્રાચાર્ય ( દિગંબરી ).

૩૫૩— ૦—પુષ્પમિત્રરાજાની ગાદી બલમિત્ર અને ભાનુમિત્રને મળી.

૩૬૩— ૦—જયપાલાચાર્ય ( દિગંબરી ).

૩૭૬( ૩૮૬ )—૦—પન્નવણા સૂત્રના કર્તા શ્યામાચાર્ય ( કાલકાચાર્ય ). ( પિટર્સનના રિપોર્ટને આધારે )

૩૮૩— ૦—પાંડવાચાર્ય ( દિગંબરી ).

૪૧૩— ૦—મગધની ગાદી બલમિત્ર અને ભાનુમિત્ર પાસેથી નભવાહન રાજાને મળી.

૪૨૨— ૦—ધ્રુવસેનાચાર્ય ( દિગંબરી )

૪૩૬— ૦—કંસાચાર્ય ( દિગંબરી ).

૪૫૩— ૦—ગર્દભિલ્લોત્થાપક ત્રીજા કાલકાચાર્ય–ભરૂચમાં થએલા આર્ય ખપુટાચાર્ય–મગધની ગાદી નભવાહન પાસેથી ગર્દભિલ્લને મળી.

૪૬૬— ૦—મગધની ગાદી ગર્દભિલ્લ પાસેથી શકરાજાએ હસ્તગત કરી

૪૬૭— ૦—આર્યમંગુ–વૃદ્ધવાદી આચાર્ય–સિદ્ધસેન દિવાકર–પાદલિપ્તસૂરિ.

૪૬૮— ૦—સુભદ્રાચાર્ય ( દિગંબરી ).

૪૭૦— ૧—વિક્રમાદિત્ય રાજાએ શકોને હરાવ્યા—

Aho ! Shrutgyanam

૪૭૪— ૪—યશોભદ્રાચાર્ય ( દિગંબરી ).
૪૯૨— ૨૨—ભદ્રબાહુ ( દિગંબરી )-વજ્રસ્વામિના શિષ્ય વજ્રસેનસૂરિનો જન્મ.
૪૯૬— ૨૬—વજ્રસ્વામિનો જન્મ.
૫૦૦— ૩૦—સિદ્ધસેન દિવાકરનું સ્વર્ગગમન
૫૦૧— ૩૧—વજ્રસ્વામિના શિષ્ય વજ્રસેનસૂરિની દીક્ષા!
૫૦૪— ૩૪—વજ્રસ્વામિની દીક્ષા!
૫૧૫— ૪૫—લોહાચાર્ય ( દિગંબરી ).
૫૧૯— ૪૯—કુંદકુંદાચાર્ય.
૫૨૯— ૫૯—વિમલસૂરિએ પદ્મચરિત્ર રચ્યું.
૫૩૩— ૬૩—આર્યરક્ષિતસૂરિએ સર્વ શાસ્ત્રોના અનુયોગ જૂદા જૂદા કર્યા.
૫૪૪— ૭૪—રોહગુપ્તથી ત્રૈરાસિક મતની ઉત્પત્તિ-વૈશેષિક મતની સ્થાપના.
૫૪૮— ૭૮—વજ્રસ્વામિને સૂરિપદ-શ્રીગુપ્તસૂરિએ ત્રૈરાસિકમતી રોહગુપ્તનો પરાજય કર્યો.
૫૬૫— ૯૫—અહિવલ્યાચાર્ય ( દિગંબરી ).
૫૭૮— ૧૦૮—જાવડશાહે શેત્રુંજયનો તેરમો ઉદ્ધાર કરી પાષાણુની પ્રતિમા સ્થાપી, તેની પ્રતિષ્ઠા વજ્રસ્વામિએ કરી.
૫૮૪— ૧૧૪—વજ્રસ્વામિનું સ્વર્ગગમન-દશમું પૂર્વ, ચોથું સંઘયણુ અને ચોથું સંસ્થાન વિચ્છેદ ગયું-સાતમો નિન્હવ થયો.
૫૮૫— ૧૧૫—પાર્શ્વનાથજીની સત્તરમી પાટે યક્ષદેવસૂરિ.
૫૯૩— ૧૨૩—માઘનંદ્યાચાર્ય ( દિગંબરી ).
૫૯૫— ૧૨૫—કોરંટનગર તથા સત્યપુરમાં નાહડમંત્રીએ જિનમંદિર બંધાવ્યું, તથા તેના બિંબોની પ્રતિષ્ઠા જજ્જિગસૂરિએ કરી ( આત્મારામજીકૃત જૈનતત્વાદર્શને આધારે ).
૬૦૦— ૧૩૦—સત્યપુરના જિનમંદિરમાં જજ્જિગસૂરિજીએ જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી ( જિનપ્રભસૂરિજીના રચેલા તીર્થકલ્પને આધારે ).
૬૦૯— ૧૩૯—રથવીરનગરમાં દિગંબરમતની ઉત્પત્તિ.
૬૧૪— ૧૪૪—ધરસેનાચાર્ય ( દિગંબરી ).

Aho ! Shrutgyanam

६१७— १४७—वज्जसेनसूरिनुं युगप्रधानपद.
६२०— १५०—वज्रस्वामिना शिष्य वज्रसेनसूरिनो स्वर्गवास–श्रीचंद्रसूरिनुं पट्टारोपण, अने तेनाथी कोटिकगच्छनुं नाम बदली चंद्रगच्छ पडयुं.
६३३— १६३—पुष्पदंताचार्य ( दिगंबरी ).
६६३— १९३—भूतबल्याचार्य ( दिगंबरी ).
६८७— २१७—शोहाचार्ये अग्रोहा नगरना लोकोने जैनी कर्या.
७७०— ३००—श्री वीरसूरिए नागपुरमां नमिनाथजीनी प्रतिष्ठा करी.
७८४— ३१४—मल्लवादी आचार्ये शिलादित्यनी सभामां बौद्धोनो पराजय कर्यो.
८४५— ३७५—वल्लभीपुरनो भंग.
८८२— ४१२—चैत्यवासीओनी स्थिति
८८४— ४१४—न्यायबिंदुनी टीका रचनार धर्मोत्तराचार्य.
८८६— ४१६—ब्रह्मद्वीप साधुओनी शाखा.
९४७— ४७७—वल्लभीनगरमां शिलादित्य राजाना उपरोधथी धनेश्वरसूरिए शेत्रुंजयमहात्म्यनी रचना करी.
९७२— ५०२—यशोभद्रसूरिए खंभातमां जिनालयनुं ध्वजारोपण कर्युं.
९८०— ५१०—जैनागमो पुस्तकारूढ थयां–देवर्द्धिगणी क्षमाश्रमण.
९९३— ५२३—काळकाचार्यजीए चोथनी संवत्सरी करी.
१०००— ५३०—सत्यमित्रसूरि साथे पूर्वज्ञाननो विच्छेद.
१००५— ५३५—चौदसो चमालीस ग्रंथ कर्ता हरिभद्रसूरिनुं स्वर्गगमन ( पिटर्सनना रिपोर्टने आधारे ).
१०५५— ५८५—चौदसो चमालीस ग्रंथना कर्ता हरिभद्रसूरिनुं स्वर्गगमन ( आत्मारामजीकृत जैनतत्वादर्शने आधारे तथा भांडारकरना रिपोर्टने आधारे पण ).
१०६२— ५९२—उपमितिभवप्रपंचकर्ता सिद्धसूरिनुं स्वर्गगमन.
१०७०— ६००—देल्लागमहत्तरना शिष्य दुर्गस्वामी.
१०७९— ६०९—रेवताचल पर्वतउपरे रतनशा श्रावके सुवर्णना देरासरमां रत्ननी प्रतिमा स्थापी ( एम रोयल एसीआटीक सोसायटीना १८८४-८६ ना रीपोर्टमां चोथे पाने लखेलुं छे. )

Aho ! Shrutgyanam

૧૧૧૫— ૬૪૫—જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ.
૧૧૫૫— ૬૮૫—જિનભદ્રગણિનું યુગપ્રધાનપદ.
૧૧૭૦— ૭૦૦—રવિપ્રભસૂરિએ નાડોલમાં નેમિનાથજીની પ્રતિષ્ઠા કરી.
૧૧૯૦— ૭૨૦—ઉમાસ્વાતિ નામના યુગપ્રધાન થયા.
૧૨૦૦— ૭૩૦—સ્વાતિઆચાર્યે પુનમથી ચૌદશની પાખી સ્થાપી.
૧૨૭૦— ૮૦૦—પ્રદ્યુમ્નસૂરિ-ભક્તામરકર્તા માનતુંગસૂરિ- બપભટ્ટીસૂરિનો જન્મ.
૧૨૭૨— ૮૦૨—વનરાજે પાટણ વસાવ્યું, અને રાજવિહારમાં પંચાસરા પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા થઈ.
૧૨૯૬— ૮૨૬—બપ્પભટ્ટીસૂરિએ પાર્શ્વપ્રતિમાની પ્રતિષ્ઠા કરી.
૧૩૫૦— ૮૮૦—અર્જુનયતિનું સ્વર્ગગમન અને તેના વખતમાં જ્ઞાતાસુત્રનું મૂળઆકારનું બદલવું ( પીટર્સનના રીપોર્ટને આધારે ).
૧૩૫૪— ૮૮૪—દ્વિસંધાન કાવ્યકર્તા ધનંજય મહાકવિ.
૧૩૬૫— ૮૯૫—આમરાજપ્રતિબોધક બપ્પભટ્ટીજીનું સ્વર્ગગમન.
૧૩૭૦— ૯૦૦—બપ્પભટ્ટીજીના શિષ્ય નન્નસૂરિ.
૧૩૮૯— ૯૧૯—આચારાંગવૃત્તિકાર શિલાંગાચાર્ય.
૧૪૨૧— ૯૫૧—દિગંબર દેવસેનભટ્ટારક.
૧૪૩૨— ૯૬૨—અમૃતચંદ્રસૂરિએ સમયસારની ટીકા રચી—ગર્ગમહર્ષિ.
૧૪૩૪— ૯૬૪—યશોભદ્રસૂરિ ખેરગઢનું જિનમંદિર નારલાઇમાં લાવ્યા.
૧૪૬૧— ૯૯૧—વીરગણિ.
૧૪૬૪— ૯૯૪—ઉદ્યોતનસૂરિ—સર્વદેવસૂરિથી વડગચ્છની સ્થાપના—ચોર્યાસીગચ્છોની ઉત્પત્તિ. ( મતાંતરે )
૧૪૭૦—૧૦૦૦—વડગચ્છના જયસિંહસૂરિ.
૧૪૮૦—૧૦૧૦—વડગચ્છી સર્વદેવસૂરિએ રામસૈન્યપુરમાં શ્રીઋષભદેવજીની તથા ચંદ્રપ્રભ પ્રભુની પ્રતિષ્ઠા કરી, તથા ચંદ્રાવતીમાં જિનમંદીર બાંધનાર કુંકણમંત્રીને દીક્ષા આપી.
૧૪૯૫—૧૦૨૫—સાંબમુનિએ જિનશતકપર ટીકા રચી
૧૪૯૬—૧૦૨૬—તક્ષશિલાનું નામ ગીજની પડયું.
૧૪૯૯—૧૦૨૯—ધનપાલ પંડિતે દેશી નામમાલા રચી.
૧૫૧૨—૧૦૪૨—પાર્શ્વનાગસૂરિએ આત્માનુશાસન રચ્યું.



Aho ! Shrutgyanam

૧૫૨૦—૧૦૫૦—દિગંબર અમિતગતિ–રાજગચ્છના જિનેશ્વરસૂરિ.

૧૫૨૫—૧૦૫૫—નરસિંહસૂરિએ નરસિંહપુરમાં યક્ષને માંસભક્ષણ તજાવ્યું.

૧૫૪૩—૧૦૭૩—ઉકેશગચ્છના જિનચંદ્રગણિ.

૧૫૫૦—૧૦૮૦—અભયદેવસૂરિના ગુરૂ જિનેશ્વરસૂરિ.

૧૫૫૪—૧૦૮૪—જિનેશ્વરસૂરિને દુર્લભસેન રાજા તરફથી ખરતરનું બિરૂદ મળ્યું.

૧૫૫૮—૧૦૮૮—નવાંગી ટીકાકાર અભયદેવસૂરિની દીક્ષા–વર્ધમાનસૂરિએ આબુપર વિમલશાહના જિનમંદિરમાં પ્રતિષ્ઠા કરી.

૧૫૬૬—૧૦૯૬—વાદિવેતાલ શાંતિસૂરિનું સ્વર્ગગમન.

૧૫૭૯—૧૧૦૯—જીરાવળા પાર્શ્વનાથતીર્થ.

૧૫૮૩—૧૧૧૩—ગિરનારપર નેમિનાથજીનું જિનાલય બંધાયાનો શિલાલેખ.

૧૫૮૫—૧૧૧૫—યદુવંશમાં થએલા મંડલીકે સોનાનાં પતરાંથી ગિરનારપર જિનમંદિર બંધાવ્યાનો શિલાલેખ.

૧૫૯૦—૧૧૨૦—નિર્વૃત્તિકુલના દ્રોણાચાર્ય–અભયદેવસુરીએ અણહીલપટ્ટનમાં દ્રોણાચાર્યની આગેવાની નીચે અચ્છપ્ત નામના વ્યાપારીના મકાનમાં રહીને સ્થાનાંગ ઉપર વૃત્તિ રચી, તથા દશેરાને દિવસે જ્ઞાતાધર્મકથાંગની વૃત્તિ પૂરી કરી.

૧૫૯૨—૧૧૨૨—થારાપુદ્રપુરીય ગચ્છના નમિ સાધુએ ષડાવસ્યકટીકા નામનો ગ્રંથ રચ્યો.

૧૫૯૪—૧૧૨૪—અભયદેવસૂરિએ હરિભદ્રસૂરિજીના પંચાસકપર ધોળકામાં ટીકા કરી.

૧૫૯૫—૧૧૨૫—થારાપદ્રપૂરીય ગચ્છના નમિ સાધુએ રૂદ્રટના કાવ્યાલંકારપર ટીપ્પન રચ્યું–ખરતર ગચ્છના જિનચંદ્રસૂરિએ સંવેગરંગશાળા નામનો ગ્રંથ રચ્યો.

૧૫૯૯—૧૧૨૯—નેમિચંદ્રસૂરિએ ઉત્તરાધ્યયનની ટીકા કરી.

૧૬૦૫—૧૧૩૫—અભયદેવસૂરિનું સ્વર્ગગમન.

૧૬૦૬—૧૧૩૬—વિધિપક્ષગચ્છના આર્યરક્ષિતજીનો જન્મ.

૧૬૦૯—૧૧૩૯—અભયદેવસૂરિનું સ્વર્ગગમન ( બીજા મત પ્રમાણે )–ગુણચંદ્રગણિ–ચંદ્રગણિએ વીરચરિત્ર રચ્યું.

Aho ! Shrutgyanam

૧૬૧૧—૧૧૪૧—ધનવિજય વાચકે લોકનાલિકા ગ્રંથપર ભાષાવૃત્તિ લખી.

૧૬૧૨—૧૧૪૨—વિધિપક્ષગચ્છી આર્યરક્ષિતજીની દીક્ષા.

૧૬૧૩—૧૧૪૩—વાદિદેવસૂરિનો જન્મ.

૧૬૧૫—૧૧૪૫—હેમચંદ્રજીનો જન્મ કાર્તિક સુદ ૧૫ શનિવાર.

૧૬૨૦—૧૧૫૦—સિદ્ધરાજ ગાદીએ બેઠો–હેમચંદ્રજીને દીક્ષા ( પ્રભાવિક ચરિત્ર પ્રમાણે ).

૧૬૨૨—૧૧૫૨—વાદિદેવસૂરિજીને દિક્ષા.

૧૬૨૪—૧૧૫૪—હેમચંદ્રજીની દીક્ષા (જિનહર્ષસૂરિના મતપ્રમાણે)–કક્કસૂરિ

૧૬૨૮—૧૧૫૮—અમલચંદ્રગણિ.

૧૬૨૯—૧૧૫૯—ચંદ્રપ્રભસૂરિથી પુનમીઆ ગચ્છની ઉત્પત્તિ.

૧૬૩૦—૧૧૬૦—મહાપ્રભાવિક વીરાચાર્ય.

૧૬૩૨—૧૧૬૨—હેમચંદ્રજીને આચાર્યપદ ( જિનહર્ષસૂરિના મત પ્રમાણે ).

૧૬૩૪—૧૧૬૪—જિનવલ્લભસૂરિએ પોતાનાં ચિત્ર કાવ્યો, તથા સંઘપટ્ટો ચિત્તોડના જિનમંદિરની દિવાલપર કોતરાવ્યો–મલધારી હેમચંદ્રસૂરિ.

૧૬૩૬—૧૧૬૬—હેમચંદ્રજીને આચાર્યપદ ( પ્રભાવિક ચરિત્ર પ્રમાણે ).

૧૬૩૯—૧૧૬૯—વિધિપક્ષ ગચ્છની ઉત્પત્તિ–પાર્શ્વદેવગણિએ હરિભદ્રસૂરિકૃત ન્યાયપ્રવેશપર પંજિકા રચી.

૧૬૪૦—૧૧૭૦—મલધારી હેમચંદ્રજીએ ભવભાવના બનાવ્યો.

૧૬૪૧—૧૧૭૧—વિશાવલ ગચ્છના ધનેશ્વરસૂરિ થયા, તેણે જિનવલ્લભરચીત સાર્ધશતકનીવૃત્તિ રચી

૧૬૪૪—૧૧૭૪—વાદિ દેવસૂરિજીને આચાર્યપદ.

૧૬૪૮—૧૧૭૮—મુનિચંદ્રસુરિનું સ્વર્ગગમન.

૧૬૫૦—૧૧૮૦—યશોદેવસૂરિએ પાક્ષિકસુત્રપર વૃત્તિ રચી.

૧૬૫૧—૧૧૮૧—સિદ્ધરાજની સભામાં શ્વેતાંબર દિગંબરોનો વિવાદ, અને તેમાં દિગંબરોનો પરાજય દેવસૂરિજીએ કર્યો.

૧૬૫૩—૧૧૮૩—શ્વેતાંબર દિગંબરોના વિવાદમાં વાદિ દેવસૂરિજીનો જય થયાથી મહારાજા સિદ્ધરાજને તુષ્ટિદાનતરિકે દેવસૂરિજીને આપવા માંડેલું દ્રવ્ય તેમણે ગ્રહણ નહીં કરવાથી તે દ્રવ્યનું જિનમંદિર બંધાવ્યું અને તેમાં દેવસૂરિજીએ આદિનાથ-

Aho ! Shrutgyanam

જીની પ્રતિષ્ઠા કરી.

१६६०—११९०—આમ્રદેવસૂરિને નેમીચંદ્રસૂરિના આખ્યાનમણિ કોષનીવૃત્તિ રચવામાં પાર્શ્વદેવગણિએ મદદ કરી–ગુણાકરસૂરિ..

१६६९—११९९—ફલવર્ધી ગામમાં પાર્શ્વનાથજીની સ્થાપના–કુમારપાલને રાજગાદી.

१६७४—१२०४—ખરતર ગચ્છની ઉત્પત્તિ–રૂદ્રપાલીયગચ્છના અભયદેવસૂરિ–જિનભદ્રસૂરિ–દેવસૂરિએ ફલોધી ગામમાં તથા આરાસણામાં જિનબિંબની પ્રતિષ્ઠા કરી.

१६७७—१२०७—ચંદ્રસેનસૂરિ.

१६७८—१२०८—અંચલગચ્છી ધર્મઘોષસૂરિનો જન્મ મારવાડમાં આવેલા મહાપુર નામના ગામમાં થયો, તેમના પિતાનું નામ ચંદ્ર અને માતાનું નામ રાજલદે હતું. ( એમ મેરૂતુંગકૃત શતપદિ સારોદ્ધારમાં છે )

१६८१—१२११—દાદાસાહેબ જિનદત્તસૂરિનું સ્વર્ગગમન.

१६८३—१२१३—અંચલ ગચ્છની ઉત્પત્તિ–શ્રીમાલી વંશના બાહડમંત્રીએ શત્રુંજયનો ચૌદમો ઉદ્ધાર કર્યો.

१६८६—१२१६—અંચલગચ્છી ધર્મઘોષસૂરિની દીક્ષા.

१६९१—१२२१—પરમાનંદસૂરિ.

१६९२—१२२२—હર્ષપૂરીય ગચ્છના ચંદ્રસૂરિ–વાગભટ્ટમંત્રિએ સાડાત્રણ ક્રોડ રૂપિયા ખરચીને શેત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરાવ્યો.

१६९३—१२२३—ખરતર ગચ્છના જિનચંદ્રસૂરિનું સ્વર્ગગમન.

१६९४—१२२४—અંચલગચ્છી ધર્મઘોષસૂરિને સૂરિપદ.

१६९६—१२२६—વાદિ દેવસૂરિજીનું સ્વર્ગગમન–વિધિપક્ષગચ્છી આર્યરક્ષિતજીનું સ્વર્ગગમન.

१६९९—१२२९—ધનપાલ મહાકવિ–હેમચંદ્રજીનું સ્વર્ગગમન.

१७००—१२३०—કુમારપાળનું સ્વર્ગગમન.

१७०३—१२३३—જિનપતિસૂરિએ કલ્યાણનગરમાં પ્રતિષ્ઠા કરી.

१७०६—१२३६—સાર્ધપૂર્ણમિયક ગચ્છની ઉત્પતિ.

१७१०—१२४०—તપગચ્છની સ્થાપના કરનાર જગચ્ચંદ્રસૂરિ વિદ્યમાન હતા

१७१४—१२४४—ગિરનારની ચોથી ટુંક ઉપરની પ્રતિમાનો શિલાલેખ છે

Aho ! Shrutgyanam

૧૭૧૮—૧૨૪૮—આસડે વિવેકમંજરી કરી.
૧૭૨૦—૧૨૫૦—આગમિકોની ઉત્પત્તિ.
૧૭૨૨—૧૨૫૨—મુનિરત્નસૂરિએ અમમસ્વામીચરિત્ર રચ્યું.
૧૭૨૯—૧૨૫૯—અંચલગચ્છના જયસિંહસૂરિતુંસ્વર્ગગમન.
૧૭૩૩—૧૨૬૩—અંચલગચ્છના ધર્મઘોષજીએ શતપદિકા ગ્રંથ રચ્યો.
૧૭૩૫—૧૨૬૫—વાયડગચ્છના જિનદત્તસૂરિ.
૧૭૩૬—૧૨૬૬—દેવાનંદસૂરિએ કોકાપાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી.
૧૭૩૮—૧૨૬૮—અંચલગચ્છી ધર્મઘોષસૂરિનું ૬૦ વર્ષની ઉમરે સ્વર્ગગમન.
૧૭૪૩—૧૨૭૩—અજિતદેવસૂરિએ યોગવિધિ ગ્રંથ રચ્યો.
૧૭૪૬—૧૨૭૬—માણિક્યચંદ્રસૂરિ—રાજગચ્છના માણિકયચંદ્રસૂરિ.
૧૭૪૭—૧૨૭૭—જિનપતિસૂરિનું સ્વર્ગગમન.
૧૭૪૮—૧૨૭૮—રૂદ્રપાલીય ગચ્છના અભયદેવસૂરિએ જયંતવિજય મહાકાવ્ય બનાવ્યું.
૧૭૫૩—૧૨૮૩—અજિતસિંહસૂરિ.
૧૭૫૫—૧૨૮૫—વડગચ્છનું નામ જગચ્ચંદ્રસૂરિથી તપગચ્છ પડયું
૧૭૫૮—૧૨૮૮—વસ્તુપાલ તેજપાલે આબુ ઉપરે લુણીગવસહીમાં કસોટીની જિનપ્રતિમાની સ્થાપના કરી.
૧૭૬૦—૧૨૯૦—કનકપ્રભસૂરિ—ચક્રેશ્વરસૂરિ.
૧૭૬૨—૧૨૯૨—અજિતપ્રભગણિ—પુનમીઆગચ્છના જિનેશ્વરસૂરિ.
૧૭૬૪—૧૨૯૪—અંચલગચ્છી ધર્મઘોષસૂરિરચિત શતપદિકા ગ્રંથનું વિવરણ તેના શિષ્ય મહેંદ્રસૂરિએ રચ્યું—ખરતર ગચ્છમાં થએલા દેવાનંદસૂરિના શિષ્ય પદ્મપ્રભસૂરિએ મુનિસુવ્રતચરિત્ર રચ્યું.
૧૭૬૬—૧૨૯૬—તિલકાચાર્યે આવશ્યક લઘુવૃત્તિ કરી.
૧૭૬૮—૧૨૯૮—વઢવાણ પાસેના અંકેવાળીઆ ગામમાં વસ્તુપાલનું સ્વર્ગગમન.
૧૭૬૯—૧૨૯૯—અંચલગચ્છી દેવેંદ્રસિંહસૂરિનો જન્મ.
૧૭૭૨—૧૩૦૨—શ્રીમાલી ચંદ્રદેવે શત્રુંજયપર જિનમંદિર બંધાવ્યું—વિદ્યાનંદસૂરિની દિક્ષા—ધર્મઘોષસૂરિની દીક્ષા.

Aho ! Shrutgyanam

૧૭૭૬—૧૩૦૬—અંચલગચ્છી દેવેંદ્રસિંહસૂરિની દિક્ષા.
૧૭૭૮—૧૩૦૮—વસ્તુપાલ બંધુ તેજપાલનું સ્વર્ગગમન.
૧૭૮૦—૧૩૧૦—સોમપ્રભસૂરિનો જન્મ.
૧૭૮૫—૧૩૧૫—દુકાળભંજક જગડુશાહ.
૧૭૯૧—૧૩૨૧—સોમપ્રભસૂરિની દીક્ષા.
૧૭૯૩—૧૩૨૩—અંચલગચ્છી દેવેંદ્રસિંહસૂરિને આચાર્યપદ.
૧૭૯૭—૧૩૨૭—દેવેંદ્રસૂરિનું માળવામાં સ્વર્ગગમન.
૧૮૦૧—૧૩૩૧—ખરતરગચ્છી જિનેશ્વરસૂરિનું સ્વર્ગગમન—અંચલગચ્છી ધર્મપ્રભસૂરિનો જન્મ.
૧૮૦૨—૧૩૩૨—સોમપ્રભસૂરિજીનું સૂરિપદ.
૧૮૦૪—૧૩૩૪—પ્રભાવિક ચરિત્રના કર્તા પ્રભાચંદ્રસૂરિ—નાગેંદ્રગચ્છી વિબુધપ્રભસૂરિના શિષ્ય ધર્મકુમાર સાધુએ શાલિભદ્ર ચરિત્ર રચ્યું.
૧૮૦૯—૧૩૩૯—અંચલગચ્છી દેવેંદ્રસિંહસૂરિને ગચ્છેશપદ.
૧૮૧૧—૧૩૪૧—ખરતરગચ્છી જિનપ્રબોધસૂરિનું સ્વર્ગગમન—અંચલગચ્છી ધર્મપ્રભસૂરિની દીક્ષા.
૧૮૧૯—૧૩૪૯—સ્યાદ્વાદમંજરીના કર્તા મલ્લિષેણસૂરિ.
૧૮૨૫—૧૩૫૫—સોમતિલકસૂરિનો જન્મ.
૧૮૨૭—૧૩૫૭—મહાપ્રભાવિક ધર્મઘોષસૂરિનું સ્વર્ગગમન—વિમલપ્રભસૂરિને આચાર્યપદ.
૧૮૨૯—૧૩૫૯—અંચલગચ્છી ધર્મપ્રભસૂરિને સૂરિપદ.
૧૮૩૨—૧૩૬૨—પ્રબંધચિંતામણિકારક મેરૂતુંગસૂરિ.
૧૮૩૪—૧૩૬૪—જિનપ્રભમુનિએ કલ્પસુત્ર ઉપર સંદેહવિષૌષધિ નામની વૃત્તિ રચી.
૧૮૩૫—૧૩૬૫—જિનપ્રભસૂરિએ ભયહરસ્તોત્ર તથા અજિતશાંતિપર ટીકા કરી.
૧૮૩૭—૧૩૬૭—યોગીનીપુરથી આવેલ અસુર રાજાએ જાવડશાહે સ્થાપેલા બિંબનો નાશ કર્યો.
૧૮૩૯—૧૩૬૯—આબુ ઉપરના વિમલશાહના દેરાની પીતળની પ્રતિમાનો મ્લેચ્છોએ ભંગ કર્યો—સોમતિલકસૂરિજીને દીક્ષા

Aho ! Shrutgyanam

૧૮૪૧—૧૩૭૧—અંચલગચ્છના દેવેંદ્રસિંહસૂરિનું પાલણપુરમાં સ્વર્ગગમન—ઓશવાલ જ્ઞાતિના સમરાશાહે શેત્રુંજયનો પંદરમો ઉદ્ધાર કર્યો—અંચલગચ્છી ધર્મપ્રભસૂરિને ગચ્છેશપદ.

૧૮૪૩—૧૩૭૩—સોમપ્રભાચાર્યનું સ્વર્ગગમન—સોમતિલકસૂરિને આચાર્યપદ—ચંદ્રશેખરસૂરિનો જન્મ.

૧૮૪૬—૧૩૭૬—ખરતર ગચ્છના કલિકાલકેવલિ જિનચંદ્રસૂરિનું સ્વર્ગગમન.

૧૮૪૮—૧૩૭૮—આબુઉપર વિમલશાહના દેરાસરમાં પાષાણની પ્રતિમા લાલા અને વિજડ (અથવા લલ્લ અને પિથડ) નામના શ્રાવકોએ સ્થાપી.

૧૮૪૯—૧૩૭૯—પાટણવાળા સંઘવી મોતીચંદે શત્રુંજયપર સમવસરણનું જિનમંદિર બંધાવ્યું.

૧૮૫૦—૧૩૮૦—શ્રીજયાનંદસૂરિનો જન્મ.

૧૮૫૫—૧૩૮૫—ચંદ્રશેખરસૂરિને દીક્ષા.

૧૮૫૭—૧૩૮૭—તીર્થકલ્પના કર્તા જિનપ્રભસૂરિએ તે ગ્રંથમાં પાવાપુરી કલ્પ સમાપ્ત કર્યો.

૧૮૫૯—૧૩૮૯—જિનકુશલસૂરિનું સ્વર્ગગમન.

૧૮૬૦—૧૩૯૦—રૂદ્રપાલીયગચ્છના જિનપ્રભસૂરિ.

૧૮૬૧—૧૩૯૧—શ્રીકૃષ્ણરાજઋષિ ગચ્છના પદ્મચંદ્ર ઉપાધ્યાય.

૧૮૬૨—૧૩૯૨—શ્રીજયાનંદસૂરિની ધારાનગરીમાં દીક્ષા.

૧૮૬૩—૧૩૯૩—ચંદ્રશેખરસૂરિજીને આચાર્યપદ—અંચલગચ્છી ધર્મપ્રભસૂરિનું ૬૩ વર્ષની ઉમ્મરે સ્વર્ગગમન.

૧૮૬૬—૧૩૯૬—દેવસુંદરસૂરિનો જન્મ.

૧૮૭૪—૧૪૦૪—મહેશ્વર ગામમાં દેવસુંદરસૂરિની દીક્ષા.

૧૮૭૫—૧૪૦૫—ચતુર્વિંશતિ પ્રબંધ કર્તા રાજશેખરસૂરિ—જ્ઞાનસાગરસૂરિનો જન્મ.

૧૮૭૯—૧૪૦૯—કુલમંડનસૂરિજીનો જન્મ.

૧૮૮૭—૧૪૧૭—જ્ઞાનસાગરસૂરિની દીક્ષા—કુલમંડનસૂરિની દીક્ષા.

૧૮૯૦—૧૪૨૦—ગુણશેખર—શ્રી જયાનંદ સૂરિને આચાર્યપદ—દેવસુંદરસૂરિને અણહીલપુરપાટણમાં આચાર્યપદ.

Aho ! Shrutgyanam

૧૪૯૪—૧૪૨૪—સોમતિલક સૂરિનું સ્વર્ગગમન.

૧૪૯૬—૧૪૨૬—ગુણાકરસૂરિના શિષ્ય અભયદેવસૂરિએ ભક્તામર સ્તોત્રની ટીકા રચી.

૧૫૦૦—૧૪૩૦—સોમસુંદરસૂરિનો જન્મ.

૧૫૦૬—૧૪૩૬—અંચલગચ્છના મહાકવિ જયશેખરસૂરિ–મુનિસુંદરસૂરિનો જન્મ.

૧૫૦૭—૧૪૩૭—સોમસુંદરસૂરિની દીક્ષા.

૧૫૧૧—૧૪૪૧—શ્રી જયાનંદસૂરિનું સ્વર્ગગમન—શ્રી જ્ઞાનસાગરસૂરિને આચાર્ય પદ.

૧૫૧૨—૧૪૪૨—કુલમંડનસૂરિને આચાર્યપદ—

૧૫૧૩—૧૪૪૩—મુનિસુંદરસૂરિની દીક્ષા.

૧૫૧૯—૧૪૪૯—શ્રી જયતિલકસૂરિના સદ્બોધથી શાં. હરપતિએ ગિરનારપર નેમિનાથજીનું જિનમંદિર સમરાવ્યું.

૧૫૨૦—૧૪૫૦—સોમસુંદરસૂરિને વાચકપદ—

૧૫૨૧—૧૪૫૧—ગુણાકરસૂરિના શિષ્ય અભયદેવસૂરિએ તિજયપહુત્ત બનાવ્યું.

૧૫૨૫—૧૪૫૫—કુલમંડનસૂરિનું. સ્વર્ગગમન—

૧૫૨૬—૧૪૫૬—ગુણરત્નસૂરિ.

૧૫૨૭—૧૪૫૭—સોમસુંદરસૂરિને આચાર્યપદ–રત્નશેખરસૂરિનો જન્મ.

૧૫૩૦—૧૪૬૦—તપગચ્છી જ્ઞાનસાગરસૂરિનું સ્વર્ગગમન.

૧૫૩૩—૧૪૬૩—રત્નશેખરસૂરિને દીક્ષા.

૧૫૩૪—૧૪૬૪—લક્ષ્મીસાગરસૂરિનો જન્મ.

૧૫૩૬—૧૪૬૬—મુનિસુંદરસૂરિને વાચકપદ.

૧૫૪૦—૧૪૭૦—રૂદ્રપાલીય ગચ્છના દેવેંદ્રમુનીશ્વર.

૧૫૪૮—૧૪૭૮—વૃદ્ધનગરીના દેવરાજશાહે બત્રીસ હજાર રૂપિયા ખરચીને મુનિસુંદરસૂરિના આચાર્યપદનો મહોત્સવ કર્યો.

૧૫૫૩—૧૪૮૩—રત્નશેખરસૂરિને પંડિતપદ.

૧૫૬૦—૧૪૯૦—લક્ષ્મીસાગરસૂરિની દીક્ષા.

૧૫૬૨—૧૪૯૨—ખરતરગચ્છના જિનચંદ્રસૂરિ—જિનમંડનોપાધ્યાયે કુમારપાળ પ્રબંધ રચ્યો.

Aho ! Shrutgyanam

१९६३—१४९३—रत्नशेखरसूरिने वाचकपद—
१९६४—१४९४—जिनकीर्तिसूरि.
१९६५—१४९५—जयसागर उपाध्याए संदेहदोलावलीपर पंदरसें पचास श्लोकोनी विधिरत्न करंडिका नामनी लघु वृत्ति रची.
१९६६—१४९६—तपगच्छना जिनसुंदरसूरिए दिवाळीकल्प रच्युं.
१९६९—१४९९—सोमसुंदरसूरिनुं स्वर्गगमन.
१९७०—१५००—अंचलगच्छी जयकीर्तिसूरिनुं स्वर्गगमन.
१९७१—१५०१—लक्ष्मीसागरसूरिने वाचक पद—
१९७२—१५०२—रत्नशेखरसूरिने आचार्यपद.
१९७३—१५०३—सहस्रावधानी मुनिसुंदरसूरिनुं स्वर्गगमन.
१९७६—१५०६—जयचंद्रसूरि.
१९७८—१५०८—लुंपकोनी उत्पत्ति—लक्ष्मीसागरसूरिनुं आचार्यपद—
१९८१—१५११—गिरनारपरना चोरीवाळां देरांनी जिनहर्षसूरिए प्रतिष्ठा करी.
१९८७—१५१७—श्राद्धविधिकर्ता रत्नशेखरसूरिनुं स्वर्गगमन.
१९९५—१५२५—कीर्तिवल्लभगणिए उत्तराध्ययनपर वृत्ति करी.
२००३—१५३३—भाणानामना साधुथी लुंपकोना वेषधरोनी उत्पत्ति.
२०१२—१५४२—अंचलगच्छी जयकेसरीसूरिनुं स्वर्गगमन.
२०१७—१५४७—आनंदविमलसूरिनो जन्म.
२०२२—१५५२—आनंदविमलसूरिनी दीक्षा.
२०२३—१५५३—विजयदानसूरिनो जामलामां जन्म.
२०३२—१५६२—विजयदानसूरिनी दीक्षा.
२०३४—१५६४—कटुकोनी उत्पत्ति.
२०३८—१५६८—लुंपक वेषधारी रूपजी.
२०४०—१५७०—लुंपकमांथी नीकळेला बीजा नामना वेषधरथी बीजमतनी उत्पत्ति थइ जेने लोको विजयगच्छ कहेछे—आनंदविमलसूरिने आचार्यपद—
२०४२—१५७२—तपगच्छनी नागपुरीय शाखामांथी निकळेला पार्श्चंद्र उपाध्यायथी पार्श्चंद्रगच्छनी उत्पत्ति.
२०४८—१५७८—लुंपक वेषधारी जीवाजी ऋषि.



Aho ! Shrutgyanam

૨૦૫૨—૧૫૮૨—આનંદવિમલસૂરિએ કેટલાક સાધુઓ સહિત ગુરૂ આજ્ઞાથી ક્રિયા ઉદ્ધાર કર્યો.

૨૦૫૩—૧૫૮૩—હીરવિજયસૂરિનો પ્રલ્હાદનપુરમાં (પાલણપુરમાં) કૂંરાશાની સ્ત્રી નાથીની કુક્ષીએ જન્મ—

૨૦૫૭—૧૫૮૭—લુંપકમતી વૃદ્ધવરસિંહજી–વિજયદાનસૂરિનું આચાર્યપદ–વૈસાકવદ છઠ્ઠે શેઠ કરમાશાહે શત્રુંજયનો શોળમો ઉદ્ધાર કર્યો —

૧૦૬૦—૧૫૯૦—ગુણવિજય.

૨૦૬૬—૧૫૯૬—આનંદવિમલસૂરિ નવ દિવસનું અનશન કરી સ્વર્ગે ગયા હીરવિજયસૂરિની પાટણમાં કાર્તિકવદ બીજને દિવસે દીક્ષા.

૨૦૭૪—૧૬૦૪—વિજયસેનસૂરિનો જન્મ.

૨૦૭૬—૧૬૦૬—લુંપકમતી વરસિંહજી.

૨૦૭૭—૧૬૦૭—શ્રી હીરવિજયસૂરિને નારદપુરીમાં શ્રી ઋષભદેવ પ્રભુના મંદિરમાં પંડિતપદ.

૨૦૭૮—૧૬૦૮—શ્રી હીરવિજયસૂરિને નારદપૂરીમાં માહા સુદ પાંચમે શ્રી વરકાણું પાર્શ્વનાથના જિનમંદિરમાં વાચકપદ—

૨૦૮૦—૧૬૧૦—હીરવિજયસૂરિને શિરોહીમાં આચાર્યપદ.

૨૦૮૩—૧૬૧૩—વિજયસેનસૂરિની માત્તા પીતા સહિત દીક્ષા.

૨૦૮૫—૧૬૧૫—પદ્મસુંદરે રાયમલ્લાભ્યુદય કાવ્ય રચ્યું.

૨૦૯૨—૧૬૨૨—વિજયદાનસૂરિનું વટપલ્લીમાં અનશનપૂર્વક સ્વર્ગગમન.

૨૦૯૬—૧૬૨૬—વિજયસેનસૂરિને પંડિતપદ—

૨૦૯૮—૧૬૨૮—વિજયસેનસૂરિને ઉપાધ્યાયપદપૂર્વક આચાર્યપદ.

૨૧૦૪—૧૬૩૪—વિજયદેવસૂરિનો જન્મ.

૨૧૦૯—૧૬૩૯—અકબર બાદશાહના ફરમાનથી જેઠવદી તેરસને દિવસે હીરવિજયસૂરિ ફત્તેહપુરમાં આવ્યા. ને ત્યાં અકબર બાદશાહની મુલાકાત થતાં બાદશાહે ખુશી થઇ હીરવિજયસૂરિને પોતાના મકાનમાં રહેલાં જૈન પુસ્તકો ભેટ આપ્યાં–

૨૧૧૩—૧૬૪૩—વિજયદેવસૂરિની દીક્ષા.

૨૧૧૪—૧૬૪૪— વિજયસિંહસૂરિનો જન્મ.

૨૧૧૬—૧૬૪૬—ઉદયસિંહ મુનિએ શ્રાદ્ધપ્રતિક્રમણવૃત્તિપર ભાષ્ય રચ્યું–

Aho ! Shrutgyanam

સ્તંભતીર્થમાં ( ખંભાતમાં ) તેજપાલશાહે બનાવેલાં જિનમંદિરની હીરવિજયસૂરિએ પ્રતિષ્ઠા કરી.

૨૧૧૯—૧૬૪૯—લુંપકમતી જશવંતજી

૨૧૨૨—૧૬૫૨—કનકકુશલે ભક્તામરની ટીકા રચી—વિજયસેનસૂરિને ભટ્ટારકપદ—

૨૧૨૪—૧૬૫૪—જ્ઞાનવિમલસૂરિ—વિજયસિંહસૂરિની દીક્ષા—

૨૧૨૫—૧૬૫૫—વિજયદેવસૂરિને પંડિતપદ—

૨૧૨૬—૧૬૫૬—વિજયદેવસૂરિને ઉપાધ્યાયપદપૂર્વક આચાર્યપદ.

૨૧૨૭—૧૬૫૭—જયસોમસૂરિએ વિચારરત્નસંગ્રહ ગ્રંથ રચ્યો.

૨૧૩૦—૧૬૬૦—જ્ઞાનતિલકગણિએ ગૌતમકુલકની ટીકા રચી—સકલચંદ્ર ગણિએ પ્રતિષ્ઠાકલ્પ રચ્યું.

૨૧૩૨—૧૬૬૨—કડવા નાગના વાણિયાથી કડવા મત ચાલ્યો, અને તેણે ત્રણ થોઇ માની—ભંડારીજીયે શત્રુંજયપર ચંદ્રપ્રભુજીનું દેરૂં બંધાવ્યું.

૨૧૪૧—૧૬૭૧—વિજયસેનસૂરિનું ખંભાતમાં સ્વર્ગગમન.

૨૧૪૩—૧૬૭૩—વિજયસિંહસૂરિને વાચકપદ—નયપ્રકાશ નામે સટીક ગ્રંથકારક પદ્મસાગર તપાગચ્છી ધર્મસાગર ઉપાધ્યાયજીના શિષ્ય—

૨૧૪૪—૧૬૭૪—ખરતરગચ્છી જિનચંદ્રસૂરિનું સ્વર્ગગમન.

૨૧૪૫—૧૬૭૫—વિજયપ્રભસૂરિનો જન્મ—શત્રુંજયપર અમદાવાદવાળા સદાસોમજીએ ચૌમુખની ટુંક બંધાવી.

૨૧૪૬—૧૬૭૬—અંચલગચ્છી કલ્યાણસાગરસૂરિએ જામનગરમાં વર્ધમાનશાહ શેઠે સાત લાખ મુદ્રિકા ખરચી બંધાવેલાં શાંતિનાથજીના દેરાસરમાં વૈસાકસુદ ૩ બુધવારે પાંચસો એક મૂર્તિની પ્રતિષ્ઠા કરી.

૨૧૪૮—૧૬૭૮—જામનગરવાલા શેઠ વર્ધમાનશાહે શત્રુંજયપર શિખરબંધ દેરૂં બંધાવી તેમાં શ્રી શાંતિનાથજીની પ્રતિમા મૂળનાયક તરિકે સ્થાપી, તથા જામનગરમાં બીજી પ્રતિષ્ઠા કરી.

૨૧૫૧—૧૬૮૧—વિજયદેવસૂરિનું સ્વર્ગગમન

Aho ! Shrutgyanam

૨૧૫૨—૧૬૮૨—વિજયસિંહસૂરિને આચાર્યપદ.

૨૧૫૩—૧૬૮૩—દીવના શ્રીમાળી સંઘે ગિરનારની પૂર્વપાજનો ઉદ્ધાર કરાવ્યાનો શિલાલેખ ગિરનાર ઉપર હયાત છે.

૨૧૫૫—૧૬૮૫—શત્રુંજયપર ભરત રાજાના ચરણની સ્થાપના.

૨૧૫૬—૧૬૮૬—સમયસુંદરજીએ અષ્ટલક્ષી રચી—શત્રુંજયપર શાં. ધરમદાસજીએ અદબદજીનું દેરૂં બંધાવ્યું, અને તેમાં આદિનાથની મૂર્તિ ડુંગરમાંથી કોતરાવી.

૨૧૫૯—૧૬૮૯—વિજયપ્રભસૂરિને દીક્ષા—

૨૧૬૪—૧૬૯૪—અમરસાગરસૂરિનો ઉદેપુરમાં જન્મ.

૨૧૬૭—૧૬૯૭—જામનગરમાં વર્ધમાનશાહ શેઠે કરાવેલાં શાંતિનાથજીના જિનમંદિરનો શિલાલેખ ઉપાધ્યાય શ્રી વિનયસાગરના શિષ્ય સૌભાગ્યસાગરે લખ્યો.

૨૧૬૯—૧૬૯૯—ખરતરગચ્છી જિનરાજસૂરિનું સ્વર્ગગમન.

૨૧૭૧—૧૭૦૧—વિજયપ્રભસૂરિને પંડિતપદ—

૨૧૭૫—૧૭૦૫—અમરસાગરસૂરિની દીક્ષા.

૨૧૭૮—૧૭૦૮—વિજયસિંહસૂરિનું સ્વર્ગગમન.

૨૧૮૦—૧૭૧૦—વિજયપ્રભસૂરિને ઉપાધ્યાયપદ—

૨૧૮૧—૧૭૧૧—ખરતરગચ્છી જિનરત્નસૂરિનું સ્વર્ગગમન.

૨૧૮૩—૧૭૧૩—વિજયપ્રભસૂરિને ભટ્ટારકપદ.

૨૧૮૪—૧૭૧૪—અમરસાગરસૂરિનું ખંભાતમાં આચાર્યપદ.

૨૧૮૮—૧૭૧૮—અમરસાગરસૂરિનું કચ્છભુજમાં ગચ્છેશપદ.

૨૧૯૨—૧૭૨૨—યશોવિજયજી ઉપાધ્યાય. અધ્યાત્મજ્ઞાની આનંદઘનજી.

૨૨૧૯—૧૭૪૯—વિજય પ્રભસૂરિનું સ્વર્ગગમન.

૨૨૨૭-૧૭૫૭-મેઘવિજયજી ઉપાધ્યાયે હેમચંદ્રજીના શબ્દાનુશાસનપરટીકારચી

૨૨૩૨—૧૭૬૨—અમરસાગરસૂરિનું ધોળકામાં સ્વર્ગગમન.

૨૨૫૭—૧૭૮૭—જામનગરના દેરાસરો મ્લેચ્છોના જુલમથી મહાસુદ ૧૩ સુધિબંધ રહ્યાં.

૨૨૫૮—૧૭૮૮—શત્રુંજયપર સુરતવાલા શેઠ શોભચંદ કલ્યાણચંદે સમવસરણની રચનાવાલું શ્રી વીરપ્રભુનું દેરૂં બંધાવ્યું.—જામનગરનાં દેરાસરો મ્લેચ્છોના જુલમથી બંધ પડેલ તે

Aho ! Shrutgyanam

જામના કારભારી શાં. તલકશી જેસાણીએ ઉઘડાવી બિં-બોની ફરીથી પ્રતિષ્ઠા કરી.

૨૨૬૨-૧૭૯૨–શત્રુંજયપર સુરતવાળાએ આદિનાથજીના પાદુકાની સ્થાપનાકરી

૨૨૭૪—૧૮૦૪—ઉદયસાગરસૂરિએ સ્નાત્રપંચાશિક રચી.—જિનભક્તિસૂરિનું સ્વર્ગગમન.

૨૨૮૦—૧૮૧૦—શત્રુંજયપર શા. હેમચંદ વીરજીએ દેરી બંધાવી.

૨૨૮૫—૧૮૧૫–ભાવનગરવાળા શેઠ કુંવરજી લાધાએ શેત્રુંજયપર દેરૂં બંધાવ્યું

૨૨૮૭—૧૮૧૭—પાલીતાણામાં દીવવાળા શા રૂપચંદ ભીમજીએ આદીશ્વરનું દેરૂં બંધાવ્યું.

૨૨૮૮—૧૮૧૮—રઘુનાથજીના ચેલા ભિખમજીએ તેરાપંથ કહાડયો.

૨૩૦૪—૧૮૩૪—ખરતરગચ્છી જિનલાભસૂરિનું સ્વર્ગગમન.

૨૩૧૩—૧૮૪૩—શત્રુંજયપર પ્રેમચંદ મોદીની ટુંક બંધાણી.

૨૩૨૦—૧૮૫૦—જામનગરના વર્ધમાનશાહના દેરાસરનો શિલાલેખ શા. વેલજી ધારસીએ મહા વદ ૪ શનિવારે મૂળ જગોએ સ્થાપ્યો

૨૩૩૦—૧૮૬૦—દમણવાળા શેઠ હીરાચંદ રાયકણે અંજનશલાકા કરીને શત્રુંજયપર શાંતિનાથજીનું દેરૂં બંધાવ્યું.

૨૩૩૧—૧૮૬૧–સુરતવાળા શેઠ ઇચ્છાભાઇએ શત્રુંજયપર ઇચ્છાકુંડ બંધાવ્યો

૨૩૫૨—૧૮૮૨—શેઠ હેમાભાઇ વખતચંદ અમદાવાદવાળાની ટુંક શત્રુંજયપર બંધાઈ

૨૩૫૭—૧૮૮૭—ધોલેરાવાળા વીરચંદ ભાઇચંદે શત્રુંજયની તળાટીમાં મંડપ બંધાવ્યો.

૨૩૬૩—૧૮૯૩—મોતીશાહ શેઠે લાખો રૂપીઆ ખરચી શત્રુંજયપર કુંતાસરનો ખાડો પૂરી, તેપર વિશાળ ટુંક બાંધી, તથા અંજનશલાકા કરાવી–શત્રુંજયપર બાલાભાઇની ટુંક—શત્રુંજયપર અમદાવાદવાળા શેઠ સાકરચંદ પ્રેમચંદની ટુંક બંધાઇ.

૨૩૭૩—૧૯૦૩—કોટાવાળા શેઠ મોતીચંદ ઉતમચંદે શત્રુંજયપર પાર્શ્વનાથજીનું દેરૂં બંધાવ્યું.

૨૩૭૮—૧૯૦૮—શ્રી શત્રુંજયપર વિજયદેવેંદ્રસૂરિની પાદુકાની સ્થાપના.

૨૩૯૧—૧૯૨૧—નરસી નાથાની અંજનશલાકા.

૨૩૯૮—૧૯૨૮—શત્રુંજયપર શેઠ કેશવજી નાયકે ટુંક બંધાવી.

Aho ! Shrutgyanam

# પ્રકરણ નવમું.

## આ અવસર્પિણીની ચોવીસીના આંતરા.

| તીર્થંકરનું નામ. | મોક્ષગમનનો સમય. | આયુષ્ય. |
|---|---|---|
| ૧ ઋષભદેવ પ્રભુ. | ચોથા આરાના ચોરાસી લાખ પૂર્વ ગયા બાદ. | ૮૪ લાખ પૂર્વ. |
| ૨ અજિતનાથ | ઋષભદેવના નિર્વાણ પછી પચાસ લાખ કોડી સાગરોપમ ગયા બાદ. | ૭૨ લાખ પૂર્વ. |
| ૩ સંભવનાથ. | અજિતનાથ પ્રભુના નિર્વાણ પછી ત્રીસ લાખ ક્રોડ સાગરોપમ ગયા બાદ. | ૬૦ લાખ પૂર્વ. |
| ૪ અભિનંદન-સ્વામી. | સંભવનાથ પ્રભુના નિર્વાણ પછી દશ લાખ ક્રોડ સાગરોપમ ગયા બાદ. | ૫૦ લાખ પૂર્વ. |
| ૫ સુમતિનાથ. | અભિનંદનસ્વામીના નિર્વાણ પછી નવ લાખ ક્રોડ સાગરોપમ ગયા બાદ. | ૪૦ લાખ પૂર્વ. |
| ૬ પદ્મપ્રભ | સુમતિનાથજીના નિર્વાણ પછી નેવુ હજાર ક્રોડ સાગરોપમ ગયા બાદ. | ૩૦ લાખ પૂર્વ. |
| ૭ સુપાર્શ્વનાથ | પદ્મપ્રભના નિર્વાણ પછી નવ હજાર ક્રોડ સાગરોપમ ગયા બાદ. | ૨૦ લાખ પૂર્વ. |
| ૮ ચંદ્રપ્રભ. | સુપાર્શ્વનાથના નિર્વાણ પછી નવસેં ક્રોડ સાગરોપમ ગયા બાદ. | ૧૦ લાખ પૂર્વ. |
| ૯ સુવિધિનાથ | ચંદ્રપ્રભ પ્રભુના નિર્વાણ પછી નેવુ ક્રોડ સાગરોપમ ગયા બાદ. | ૨ લાખ પૂર્વ. |
| ૧૦ શીતલનાથ. | સુવિધિનાથના નિર્વાણ પછી નવ ક્રોડ સાગરોપમ ગયા બાદ. | ૧ લાખ પૂર્વ. |
| ૧૧ શ્રેયાંસનાથ. | શીતલનાથજીના નિર્વાણ પછી એક ક્રોડ સાગરોપમમાંથી એકસો સાગરોપમ ઓછા, તેમ છાસઠ લાખ અને છવીસ હજાર વર્ષો બીજાં ઓછાં ગયા બાદ. | ૮૪ લાખ વર્ષ. |
| ૧૨ વાસુપૂજ્ય. | શ્રેયાંસનાથજીના નિર્વાણ પછી ચોપન સાગરોપમ ગયા બાદ. | ૭૨ લાખ વર્ષ. |
| ૧૩ વિમલનાથ. | વાસુપૂજ્યજીના નિર્વાણ પછી ત્રીસ સાગરોપમ ગયા બાદ. | ૬૦ લાખ વર્ષ. |
| ૧૪ અનંતનાથ. | વિમલનાથજીના નિર્વાણ પછી નવ સાગરોપમ ગયા બાદ. | ૩૦ લાખ વર્ષ. |
| ૧૫ ધર્મનાથ. | અનંતનાથજીના નિર્વાણ પછી ચાર સા- | ૧૦ લાખ વર્ષ. |

Aho ! Shrutgyanam

| | | |
|---|---|---|
| | ગરોપમ ગયા બાદ. | |
| ૧૬ શાંતિનાથ. | ધર્મનાથજીના નિર્વાણ પછી ત્રણ સાગરોપમમાંથી પોણું પલ્યોપમ ઓછું ગયા બાદ. | ૧ લાખ વર્ષ. |
| ૧૭ કુંથુનાથ. | શાંતિનાથજીના નિર્વાણ પછી અર્ધું પલ્યોપમ ગયા બાદ. | ૯૫ હજાર વર્ષ. |
| ૧૮ અરનાથ. | કુંથુનાથજીના નિર્વાણ પછી એક પલ્યોપમના ચોથા ભાગમાંથી એક હજાર ક્રોડ વર્ષ ઓછા ગયા બાદ. | ૮૪ હજાર વર્ષ. |
| ૧૯ મલ્લિનાથ. | અરનાથપ્રભુના વિર્વાણ પછી એક હજાર ક્રોડ વર્ષ ગયા બાદ. | ૫૫ હજાર વર્ષ. |
| ૨૦ મુનિસુવ્રતસ્વામી. | મલ્લિનાથજીના નિર્વાણ પછી ચોપન લાખ વર્ષ ગયા બાદ. | ૩૦ હજાર વર્ષ. |
| ૨૧ નમિનાથ. | મુનિસુવ્રતસ્વામીના નિર્વાણ પછી છ લાખ વર્ષ ગયા બાદ | ૧૦ હજાર વર્ષ. |
| ૨૨ નેમીનાથ. | નમિનાથજીના નિર્વાણ પછી પાંચ લાખ વર્ષ ગયા બાદ. | ૧ હજાર વર્ષ. |
| ૨૩ પાર્શ્વનાથ. | નેમિનાથજીના નિર્વાણ પછી ત્યાસી હજાર સાતસેંને પચાસ વર્ષ ગયા બાદ. | ૧૦૦ વર્ષ. |
| ૨૪ મહાવીર સ્વામી. | પાર્શ્વનાથજીના નિર્વાણ પછી બસો પચાસ વર્ષ ગયા બાદ. | ૭૨ વર્ષ. |

Aho ! Shrutgyanam

# પ્રકરણ દશમું.

## મહાવીરસ્વામી પછી પટાવલી.

| પાટનો અંક. | આચાર્યજીનું નામ. | જન્મની સાલ. | દીક્ષાની સાલ. | આચાર્યપદની સાલ. | નિર્વાણ અથવા સ્વર્ગગમન. | સર્વ આયુષ્ય વર્ષ. |
|---|---|---|---|---|---|---|
| ૧ | સુધર્માસ્વામી. | પે૦૮૦ | પે૦૩૦ | ૧ | ૨૦ | ૧૦૦ |
| ૨ | જંબૂસ્વામી. | પે૦૧૬ | ૧ | ૧૨ | ૬૪ | ૮૦ |
| ૩ | પ્રભવાસ્વામી | પે૦૧૦ | ૨૦ | ૬૪ | ૭૫ | ૮૫ |
| ૪ | શય્યંભવસ્વામી. | ૩૬ | ૬૪ | ૭૫ | ૯૮ | ૬૨ |
| ૫ | યશોભદ્રસ્વામી. | ૬૨ | ૮૪ | ૯૮ | ૧૪૮ | ૮૬ |
| ૬ | સંભૂતિવિજયજી. | ૬૬ | ૧૦૮ | ૧૪૮ | ૧૫૬ | ૯૦ |
| | ભદ્રબાહુસ્વામી. | ૯૪ | ૧૩૯ | ૧૫૬ | ૧૭૦ | ૭૬ |
| ૭ | સ્થૂલભદ્રજી. | ૧૧૬ | ૧૪૬ | ૧૭૦ | ૨૧૫ | ૯૯ |
| ૮ | આર્યમહાગિરિ. | ૧૪૫ | ૧૭૫ | ૨૧૫ | ૨૪૫ | ૧૦૦ |
| | આર્યસુહસ્તી. | ૧૯૧ | ૨૨૧ | ૨૪૫ | ૨૯૧ | ૧૦૦ |
| ૯ | સુસ્થિતાચાર્ય. | | | | | |
| | સુપ્રતિબદ્ધાચાર્ય. | | | | | |
| ૧૦ | શ્રીઇંદ્રદિન્નસૂરિ. | | | | | |
| ૧૧ | શ્રીદિન્નસૂરિ. | | | | | |
| ૧૨ | શ્રીસિંહગિરિજી. | | | | | |
| ૧૩ | શ્રીવજ્રસ્વામી. | ૪૯૬ | ૫૦૪ | ૫૪૮ | ૫૮૪ | ૮૮ |
| ૧૪ | શ્રીવજ્રસેનસૂરિ. | ૪૯૨ | ૫૦૧ | ૬૧૭ | ૬૨૦ | ૧૨૮ |
| ૧૫ | શ્રીચંદ્રસૂરિ. | | | | | |
| ૧૬ | શ્રીસામંતભદ્રસૂરિ. | | | | | |
| ૧૭ | શ્રીવૃદ્ધદેવસૂરિ. | | | | | |
| ૧૮ | શ્રીપ્રદ્યોતનસૂરિ. | | | | | |
| ૧૯ | શ્રીમાનદેવસૂરિ. | | | | | |
| ૨૦ | શ્રીમાનતુંગસૂરિ. | | | | | |

Aho ! Shrutgyanam

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૧ | શ્રીવીરસૂરિ. | | | | | |
| ૨૨ | શ્રીજયદેવસૂરિ. | | | | | |
| ૨૩ | શ્રીદેવાનંદસૂરિ. | | | | | |
| ૨૪ | શ્રીવિક્રમસૂરિ. | | | | | |
| ૨૫ | શ્રીનરસિંહસૂરિ. | | | | | |
| ૨૬ | શ્રીસમુદ્રસૂરિ. | | | | | |
| ૨૭ | શ્રીમાનદેવસૂરિ. | | | | | |
| ૨૮ | શ્રીવિબુદ્ધપ્રભસૂરિ. | | | | | |
| ૨૯ | શ્રીજયાનંદસૂરિ. | | | | | |
| ૩૦ | શ્રીરવિપ્રભસૂરિ. | | | | | |
| ૩૧ | શ્રીયશોદેવસૂરિ. | | | | | |
| ૩૨ | શ્રીપ્રદ્યુમ્નસૂરિ. | | | | | |
| ૩૩ | શ્રીમાનદેવસૂરિ. | | | | | |
| ૩૪ | શ્રીવિમલચંદ્રસૂરિ. | | | | | |
| ૩૫ | શ્રીઉદ્યોતનસૂરિ. | | | | | |
| ૩૬ | શ્રીસર્વદેવસૂરિ. | | | | | |
| ૩૭ | શ્રીદેવસૂરિ. | | | | | |
| ૩૮ | શ્રીસર્વદેવસૂરિ. | | | | | |
| ૩૯ | શ્રીયશોભદ્રસૂરિ.<br>શ્રીનેમિચંદ્રસૂરિ. | | | | | |
| ૪૦ | શ્રીમુનિચંદ્રસૂરિ. | | | | | |
| ૪૧ | શ્રીઅજિતદેવસૂરિ. | ૧૬૦૪ | ૧૬૨૨ | ૧૬૪૪ | ૧૬૯૦ | ૮૬ |
| ૪૨ | શ્રીવિજયસિંહસૂરિ. | | | | | |
| ૪૩ | શ્રીસોમપ્રભસૂરિ.<br>શ્રીમણિરત્નસૂરિ. | | | | | |
| ૪૪ | શ્રીજગચ્ચંદ્રસૂરિ. | | | | | |
| ૪૫ | શ્રીદેવેંદ્રસૂરિ. | | | | ૧૭૯૭ | |
| ૪૬ | શ્રીધર્મઘોષસૂરિ. | | | ૧૭૯૭ | ૧૮૨૭ | |
| ૪૭ | શ્રીસોગપ્રભસૂરિ. | ૧૭૮૦ | ૧૭૯૧ | ૧૮૦૨ | ૧૮૪૩ | ૬૩ |
| ૪૮ | શ્રીસોમતિલકસૂરિ. | ૧૮૨૫ | ૧૮૩૯ | ૧૮૪૩ | ૧૮૯૪ | ૬૯ |



Aho ! Shrutgyanam

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪૯ | શ્રીદેવસુંદરસૂરિ. | ૧૮૬૬ | ૧૮૭૪ | ૧૮૯૦ | | |
| ૫૦ | શ્રીસોમસુંદરસૂરિ | ૧૯૦૦ | ૧૯૦૭ | ૧૯૨૭ | ૧૯૬૯ | ૬૯ |
| ૫૧ | શ્રીમુનિસુંદરસૂરિ. | ૧૯૦૬ | ૧૯૧૩ | ૧૯૪૮ | ૧૯૭૩ | ૬૭ |
| ૫૨ | શ્રીરત્નશેખરસૂરિ. | ૧૯૨૭ | ૧૯૩૩ | ૧૯૭૨ | ૧૯૮૭ | ૬૦ |
| ૫૩ | શ્રીલક્ષ્મીસાગરસૂરિ. | ૧૯૩૪ | ૧૯૬૦ | ૧૯૭૮ | | |
| ૫૪ | શ્રીસુમતિસાધુસૂરિ. | | | | | |
| ૫૫ | શ્રીહેમવિમલસૂરિ. | | | | | |
| ૫૬ | શ્રીઆનંદવિમલસૂરિ. | ૨૦૧૭ | ૨૦૨૨ | ૨૦૪૦ | ૨૦૬૬ | ૪૯ |
| ૫૭ | શ્રીવિજયદાનસૂરિ. | ૨૦૨૩ | ૨૦૩૨ | ૨૦૫૭ | ૨૦૯૨ | ૬૯ |
| ૫૮ | શ્રીહીરવિજયસૂરિ. | ૨૦૫૩ | ૨૦૬૬ | ૨૦૮૦ | | |
| ૫૯ | શ્રીવિજયસેનસૂરિ. | ૨૦૭૪ | ૨૦૮૩ | ૨૦૯૮ | ૨૧૪૧ | ૬૭ |
| ૬૦ | શ્રીવિજયદેવસૂરિ. | ૨૧૦૪ | ૨૧૧૩ | ૨૧૨૬ | ૨૧૫૧ | ૪૭ |
| ૬૧ | શ્રીવિજયસિંહસૂરિ. | ૨૧૧૪ | ૨૧૨૪ | ૨૧૫૨ | ૨૧૭૮ | ૬૪ |
| ૬૨ | શ્રીવિજયપ્રભસૂરિ. | ૨૧૪૫ | ૨૧૫૯ | ૨૧૮૩ | ૨૨૧૯ | ૭૪ |
| ૬૩ | શ્રીવિજયરત્નસૂરિ. | | | | | |
| ૬૪ | શ્રીવિજયક્ષમાસૂરિ. | | | | | |
| ૬૫ | શ્રીવિજયદયાસૂરિ. | | | | | |
| ૬૬ | શ્રીવિજયધર્મસૂરિ. | | | | | |
| ૬૭ | શ્રીજિનેંદ્રસૂરિ. | | | | | |
| ૬૮ | શ્રીદેવેંદ્રસૂરિ. | | | | | |
| ૬૯ | શ્રીવિજયધરણેંદ્રસૂરિ. | | | | | |

Aho ! Shrutgyanam

# પ્રકરણ અગીઆરમું.

## કેટલાક જૈન શિલાલેખોના ભાષાંતરો અને તેને લગતી હકીકત.

**મારવાડના સાદરી ગામ પાસેના રાણકપુરજીના જૈનમંદિરની અંદરનો શિલાલેખ અને તે જિનમંદિરને લગતી હકીકત.**

આ લેખ જે સ્તંભમાં કોતરેલો છે, તે સ્તંભ કઠણ ધોળા આરસપત્થરનો છે, તોપણ તેને કેટલોક કાળાંતરનો ઘસારો લાગવાથી કોઇ કોઇ જગાએ અક્ષરો ઘસાઇ ગએલા છે, અને કેટલાક અક્ષરોમાં એટલો તો સજ્જડ મેલ જામી ગયો છે, કે તેને કાઢીએ તો નવીન લેખ કોતરવા જેટલો શ્રમ થાય તેમ છે, પણ તેમ કરવાની જરૂર પડે તેવું નથી; કારણકે સ્તંભવાળા પત્થરનો રંગ ધોળો, અને અક્ષરોમાં મેલ ભરાઇ ગયો છે, તેનો રંગ તેથી જુદો પડે તેવો છે, એટલે લેખ વાંચવાને અડચણ આવતી નથી.

આખો લેખ લંબાઇમાં ત્રણ ફૂટ અને ચાર ઇંચ તથા પોહોળાઇમાં એક ફૂટ અને અરધો ઇંચ એટલી જગામાં બાળબોધ અક્ષરથી કોતરીને સડતાલીસ પંક્તિમાં પૂરો કરેલો છે. તે જિનમંદિરનો શિલાલેખ નીચે પ્રમાણે છે.

આ જિનમંદિરની અત્યંત ગજાર ઇમારત તેમાં રહેલા અત્યંત ઉંચા અને કારિગિરિવાળા ૧૪૪૪ સ્તંભોથી શોભિતી થએલી છે. હિંદુસ્તાનમાના સઘળાં જૈનમંદિરોમાં આ જૈનમંદિર મોહું ગણાય છે. (આ જૈનમંદિરને લગતી વિશેષ હકીકત અમો અમારા ત્રીજા ભાગમાં આપીશું)

## मारवाडना सादडी गाम पासेना राणकपुरजीना जैनमंदिरनी अंदरना लेखनुं अक्षरांतर.

( १ ) स्वाति श्री चतुर्मुख जिन युगादीश्वराय नमः ॥

( २ ) श्रीमद्विक्रमतः १४९६ संख्य वर्षे श्री मेदपाट राजा-

( ३ ) धिराज श्री बप्प १ श्री गुहिल २ भोज ३ शील ४ का

( ४ ) लभोज ५ भर्तृभट ६ सिंह ७ महायक ८ राज्ञी सुत युत

( ५ ) स्व सुवर्ण तुला तोलक श्री खुम्माण ९ श्रीमदल्लट १०
( ६ ) नरवाहन ११ शक्तिकुमार १२ शुचिवर्म १३ कीर्त्तिवर्म
( ७ ) १४ योगराज १५ वैरट १६ वंशपाल १७ वैरीसिंह १८
वीरसिंह १९ श्री अरी
( ८ ) सिंह २० चोडसिंह २१ विक्रमसिंह २२ रणसिंह २३
( ९ ) खेमसिंह २४ सामंतसिंह २५ कुमारसिंह २६ मथनसिंह
( १० ) २७ पद्मसिंह २८ जैत्रसिंह २९ तेजस्विसिंह ३० सम-
( ११ ) रसिंह ३१ चाहुमा न श्री कीतूक नृप श्री अल्लावदीन
सुरत्राण जैत्र बप्प
( १२ ) वंश्य श्री भुवनसिंह ३२ सुत श्री जयसिंह मालवेश
( १३ ) गोगादेव जैत्र लक्ष्मसिंह ३४ पुत्र श्री अजयसिंह
( १४ ) ३५ भ्रातृ श्री अरिसिंह ३६ श्री हम्मीर ३७ श्री खेतसिंह
३८
( १५ ) श्री लक्षाह्वय नरेंद्र ३९ नंदन सुवर्ण तुलादि दान पुण्य
( १६ ) परोपकारादि सार गुण सुरद्रुम विश्राम नंदन श्री मोकल
( १७ ) महीपति ४० कुल कानन पंचाननस्य विषमतमाऽभंसारंग
( १८ ) पुर नागपुर गागरणन राणकाऽजयमेरु मंडोर मंडलकार बून्दी
( १९ ) खाट्ट चाट सूजानादि नाना महादुर्ग लीला मात्र ग्रहणप्रमाणि
( २० ) तजित काशित्वाभिमानस्य निजभुजोर्ज्जितसमुपार्जितानेक भ
( २१ ) द्र गजेंद्रस्य म्लेच्छमहीपालव्याल चक्रवाल विदलन विहंगमें
( २२ ) द्रस्य प्रचंड दोर्दंड खंडिता भिनिवेश नाना देश नरेश भालमा
( २३ ) लालालित पादारविंदस्य अस्खलित ललित लक्ष्मीविला
( २४ ) सगोविंदस्य कुनयगहनदहनदवानलायमानप्रतापव्या (ता)
( २५ ) प पलायमान सकल बलुल प्रतिकूल क्ष्माप श्वापदवृंदस्य

Aho ! Shrutgyanam

( २६ ) प्रबल पराक्रमाक्रांत ढिल्लीमंडल गुर्जरत्रा सुरत्राण दत्तातप

( २७ ) त्र प्रथित हिंदु सुरत्राण बिरुदस्य सुवर्ण सत्रागारस्य षड्दर्श

( २८ ) न धर्माधारस्य चतुरंगवाहिनी वाहिनी पारावारस्य कीर्त्तिधर्मप्र

( २९ ) जापालनसत्यादिगुणाक्रियमाणश्रीरामयुधिष्ठिरादिनरेश्वरानुका

( ३० ) रस्य राणाश्री कुंभकर्ण सर्वोर्वीपतिसार्वभौमस्य ४१ विजय

( ३१ ) मान राज्ये तस्य प्रसादपात्रेण विनयविवेकधैर्यौदार्यशुभकर्म

( ३२ ) निर्मल शीला द्यद्भुत गुण मणि मया भरण भासुरगात्रेण श्री मदहम्मद

( ३३ ) सुरत्राणदत्तफुरमाणसाधुश्री गुणराजसंघपतिसाहचर्यकृताश्च

( ३४ ) र्य कारि देवालयाद्याडंबर पुरःसरः श्रीशत्रुंजयादि तीर्थ या त्रेण अजा

( ३५ ) हरि पिंडरवाटक सालेरादि बहु स्थान नवीन जैनविहार जीर्णोद्धार

( ३६ ) पद स्थापना विषम समय सत्रागार नाना प्रकार परोपका र श्री संघ स

( ३७ ) त्काराद्यगण्यपुण्यमहार्थक्रयाणकपूर्यमाण भवार्णव तारणक्षम

( ३८ ) मनुष्य जन्म यान पात्रेण प्राग्वाट वंशावतंस सं० सागर सुत सं० कुर

( ३९ ) पाल भा० कामलदे पुत्र परमार्हत सं० धरणाकेन ज्येष्ठ भ्रातृ सं० रत्ना भा०

( ४० ) रत्नादे पुत्र सं० लाषा सजा सोना सालिग स्व भा० सं० धारलदे पुत्र जाझा

( ४१ ) जावडादिप्रवर्द्धमान संतानयुतेन राणपुरनगरे राणाश्रीकुंभकर्ण

( ४२ ) नरेंद्रेणस्वनाम्नानिवेशिततदीयसुप्रसादादेशतस्त्रैलोक्यदीपका

Aho ! Shrutgyanam

( ४३ ) भिधानः श्री चतुर्मुख युगादीश्वर विहारः कारितः प्रतिष्ठितः
( ४४ ) श्रीबृहत्तपागच्छे श्रीजगच्चंद्रसूरिश्रीदेवेंद्रसूरि संताने श्रीमत्
( ४५ ) श्रीदेवसुंदरसूरिपट्ट प्रभाकर परमगुरु सुविहितपुरंदरगच्छाधि
( ४६ ) राजश्रीसोमसुंदरसूरिभिः ॥ ॥ कृतमिदंचसूत्रधारदेपाकस्य
( ४७ ) अयं च श्री चतुर्मुख विहार आचंद्रार्कं नंदतात् ॥ शुभं भवतु॥

॥ इत्यक्षरांतरम् ॥

---

## મારવાડના સાદડી ગામ પાંસેના રાણકપુરજીના જૈન મંદિરની અંદરના લેખનું ભાષાંતર.

કલ્યાણ અને શોભાએ યુક્ત, ચતુર્મુખ જિન પ્રભુ જે યુગના આદિ ઇશ્વર તેને નમસ્કાર.

શ્રીમાન વિક્રમથી ૧૪૯૬ સંખ્યાતે વર્ષે શ્રી મેવાડના રાજાધિરાજ શ્રી બપ્પ: ૧ * શ્રી ગુહિલ ૨ ભોજ ૩ શીલ ૪ કાળભોજ ૫ ભત્તૃભટ ૬ સિંહ ૭ મહાયક ૮ રાણી અને પુત્રની સાથે પોતાની સુવર્ણની તુળા તોળાવનાર (સુવર્ણનું તુળાદાન આપનાર) શ્રી ખુમાણ ૯ શોભાયમાન અલ્લટ ૧૦ નરવાહન ૧૧ શક્તિકુમાર ૧૨ શુચિવર્મ ૧૩ કીર્તિવર્મ ૧૪ યોગરાજ ૧૫ વૈરટ ૧૬ વંશપાળ ૧૭ વૈરિસિંહ ૧૮ વીરસિંહ ૧૯ શ્રી અરિસિંહ ૨૦ ચોડસિંહ ૨૧ વિક્રમસિંહ ૨૨ રણસિંહ ૨૩ ક્ષેમસિંહ ૨૪ સામતસિંહ ૨૫ કુમારસિંહ ૨૬ મથનસિંહ ૨૭ પદ્મસિંહ ૨૮ જૈત્રસિંહ ૨૯ તેજસ્વિસિંહ ૩૦ સમરસિંહ ૩૧ અલ્લાવદીન સુલતાનને જીતનાર બાપાનો વંશજ શ્રી ભુવનસિંહ ૩૨ તેનો પુત્ર શ્રી જયસિંહ ૩૩ માળવાના પતિ ગોગાદેવને જીતનાર લક્ષ્મસિંહ ૩૪ તેનો શ્રી અજયસિંહ ૩૫ તેનો ભાઇ શ્રી અરિસિંહ ૩૬ શ્રી હમ્મીર ૩૭ શ્રી ખેતસિંહ ૩૮ શ્રી લક્ષ નામે રાજા ૩૯ તેનો પુત્ર સુવર્ણના તુલા આદિ દાનના પૂણ્યના પરોપકાર આદિ સાર વાળા ગુણે સહિત, કલ્પવૃક્ષને

---

* બપ્પ એટલે બાપારાવળથી આરંભીને ગુહિલ, ભોજ, શીલ ઇત્યાદિ અનુક્રમથી એક બે ત્રણ અને ચાર એમ જે જે નામો લખ્યાં છે તે તે એક પછી એક ઉત્તરોત્તર રાજકર્ત્તાનાં તેમજ વંશજોનાં છે.

Aho ! Shrutgyanam

વિશ્રામ લેવા યોગ્ય, દેવતાઓના નંદન વન રૂપ, શ્રી મોકલ મહીપતિ; ૪૦ કુલરૂપવનમાં સિંહ સરખા, નહિ વિષમ અને નહિ ખંડિત એવાં સારંગપુર, નાગપુર, ગાગરણુનપુર, રાણકપુર, અજમેર, મંડોર, મંડળકર, ( કોટા ) બુંદિ ખાટ્ટપુર, ચાટ્ટપુર અને સુજાનપુર ઇત્યાદિ નાના પ્રકારના મોહોટા કિલ્લાઓને રમત માત્રમાં ગ્રહણ કરવાથી પ્રમાણ કરેલ છે કાશિને જીતવાપણાનું અભિમાન જેણે એવો અને પોતાના હાથવડે વૃદ્ધિને પામેલા તેમજ સારી રીતે સંપાદન કરેલા અનેક ભદ્રજાતીના ( ઘણા ઉંચા અને ધોળા વર્ણના ) હાથીઓ જેણે એવો, મ્લેચ્છ રાજાઓ રૂપ સર્પના મંડળને દળી નાખનાર ગરૂડરૂપ, પ્રચંડ હાથવડે ખંડિત કરેલ છે ચોતરફથી પ્રવેશસ્થાન જેણે એવો નાના પ્રકારના દેશોના રાજાઓનાં કપાળોની માળાવડે શોભે છે ચરણ કમળ જેનું એવો, અખંડ મનોહર લક્ષ્મીનીસાથે રમનાર ગોવીંદરૂપ; અન્યાયરૂપ વનને બાળવાને દાવાનળની પેઠે આચરણ કરનાર, પ્રતાપના તાપે કરીને નાશી જાય છે બલ્લાલ કુળના શત્રુ રાજાઓરૂપ કુતરાનાં ટોળાં જે થકી એવો, બાલીષ્ઠ પરાક્રમે કરીને વ્યાપ્ત, ઢિલ્લીમંડલ ( દિલ્લીમંડલ ) અને ગુજરાતને રક્ષા કરનાર, સુલતાન પાતશાહે આપેલા છત્રવડે વિખ્યાતી પામેલ છે હિન્દુના સુલતાનનું બિરૂદ જેનું એવો, સુવર્ણના યજ્ઞનું ઘર અને છ શાસ્ત્રમાં કહેલા ધર્મને-આધાર, ચાર પ્રકારે વેહેવા વાળી સેનારૂપ નદીને માટે સમુદ્ર સરખો, કીર્તિ અને ધર્મે કરીને પ્રજાનું પાળન કરવામાં સત્ય આદિ ગુણોએ યુકત જે ક્રિયામાણ કાર્ય ( વર્તમાન સમયમાં કરાતું કાર્ય ) તે વડે રામચંદ્ર અને યુધિષ્ઠિર આદિ રાજાઓનું અનુકરણ ( બરોબરીપણું ) કરનાર, રાણાશ્રી કુંભકર્ણ ( કુંભારાણા ) જે આ સઘળી પૃથ્વીનો ચક્રવર્તી પતિ, તેના જયવાળા રાજ્યમતેના પ્રસાદનો પાત્ર, વિનય, વિવેક, ધૈર્ય, ઉદારતા, શુભકર્મ, નિર્મળ સ્વભાવ, ઇત્યાદિ અદભુત ગુણરૂપ મણિમય અળંકારોવડે કાંતી વાળું છે શરીર જેનું અને શ્રીમાન અહમ્મદ સુલતાને આપેલી છે ફરમાશ જેને એવા સાધુ શ્રી ગુણરાજ સંઘપતિનું સાહચર્ય ( સાથે રેહેવાપણું ) તેણે કરીને કરેલા આશ્રર્યને કરનારા દેવાલય આદિકના આરંભ પૂર્વક શેત્રુંજા આદિ તીર્થની યાત્રા કરનારો, અજાહરિ ( અજાડ ) પીંડરવાટક ( પીંડવાડા, ) અને સાલેરા આદિ ઘણાક સ્થાનોમાં નવીન જૈનમંદિર તથા જીર્ણોદ્ધાર અને પગલાંની સ્થાપના તેમજ દુર્ભિક્ષ આદિસમયને માટે સદાવ્રતો તથા નાના પ્રકારનો પરોપકાર અને સંઘનો સત્કાર આદિ ગણી શકાય નહી એટલાં પુણ્યરૂપ મોહોટા અર્થ

Aho ! Shrutgyanam

( પુરૂષાર્થ ) કરવા પણાએ કરીને પુરાનો જે સંસારરૂપ સમુદ્ર તેનો પાર ઉતારવામાં સમર્થ એવા મનુષ્યના જન્મરૂપ વાહાણના પાત્ર ( વાહાણ કહેવા લાયક ) પ્રાગ્વાટ વંશમાં ભૂષણરૂપ સંઘવી સાંગણનો પુત્ર સંઘવી કુમારપાળની સ્ત્રી કામલદેવીનો પુત્ર ઉત્તમ જૈન ( ઉત્તમ જિનભક્ત ) સંઘવી ધનાશા છે. તે ( પોતાના ) મોહોટા ભાઈ રત્નાશાની સ્ત્રી રત્નાદેવી તથા તેના પુત્ર સંઘવી લાખાશા, સજાશા, સોનાશા, અને શાલીગશા તથા પોતાની સ્ત્રી સંઘવતી ધારલદેવી તથા તેના પુત્ર જગાશા જાવડશા ઇત્યાદિ વૃદ્ધિને પામતાં સંતાનોએ યુક્ત એવો તેણે રાણપુરનગરમાં કુંભારાણાએ પોતાને નામે સ્થપાવેલ એવો, ત્રૈલોક્યદીપક નામે શ્રી ચતુર્મુખ ( ચોમકજી ) જે યુગાદીશ્વર પ્રભુ તેનો વિહાર, કુંભારાણાના ઉત્તમ પ્રસાદવાળા ઉપદેશથી કરાવ્યો. તે શ્રી બ્રહતપાગચ્છમાં શ્રી જગચંદ્રસૂરિ અને દેવેંદ્રસૂરિની શીષ્યપરંપરામાં શ્રી દેવસુંદરસૂરિના પટ્ટમાં સૂર્યસરખા ઉત્તમગુરૂએ સારી રીતે કરેલ પુરંદરગચ્છના અધિપતિ શ્રી સોમસુંદરસૂરિએ પ્રતિષ્ઠીત કર્યો.

આ જૈનમંદિર, સૂત્રધાર ( સલાટ ) દેપાનું કરેલ ( છે. ) આ ચતુર્મુખ વિહાર, ( ચોમકજીનું જૈનમંદિર ) સૂર્ય ચંદ્ર રહે ત્યા સૂધી આનંદ કરો. ॥ કલ્યાણ થાઓ. ॥

( ઇતિભાષાન્તરમ્ )

---

**નારલાઇ ગામના પશ્ચિમ પાદરમાં શ્રી આદિનાથ પ્રભુનું જૈનમંદિર છે, તેમાના એક સ્તંભ ઉપરનો શિલાલેખ અને તે જિનમંદિરને લગતી હકીકત.**

મારવાડ અને મેવાડપ્રાંતની જ્યાં લગભગ સરહદ આવેલી છે, ત્યાં દેસુરી કરીને એક આબાદ કસબો છે ; તેની પશ્ચિમ દિશાએ આશરે છ મૈલના અંતર ઉપર નારલાઇ નામે એક નાનુ ગાંમડું પહાડોની ખીણમાં જોવામાં આવે છે ; દંતકથા અને લેખના આધારથી જણાય છે કે, તે પ્રાચીનકાળમાં રમણીય અને ધનાઢ્ય નંદકુળવતી નામે આબાદ નગર હતું.

આ ગામની જૂદી જૂદી જગાએ પ્રાચીન સમયમાં બંધાએલાં નાના મોટાં પંદરશોળ જૈનમંદિરો દૃષ્ટિએ આવે છે. તેમાના કેટલાંએક તો લાંબી મુદત થયાં કાળનો સખ્ત ધસારો વેઠીને પણ હજુસુધિ પોતાની પૂર્વની દીવ્ય રોનકનો ઘણો ભાગ જાળવી રાખ્યો જણાય છે.

Aho ! Shrutgyanam

એટલાં બધાં દેવળો એક ગામમાં બાંધેલાં હોવાથી તેની પૂર્વેની આબા-દી તથા તેના રહેવાસીઓનું ધનાઢ્યપણું સાફ રીતે દર્શાવી આપે છે.

એ ગામના પશ્ચિમ ઝાંપાતરફ મોહોટું અને ગંભીર શ્રી આદિનાથ તીર્થંકરનું દેવાલય છે, તેનું કોતરકામ તથા તેની બાંધણી સાધારણ જણાયછે.

તે ગામમાં રહેલું એક શિવાલય અને આ આદિનાથનું મંદિર, તે બન્ને પૂર્વે કાળે મારવાડમાં લુણી નદીના કિનારા ઉપર વસતા ખેડગઢ, કે જે ગોહે-લોનું જૂનું સંસ્થાન કહેવાય છે, તેમાં બંધાયાં હતાં. પણ યતિઓના અને ગોસાઇઓના મંત્રબળવડે ત્યાંથી ઉખેડી અહીં નારલાઇમાં સ્થાપવામાં આ-વ્યાં, એવી લોકોમાં દંતકથા ચાલે છે.

એમ કહેવાય છે કે, એકવાર યતિઓ અને ગોસાઇઓ પોત પોતાની મંત્રવિદ્યાની કુશલતા બતાવવાસારૂ વાદ કરતા હતા; તેમાં એવું ઠરાવ્યું કે, ખેરગઢમાનું આદિનાથનું જિનમંદિર અને ત્યાંનું શિવાલય એક રાત્રિની અંદર મંત્રશક્તિવડે ઉખેડીને અરૂણોદય પેહેલાં નારલાઇમાં લાવે; અને તેમાં જે પેહેલો લેઈને નારલાઇમાં પહોંચે, તે શિખર ઉપર દેવળનું સ્થાપન કરે, અને જે મોડો પહોંચે, તે નીચે સ્થાપન કરે. એવી શરત ઠરાવીને યતિઓ આદિ-નાથનું દેવળ, અને ગોસાઇઓ મહાદેવનું દેવળ મંત્રશક્તિવડે ઉખેડીને એક રાત્રિમાં નારલાઇ લાવ્યા. પણ ગોસાઇઓ પ્રથમ આવી પહોંચ્યા; તેથી તે-ઓએ શંકરના દેવળની પહાડના શિખર ઉપર તત્કાળ સ્થાપના કરી અને યતિઓ પણ આદિનાથનું દેવળ લેઇ જેટલામાં પહાડપર ચડવા આવતા હતા, તેટલામાં ગોસાઇઓએ કુકડાના સરખો અવાજ કર્યો; તેથી યતિઓ સમ-જ્યાકે, વહાણું વાયું, માટે હવે આપણને ત્યાં સ્થાપના કરતાં ગોસાઇઓ અ-ટકાવશે; એમ ધારીને તેઓએ તે દેવળની નીચે સ્થાપના કરી. આ વિષે જે દંતકથા ચાલે છે, તે નીચે પ્રમાણે છે.

સંવત દશ દાહોતરો, વદિયા ચોરાસી વાદ
ખેડનગરથી લાવીઆ, નારલાઇ પ્રાસાદ ॥ ૧ ॥

આ દેવળોને ખેડનગરથી લાવવામાં બન્ને મતવાળાઓએ તરેહવાર ચ-મત્કારિક યુક્તિઓ કામે લગાડી હશે એમ જણાય છે. પણ આ વાત ઉપર શક રાખવાને એજ દેવળની અંદરના લેખથી પ્રમાણ મળે છે કે, સંવત ૯૬૪ માં યશોભદ્રસૂરિ તે દેવળને મંત્ર શક્તિવડે લાવ્યા હતા. જેમકે, “ संवत ९६४ यशोभद्रसूरिमंत्रशक्तिसमानीतायां ” આ રીતે છેંતાલીસ વર્ષના

Aho ! Shrutgyanam

ફેરથી ઉપરની દંતકથામાં વિરોધ આવે છે.

એ ગામની ઉત્તર દિશાએ આવેલા પહાડઉપર એક આરસનો ધોળો હાથી મુકેલો છે. તે આશરે ચાર ગાઉ દૂરથી નજરે પડે છે. ત્યાં એ પત્થરના હાથીવિષે એવી દંતકથા ચાલે છે કે, એક શ્રાવક શ્રી આદિનાથ પ્રભુનાં દર્શન કરવાસારૂં દૂરથી હમેશાં નારલાઇ આવતો, પણ તેને લુંટારાઓએ લુંટીને બે ચારવાર હેરાન કર્યો; તેથી તેણે દર્શનસારૂં આવવાનું બંધ કીધું. પણ તે ભાવિક હોવાથી દર્શનવિના તેને ચેન પડયું નહી તેથી તેણે પહાડઉપર પત્થરનો એક હાથી મૂકાવ્યો. અને દૂરથી તે હાથીને જોઈ આદિનાથનું સ્મરણ કરી નિત્ય દર્શન થાય છે, એમ માનતો.

આ આદિનાથના મંદિરના ચૈત્યમંડપમાં જતાં ડાબી બાજુની દિવાલમાં ચણાએલા એક સ્તંભ ઉપર નવ ઇંચ પહોળો અને ચાર ફીટ આઠ ઇંચ લાંબો જીર્ણોદ્ધાર વિષેનો સંવત ૧૫૯૭ માં લખેલો લેખ કોતરેલો છે. તે જિનમંદિરનો શિલાલેખ નીચે પ્રમાણે છે.

---

## नारलाई गामना पश्चिमपादरमां आदिनाथनुं जैनमंदिर छे तेमाना एक स्तंभउपरना शिलालेखनुं अक्षरांतर.

( १ ) ॥ ९० ॥ श्रीयशोभद्रसूरि गुरुपादुकाभ्यां.

( २ ) नमः संवत्र १५९७ वर्षे वैशाख मासे ।

( ३ ) शुक्ल पक्षे षष्टयां तिथौ शुक्रवासरे । पुन

( ४ ) र्वसुऋक्षप्राप्तचंद्रयोगे । श्री संडेरगच्छे ।

( ५ ) कलिकालगौतमावतार । समस्तभवि

( ६ ) कजनमनोऽबुजविबोधनैकदिन

( ७ ) कार । सकललब्धिविश्राम युगप्रधान ।

( ८ ) जितानेकवादीश्वरवृंद । प्रणतानेकनर

( ९ ) नायकमुकुटकोटिघ्रष्टपादारविंद । श्री

Aho ! Shrutgyanam

( १० ) सुर्य इव महाप्रसाद । चतुः षष्टिसुरेंद्रसं
( ११ ) गीयमानसाधुवाद । श्री षंडेरकीयग
( १२ ) णबुधावतंस । समुद्राकुक्षिसरोवररा
( १३ ) जहंस यशोवीरसाधुकुलांबरनभोम
( १४ ) णि सकलचारित्रिचक्रवर्तिचक्रचूडाम
( १५ ) णि भ० प्रभुश्री यशोभद्र सूरयः । तत्प
( १६ ) ट्टे श्री चाहुमान वंशश्रृंगार । लब्धसम
( १७ ) स्तनिरवद्यविद्याजलविपार श्रीबद
( १८ ) रादेवीदत्तगुरुपदप्रसाद । स्वाविमलकु
( १९ ) लप्रबोधनैकप्राप्तपरमयशोवाद भ
( २० ) ० श्रीशालिसुरिः त० श्री सुमतिसुरिः ।
( २१ ) त० श्री शांतिसूरिः त० श्री ईश्वरसूरिः । ए
( २२ ) वं यथा क्रम मनेकगुणमणिगणरो
( २३ ) हणगिरीणां महासूरीणां वंशे पुनः
( २४ ) श्री शालिसूरिः त० श्री सुमतिसूरिः
( २५ ) तत्पट्टालंकारहार भ० श्री शांतिसूरि
( २६ ) वराणां सपरिकराणां विजयराज्ये ॥
( २७ ) अथेह श्री मेदपाटदेशे । श्री
( २८ ) सूर्यवंशीय महाराजाधिराज श्री
( २९ ) सि ( शि ) लादित्यवंशे श्री गुहिदत्तराउल
( ३० ) श्रीबप्याक श्रीखुमाणादि महारा
( ३१ ) जान्वये । राणा हमीर श्री षेत
( ३२ ) सीह श्री लखमसीह पुत्र श्री मो
( ३३ ) कल मृगांकवंशोद्योतकारप्रता

Aho ! Shrutgyanam

( ३४ ) प मार्त्तंडावतार । आसमुद्रमहीमं
( ३५ ) डलाखंडल । अतुलमहाबल राणा
( ३६ ) श्री कुंभकर्ण पुत्र राणा श्री रायमल्ल
( ३७ ) विजयमान प्राज्यराज्ये । तत्पुत्र म
( ३८ ) हाकुअर श्रीपृथ्वीराजानुशासना
( ३९ ) त । श्री ऊकेशवंशे रायजडारीगोत्रे
( ४० ) राउल श्री लाषण पुत्र मं० दूदवंशे
( ४१ ) मं० मयूरसुत मं० सादूलः । तत्पुत्रा
( ४२ ) भ्यां मं० सीहासमदाभ्यां सद्बांधव
( ४३ ) मं० कर्मसी धारा लाखादि सुकु
( ४४ ) टंबयुताभ्यां श्री नंदकुलवत्यां पु
( ४५ ) र्यां सं ९६४ श्रीयशोभद्रसूरिमं
( ४६ ) त्रशक्तिसमानीतायां त० सायर
( ४७ ) कारितदेवकुलिकाद्युद्धारतः ।
( ४८ ) सायरनाम श्री जिनवसत्यां ।
( ४९ ) श्री आदिश्वरस्य स्थापना का
( ५० ) रिता कृता श्री शांतिसूरिप
( ५१ ) ट्टे देवसुंदर इत्यपरशिष्य
( ५२ ) नाम भिः आ० श्री ईश्वरसू
( ५३ ) रिभिः । इति लघुप्रशस्ति रि
( ५४ ) यं लि० आचार्य श्री ईश्वरसूरि
( ५५ ) णा, उत्कीर्णा सूत्रधार सोमाके
( ५६ ) न ॥ शुभं.

Aho ! Shrutgyanam

## નારલાઇ ગામના પશ્ચિમ પાદરમાં આદિનાથનું જૈન મંદિરછે તેમાંના એક સ્તંભ ઉપરના શિલાલેખનું ભાષાંતર.

શ્રી યશોભદ્રસૂરિ નામે ગુરૂની પાદુકાઓને નમસ્કાર. સંવત ૧૫૯૭ ના વર્ષમાં વૈશાખ સુદિ છઠ અને શુક્રવારને દિવસે પુનર્વસુ નક્ષત્રને પામેલા ચંદ્રાના યોગ વિષે શ્રીસંડેરગચ્છમાં કલિયુગની અંદર ગૌતમનો અવતાર સર્વ કુશળ પુરૂષોનાં મનને જાગ્રત કરવામાં એક સૂર્ય સરખા, સર્વ પ્રાપ્તિના વિસાગારૂપ, યુગમાં મુખ્ય, અનેક મોટા વાદિયો ( અન્યધર્મવાળા )નાં ટોળાંને જીતનાર, પોતાને નમેલા રાજાઓના મુકટોની અણીઓએ કરીને ઘસાએલ છે ચરણ કમળ જેનાં એવા, શ્રી સૂર્ય સરખા મોહોટા પ્રસાદવાળા, ચોસઠ દેવેંદ્રોએ સારીરીતે ગવાએલ છે સુંદર કીર્તિ જેની, શ્રી ષંડેરગચ્છના સાધુઓના કાનના ભૂષણરૂપ ( એ સાધુઓને ઉપદેશ કરનારા ) સમુદ્રાનામે સ્ત્રીના ઉદર રૂપ સરોવરના રાજહંસ ( સમુદ્રાના ઉદરથી જન્મ પામેલા ) યશોવીર સાધુના કુળરૂપ આકાશમાં સૂર્ય સરખા સઘળા ચરિત્રો ગાનારાઓનાં મંડળનાં મુખના મુકટ મણીરૂપ, ભટ્ટારક પ્રભુશ્રી યશોભદ્રસૂરિ, તેના પટ્ટમાં ( તેના શિષ્ય ) શ્રી ચાહુમાન ( ચોહાણ હશે ) વંશના શ્રૃંગાર, નહિ નિંદા કરવા યોગ્ય એવી સર્વ વિદ્યારૂપ સમુદ્રના પારને પામનાર, શ્રી ભદ્રા દેવીએ આપેલ છે ગુરૂપદનો પ્રસાદ જેને, પોતાના નિર્મળ કુળને પ્રબોધ કરવાથી મળેલો છે સુંદર યશ જેને એવા, ભટ્ટારક શ્રી શાળિસૂરિ, તેના પટ્ટમાં શ્રી સૂમતિસૂરિ, તેના પટ્ટમાં શ્રી શાંતિસૂરિ, તેના પટ્ટમાં શ્રી ઇશ્વસૂરી, એ પ્રમાણે યથા અનુક્રમે અનેક ગુણરૂપ મણીઓને ઉત્પન્ન કરનાર પર્વતો સરખા મોહોટા સૂરિયોના વંશમાં ; ફરિને શ્રી શાલિસૂરિ થયા. તેના પટ્ટમાં શ્રી સૂમતિસૂરિ થયા. તેના પટ્ટના અલંકારના હારરૂપ પોતાના પરિવારે સહિત ભટ્ટારક શ્રી શાંતિસૂરીના વિજય રાજ્યમાં એ પછી આંહિશ્રી મેવાડ દેશમાં શ્રી સૂર્ય વંશના મહારાજાધિરાજ શ્રી શિલાદિત્યના વંશમાં શ્રી ગુહિદત્ત રાઉલ થયા. તેના શ્રી બપ્પાક, શ્રી ખુમાણ, આદિ મહારાજાઓના વંશમાં રાણા શ્રી હમ્મીર, શ્રી ખેતસિંહ. શ્રી લખમસિંહ, તેના પુત્ર શ્રી મોકલ, ચંદ્રવંશને પણ પ્રકાશ કરનાર છે પ્રતાપ જેનો, એવા, સૂર્યનો અવતાર, સમુદ્ર સુધીની પૃથ્વીના મંડળના ઇંદ્ર, તોળી શકાય નહી એવા મોહોટા બળવાલા, રાણાશ્રી કુંભકર્ણ તેના પુત્ર, રાણાશ્રી રાયમલ્લના વિજયવાળા વૃદ્ધીને પામતા રાજ્યમાં, તે રાયમલ્લના પુત્ર

Aho ! Shrutgyanam

મોહોટા કુંવરશ્રી પૃથ્વીરાજના શાસનથી, ( ઉપદેશથી ) શ્રી ઉકેશ ( ઓશવાલ ) ના વંશ તથા રાયજડારિ ગોત્રમાં રાઉલશ્રી લાખણુના પુત્ર મેતા દુદાના વંશમાં મેતા મયૂરના પુત્ર મેતા સાદૂલ તેના પુત્રો પોતાના સારા બાંધવો મેતા કર્મસીંહ, ધારા, લાખા આદિ સારા કુટંબીઓએ સહીત એવા સિંહ અને સમદાએ નંદકુળવતી નામે પુરીમાં ( નારલાઇમાં ) સંવત ૯૬૪ ની સાલમાં શ્રી યશોભદ્રસૂરિએ મંત્રશક્તી વડે લઇ આવેલી, સાયર એટલે સંઘે મળીને કરાવેલી દેવકુલિકા આદિના ઉદ્ધાર માટે સાયર નામની શ્રી જિનવસતીમાં ( શ્રીજિનમંદિરમાં ) શ્રી આદિશ્વરની સ્થાપના કરાવી. અને તે સ્થાપના શ્રી શાંતિસૂરિના પટ્ટમાં થએલા શ્રી દેવસુંદર એ રીતે છે બીજું શિષ્ય નામ જેનું એવા આચાર્ય શ્રી ઇશ્વરસૂરિએ કરી. આ લઘુ પ્રશસ્તિ આચાર્ય શ્રી ઇશ્વરસૂરિએ લખી અને સૂત્રધાર ( શલાટ ) સોમાએ કોતરી. શુભ પાઓ.

---

## જામનગરમાં શેઠ વર્ધમાનશાહે બંધાવેલાં એક ગંજાવર જિનમંદિરનો શિલાલેખ અને તે જિનમંદિરને લગતી હકીકત.

કાઠીઆવાડના ઉતર કિનારાપર સમુદ્રને કાંઠે એક જામનગર નામનું મનોહર શેહેર છે. તે શેહેર આશરે વિક્રમ સંવત ચૌદના સૈકામાં જામ શ્રી રાવલે વસાવ્યું કહેવાય છે. આ શેહેરના મધ્યવિભાગમાં કેટલાંક જિનમંદિરો આવેલાં છે, તેમાં શેઠ વર્ધમાનશાહે બંધાવેલું શ્રી શાંતિનાથપ્રભુનું એક બાવન જિનાલયોવાળું ગંજાવર જિનાલય તેની અસંત ઉંચી શિખર તથા ઘુમટોથી શોભી રહેલું છે. આ ગંજાવર જિનમંદિરનો અત્યંત વિશાળ રંગમંડપ તેમાં પાથરેલા રંગબેરંગી આરસપત્થરોથી ઘણોજ શોભિતો થએલો છે મૂળમંડપને ફરતી શિખરબંધ બાવન દેરીઓ એક માળાના આકારમાં શોભી રહેલી છે. જિનમંદિરમાં દાખલ થવાનો વિશાળ દરવાજો ભભકાદાર તાકવાળેલા અને શિલ્પકળાના નાદર નમુના સરખા ગંજાવર મંડપથી શોભી રહેલો છે, તથા તે એક મોટા શરીઆમ રસ્તાપર આવેલો છે, તેથી તે જિનમંદિર સન્મુખ આવતા માણસોને એક ગંજાવર દેવવિમાનનો આભાસ ઉત્પન્ન કરે છે. આ જિનમંદિરની ઉંચી અને ગંજાવર શિખર તે સમયના કારિગરોની બેહદ શિલ્પકળાનો ખ્યાલ આજે પણ આપણને બતાવી આપે છે. આ ગંજાવર જિનમંદિર બંધાવનાર વર્ધમાન શાહ શેઠ વિક્રમ સંવત ૧૬૭૬ ની લગભગ થએલા છે ; તેમને લગતું વૃત્તાંત નીચે મુજબ છે.

Aho ! Shrutgyanam

વર્ધમાનશાહ શેઠ કાઠીઆવાડની ઉત્તરે આવેલા કચ્છ નામના દેશમાં રહેલા અલસાણુ નામે ગામના રહેવાસી હતા. તેઓ ઘણા ધનાઢ્ય તથા વ્યાપારના કાર્યોમાં પ્રવીણ હતા. તેજ ગામમાં રાયસીશાહ નામના પણ એક ધનાઢ્ય શેઠ રહેતા હતા. તેઓ બન્ને ઓશવાળ જ્ઞાતિના હતા, અને તેઓ વચ્ચે વહેવાઇઓનો સંબંધ હતો, તેમ તેઓ બન્ને જૈનધર્મ પાળતા હતા. એક દિવસે જામનગરના રાજા જામસાહેબે તે અલસાણુના ઠાકોરની કન્યાસાથે લગ્ન કર્યાં, તેમાં જામશ્રીના કહેવાથી તે કુંવરીએ દાયજામાં પોતાના પિતાપાસે, તે બન્ને શાહુકારો જામનગરમાં આવી વસે, એવી માગણી કરી. તે માગણી તેણીના પિતાએ કબુલ રાખવાથી ઓશવાળ જ્ઞાતિના દશ હજાર માણસો સહિત તે બન્ને શાહુકારોએ જામનગરમાં આવીને નિવાસ કર્યો, તથા ત્યાં રહી અનેક દેશાવરો સાથે વ્યાપાર કરવા લાગ્યા; અને તેથી જામનગરની પ્રજાની પણ ઘણી આબાદી વધી. વળી તે બન્ને શાહુકારોએ પોતપોતાના દ્રવ્યનો સદુપયોગ કરવામાટે ત્યાં ( જામનગરમાં ) લાખો પૈસા ખરચીને મોટાં વિસ્તારવાળાં તથા દેવવિમાનો સરખાં જિનમંદિરો બંધાવ્યાં. તે જિનમંદિરો વિક્રમ સંવત ૧૬૭૬ માં સંપૂર્ણ થયાં. અનુક્રમે શ્રી વર્ધમાનશાહે શત્રુંજય, ગિરનાર વિગેરેની યાત્રા કરી ત્યાં પણ જિનમંદિરો બંધાવ્યાં. એવી રીતે પોતાના લાખો પૈસા ખરચીને તેમણે આ ચપળ લક્ષ્મીનો લાવો લીધો. વર્ધમાનશાહનું રાજદરબારમાં ઘણું સન્માન થવા લાગ્યું; તથા જામશ્રી પણ ઘણું ખરૂં કાર્ય તેમની સલાહ પ્રમાણે કરવા લાગ્યા. આથી કરીને જામસાહેબના એક લુહાણા જ્ઞાતિના કારભારીને ઇર્ષા થઇ. તેથી તે વર્ધમાનશાહપરની જામસાહેબની પ્રીતિ ઓછી કરાવવાની તજવીજ કરવા લાગ્યો. એક દહાડો તે કારભારીએ જામસાહેબને કહ્યું કે, હાલમાં રાજ્યમાં નાણાનો ખપ છે; તેથી આપણા શેહેરના ધનાઢ્ય શાહુકાર વર્ધમાનશાહઉપર નેવુ હજાર કોરીની એક ચીઠ્ઠી લખી આપો? જામસાહેબે પણ તેના કહેવાપ્રમાણે નેવુ હજાર કોરીની એક ચીઠ્ઠી વર્ધમાનશાહઉપર લખી આપી. પછી તે કારભારીએ તે નેવુ હજાર કોરીની ચીઠ્ઠીપર એક મીંડું ચડાવીને તે ચીઠ્ઠી નવ લાખ કોરીની કરી; અને તેજ દિવસે સાંજના વાળુ વખતે તે વર્ધમાનશાહ પાસે આવ્યો, અને કહેવા લાગ્યો કે, જામસાહેબે હુકમ કર્યો છે કે, આ ચીઠ્ઠી રાખીને નવલાખ કોરી આ વખતેજ આપો? વર્ધમાનશાહે કહ્યું કે, આ વખત અમારો વાળુનો છે, માટે આવતી કાલે સવારમાં તમો આવજો? એટલે આપીશ. પણ તે કારભારીએ

Aho ! Shrutgyanam

તો તેજ વખતે તે કોરીઓ લેવાની હઠ લીધી; તેથી વર્ધમાનશાહે તેને તેજ વખતે કાંટો ચડાવી પોતાની વખારમાંથી નવલાખ કોરી તોળી આપી. કારભારીના આ કર્તવ્યથી વર્ધમાનશાહને ગુસ્સો ચડયો; તેથી પ્રભાતમાં રાયસીશાહસાથે મળીને તેમણે ઠરાવ કર્યો કે, જે રાજ્યમાં પ્રજાપર આવો જુલમ હોય, ત્યાં આપણે રહેવું લાયક નથી; માટે આપણે આજેજ અહીંથી ઉપડીને કચ્છમાં જવું. તે સમયે રાયસીશાહે પણ તે વાત કબુલ કરી, અને જ્યારે વર્ધમાનશાહે ત્યાંથી નિકળી કચ્છતરફ પ્રયાણ કર્યું, ત્યારે રાયસીશાહે ખૂટામણ લેઇ કહ્યું કે, મારે તો દેરાંનું કામ અધુરૂં હોવાથી મારાથી આવી શકાશે નહીં. પછી વર્ધમાનશાહે એકલાએ ત્યાંથી પ્રયાણ કર્યું, અને તેમની સાથે ઓશવાળ જ્ઞાતિના સાડાસાત હજાર માણસોએ પણ કચ્છ તરફ પ્રયાણ કર્યું; અને તે સઘળા માણસોનું ખોરાકી વિગેરેનું સઘળું ખર્ચ શેઠ વર્ધમાનશાહને માથે હતું. પ્રયાણ કરી અનુક્રમે વર્ધમાનશાહ જામનગરથી બાર ગાઉપર આવેલા ધ્રોળ મુકામે પહોંચ્યા; ત્યારે જામસાહેબને તે બાબતની ખબર પડી. તેજ વખતે જામસાહેબે તેમને પાછા બોલાવવામાટે પોતાનાં માણસોને મોકલ્યાં; પણ વર્ધમાનશાહ પાછા આવ્યા નહીં. ત્યારે જામસાહેબ પોતે તહાં ગયા, અને આવી રીતે એકાએક પ્રયાણ કરવાનું કારણ તેમણે વર્ધમાનશાહને પૂછ્યું; ત્યારે વર્ધમાનશાહે પણ જે હકીકત બની હતી, તે નિવેદન કરી. ત્યારે જામસાહેબે આશ્ચર્યસહિત કહ્યું કે, મેં તો ફક્ત નેવુંહજાર કોરીની ચીઠ્ઠી લખી છે. પછી તે લુવાણા કારભારીપર જામસાહેબને ઘણોજ ગુસ્સો ચડયો, તેથી તેઓ એકદમ જામનગરમાં આવ્યા. ત્યાં કલ્યાણજીના મંદિર હેઠે તે કારભારી જામસાહેબને મળ્યો. જામસાહેબે પણ એકદમ ગુસ્સામાંજ ત્યાં તેને જંબીયાથી પોતાને હાથે મારી નાખ્યો. તે લુવાણા કારભારીનો પારીઓ હાલ પણ (જામનગરમાં) કલ્યાણજીનાં મંદિરમાં મોજુદ છે. જે વખારમાં વર્ધમાનશાહે તેને નવલાખ કોરીઓ તોળી આપી હતી, તે વખારનું જામનગરમાં માંડવીપાસે રહેલું મકાન હાલ પણ નવલખ્ખાના નામથી ઓળખાય છે. જામનગરમાં તેમનું ચણાવેલું અત્યંત મનોહર જિનમંદિર હાલ પણ તે સમયની તેમની જાહોજલાલી દૃષ્ટિગોચર કરે છે. તેમનું રહેવાનું મકાન લગભગ ત્રણસો વર્ષનું પ્રાચીન છતાં પણ હાલ અહીં જામનગરમાં જીર્ણ અવસ્થામાં હયાતછે; તેમણે અનેક ધર્મકાર્યો તથા લોકોપકૃતિના કાર્યો કરેલાં છે.

આ વર્ધમાનશાહના ગંજાવર જિનમંદિરમાં જતાં રંગમંડપના દરવા-

Aho ! Shrutgyanam

જા પ્રકાર, ડાબા હાથ ઉપર આળીઆમાં એક સંસ્કૃત ભાષામાં કોતરેલો શિલાલેખ[1] છે. તે શિલાલેખ નીચે પ્રમાણે છે.

---

## वर्धमानशाहना जिनमंदिरना शिलालेखनुं अक्षरांतर.

॥ जामश्रीलक्षराजराज्ये ॥

**श्रीमत्पार्श्वजिनः** प्रमोदकरणः कल्याणकन्दाम्बुदो ।
विघ्नव्याधिहरः सुरासुरनरैः संस्तूयमानक्रमः ॥
सर्पाङ्को भविनां मनोरथतरुव्यूहे वसन्तोपमः ।
कारुण्यावसथः कलाधरमुखो निलच्छविः पातु वः ॥ १ ॥

क्रीडां करोत्यविरतं कमला विलास । स्थानं विचार्य कमनीयमनन्तशोभम् ॥
श्रीउज्जयन्तनिकटे विकटाधिनाथे । **हाल्लारदेश**अवनिप्रमदाललामे २
उत्तुङ्गतोरणमनोहरवीतराग । प्रासादपंक्तिरचनारुचिरीकृतोर्वी ॥
नन्द्यान्**नवीननगरी** क्षितिसुन्दरीणां । वक्षःस्थले ललति सा हिललन्तिकेव
**सौराष्ट्रनाथः** प्रणतिं विधत्ते । **कच्छाधिपो** यस्यभयाद्बिभेति ॥
अर्द्धासनं यच्छति **मालवेशो** । जीयाद्**यशोजित्** स्वकुलावतंसः ४
श्री**वीर**पट्टक्रमसंगतोऽभू । द्भाग्याधिकःश्री**विजयेन्दु**सूरिः ॥
श्री**मन्धरैः**प्रस्तुतसाधुमार्गे । श्चक्रेश्वरीदत्तवरप्रसादः ॥ ५ ॥
सम्यक्त्वमार्गो हि **यशोधनाह्वो** । दृढिकृतो यत्सपरिच्छदोऽपि ॥
संस्थापितश्री**विधिपक्षगच्छः** । संघैश्चतुर्धा परिसेव्यमानः ॥ ६ ॥
पट्टे तदीये **जयसिंह**सूरिः । श्री**धर्मघोषः प्रभहेंद्रसिंहः** ॥
**सिंहप्रभश्चाजितसिंह**सूरि । **देवेन्द्रसिंहः** कविचक्रवर्ती ॥ ७ ॥
**धर्मप्रभःसिंहविशेषकाह्वः** । श्री**मान्महेन्द्रप्रभ**सूरिरार्यः ॥
श्री**मेरुतुङ्गो**ऽमितशक्तिमांश्च । कीर्त्यद्भुतः श्री**जयकीर्त्ति**सूरिः ८

Aho ! Shrutgyanam

वादिद्विपौघे जयकेशरीशः । सिद्धान्तसिन्धुर्भुवि भावसिन्धुः ॥
सुरीश्वरः श्रीगुणसेवविश्च । श्री**धर्ममूर्ति**र्मधुदीपमूर्तिः ॥ ९ ॥
यस्यांघ्रिप ङ्कजनिरन्तरसुप्रसन्नात् । सम्यक् फलन्ति सुमनोरथवृक्षमालाः ॥
श्री**धर्ममूर्ति**पदपद्ममनोज्ञहंसः । **कल्याणसागरगुरु**र्जयताद्ध-
रित्र्याम् ॥ १० ॥

पञ्चाणुव्रतपालकः सकरुणः कल्पद्रुमाभः सताम् ।
गांभिर्यादिगुणोज्ज्वलः शुभवतां श्री**जैनधर्मे** मतिः ॥
द्वे काल्ये समतादरः क्षितितले श्री**ओशवंशे** विभुः ।
श्री**मल्लालणगोत्रजो** वरतरोऽभूत्**साहिसिंहाभिधः** ११

तदीयपुत्रो **हरपालनामा** । **देवाञ्चनन्दो**ऽथ स **पर्वतो**ऽभूत् ॥
**वच्छु**स्ततः श्री**अमरालुसिंहो** । भाग्याधिकः कोटिकलाप्रवीणः १२
श्रीमतोऽ**मरसिंहस्य** । पुत्रा मुक्ताफलोपमाः ॥
**वर्धमानचांपसिंह** । **पद्मसिंहा** अमी त्रयः ॥ १३ ॥
साहिश्री**वर्धमानस्य** । नन्दाना श्चन्दनोपमाः ॥
**वीराह्वो विजपालाख्यो** । **भामो** हि **जगडु**स्तथा ॥ १४ ॥
साहिश्री**चांपसिंहस्य** । पुत्रः श्री**अमीयाभिधः** ॥
तदङ्गजौ शुद्धमती । **रामभीमा**वुभावपि ॥ १५ ॥
मंत्रीश**पद्मसिंहस्य** । पुत्रा रत्नोपमास्त्रयः ॥
श्री**श्रीपालकुंरपाल** । **रणमल्ला** वरा इमे ॥ १६ ॥
श्री**श्रीपालाङ्ग**जो जीया । **न्नारायणो** मनोहरः ॥
तदङ्गजः कामरूपः । **कृष्णदासो** महोदयः ॥ १७ ॥
साहिश्री**कुंरपालस्य** । वर्तेते ऽन्वयदीपकौ ॥
सुशीलः **स्थावराख्यश्च** । **वाघजिद्धा**ख्यसुन्दरः ॥ १८ ॥
स्वपरिकरयुताभ्याममात्याशिरोरत्नाभ्यां **साहिश्रीवर्धमानपद्म**-

Aho ! Shrutgyanam

**सिंहाभ्यां हालारदेशे नव्यनगरे जामश्रीशत्रुशल्यात्मजश्रीजशवंतजी**विजयराज्ये श्री**अंचलगच्छेश** श्री**कल्याणसागरसूरीश्वराणा**मुपदेशेनात्र श्री**शान्तिनाथप्रासादादि**पुण्यकृत्यंकृतं. श्री**शान्तिनाथ**प्रमुख्येकाधिकंपंचशतप्रतिमाप्रतिष्टायुगं करापितम् । चाद्या संवत १६७६ वैशाखशुक्ल ३ बुधवासरे द्वितीया संवत १६७८ वैशाकशुक्ल ५ शुक्रवासरे. एवं मंत्रीश्वरश्री**वर्धमानपद्मसिंहाभ्यां** सप्तलक्षरुप्यमुद्रिका व्ययीकृता नवक्षेत्रेषु. संवत १६९७ मार्गशीर्षशुक्ल २ गुरुवासरे उपाध्याय श्री**विनयसागरगणेः** शिष्यसौभाग्यसागरैरलखीयंप्रशस्ति**र्मनमोहनसागर**प्रसादात् ॥

હર્ષ કરનાર, કલ્યાણરૂપી વૃક્ષનાં મૂળને વર્ષાદ સમાન, વિઘ્ન તથા વ્યાધિને હરનાર, સુર, અસુર તથા નરોથી પૂજાએલ છે, ચરણ જેમનાં, સર્પનાં લંછનવાળા, ભવિ માણસોના મનોરથરૂપી વૃક્ષના સમૂહને પ્રફુલ્લિત કરવામાં વસંતઋતુ સમાન, કરૂણાના સ્થાનકરૂપ, ચંદ્રસરખા મુખવાળા તથા શ્યામ કાંતિવાળા શ્રી પાર્શ્વનાથ પ્રભુ તમારૂં રક્ષણ કરો ?

શ્રી ગિરનાર પર્વતની પાસે, બળવાન છે રાજા જ્યાં તથા પૃથ્વીરૂપી સ્ત્રીને લલામ (ચાંડલા) સરખા હાલાર દેશમાં, લક્ષ્મી, પોતાનું વિલાસ કરવાનું અતિ મનોહર સ્થાન વિચારીને હમેશાં ક્રીડા કરે છે.

ઉંચા ઉંચા, તથા મનોહર તોરણોવાળા વીતરાગના પ્રાસાદની પંક્તિથી અતિ સુંદર છે, પૃથ્વી જેની, તથા આ પૃથ્વીરૂપી પ્રમદાના વક્ષસ્થલમાં જે એક માળાની પેઠે ઉલ્લાસાયમાન થઇ રહી છે, એવી નવીનગરી (જામનગર) સમૃદ્ધિ પામો.

જેને સૌરાષ્ટ્ર દેશનો રાજા નમે છે તથા કચ્છ દેશનો રાજા જેના ભયથી બીહે છે તથા માળવાનો રાજા જેને અરધું આસન કહાડી આપે છે, એવા પોતાના કુળમાં મુકુટ સમાન, જામશ્રી " જશાજી " જયવંતા વર્તો ?

શ્રી વીરપ્રભુની પાટે અનુક્રમે અધિક ભાગ્યવંત, શ્રી વિજયેંદુસૂરિ નામના આચાર્ય થયા, [illegible] પુનાગ [illegible] પુરસ્વામિએ વખાણ્યો છે તથા

Aho ! Shrutgyanam

ચક્રેશ્વરી દેવીએ તેને વરદાન આપ્યું હતું.

પછી, દૃઢ પરિવારવાળા તથા શ્રી વિધિપક્ષગચ્છના સ્થાપનારા તથા ચતુર્વિધ સંઘથી સેવાતા, સમ્યકત્વમાર્ગવાળા, યશોધન નામે આચાર્ય થયા.

તેની પાટે જયસિંહસૂરિ, પછી શ્રી ધર્મઘોષસૂરિ, પછી પ્રમહેંદ્રસિંધસૂરિ, પછી સિંહપ્રભસૂરિ, પછી અજિતસિંહસૂરિ તથા પછી કવિઓમાં ચક્રવર્તિ સમાન, દેવેંદ્રસિંહસૂરિ થયા.

પછી ધર્મપ્રભસિંહ, પછી મહેંદ્રપ્રભસૂરિ, પછી ઘણી શક્તિવાળા મેરૂતુંગસૂરિ તથા પછી અદ્ભુત કીર્તિવાળા જયકીર્તિસૂરિ થયા.

પછી વાદીરૂપી હાથીઓના સમૂહને જિતવામાં કેસરીસિંહ સમાન તથા સિદ્ધાંતના અને ભાના સમુદ્ર સમાન, ગુણોના ભંડાર શ્રી ધર્મમૂર્તિ નામે આચાર્ય થયા.

જેના ચરણ કમળના પ્રસાદથી હમેશાં, મનોરથરૂપી વૃક્ષની માળા, ફળે છે તથા શ્રી ધર્મમૂર્તિના ચરણકમળપર જે હંસની પેઠે શોભે છે, એવા કલ્યાણસાગરસૂરિ આ પૃથ્વીમાં જયવંતા વર્તો ?

શ્રાવકના પાંચ અણુવ્રત પાળનાર, કરૂણાવંત, ગાંભિર્ય આદિક ગુણોએ કરી ઉજ્જવલ, ઉત્તમ માણસોને કલ્પવૃક્ષ સમાન, જૈન ધર્મની મતિવાળા, સુખદુઃખમાં સરખો આદર રાખનારા, "ઓશ" નામના વંશમાં નાયકસમાના લાલણ નામના ગોત્રમાં ઉત્પન્ન થએલા સાહિસિંહ નામના ઉત્તમ શ્રાવક હતા

તેમનો પુત્ર હરપાલ, તેમનો દેવનંદ, તેમનો પર્વત, તેમનો વચ્છુ તથ તેમનો ભાગ્યવંત અને કેટલું કળાઓમાં પ્રવિણ અમરસિંહ નામે પુત્ર થયો.,

શ્રીમાન્ અમરસિંહના, વર્ધમાન, ચાંપસિંહ તથા પદ્મસિંહ એ ત્રણ મુક્તાફળ સરખા પુત્રો થયા.

શ્રી વર્ધમાનશાહના, વીરપાળ, નિજપાળ, ભીમસિંહ તથા જગડુ એ ચાર ચંદન સરખા નંદનો થયા.

ચાંપસિંહશાહના અમીચંદ નામે પુત્ર થયા તથા તેના શુદ્ધ મતિવાળા રામજી અને ભીમજી, એ બે પુત્રો થયા.

મંત્રિઓમાં મુકુટ સમાન શ્રી પદ્મસિંહના, શ્રીપાલ, કુંવરપાલ તથા રણમલ એ ત્રણ રત્ન સરખા પુત્રો થયા.

શ્રી શ્રીપાલના મનોહર નારાયણજી નામે પુત્ર થયા અને તેના પુત્ર મહાઉદયવંત તથા કામદેવ સરખા રૂપવાળા કૃષ્ણદાસ નામે થયા.

Aho ! Shrutgyanam

શ્રી કુંવરપાલશાહના કુલદીપક, બે પુત્રો થયા, તેમાં ઉત્તમ આચારવાળા સ્થાવર નામે એક અને બીજા ભાગ્યવંત વાઘજી નામે થયા.

પોતાના પરિવાર સહિત, અમાત્યમાં શિરોમણિ સમાન, વર્ધમાનશાહ તથા પદ્મસિંહશાહે, હાલાર દેશમાં, નવાનગરમાં ( જામનગરમાં ) જામશ્રી શત્રુશલ્યના પુત્ર મહારાજા જામશ્રી જસવંતજીના રાજ્યમાં, શ્રી અંચલગચ્છના આચાર્ય શ્રી કલ્યાણસાગર સુરીશ્વરના ઉપદેશથી, શ્રી શાંતિનાથ મહારાજના પ્રાસાદ આદિક પુણ્યના કામ કર્યા; શ્રી શાંતિનાથજી પ્રભુ આદિક પાંચશે એક પ્રતિમાની બે વાર પ્રતિષ્ટા કરાવી. તેમાં પેહેલી સંવત ૧૬૭૬ ના વૈશાક સુદ ૩ બુધવારે તથા બીજી સંવત ૧૬૭૮ ના વૈશાક સુદ ૫ શુક્રવારે કરાવી. એવી રીતે મંત્રીશ્વર શ્રી વર્ધમાનશાહ તથા પદ્મસિંહશાહે સાત લાખ રૂપામોહોરો નવ ક્ષેત્રોમાં વાપરી. ( હાલ તેવી બાંધણીનું એવડુંજ દેવળ જો કરવામાં આવે, તો ખરેખર એક કરોડ કોરી એટલે પચીશ લાખ રૂપીઆ બેસે, એમ ખરેજરૂ અનુમાન, તે શ્રી વર્ધમાનશાહનું દેવળ જોઇને બુદ્ધિવાનોને થાય છે. ) સંવત ૧૬૯૭ ના માગસર સુદ ૨ ગુરૂવારે આ લેખ ઉપાધ્યાય શ્રી વિનયસાગરના શિષ્ય, સૌભાગ્યસાગરે મનમોહનસાગરના પ્રસાદથી લખ્યો છે.

તે પ્રતિષ્ટાપછી દેરાની આસાતના અસુરોએ ( મ્લેછોએ ) કીધી, તેથી સંવત ૧૭૮૭ ના મહા સુદ ૧૩ સુધિ દેરાં બંધ રહ્યાં. પછી શ્રી જામની પાસે કામદારી શા. તલકશી જેસાણીની થઇ, તેણે સંવત ૧૭૮૮ માં શ્રાવણ સુદ ૭ ગુરૂવારે ફરી દેરાં સમરાવી, બિંબોની પ્રતિષ્ટા કરી. તથા અંચલગચ્છના ઉદયસાગરજી સુરીશ્વરના ઉપદેશથી, દેરાસરની સર્વ માંડણીનો જે લેખ વિસર્જન થયો હતો, તે મળવાથી શા. વેલજી ધારશીએ સંવત ૧૮૫૦ મહા સુદ ૪ શનીવારે મૂલ ઠેકાણે સ્થાપ્યો છે

Aho ! Shrutgyanam

# પ્રકરણ બારમું.

## જૈનોનાં છત્રીસ નિગમ શાસ્ત્રો.

( અથવા જૈન ઉપનિષદો ).

( ઉપર જણાવેલો વિષય લખતાં પહેલાં મારે જણાવવું જોઈએ કે, આપણામાં એટલે જૈનોમાં "આગમ નિગમ" એ શબ્દ પ્રસિદ્ધ છે. પણ તેમાંથી આગમોના નામો તો ઘણાખરા જાણે છે; અને તેના નામો આગ-મના પ્રકરણમાં દાખલ કરેલાં છે. પણ નિગમો કેટલાં અને ક્યાં ક્યાં છે? તથા તેમાં શું શું વર્ણન આપેલું છે? તેની ઘણાઓને બલકે કોઈને પણ ખબર નહીં હોય તેટલા માટે તે પ્રાચીન વિષયને પણ અત્રે દાખલ કરી આ **જૈનધર્મના પ્રાચીન ઇતિહાસ ભાગ બીજાની** હું સમાપ્તિ કરૂં છું ).

१ उत्तरारण्यक नाम प्रथमोपनिषद्—આ[1] ઉપનિષદ્‌માં દર્શનના ભેદો દેખાડ્યા છે.

२ पंचाध्यायनाम द्वितीयोपनिषद्—આ ઉપનિષદ્‌માં આવેલા પાંચે અધ્યાયોમાં વિવિધ પ્રકારના વિષયો દાખલ કરેલા છે

३ बलुक्रचनाम तृतीयोपनिषद्—આ ઉપનિષદ્‌માં ભરત મહારાજે બ-નાવેલા વેદોની શ્રુતિઓ, તેના ખરા રૂપમાં દાખલ કરી છે,

४ विज्ञानघनार्णवनाम चतुर्थोपनिषद्—આ ઉપનિષદ્‌માં વિવિધ પ્રકા-રનાં જ્ઞાનનું સ્વરૂપ આપેલું છે

५ विज्ञानेश्वराख्य पंचमोपनिषद्—આ ઉપનિષદ્‌માં વિવિધ પ્રકારનાં જ્ઞાનના માલિકોનું સ્વરૂપ આપેલું છે.

६ विज्ञानगुणार्णवनाम षष्ठोपनिषद्—આ ઉપનિષદમાં વિવિધ પ્રકા-રના જ્ઞાનગુણોનું વર્ણન આપેલું.

---

૧ આ ઉપનિષદ્‌ની કોઈ પ્રાચીન કવિએ એવી સ્તુતિ કરી છે કે,

आदर्शवद्दर्शनभेददर्शि—नमस्वदर्कोदितभावनाभिन् ॥
श्रीउत्तरारण्यकमद्यवंदे मंदेतरानंदतरंगितांगः ॥ १ ॥

Aho ! Shrutgyanam

७ नवतत्त्वनिदाननिर्णयाख्य सप्तमोपनिषद्—આ ઉપનિષદ્‌માં નવે તત્વોનું સ્વરૂપ આપેલું છે.

૮ तत्त्वार्थनिधिरत्नाकराभिधाष्टमोपनिषद्—આ ઉપનિષદ્‌માં વિવિધ પ્રકારના તત્વોનું વિસ્તારથી વર્ણન આપેલું છે.

९ विशुद्धात्मगुणगंभिराख्य नवमोपनिषद्—આ ઉપનિષદ્‌માં શુદ્ધ આત્માના ગંભીર ગુણોનું વર્ણન આપેલું છે.

१० अर्हद्धर्मागमनिर्णयाख्य दशमोपनिषद्—આ ઉપનિષદ્‌માં અરિહંત પ્રભુના આગમોનો નિર્ણય આપેલો છે.

११ उत्सर्गापवादवचनानैकांताभिधानैकादशमोपनिषद्—આ ઉપનિષદ્‌માં ઉત્સર્ગવચન, તથા અપવાદ વચનોનું અનેકાંત સ્વરૂપ વર્ણવેલું છે

१२ अस्तिनास्तिविवेकानिगमनिर्णयाख्य द्वादशमोपनिषद्—આ ઉપનિષદ્‌માં સપ્તભંગીનું વિસ્તારથી સ્વરૂપ આપેલું છે.

१३ निजमनोनयनाह्लादाख्य त्रयोदशमोपनिषद्—આ ઉપનિષદ્‌માં મન અને ચક્ષુને આનંદ ઉત્પન્ન કરનારા વિવિધ વિષયો છે.

१४ रत्नत्रयनिदाननिर्णयनामचतुर्दशमोपनिषद्—આ ઉપનિષદ્‌માં જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપ ત્રણુ રત્નોનું સ્વરૂપ આપેલું છે.

१५ सिद्धागमसंकेतस्तबकाख्य पंचदशमोपनिषद्—આ ઉપનિષદ્‌માં આગમોમાં રહેલાં સાંકેતિક વચનોનો વિસ્તારથી ખુલાસો આપેલો છે.

१६ भव्यजनभयापहारकनाम षोडशोपनिषद्—આ ઉપનિષદ્‌માં ભવ્ય લોકોના ભયનો નાશ કરનારૂં વર્ણન આપેલું છે.

१७ रागिजननिर्वेदजनकाख्य सप्तदशमोपानषद्—આ ઉપનિષદ્‌માં રાગી લોકોને પણ વૈરાગ્ય ઉત્પન્ન થાય, તેવા અનેક વિષયો આપેલા છે.

१८ स्त्रीमुक्तिनिदाननिर्णयाख्याष्टादशमोपनिपद्—આ ઉપનિષદ્‌માં સ્ત્રીથી પણ મોક્ષ મેળવી શકાય, તેવા નિર્ણયના અનેક વિષયોનું વર્ણન આપેલું છે.

१९ कविजनकल्पद्रुमोपमाख्यैकोनाविंशातितमोपानिषद्—આ ઉપનિષ-

Aho ! Shrutgyanam

દ્માં કવિઓને કલ્પવૃક્ષ સમાન ગણવાની અનેક યુક્તિઓનું વર્ણન આપેલું છે.

२० सकलप्रपंचपथनिदाननाम विंशतितमोपनिषद्—આ ઉપનિષદ્માં સઘળા પ્રપંચી માર્ગોનો નિશ્ચય આપેલો છે.

२१ श्राद्धधर्मसाध्यापवर्गनामैकाविंशातितमोपनिषद्—આ ઉપનિષદ્માં ગૃહસ્થ ધર્મથી પણ મુક્તિ મેળવી શકાય, એવાં સ્વરૂપનું વર્ણન આપેલું છે.

२२ सप्तनयनिदाननाम द्वाविंशतितमोपनिषद्—આ ઉપનિષદ્માં સાતે નયોનું સ્વરૂપ આપેલું છે.

२३ बंधमोक्षापगमनाम त्रयोविंशतितमोपनिषद्—આ ઉપનિષદ્માં બંધમોક્ષનું સ્વરૂપ આપેલું છે.

२४ इष्टकमनीयसिद्धिनाम चतुर्विंशातितमोपनिषद्—આ ઉપનિષદ્માં મનોવાંછિત સિદ્ધિઓનું સ્વરૂપ આપેલું છે.

२५ ब्रह्मकमनीयसिद्ध्यभिधाननाम पंचविंशातितमोपनिषद्—આ ઉપનિષદ્માં યોગને લગતાં બ્રહ્મસિદ્ધિઓનાં સ્વરૂપ આપેલાં છે.

२६ नैःकर्मकमनीयाख्य षड्विंशातितमवेदांतं—આ ઉપનિષદ્માં કર્માંશથી રહિત વેદાંત સ્વરૂપ બતાવનારૂં વર્ણન આપેલું છે.

२७ चतुर्वर्गचिंतामणिनाम सप्तविंशातितमवेदांतं—આ ઉપાનષદ્માં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે વર્ગોનું સ્વરૂપ આપેલું છે.

२८ पंचज्ञानस्वरूपवेदनाख्य मष्टाविंशतितमवेदांतं—આ ઉપનિષદ્માં પાંચે જ્ઞાનનું સ્વરૂપ આપેલું છે.

२९ पंचदर्शनस्वरूपरहस्याभिधानैकोनात्रिंशत्तमोपनिषद्—આ ઉપનિષદ્માં પાંચ પ્રકારનાં દર્શનોનું સ્વરૂપ આપેલું છે.

३० पंचचारित्रस्वरूपरहस्याभिधान त्रिंशत्तमोपनिषद्—આ ઉપનિષદ્માં પાંચ પ્રકારનાં ચારિત્રોનું સ્વરૂપ આપેલું છે.

३१ निगमागमवाक्यविवरणाख्यैकात्रिंशत्तमोपनिषद्—આ ઉપનિષદ્માં નિગમ અને આગમનાં વાક્યોના ખુલાસા આપ્યા છે.

३२ व्यवहारसाध्यापवर्गनाम द्वात्रिंशत्तमवेदांतं—આ ઉપનિષદ્માં વ્ય-

Aho ! Shrutgyanam

બહાર માર્ગથી મોક્ષ સાધી શકાય છે, એવું વર્ણન આપેલું છે.

૩૩ निश्चयैकसाध्यापवर्गाभिधानत्रयस्त्रिंशत्तमोपनिषद्—આ ઉપનિષદ્‌માં નિશ્ચયથી મોક્ષ સાધી શકાય, એવું વર્ણન આપેલું છે.

૩૪ प्रायश्चित्तैकसाध्यापवर्गाख्यचतुस्त्रिंशत्तमोपनिषद्—આ ઉપનિષદ્‌માં પ્રાયશ્ચિત્તથી મોક્ષ સાધી શકાય, એવું વર્ણન આપેલું છે.

૩૫ दर्शनैकसाध्यापवर्गनाम पंचत्रिंशत्तमवेदांतं—આ ઉપનિષદ્‌માં દર્શનથી મોક્ષ સાધી શકાય, એવું વર્ણન આપેલું છે.

૩૬ विरताविरतसमानापवर्गाह्व षट्त्रिंशत्तमवेदांतं—આ ઉપનિષદ્‌માં વૃત્ત અને અવૃત્ત બન્નેના સમભાવથી મોક્ષ થાય છે, એવું વર્ણન આપેલું છે.

(ઉપર જણાવેલાં નિગમો (ઉપનિષદો) પણ આગમોની પેઠેજ પ્રાચીન સંભવે છે.)

Aho ! Shrutgyanam

## પ્રકરણ તેરમું.

( ગ્રંથકારની પ્રશસ્તિ )

अत्रास्ति जामनगरं नगरं गरिष्ठं ।
यस्मिन् जिनेशनिलयोपरिगा पताका ॥
ऋद्धिं पुरस्य किल दर्शयितुं सुलोकं ।
लोलानिलेन ललिताह्वयतीव रेजे ॥ १ ॥
तत्रौशजातिवणिजां मुकुटोपमस्तु ।
वंशो बभूव किल लालणनामधेयः ॥
तद्वंशमौक्तिकनिभोऽत्र बभूव चेभ्यः ।
श्रीवर्धमान इतिनामविमंडितो वै ॥ २ ॥
तस्य वंशमणिसामजिदाह्वो ।
राजमान्य इव वारिधिदेशः ॥
रत्नमौक्तिकमणिप्रकराढ्योऽ ।
आभवत्सुकमलापरिवृत्तः ॥ ३ ॥
हंसराज इति नामतोऽभवत् ।
तस्य सूनुरमितैर्गुणैर्युतः ॥
जैनशास्त्रवरवारिधौ मनो ।
मीनतामभजदस्य सर्वदा ॥ ४ ॥
रचितस्तस्य पुत्रेण, हीरालालाह्वयेन हि
ग्रंथोऽयं हि सतां मान्यो, दुर्जनोलूकभास्करः

Aho ! Shrutgyanam

હરેક ગામ અને હરેક શેહેરમાં ફેલાવો પામેલું
(દર માસે પ્રસિદ્ધ થતું)

# જૈનભાસ્કરોદય.

## (જૈનકોમનું લીડીંગ ન્યુસપેપર)

(સસ્તામાંસસ્તું જૈનવર્તમાનપત્ર.)

ટપાલખર્ચ સહિત એક વર્ષના લવાજમ માટે ફક્ત ૭ આનાની એક પૈસાવાળી પોસ્ટની ટિકિટો નીચેને શિરનામે મોકલી આપનારને દર માસે મોકલી આપવામાં આવે છે.

## તૈયાર પુસ્તકો

(નીચેના પુસ્તકોની કિમ્મત શિવાય ટપાલખર્ચ જુદું જાણવું. પેકીંગ માફ)

**શ્રી વિજયાનંદચરિત્ર**—(નવ રસથી ભરપૂર સંસ્કૃત મહાકાવ્ય—મૂળ અને ગુજરાતી ભાષાંતર સહિત) કિમ્મત રૂ. ૩.

**જૈનધર્મનો પ્રાચીન ઇતિહાસ ભાગ પેહેલો**—(ત્રણુસોને સત્તર મહાન આચાર્યોનાં વૃત્તાંત.) કિમ્મત રૂ ૧.

**જૈનધર્મનો પ્રાચીન ઇતિહાસ ભાગ બીજો**—(અત્યંત પ્રાચીન જૈનધર્મ સંબંધિ વૃત્તાંત) કિમ્મત રૂ. ૧.

## તૈયાર થતાં પુસ્તકો.

(થોડીજ મુદતમાં છપાઇ બહાર પડશે.)

(કિંમત શિવાય ટપાલ ખર્ચ જુદું જાણવું)

**જૈનધર્મનો પ્રાચીન ઇતિહાસ ભાગ ત્રીજો**—આ ગ્રંથમાં જૈનોના ચોર્યાસી તીર્થોના વિસ્તાર સહિત વૃત્તાંતો. તેનાં માહાત્મ્ય, તે તીર્થો કઇ સાલમાં? કોણે? અને શા કારણથી સ્થાપ્યાં? તથા હાલ ક્યાં ક્યાં છે? ઇત્યાદિક અત્યંત રસિક વૃત્તાંત છે. તે સાથે હિંદુસ્તાનમાં જૈનધર્મને લગતી અત્યંત પ્રાચીન કેટલી? ક્યાં? અને કેવી સ્થિતિની ગુફાઓ છે? તે સંબંધિ વિસ્તારવાળી અને રસિલી હકીકત, તે ગુફાઓઆદિના શિલાલેખો, કોણે બંધાવી? ઈત્યાદિક અત્યંત રસિલું વૃત્તાંત દાખલ કરેલું છે. **અગાઉથી આ-**

હુક થનાર પાસેથી તેની કિંમત રૂ. ૧। અને પાછળથી રૂ. ૧॥ પડશે.

**સેન પ્રશ્ન ભાષાંતર**—( આ પુસ્તક જૈનો માટે એટલું ઉપયોગી છે, કે તેનું વિશેષ વર્ણન કરવાની જરૂર નથી, અગાઉથી કિંમત. રૂા. ૨ પાછળથી રૂા. ૩.

**આનંદઘનબહોતેરી-ગુજરાતી અર્થ સહિત**—( મહા અધ્યાત્મી શ્રી આનંદઘનજી મહારાજે રચેલી બહોતેરી મૂળ અને તેના ગુજરાતી અર્થ સહિત છપાય છે. યાદ રાખવું કે, આજદન સુધિમાં આ બહોતેરીના અર્થ બિલકુલ છપાઇ બહાર પડેલ નથી. આ પુસ્તકમાં આનંદઘનજી મહારાજનું રસિક જન્મચરિત્ર પણ દાખલ કરવામાં આવશે. અગાઉથી કિંમત રૂા. ૧ પાછળથી રૂા. ૧।

**ષોડશક-હરિભદ્રસૂરિકૃત**—( આ અત્યંત ઉપયોગી પુસ્તક તેની સંસ્કૃત ટીકાના ગુજરાતી ભાષાંતર સહિત છપાય છે. ) અગાઉથી કિંમત રૂા. ૨ પાછળથી રૂા. ૩

## અત્યંત ઉપયોગી ઔષધો.

## તૈયાર છે.

( આપણા કળિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રજી મહારાજે રચેલા ચિકિત્સામહોદધિ નામના અતિ ઉત્તમ વૈદક ગ્રંથને આધારે ખાસ અનુભવ મેળવી બનાવી તૈયાર કરેલાં છે. )

**ભાસ્કરોદય ગુટિકા—ફક્ત એક વર્ષમાં આ ગોળીઓનું ૨૦૦૦) ડબ્બીઓનું ગંજાવર વેચાણ થયું છે.**

આ ગોળીઓ આજથી લગભગ આઠસો વર્ષો પેહેલાં થએલાં પ્રસિદ્ધ હેમચંદ્ર આચાર્યજીએ રચેલા ચિકિત્સામહોદધિ નામના અતિ ઉત્તમ વૈદક ગ્રંથને આધારે બનાવવામાં આવેલી છે. અને તે ગોળીઓ માટે પ્રખ્યાત દેશી વૈદ્યોએ તથા મોટા મોટા ડાકતરોએ પણ ઉત્તમ મતો આપેલા છે, આ ગોળીઓ નાના બાળકોને ઠંડા પાણીમાં ઘસીને પાવાથી તે બાળકને ઝાડો સાફ આવે છે. ઉલટી થતી નથી, લોહીનો સુધારો કરવા સાથે બાળકને પુષ્ટ બનાવે છે, એટલુંજ નહીં પણ દુઃખતી આંખોને આરામ કરી તેનું તેજ વધારે છે. વળી આ ગોળીઓ તે બાળકોને પાવાથી તે તુરત ચાલતાં શીખે છે. અને દિવસે દિવસે હસમુખું થઇ તે બાળક માબાપને આનંદ આપે છે. વળી

Aho ! Shrutgyanam

આ ગોળી મોટી ઉમરના સ્ત્રી પુરૂષોને પણ શરીરમાં તાકાત આપે છે, ઘણું ચાલવાથી તથા ઉંચે ચડવાથી થતા થાક અને શ્વાસને રોકે છે, બાદી દૂર કરે છે, શરીરે થતી કળતરનો નાશ કરે છે, નપુંસકપણું મટાડે છે, બગડેલું લોહી સુધારે છે, ખાંસીનો તરત નાશ કરે છે, આંખોનું તેજ વધારે છે, રૂચી ઉપજાવે છે, વાયુ વિકારનો નાશ કરે છે, વીર્યની પુષ્ટી કરે છે, આ ગોળીપર કશા પ્રકારની પણ પરેજી રાખવી પડતી નથી. કીંમત ગોળી ૩૦ ની ડબી એકનો ફક્ત રૂા. ૧ ટપાલ ખર્ચ જુદું. ફક્ત એકજ વખત મંગાવવાથી તેની ખાતરી થશે. નીચેને શીરનામે લખી જણાવ્યાથી વેલ્યુપેબલથી મોકલવામાં આવશે.

**ક્ષયારિગુટિકા**—ઘણા વખતનો જુનો ક્ષયરોગ પણ આ ગોળીઓની ફક્ત એક ડબી વાપર્યાથીજ નાશ થાય છે, અને તેને માટે અમોએ સંપૂર્ણ અનુભવ મેળવ્યો છે ગોળીઓ તદ્દન વનસ્પતિમાંથી બનાવવામાં આવી છે. કિમ્મત ગોળી ૩૨ ની ડબી એકનો ફક્ત રૂપીઓ એક ટપાલખર્ચ જુદું.

**ઉપદંશારિલેપ**—આ લેપથી ફક્ત સાત દિવસની અંદરજ ચાંદીનો (ટાંકીનો) રોગ નાબુદ થાય છે. કિમ્મત ડબી એકનો ફક્ત રૂપીઓ એક ટપાલખર્ચ જુદું.

**બાલામૃત**—હમેશાં એક રતિભાર આ ભૂકી પાણીમાં અથવા માતાના સ્તનમાં ધોળીને બાળકને પીવરાવવાથી, તેની શક્તિમાં વધારો થાયછે; ઝાડો સાફ આવે છે પોતાના બાળકોને તંદુરસ્ત રાખવા માટે આ ભૂકી એવો તો ઉત્તમ ગુણ ધરાવે છે કે, ફક્ત એક અઠવાડીઆમાંજ તેની ખાતરી થાય છે. કિમ્મત તોલા એકની ડબી એકનો રૂપીઓ એક.

**વાયુવિદારણ ગુટિકા**—સંધિ વા આદિક વાયુના વિકારથી પીડાતા દરદીઓને આ ગોળીઓ ખરેખર એક ન વર્ણવી શકાય તેવો આશિર્વાદ આપનારી છે. તેની ખરી ખૂબી તો એજ કે, ઘણા કાળના જુના વાયુવિકારને પણ ફક્ત પંદર દિવસમાંજ સાફ કરી નાખે છે, એ શું થોડી અજાયબી છે? કિમ્મત ગોળી ૩૨ ની ડબી એકનો રૂપીઓ એક. ટપાલખર્ચ જુદું.

**સૂચના**—ઉપર જણાવેલાં સઘળાં ઔષધો વાપરવાની રીત ઔષધો સાથેજ મોકલવામાં આવશે.

**જૈનભાસ્કરોદય ઑફીસ,**

**જામનગર**—(કાઠીઆવાડ).

Aho ! Shrutgyanam

Aho ! Shrutgyanam

# અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનાર સાહેબોના

## મુબારક નામો.

ભાવનગર.

૧૦૦ શ્રીજૈનધર્મપ્રસારક સભા.

૧ શેઠ અમરચંદ જસરાજ મુંબઇ.

૧૦ શાં. ત્રીભોવન ભાણજી.

૧ શાં ડાહ્યાભાઇ નીહાલચંદ.

૧ શાં. શેભાગચંદ કપુરચંદ.

૧ શાં. નરોત્તમદાસ હરગોવનદાસ

૧ શાં. હંસરાજ હીરજી.

૧ શાં. મુળચંદ હીરજી.

૧ શાં. હંસરાજ રતનશી હીરજી એમાયા.

૧ શાં. હીરજી કેશવજી.

૧ શાં. હીરાચંદ મોતીચંદની કુંપની.

૧ બાબુ ભગવાનદાસ પન્નાલાલ.

૧ શાં. હીરજી હંસરાજ કાયાની.

૧ શાં. છગનલાલ વહાલચંદ–મનમાર

૨ પરિ. મણિલાલ સુરજમલ–પાલણપુર.

૧ શાં. વીરચંદનેમીદાસ–તલેગામ

૧ શાં. જ્ઞાનચંદનાનચંદ–તલેગામ

૧ શાં. ભગવાનદાસ શેભાગચંદ પુના.

૧ શાં. નગીનદાસ નથુરાંગ–પુના

૧ શાં. છગનદાસ મગનદાસ આમલનેર.

૧ શાં. લલુભાઇ છગનદાસ–પૈડ.

૧ શાં. નેણશી પુંજા–ખંડવા.

૧ શાં. ચતુરચંદ દેવચંદ–થોડનદી

૧ શાં. દામોદર બાપુશાહ–એવલા

૧ શેઠ સવચંદ પ્રેમજી–માંગરોલ

૧ શેઠ છગનલાલ પ્રેમજી-ગોંડલ.

૧ શાં. ચુનીલાલ દલસુખ–ગોધરા

૧ શાં. જેઠાજી પુનમચંદજી–આલીરાજપુર.

૧ શાં વીરાજી નાથાજી–આલીરાજપુર.

૧ શાં. પાસુ ઘેલાભાઇ–મુરતીજાપુર.

૧ શાં. વર્ધમાનભાઇ તારાચંદ–પાલીતાણા.

૧ શાં. ઉમેદ ગુલાબચંદ–તાસગાંમ.

૧ શાં. બાપુલાલ નીહાલચંદ–કરાંચીકેંપ.

૧ ગોરજી લક્ષ્મીચંદજી હીરાચંદજી–કચ્છજખૌ.

૧ જૈનજ્ઞાનશાળા–ધુલીઆ.

૧ લચ્છુલાલજૈની–જોધપુર.

૧ રાજારામસવચંદ કાયચંદ-વાટર

૧ લખમસી નેણસી સવાણી–હુબલી.

૧ શાં. દેવજી ગોવંનજી–નીભોરા.

૧ મુનિઇંદ્રવિજયજી–વીરમગામ.

Aho ! Shrutgyanam

૧ શ્રી જૈનબોધબુદ્ધિપ્રસારક સભા-સાણંદ.
૧ મેતા શાંતિલાલ જેસંગભાઇ-સાણંદ.
૧ શાં. હીરાચંદ કકલભાઇ-અમદાવાદ.
૧ આધ્યજૈનધર્મપ્રવર્તકસભા-અમદાવાદ.
૨ શાં. બાલાભાઇ કકલભાઇ-અમદાવાદ.
૧ શાં લલુભાઇ સવચંદ-અમદાવાદ.
૧ દયાલ મુનિજી-ઇંદોરસીટી.
૧ ગુલેચા એન બાગમલ એરકવાયર-ગ્વાલીઅર લશ્કર.
૧ કામદાર પોપટ વનમાલી-ધોરાજી.
૧ વેણીચંદ સુરચંદ-મેસાણા.
૧ બાબુચાંદમલ બાલચંદ-રતલામ
૧ શાં. માણેકચંદ ખીમચંદ-વેરાવલ.
૧ શાં. રાઘવજી જેવંતશાહ-જંગબાર.
૧ સંઘવી માણેકચંદ પાનાચંદ-કચ્છમાંડવી.
૫ ડભોઇ જૈનશાળા-ડભોઇ.
૧ શા. માનચંદ વહાલચંદ-કરાડ
૧ શેઠ. મોરારજી ખીમજી-માંગરોલ.
૧ શાં. વાડીલાલ જેઠા-અમદાવાદ.
૧ લાલા ઊત્તમચંદ પીંડીદાસ જૈની-રાવલપીંડીસીટી.
૧ શ્રી જૈનતત્વવિવેચક સભાના સેક્રેટરી સોદાગર હીરાલાલ ડાયાભાઇ-અમદાવાદ.
૧ શાં કેશવજી જાદવજી-સદલપુ
૧ ગોરજી હીરવિજયજી-શેમલીઆ.
૨ વણુથલી જૈન પાઠશાળા-વણુથલી.
૧ શેઠ. તલકચંદ માણેકચંદ દગણી-પાલીતાણા.
૧ શાં. જીવરામ અમથાશાહ-અમદાવાદ.
૧ શાં. નાગજી સવજી-જામનગર.
૧ શાં. ટોકરશી મૂળજી-કચ્છભુજપર.
૧ શ્રી જૈનધર્મવિજયપુસ્તકાલયના સેક્રેટરી-વીરમગામ.
૧ મહારાજ ગૌતમવિજયજી લબ્ધિવિજયજી-ડીસા.
૧ શેઠ માનમલ ગુલાલચંદ-અમરાવતી.
૨ જૈનવિદ્યોત્તેજક સભા-પાલણપુર